# શ્રી સંતરામ સૌરભ

''શ્રી સંતરામ સ્તોત્ર (૧૨) પુષ્પ''


લેખક

**પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ**

શ્રી સંતરામ મંદિર, નડીઆદ.

| | | |
|---|---|---|
| લેખક | : | **પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ**<br>શ્રી સંતરામ મંદિર, નડીઆદ. |
| ગ્રંથ સેવા સહાયક | : | શ્રી રાજુભાઈ સુતરિયા<br>શ્રીમતી ઉષાબેન સુતરિયા<br>શ્રી જયંતીભાઈ દેસાઈ (દાસ)<br>શ્રી સંતરામ ભકત સમાજ<br>પોસ્ટ બોકસ નં. ૩૨૧૫૫ નેવાર્ક,<br>ન્યુ જર્સી ૦૭૧૦૨ (યુ.એસ.એ.)<br>Web site : www.santram.info<br>E-mail : jaymaharaj@santram.info |
| પ્રકાશક | : | શ્રી સંતરામ સમાધિ સ્થાન, નડીઆદ. |
| પ્રકાશન વર્ષ | : | આસો સુદ પુનમ સંવત ૨૦૭૫<br>બ્રહ્મલીન અષ્ઠમ મહંત<br>પ.પૂજ્ય શ્રી નારાયણદાસ મહારાજની<br>સમાધિ તિથિ નિમિત્તે |
| પ્રાપ્તિસ્થાન | : | શ્રી સંતરામ મંદિર, નડીઆદ<br>તેમજ શાખા મંદિરો |
| પ્રત | : | ૧૦૦૦ |
| મૂલ્ય | : | ગુરુ સેવા ભક્તિ |
| આવરણ ડિઝાઈન | : | હર્ષદભાઈ પ્રજાપતિ તથા આશિષભાઈ દવે |
| મુદ્રક | : | ક્રિષ્ના ઑફસેટ પ્રિન્ટર્સ, નડીઆદ. |


## જય મહારાજ

**આપને પ્રસાદીનું ભેટ આપેલ પુસ્તકનો ઉપયોગ થઈ ગયા પછી અન્યને વાંચવા આપવું અથવા મંદિરમાં પરત કરવું જરૂરી છે. આ પ્રસાદીનું પુસ્તક પસ્તીમાં વેચવા માટે નથી.**

## ।। જય મહારાજ ।।

માનવ કલ્યાણના પરમધામ સંતરામ મંદિરમાં જય મહારાજ સાક્ષાત્ ભગવાન સ્વરૂપે બિરાજમાન છે. હજારો નહિ લાખો ભક્તો તેમનાં દર્શન કરી જીવનની સાર્થકતાનો અનુભવ-અહેસાસ કરે છે.

વર્તમાન સમયમાં સમાજને ઘડવાનું, સાચી સમજ સાથે દિશાસૂચન કરવાનું ભગીરથ કાર્ય સાત્વિક પ્રેરણાદાયી, શ્રધ્ધાસભર પુસ્તકોની શ્રેણી ''**શ્રી સંતરામ સૌરભ**'' દ્વારા થઈ રહયું છે.

પ.પૂ. મહંત શ્રી રામ મહારાજે પદ સંગ્રહમાંના શ્રી સંતરામ સ્તોત્રમ્ વિશે ભક્તો સાથે પ્રતિદિન સત્સંગ રૂપે વાર્તાલાપ કર્યો છે. તેનાથી ભક્તોને સહજભાવે જય મહારાજ સમીપે લઈ જવાનો એક નમ્ર પ્રયાસ છે. આ શ્રેણીમાં ૧૧ ભાગ પ્રગટ થઈ ચૂકયા છે. આ ૧૨મું પુષ્પ પણ પ્રગટ થઈ રહયું છે. સમગ્ર માનવ કલ્યાણ માટે પ્રકાશિત કરવામાં આવેલી આ જ્ઞાનમૂલક શ્રેણી દસ્તાવેજી અને ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે. જેને ભાવિક ભક્તો, વિવેચકોએ સહર્ષ આવકારી છે.

''**શ્રી સંતરામ સૌરભ પુષ્પ-૧૨**'' માં ભારોભાર આધ્યાત્મિક બોધ જોવા મળે છે. જે મનને સાચા અર્થમાં શુધ્ધ કરે છે. જય મહારાજનું સાચું દર્શન કરાવે છે. જય મહારાજની કૃપા એટલે જીવનની સફળતા. આ શ્રેણી ૧૨ માં ભાવિક ભક્તોને જય મહારાજના સ્વરૂપનું સાચું દર્શન કરાવ્યું છે.

આ રહયા તેના અંશો...

જય મહારાજ આટલું સરસ, ઊંચામાં ઊંચું, અમૃત સમાન અધ્યાત્મ જ્ઞાન પીરસતા હોય, પછી કોઈને નિંદા, કુથલીમાં હાથ નાખવાનું મન થાય ખરું ?

**આપણા જીવનમાં આપણા વ્યવહારમાં આપણા વિચારમાં, આપણા હૃદયમાં, અંતકરણમાં, જ્યારે જ્યારે શુધ્ધતાનો ભાવ આવે ત્યારે સમજવું કે જય મહારાજ આપણામાં પધાર્યા છે.**

શરીરના કપડાંનો મેલ તો ધોઈએ છીએ. શરીર અને કપડાં સ્વચ્છ લાગે, પણ જ્યારે મનના મેલ ધોવાય ત્યારે પવિત્રતા આવે. જો અંતકરણમાં પવિત્રતા હોય તો વ્યવહારમાં પવિત્રતા આવે જ.

જેનું હૃદય ચોખ્ખું છે, જેના હૃદયમાં અજવાળું છે એવા સહુ સેવકના હૃદયની અંદર જય મહારાજ આવી બિરાજે છે.

જય મહારાજ પરબ્રહ્મ, સૌના હૃદયની અંદર, સૌના અંતઃકરણની અંદર સતત એક પ્રવાહ આપ્યા કરતા હોય છે. છતાંય એવી ગતિ ના દેખાય, ન સમજાય, એવુ સાતત્ય રહયા કરે, જે તેલની ધારાનો પ્રવાહ, એ નજરની અંદર નથી આવી શકતો. વહે છે ખરો પણ નજરની અંદર નથી આવી શકતો આ ચૈતન્ય તો સૂક્ષ્મ છે.

**જય મહારાજ તો અનંત છે. શાશ્વત છે આ સૃષ્ટિના સર્વેને માટે છે અને સર્વત્ર છે.**

**જય મહારાજને ભજતાં જીવનમાંથી કલેશ જશે, દુઃખ જશે, અશાંતિ જશે. સંયમ આવશે, સદાચાર આવશે, સાત્વિકતા આવશે, જેટલું બધું જય મહારાજમાં છે એ બધું જ આવશે.**

જય મહારાજ કલ્પવૃક્ષ સમાન છે. કલ્પવૃક્ષ નીચે ઉભા રહી તમે જે સંકલ્પ કરો એ જરૂર મળશે.

જે ઉચ્ચ કોટિના સંતો છે. એમના મુખેથી ભગવાન સ્વયં બોલતા હોય છે કેમકે એમનું અંતકરણ શુધ્ધ હોય છે.

જય મહારાજ તપસ્વી છે, તેજસ્વી છે, પવિત્ર છે, સાત્વિક છે, પરમાત્મા સ્વરૂપ છે.

જય મહારાજ એવા ઉદાર છે એટલા વિશાળ હૃદયના છે કે એમના શરણે આવેલાને બધું જ આપવા તૈયાર છે.

રામરાજ્યમાં કોઈને દુઃખ હતું નહિ. કોઈ દુઃખી ન હતું. એમ જય મહારાજને શરણે, જય મહારાજના આંગણે ત્રિવિધ તાપ-આધિ, વ્યાધિ અને ઉપાધિ શું કરી શકવાના હતા?

જય મહારાજ સૌનું કલ્યાણ કરવા આવેલા છે. સત્‌માર્ગ આપે, સન્માર્ગ આપે, સદ્‌વિચાર આપે, છેલ્લે સદ્‌ગતિ આપે.

જીવન જીવવાની સાચી શીખ, સાચો માર્ગ, સાચું દર્શન, જય મહારાજ અંતઃકરણમાં બેસીને આપશે.

કોઈપણ મંદિરમાં દર્શન કરતા હોઈએ. સ્વરૂપ ગમે તે હોય. દર્શન તો જય મહારાજનાં થવાં જોઈએ.

**જય મહારાજના સાનિધ્યમાં રહેવાનો મોટામાં મોટો ફાયદો એ, અંદર બેઠેલા જય મહારાજ પાપ નહિ કરવા દે. ખોટું કામ નહિ કરવા દે, આપણને રોકશે.**

તીર્થ એટલે આપણું હૃદય, આપણા હૃદયમાં ભગવાન બેઠા હશે. તો તીર્થની અંદર ભગવાનનાં દર્શન થશે.

આપણા સહુની સંપત્તિ સમાન વૈભવ શ્રી એટલે લક્ષ્મી. એ આપણા આ જય મહારાજ છે.

**મનમાં ક્યારેય રાગદ્વેષ ન હોય ઈર્ષા ન હોય, કોઈપણ વ્યક્તિ પ્રતિ ખરાબ વિચાર ન હોય ત્યારે હૃદયમાં જય મહારાજ આવી વિરાજે.**

જય મહારાજ સંતરામ કેમ? બધામાં સતત રમી રહયા છે. અંદર દેખાય છે. એટલે તો એકબીજાને જય મહારાજ કહીએ છીએ. તારામાં સતત રામ, સંતરામ રમી રહયા છે. એટલે જય મહારાજ.

આવી સાત્વિક પુસ્તકોની સર્જન યાત્રા સતત ચાલતી રહે અને ભક્તોને આત્મ કલ્યાણનો માર્ગ બતાવતી રહે. ભક્તિ સાહિત્ય પૂ. રામ મહારાજની કલમ પ્રસાદીથી વિશેષ સમૃધ્ધ થતું રહે એજ સદ્‌ગુરુ શ્રી સંતરામ મહારાજના શ્રી ચરણોમાં પ્રાર્થના સહિત જય મહારાજ.

આ શ્રેણીને હૃદયના ઉમળકાથી આવકારું છું.

– **પ્રફુલ્લ ભારતીય**
પૂ. મંત્રી
ગુજરાતી સાહિત્ય પરિષદ
અમદાવાદ

|| જય મહારાજ ||

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૧૬ | ગજેન્દ્રનો પોકાર | ૧ |
| ૧૭ | મારી હૃદયગુફામાં ઉતર્યા | ૧૩ |
| ૧૮ | જેનાં દર્શન કરતાં પાપ બળે | ૨૬ |
| ૧૯ | મનના મેલ | ૩૭ |
| ૨૦ | ગુરુના વેણનો રાખો વિશ્વાસ | ૪૮ |
| ૨૧ | સંતરામ સુખદાઈ | ૫૯ |
| ૨૨ | નમો નેદિષ્ઠાય | ૭૧ |
| ૨૩ | આત્મ દર્શન | ૮૨ |
| ૨૪ | હું ને મારું મૂકી દઈને | ૯૩ |
| ૨૫ | તમે નામમાં તો બહુ ગળ્યા | ૧૦૩ |
| ૨૬ | સમજણને અજવાળે ગળ્યા | ૧૧૩ |
| ૨૭ | નવેતરિએ સત્તાવીસ | ૧૨૩ |
| ૨૮ | ભસ્માંતં શરીરં | ૧૨૮ |
| ૨૯ | જેવો તેવો પણ ત્હારો | ૧૩૮ |
| ૩૦ | પ્રેમગલી અતિ સાંકરી | ૧૪૯ |
| ૩૧ | ઘટ ઘટ સોહંગ રામ | ૧૫૮ |
| ૩૨ | ગુરુંતરં ગુરુ જય મહારાજ | ૧૭૦ |
| ૩૩ | પૂર્વજન્મનાં પૂણ્યે રે પૂરા ગુરુદેવ મળ્યા | ૧૮૩ |

## પ્રકરણ–૧૬

# ગજેન્દ્રનો પોકાર

સ્વયં પરમાત્મા પરબ્રહ્મ જે જય મહારાજનું વિગ્રહ ધારણ કરીને આપણા સૌના માટે આ ધરાતલ ઉપર પધાર્યા છે એ સ્વયં સ્વાત્મનિષ્ઠ છે. જે પોતે જ પોતાના સ્વરૂપમાં નિરંતર તૈલધારાવત્, તેલને એક વાસણમાંથી બીજા વાસણમાં રેડીએ પછી જે ધાર પડે છે તેની ઉપર દૃષ્ટિ કરજો, એ તેલની ધારની ગતિ સહેજપણ દેખાશે નહિં, બિલકુલ સ્થિર. એ સ્થિર ન હોવા છતાંય સ્થિર લાગે છે. તેલનો સ્વભાવ છે કે એક વાસણમાંથી બીજા વાસણમાં એને રેડો, જતાં કે આવતાં, એની ગતિ સહેજ પણ દેખાશે નહિં, જાણે સ્થિર હોય. તેલની ધારા બિલકુલ સ્થિર હોય, કોઇને લાગે કે આ તેલ કેમ થંભી ગયું. પણ વાસ્તવમાં એની ગતિ હોય છે. જય મહારાજનું સ્વરૂપ સ્વાત્મનિષ્ઠ છે, પણ એ સ્વાત્મનિષ્ઠા કયારે

**''કિંકરાણાંહૃદિસ્થમ્''**

સેવકોના સમર્પિતોના શરણાર્થીઓના અંતઃકરણની અંદર તૈલધારાવત્ એ સૌના હૃદયની અંદર બિરાજેલા છે સતત, છતાં પણ એની ગતિ ન દેખાય.

**''ચૈતન્યં શિષ્યમધ્યે નિગમ ગતિગીરા કથ્યતે યદ્ ભ્રુવંતં''**

બધાં જ શાસ્ત્રો, બધા વેદો એમ કહેતા હોય,

**''ચૈતન્યં શિષ્યમધ્યે''**

દેખાતું તો છે નહિં, એ એજ રીતે હોય, ''ચૈતન્યંશિષ્યમધ્યે'' પણ સાહજિક છે. એ ગતિ ન દેખાવા છતાં પણ તેલધારાની જેમ. જય મહારાજ પરબ્રહ્મ સૌના હૃદયની અંદર સૌના અતંઃકરણની અંદર સતત એક પ્રવાહ આપ્યા જ કરતા હોય, આપ્યા જ કરતા હોય, છતાંય એની ગતિ ન દેખાય, ન સમજાય, એવુ સાતત્ય રહ્યા જ કરે. જે તેલની ધારાનો પ્રવાહ, એ નજરની અંદર નથી આવી શકતો, વહે છે ખરો પણ નજરની અંદર નથી આવી શકતો. આ ચૈતન્ય તો સૂક્ષ્મ છે.

**''ચૈતન્યંશિષ્યમધ્યે''**

સેવકોના, શરણાર્થીઓના હૃદયની અંદર જય મહારાજ બિરાજેલા જ છે, સતત એકવાર અનુસંધાન કરવું રહ્યું. પાત્રનું તેલ રેડવા માંડો, એકવાર રેડવાનું શરૂ કરો, આખું ભરાઇ જશે ત્યાં સુધી એની ગતિ દૃષ્ટિગોચર નહિં થાય. જો સ્થૂળની ગતિદૃષ્ટિમાં નથી આવતી, તો પછી ચૈતન્યની તો કયાંથી દર્શાવાની હતી? એ સ્વાત્મનિષ્ઠ છે, એ 'કિંકરાણાંહૃદિસ્થં' છે, જેને કહેવાય કે અંતર્મુખતા, ધ્યાન. જે પોતાના આત્મામાં નિષ્ઠ હોય, એ પોતાની અંદર સંપૂર્ણ એકાગ્ર થઇ, પછી એને જયાં જવું હોય ત્યાં એ જઇ શકે છે.

**''ગગનસંદશં તત્ત્વમસ્વાદિ લક્ષ્યમ્''**

આકાશ કેટલું છે? કેવડું છે? છે કોઇની પાસે એનું માપ? એની અગાધતાનું છે કોઇ વર્ણન? તો જય મહારાજનું સ્વરૂપ પરબ્રહ્મ સ્વરૂપે.

**''ગનનસદૃશં''**

સર્વત્ર છે, એ જ સ્વાત્મનિષ્ઠ બને, એકાગ્ર બને એ આ શરીર પોતાની જગ્યામાં ત્યાનું ત્યાં જ રાખીને એ અનંત સુધી વિચરણ કરીને ફરી પાછો પોતાનામાં આવી શકે છે.

**''અખંડ મંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્ તત્પદમ્ દર્શિતમ્''**

આ સમસ્ત સૃષ્ટિની પાર સુધી જેણે દૃષ્ટિ કરેલી છે. તમે ધ્યાનમાં એકાગ્રતામાં બેસી જાવ. પછી 'ગગનસંદૃશં' થવું છે? અનુભૂતિ થશે. તમે શરીર છો જ નહિં. વ્યાપક આકાશની અંદર પરિપૂર્ણ રીતે જાણે વ્યાપેલા હો, અગાધતાની અંદર એની અનુભૂતિ થશે, શરીરનું બિલકુલ વિસ્મરણ, એ રીતનો અભ્યાસ એની અંદર ઉતરવું પડે. શરીરમાં શ્વાસોશ્વાસ એકલો ચાલ્યા કરતો હોય, જે આત્મચેતના છે એની સાથે, હું પણ 'હું' એ વ્યાપક છે, વરસાદનો એક છાંટો, એક ટીંપુ, સમુદ્રમાં ભળી જાય, અને પછી આખા સમુદ્રમાં ફેલાઇ જાય, ઉછાળા માર્યા કરતું હોય, તરંગોની અંદર કૂદ્યા કરતું હોય, એ ટીપાનો અણુ અણુ સાગરના પાણીમાં વિલીન થયા હોય, એમ આપણી આ આત્મચેતના જે બ્રહ્મનો અંશ છે સ્વયં, એના અણુ અણુ સર્વત્ર ફેલાઇ જાય, એ વ્યાપક સ્વરૂપની અંદર જાય અને પછી એજ.

**''ગગન સદૃશં તત્ત્વમસ્યાદિ લક્ષ્યમ્''**

જય મહારાજ આત્મસ્વરૂપ સુધી લઇ જાય છે, ચાલો, બધાય ચાલો, આવવું પડશે બધાયે. પણ તું કોણ છે? 'તત્ત્વમસિ'

**''તત્પદ ત્વમ્ પદ ત્યાગીને**

**અસિ પદમાં ચિત્ત ધાર''**

તત્ પણ નહિં, તમ્ પણ નહિં, તુંજ છું એ આત્મચેતના. વ્યાપક રૂપની અંદર અણુ અણુ સ્વરૂપે વ્યાપી જાય.

**''અહોનિશ અખંડ કિજીએ, સ્મરણ શ્વાસોશ્વાસ''**

તો શું થાય?

**''પંડ છતે પરબ્રહ્મમાં, સૂરતી જઇને સમાય''**

જય મહારાજના એક શિષ્ય વિષ્ણુદાસજી મહારાજ છે, એમણે એમની અનુભૂતિ મહારાજશ્રીની સામે સેવામાં મૂકી છે, જય મહારાજે જે પણ કાંઇ સત્સગ આપ્યો, એમાંથી વિષ્ણુદાસજીએ અનુભૂતિ કરી લીધી.

**''અહોનિશ અખંડ કિજીએ''**

બસ સતત શ્વાસોશ્વાસની સાથે તમને કહ્યું કે તત્વમસિ.

**''ઓહંગ સોહંગ આત્મારામ''**

ઓહંગ સોહંગ એ મારા આત્માનું જ સ્વરૂપ છે. એને તમે શ્વાસોશ્વાસ રોકો. ગમે તે કામ કરતા હોય, વરતીઓ બધી જ એમાં વશ થઇ જાય બધી જ એ પ્રકારની વૃત્તિઓ

**''શુભશાંતવૃત્તિમ્ ઉદ્યત્પ્રતાપ''**

જેમ જેમ એનો અભ્યુદય થાય, એનો અભ્યાસ થાય, અભ્યાસમાંથી અનુભૂતિ થાય, તેમ તેમ

**''ઉદ્યત્પ્રતાપ''**

એનું ઉત્થાન થાય, એનો અભ્યુદય થાય, એની પ્રગતિ થાય, અને જય મહારાજ જેવી જ અવસ્થા પ્રાપ્ત થાય છે. કઇ રીતે?

**''અખંડ મંડલાકારમ''**

ધ્યાનમાં એકાગ્રતા આવે. જય મહારાજ જે આપણને જ્ઞાન આપે છે, જે અવસ્થા આપે છે, સ્વાત્મનિષ્ઠની. એ પોતે સ્વાત્મનિષ્ઠ તો છે જ. પોતાનામાં, આ દુનિયામાં નહિં, દુનિયાના સંસારમાં નહિં, સંસારના ભોગોમાં પણ નહિં, સ્વાત્મનિષ્ઠાનું જ માત્ર સુખ નિરંતર. અને સ્વાત્મનિષ્ઠ અવસ્થાની અંદર

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

લઇ જાવ, લો લઇ જાવ, કોઇપણ જીવ આવ્યો, સ્વાત્મનિષ્ઠમાંથી આપે છે. આવી ઊંચી અવસ્થાવાળા એવા પરમેશ્વર સ્વરૂપ અવધૂત જય મહારાજ આપણને સૌને મળ્યા છે. બધાયને લઇ જવા માગે છે, પણ આપણે તો? ના બાપજી હમણાં તો ઘણું કામ છે ઘરે, વ્યવહાર બહું લાંબો કરવાનો રહ્યો છે, એટલે હમણાં આવવું નથી. સ્વાત્મનિષ્ઠાવાળા જય મહારાજ, સર્વ શિષ્યોનો અભ્યુદય ઇચ્છે, એમનું ઉત્થાન ચાહે, અને સહુ શિષ્યોને, શરણાર્થીઓને, શરણાગતોને, શરણાગત વત્સલ બનીને આપે છે. જય મહારાજ.

બસ લઇ જાવ, આ લઇ જાવ, તમને સમજાય એવું જ્ઞાન લઇ જાવ. બધુંય ન સમજાય તો તમને ગમે તે, તમને સમજાય તે જ્ઞાન લઇ જાવ, જેટલું સમજાય એટલું લઇ જાવ. ઘણું બધું લઇએ તો ઊંચકાય પણ નહિં, એટલે જે સમજાતું હોય, જે આપણને ઉપયોગમાં આવવાનું હોય, એ લઇ લઇએ, એ પણ બહુ જ છે, કયાંક વરો થયો હોય, પાંચ મણ કે દશમણના લાડુ, મોહનથાળ, શીખંડ બનાવ્યો હોય, પણ એ બધું જ કાંઇ એક જણ ખાઇ જવાનો છે ખરો? જેટલું જેનાં પતરાળામાં મૂકયું, જેટલું ભાવ્યું અને જેટલું ખવાયું, એટલું આપણું. બધું તો ખાઇ શકાવાનું નથી. એમ સત્સંગમાં પણ, જેટલું આપણે ભાગે આવે, જેટલું પીરસાય,

એટલું આપણું.

જય મહારાજ સૌને પીરસે છે જ્ઞાનની લહાણી કરે છે. જ્ઞાનનો લહાવો જેટલો લેવાય એટલો લો. માંદા થયા હોઇએ, ઘરમાં બધાંયને જમવા જવાનું હોય, રસોડું બંધ જ હોય. અને માણસ માંદો હોય, બધા કહે કે ચાલોને, એકલાં દાળભાત ખાઇ લેજો. બીજું કશું ભલે ન ખવાય, પણ દાળભાત તો ખાજો. એમ સત્સંગમાં જઇએ તો ખરા, જય મહારાજ આપે છે.

જઇએ તો ખરા, બધુંય નહિં તો, કાંઇક તો લઇશું ને એવો ભાવ, થોડું ઘણુ, એક કોળીયા જેટલું પણ જમી આવીશું. પણ જવું છે ખરું. જય મહારાજ સ્વયં 'સચ્ચિદાનંદ રૂપમ્' છે. અને 'સ્વાત્મનિષ્ઠ' પણ પોતે જ છે. કેટલાં બધાં સ્વરૂપ છે. 'સકલગુણનિધિ' બધા જ ગુણોનો ભંડાર. આ સૃષ્ટિની અંદર કે પરસૃષ્ટિની અંદર એવા એકપણ સદ્‌ગુણ બાકી ન હોય, કે જે પરબ્રહ્મ સ્વરૂપ જય મહારાજમાં ન હોય. એ તો સ્વયં સૃષ્ટિ સ્વરૂપ છે. જય મહારાજ સ્વયં સૃષ્ટિ સ્વરૂપ છે એટલે સમગ્ર સૃષ્ટિના જે પણ કઇ સદ્‌ગુણો છે, એ બધાય સદ્‌ગુણોમાંથી એકપણ બાકી નથી.

**''સકલગુણનિધિં''**

અને બધાય ગુણોના નિધિ, એટલે?

**''શ્રીયુતં''**

બધી જ કંપનીની જાત જાતની કારો હોય, મોંઘામાં મોંઘી અને કોઇ માણસ એ બધી જ કારો પોતાના આંગણે ભેગી કરી દે.

**''શ્રીયુતં''**

કહેવાય ને કે આ બધી જ ગાડીઓ પોતાને ત્યાં રાખે છે.

એમ પૂરી સૃષ્ટિના સદગુણોનો ભંડાર છે જય મહારાજ.

**''સકલગુણનિધિં''**

અને એટલા માટે જ

**''શ્રીયુતં''**

એ તો બહુજ મોટા સંપન્ન છે. નાનાસૂના નથી કે એક ખોબો ભરીને બેસી ગયા. કહ્યું ને

**''અખંડ મંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્''**

પછી એમની પાસે શું ન હોય? સ્વાત્મનિષ્ઠા પણ હોય, સકલગુણ નિધિ પણ હોય, કશું પણ બાકી ન હોય. આવા જબરજસ્ત સંપન્ન બાપના આપણે સંતાન હોઇએ, એમના સત્સંગમાં જઇએ, પણ આપણી ક્ષમતા કેટલી? ગુણ ભરીને ખાંડ પડી હોય, કીડી તો એક દાણો જ લઇ જાય. કીડી માટે કદાચ એ એક દાણો પણ વધારે પડે. એવું જ આપણા માટે છે. સકલગુણનિધિ છે, જય મહારાજ સ્વાત્મનિષ્ઠ છે પૂરેપૂરા. આપણાથી જેટલું લઇ જઇ શકાય, એટલું આપે છે. લઇ જાવ. આપણે લેવાનું એટલા માટે કે આપણને આપણા આત્માનું સ્વરૂપ ઓળખાવે છે જય મહારાજ.

**''ઓળખ તારી જાત,**

**તને કહું છું એવી વાત,**

**તું સાંભળ વહાલા તાત''**

પ્રેમથી બોલાવે છે, વહાલા તાત દિકરા, દિકરીઓ સાંભળો. જેમ બાળકોને લઇને પીયરમાં જાય, મા કહે, લઇ જા. છોકરાઓને ખવડાવે. આ પણ લઇ જા, આ પણ લઇ જા, બરાબર

છે ને? જય મહારાજ પણ કહે કે છોકરાં લઇ જાવ. આટલું બધું છે સંકોચ ન રાખશો, તમે તમારે લઇ જાવ.

**"શિષ્યાણાં જ્ઞાનદંતં"**

જેટલું જોઇએ એટલું લઇ જાવ. અહિંયાં તો જમાડશે જ, પણ પછી બધાને ટીફીન પણ આપશે, કે લો લઇ જાવ ઘરે લઇ જઇને છોકરાઓને ખવડાવજો.

**"શ્રીયુતં"**

જેને ત્યાં અઢળક પડયું હોય, કોઇ ટોકે જ નહિં કે આટલું બધું કેમ લીધું, ઓછું થઇ જશે, ના, એટલું બધું પડયુ છે કે લીધા પછી પણ પૂછે કે લઇ જા હજુ વધારે.

**"શ્રીયુતં"**

જય મહારાજ તો આત્માનુભૂતિની લહાણી કરવા બેઠા છે લઇ જ જાવ.

**"શિષ્યાણાં જ્ઞાનદંતં"**

શિષ્યોને આપવાવાળા છે, પણ આપણે તો, જમવા બેઠા હોઇએ, પતરાળું ભરાઇ ગયું, બસ... હવે નહિં, અરે થોડુંક તો લો, ના બસ હવે નહિં, હવે તો ખવાય જ નહિં. પણ કાંઇ નહિં, જેટલું જમી શકાય જેટલું રૂચીકર હોય, જેટલું પચી શકે એવું હોય, એટલું લઇ લેજો. આખા જીવનની શકિત પ્રાપ્ત થશે એમાંથી તેજ મળી રહેશે, ઓજ મળી રહેશે રોજના રોજ સત્સંગમાંથી હળવાશથી રોજનું રોજ થોડું થોડું લેતા રહેજો. રોજના થઇને લેતા રહેજો, રોજના થઇને લેતા રહેજો, કોઇ એક જ દિવસના નહિં. જય મહારાજના થઇને લેતા રહેજો, જો જય મહારાજ આપવા જ બેઠા છે, ત્યારે આપણે તો લેવાનું જ છે બાપને ત્યાંથી લેવામાં

વાંધો શું છે? જય મહારાજને ત્યાં ખૂટી જવાનું નથી. પછી લઇ જ લો. સ્વાત્મનિષ્ઠાના આવા ઊંચા ભાવની સાથે 'શ્રીયુતં' સપન્નતા, જ્ઞાનની અંતર્મુખતાની, સાત્વિકતાની સંપન્નતાની સદાચારની આટલી બધી શ્રીયુતંની સ્થિતિ છે, અને આટલી બધી વસ્તુઓ અખૂટ છે, એમાંથી આપણે શું લેવાનું છે? જરૂર તો બધાયની છે, સંયમની, સદાચારની, સાત્વિકતાની, ભંડારમાં તો બધાય સદ્ગુણો ભરેલા પડયા છે, પણ આપણે શું લઇએ છીએ, તે આપણી ઉપર છે. નૈતિકતા લઇ જવી છે, સંયમ લઇ જવો છે. સાત્વિકતા લઇ જવી છે, જે લઇ જવું હોય તે લઇ જાવ. જય મહારાજ તો આટલા બધાની વચ્ચે આખો દિવસ આનંદમાં જ બેઠેલા હોય છે. ઘરમાં ચાર માણસો જ હોય, પણ એટલામાં પણ ગુસ્સો સંઘર્ષ અશાંતિ બધું જ આવી જાય, પણ જય મહારાજ આટલા બધા માણસોની વચ્ચે શાંતિથી બેઠા હોય, ના ગુસ્સો, ના સંઘર્ષ ના મનમાં કોઇપણ અકળામણ. જય મહારાજ તો 'શ્રીયુતં' છે. આટલી બધી સંપત્તિ આપવા જ બેઠા છે, લઇ જા. અને જય મહારાજ પાસેથી આટલું બધું સારું લઇ જતાં આપણને શું વાંધો છે. શરમ રાખવી જ નહિં લેવામાં, જય મહારાજ પાસેથી, ગામડીયાની માફક પોટલું બાંધીને, માથે મૂકીને બધાયની વચ્ચેથી નીકળીએ, પણ અત્યારના જમાનામાં તો હાથમાં થેલી પકડીને ચાલતા પણ શરમ આવે છે, પણ જયારે જય મહારાજ પાસેથી લેવાનું હોય ત્યારે જરાપણ શરમ રાખવાની જ નહિં, આપણે નથી રાખતા શરમ. જય મહારાજ પાસેથી લઇને બાંધીને માથે પોટલું મૂકવામાં, જય મહારાજ આટલું બધું આપે છે. પછી આપણે લેવામાં શરમ શેની ?

બાપજી આપે છે, લઇ લો, તો કહ્યું કે

**''શ્રીયુતં''**

કઇ શ્રીયુતતા છે? સ્વાત્મનિષ્ઠાની, અને એ શ્રીયુતતા સ્વાત્મનિષ્ઠાની બધાયને વહેંચાય પણ એટલી જ રહી છે જય મહારાજ.

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

જય મહારાજ શિષ્યોને જ્ઞાન જ વહેંચી રહ્યા છે, અને એ આપતાં જય મહારાજ થાકે જ નહિં. **કેટલા બધા યુગો થઇ ગયા હશે, જય મહારાજની આગળ જય મહારાજ આજે જ છે એવું ન માનશો.** જય મહારાજ તો અનંત છે, શાશ્વત છે, આ સૃષ્ટિના સર્વેને માટે છે, અને સર્વત્ર છે. અત્યારે આપણે બેઠા છીએ એટલે આપણા પૂરતું જ અને અત્યારનું જ આપણે વિચારીએ છીએ, તો એ પણ જરૂરી જ છે, કે જય મહારાજના સ્વરૂપમાંથી, દર્શન કરીને પણ મેળવીએ. જય મહારાજ છે, એમનાં દર્શન કરતાં, સેવા કરતાં પણ એમાંથી મેળવતા રહીએ. સત્સંગમાંથી તો મળવાનું જ છે, પણ એમાંથી આપણે કેટલું બાંધી શકીએ છીએ, તે પણ એટલું જ અગત્યનું છે. તો આવા જય મહારાજને ભજતાં જીવનમાંથી કલેશ જશે, દુઃખ જશે, અશાંતિ જશે, સંયમ આવશે, સદાચાર આવશે, સાત્વિકતા આવશે. જેટલું બધું જય મહારાજનામાં છે, એ બધું જ આપણામાં આવશે. **તમે જેવા વિચાર કરો, એ પ્રકારે જ તમારી અંદર હાવભાવ, વ્યવહાર દષ્ટિ, વાતાવરણ ઉત્પન્ન થશે અને જેવા વિચાર કરશો એ પ્રકારે તમારા હાવભાવ થશે,** અને એ પ્રકારે તમારું વર્તન પણ થશે. જય મહારાજના સાનિધ્યમાં આવીએ, જય મહારાજ 'સકલગુણનિધિ' છે, 'શ્રીયુત' છે એમનાંમાંથી થોડું થોડું સમજદારીપૂર્વક આપણા જીવનમાં ઉતરતા જઇએ. દર્શન કરતા જઇએ, તો એ બધું જ આપણામાં પણ ઉગશે. ઉગશે એટલે ઘણું

બધું સરસ રીતે ઉગી નીકળશે. દુનિયાનાં કેટલાં બધાં દ્રશ્યો, કેટલા બધા વિચારો, કેટલા બધા શબ્દો આંખથી, મનથી, આવીને કેટલા બધા ઊગે છે. કેટલા બધા કાંટાળા બની જાય છે જીવનમાં, દુઃખરૂપ બની જાય છે જીવનમાં જો એ બધું અંદર પેસતું હોય, નર્યો દુઃખભર્યો બોજ, જે સહન ન થાય, છતાંય આંખ વડે, કાન વડે, મન વડે, અંદર ભરતા જ રહીએ છીએ, ઉગાડતા જ રહીએ છીએ. આ તો સત્સંગમાં બેઠા છીએ, જય મહારાજના સાનિધ્યમાં બેઠા છીએ. જો જય મહારાજના એ સદ્‌ગુણોને જીવનની અંદર ઉતારીશું આંખથી કાનથી, મનથી, તો એ પણ અંદર વિકસશે, ફળશે, ફૂલશે.

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

આટલી બધી સુંદર જીવનની નિષ્ઠા બની શકે, આટલું સુંદર આપણું જીવન બની શકે છે. જય મહારાજના સાનિધ્યમાં જય મહારાજ આટલું બધું આપવા બેઠા છે, ખાલી આંટો મારીને, પગથિયાં ઘસીને જતા ન રહેતા, કોરા ને કોરા જતા ન રહેશો. આવો છો, દર્શન કરો છો, સેવા કરો છો, સત્સંગ કરો છો, નિત્યનિયમ કરો છો, પણ સાથે સાથે કાંઇક લઇને જાવ. જય મહારાજ એમ નહિ કહે કે કેમ લઇ જાય છે. સદાચાર સંયમ સાત્વિકતા આ બધું જ લઇ જવાનું છે. કોઇને એ દેખાશે જ નહિં કે આ શું લઇને જાય છે. બીજી વસ્તુ જો હાથમાં પકડીને લઇ જઇએ તો? તરત જ પકડશે કે શું લઇ જાઉં છું? અહિં લઇ જવા માટે આવ્યો છું? હા, લઇ જવા માટે જ આવ્યો છું, પણ તને ન દેખાય એવું લઇ જાઉ છું. સત્સંગ લઇ જાઉં છું. શ્રીયુતં છે. જય મહારાજ આપે જ છે, કે લે લઇજા. દિવસમાં પાંચ વખત આવો ને આવીને લઇ જાવ, ના નહિં પાડે. લેતાં આવડવું જોઈએ, કાંઇપણ ન લીધું

હોય તો જય મહારાજના સ્વરૂપનાં દર્શન કરીને, એમના સ્વરૂપને હ્દયમાં રાખીને તો લઇ જવાયને? તમારા જીવનમાં ઘણુંબધું ઉગાડશે જય મહારાજ અંદરથી અંતઃકરણમાંથી ઉગાડશે અને એ ઉગાડેલું જીવનભર કામ લાગશે. એમાંથી જ હું મારું ભરણપોષણ કરી લઇશ. સંયમનું, સદાચારનું, શાંતિનું, સાત્વિકતાનું. જય મહારાજ તો કલ્પવૃક્ષ છે, જય મહારાજ કલ્પવૃક્ષ સમાન છે. કલ્પવૃક્ષ નીચે ઉભા રહીને તમે જે સંકલ્પ કરો, એ મળે. બાપજી ઘરમાં નિરાંત થાય એવી દયા કરજો, કલેશ દૂર થાય એવી કૃપા કરો. કલ્પવૃક્ષ છે. સંકલ્પ કરીને જાવ, જય મહારાજ ઘરમાં શાંતિ ભરતા જશે, અશાંતિ દૂર કરતા જશે.

જીવનમાં સાત્ત્વિકતા અને સંયમ મળે, જા બેટા, લઇ જા. જય મહારાજ સાત્વિકતા, સંયમ બધું જ ભરતા જશે.

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

બાપજી તો આપે જ છે, પાત્ર આપણે છતું લઇને નીકળીએ છીએ કે ઉંધું લઇને નીકળીયે છીએ તેની ઉપર આધાર છે. જય મહારાજ તો વરસાદની માફક આપે છે. જો પાત્ર ઊંધું હશે તો એક છાંટો પણ નહિં આવે, અને છતું રાખ્યું હશે તો જેટલા છાંટા વરસાદના પાત્રમાં પડયા, એટલા આપણા થશે. જય મહારાજ શિષ્યોની શરણાગતોને ખૂબ આપવા ઇચ્છે છે.

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

શું લેવું છે, તે આપણે વિચારવાનું છે.

।। જય મહારાજ ।।

## પ્રકરણ-૧૭

# મારી હૃદયગુફામાં ઉતર્યા

**યોગીન્દ્રં વિશ્વવન્દ્યં સકલગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્**
**કલેશાતીતં મમેશં હયચલસુખકરં સચ્ચિદાનંદરૂપમ્,**
**શિષ્યાણાં જ્ઞાનદંતં વિગતમલયુતં કિંકરાણાંહૃદિસ્થં,**
**વંદેઽહં સિધ્ધિયુક્તં પરમપદ વિદં શ્રી ગુરું સંતરામમ્.**

પરમપદવિદ પરબ્રહ્મ પરમાત્માસ્વરૂપ એવા જય મહારાજ સ્વાત્મનિષ્ઠ છે. એ સિધ્ધિયુકત છે, પરમપદવિદ્યુકત છે. પરમપદ એટલે જેને બ્રહ્મપદ કહેવામાં આવે છે. જે આત્મપદ છે, બ્રહ્મપદ પૂરણપદ એ બધા જ આત્માનુભૂતિની સર્વશ્રેષ્ઠ અવસ્થા છે. સર્વશ્રેષ્ઠ અવસ્થામાં જય મહારાજ સ્વાત્મનિષ્ઠ તો છે જ. સ્વાત્મનિષ્ઠ એ જ સર્વશ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અવસ્થા છે. એના સિવાય બીજી કોઇ અવસ્થા સ્થિતિ છે જ નહિં કે જે સ્વયં પરબ્રહ્મ પરમાત્મા પોતાના નિજસ્વરૂપ વડે આત્માનું સ્વરૂપ ઓળખાવે.

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

શિષ્યોને સાચું જ્ઞાન આપે છે જેને સત્ય કહેવામાં આવે છે. જે પરમ સત્ય છે, એ જ્ઞાન, અને સમગ્ર વિશ્વની અંદર શ્રેષ્ઠજ્ઞાન, શ્રેષ્ઠસ્વરૂપ જો કોઇપણ હોય તો એ છે આપણા સૌના આત્મા સ્વરૂપે બિરાજેલા સ્વયં જય મહારાજ. જે સ્વયં પૂર્ણબ્રહ્મ

છે, ગુરુ મહારાજને આપણે સંબોધીએ છીએ ત્યારે કહીએ છીએ કે

**"ગુરુરેવ પરબ્રહ્મ"**

જયારે પરમબ્રહ્મ કહી દીધું, તો પછી બીજું કોણ રહ્યું આગળ બાકી? ગુરુજીથી આગળ બીજું કોઇ બાકી રહેતું નથી કે જે પરમપદ સુધી પહોંચેલા છે. પરમાત્મા સ્વયં એજ પરમપદ સ્વરૂપ છે. અને જયારે પરમપદ સુધી પહોંચે એટલે આપોઆપ જ જે જેનું ચિંતન કરે છે તે તે જ થઇ જાય અગ્નિમાં અગ્નિ પધારવો જોઇએ, દરિયામાં પાણી પધરાવો જોઇએ, તેલમાં તેલ રેડી દો જોઇએ, શું થશે? એક થઇ જશે. એ જુદું રહી જ ન શકે. જે જેનું સ્વરૂપ છે એ એમાં ભળી જ જાય. એ અલગ રહી જ ન શકે, એમ પરમાત્માની અંદર આત્મા જયારે ભળી જાય પછી એ આત્માને જુદું રહેવું હોય તો પણ ન રહી શકે. જેમ વરસાદનું પાણી કે લોટાનું પાણી દરિયામાં રેડી આવો જોઇએ, પછી એ પાણી તમારા હાથમાં આવશે ખરું? એ દરિયો વ્યાપક છે, અને એ વ્યાપક દરિયામાં એ પાણીના અણુએ અણુ પ્રસરી જવાના. એ દરિયામાં રહેલું પાણી પાછું નથી મળી શકતું, એમ પરમાત્મામાં, પરમબ્રહ્મમાં ભળી ગયેલો આત્મા ફરી પાછો કયારેય અલગ થઇ શકતો નથી. એ સ્વયં પરમાત્માનું સ્વરૂપ એટલે કે સ્વાત્મનિષ્ઠ થઈ જાય છે. 'સ્વાત્મનિષ્ઠ' જય મહારાજ કેવા છે?

**"શિષ્યાણાં જ્ઞાનદંતં"**

જય મહારાજના જે સેવકો છે, જે શિષ્યો છે. એમને જય મહારાજ આ જ જ્ઞાન આપે છે કે બસ બીજી કશીપણ જરૂર નથી. સારામાં સારું જમવાનું મળતું હોય પછી બાવટાના રોટલામાં હાથ નાખીએ ખરા? ઇચ્છા થાય ખરી એ જમવાની! જય મહારાજ આટલું સરસ, ઊંચામાં ઊંચું, અમૃત સમાન પીરસતા હોય જ્ઞાન

રૂપે, પછી નિંદા અને કૂથલીમાં હાથ નાખવાનું મન થાય ખરું? આ દુનિયામાં છે શું? નિંદા અને કૂથલી. એની અંદર હાથ કયાં નાખવો? બાપજી તો બેઠા છે સમર્થ.

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

બધાયને પીરસે, પણ જેને જમતાં આવડતું હોય એને વહાલથી પીરસે. જો જમતાં આવડતું હોય તો પીરસનારને પણ પીરસવાનો આનંદ થાય. પ્રેમથી પીરસે ને જમાડે. જય મહારાજ જ્ઞાન તો બધાયને આપે છે, પણ જ્ઞાન જે વહાલથી સ્વીકારતો હોય, એને વહાલથી આપે છે. તો આમ,

**''શિષ્યાણાં જ્ઞાનદંતં વિગતમલયુતં''**

જે જ્ઞાન આપે છે એ જ્ઞાન કયું? એ છે 'વિશુધ્ધજ્ઞાનં' એ સ્વાર્થીજ્ઞાન નથી. છેતરવાનું જ્ઞાન નથી, વિશુધ્ધજ્ઞાન. આ જ્ઞાન આપવાની અંદર કોઇપણ અપેક્ષા નહિં, કે આટલું લાવજો, કે આટલુ આપજો. તમે સત્સંગ જ્ઞાન દ્વારા તમારા આત્માને પવિત્ર કરો. આત્મા તો પવિત્ર છે જ, પણ આપણી મતિને પવિત્ર કરવાની છે. આપણા જીવનને પવિત્ર કરવાનું છે, એ જ્ઞાન આપી રહ્યા છે અને કહે છે કે

**''વિગતમલયુતં''**

સંસારમાં જાળાં કેટલાં છે, ખબર છે? શરીરનો મેલ, પરસેવો છે, કાન, આંખ, નાક, આખા શરીરમાંથી જે નીકળે છે, એ બધો જ મળ છે, પણ આ તો સ્થૂળ શરીરના મળ થયા પછી કહ્યું કે,

**''વિગતમલયુતં''**

અને કેવા છે ?

**''કિંકરાણાંહ્યદિસ્થં''**

ભકતો, શિષ્યોના હૃદયમાં બેઠેલા છે. જય મહારાજ

**''ચૈતન્યંશિષ્યમધ્યે''**

મારા રુદિયાકમળ વચ્ચે રહો છો

અને અહિં કહ્યું કે

**''કિંકરાણાંહ્યદિસ્થં''**

સેવકોના હૃદયમાં આપ બિરાજો છો, પણ કેવા? શુધ્ધ સ્વરૂપે. આપણા જીવનમાં, આપણા વ્યવહારમાં, આપણા વિચારમાં, આપણા હૃદયમાં, અંતઃકરણમાં જયારે જયારે શુધ્ધતાનો ભાવ આવે, ત્યારે સમજવું કે જય મહારાજ આપણામાં પધાર્યા છે. જય મહારાજ પધારે એટલે ઘરનું આંગણું સાફ હોય, પધરામણી થવાની છે, વાળીઝૂડીને ચોખ્ખું રાખીને નવું બિછાયેલું હોય, નવું પાથરેલું હોય, તોરણ બાંધ્યા હોય. જય મહારાજ જયારે રૂદિયામાં આવવાના હોય ત્યારે કેવું સ્વચ્છ હોય, કેટલું ચોખ્ખું હોય? જીવનને આંગણે સરસ મઝાનાં તોરણ બાંધ્યાં હોય. જય મહારાજ મારે ત્યાં પધારવાના છે, મારા રૂદિયામાં આવવાના છે અને તે વખતે

**''વિગતમલયુતં''**

કોઇપણ જાતનો મેલ ન હોય, રાગદ્વેષ ન હોય, છળકપટ, દુરાચાર, ભષ્ટાચાર, વિકૃત્તિ વાસના કશુંપણ નહિં.

**''વિગતમલયુતં''**

જયારે જયારે આવી સ્થિતિમાં થોડો સમય પણ બેસીએ તો, સમજવાનું કે બાપજીની મારે ત્યાં પધરામણી થઇ ગઇ છે.

કયાં? ઘરમાં નહિં, પણ

**''ગુરુજી મારા રૂદિયામાં આપ પધારો.''**

શુધ્ધ ભાવથી ગાવ, તન્મય થઇને ગાવ, પ્રેમાતુર ભાવથી ગાવ, ગુરુ મહારાજ જરૂરથી આવીને ચોકકસ બેસશે જ. રોમરોમ ઊંચા થઇ જશે આંખમાંથી અશ્રુધારા ચાલુ થઇ જશે. ઓહ બાપજી મારામાં પધાર્યા છે. જય મહારાજ પધાર્યા છે.

**''કિંકરાણાંહ્રદિસ્થમં''**

ઘરમાં પધરામણી તો સ્થૂળ છે, પણ આપણા અંતઃકરણમાં, આપણા હ્રદયમાં જય મહારાજ આવીને પધારે છે, કેટલી ધન્યતા અનુભવાય.

**''સેવક સદન સ્વામી આગમનું''**

બાપજી હું તો આપનો સેવક છું. મારા હ્રદયમાં બાપજી આપ પધારો.

**''મંગળમૂલ અમંગલદવનું''**

અમંગળનું દમન કરવાવાળા ઘરમાં બીજા કોઇને પણ પેસવા જ ન દે. જે જુગારી હોય, વ્યસની હોય, એવા વિચારને પણ અંદર ન પેસવા દે કેમ કે

**''કિંકરાણાંહ્રદિસ્થમં''**

ઘરે કોઇની પધરામણી હોય ઘરનાં છોકરાઓને સૂચના આપવામાં આવે છે કે કોઇપણ તોફાન નહિં કરવાનું, શાંતિથી બેસી જવાનું, કેટલી બધી તૈયારીઓ કરીએ છીએ, કેટલી બધી સૂચનાઓ આપીએ છીએ, આપણા અંતઃકરણમાં જયારે જય મહારાજ પધારવાના હોય. પરબ્રહ્મ સ્વરૂપે, આત્મા સ્વરૂપે મનને કહી દેવું પડે, આંખને કહી દેવું પડે, જીભને કહી દેવું પડે, આવું

નહિં બોલવાનું, આવું નહિં કરવાનું. ધ્યાનમાં બેસી જાવ, આસન પાથરીને બેસી જાવ, જલ્દી આવવાની ઇચ્છા થશે ચાલો ચાલો, મોડું થઇ જશે, તૈયાર થઇને બેઠા છે. કેવી રીતે? શાંતિથી ઉપાધિમુકત, કોઇ કલેશ નથી, કોઇ અસમંજસ નથી, બિલકુલ શાંત, સાત્વિકતાના ભાવથી બેઠા છે. જય મહારાજને ઉતાવળ થાય કે ચાલો, આપણી રાહ જોવાય છે, જલ્દી જઇએ. પણ કયારે? સવારમાં નહાઇ ધોઇ, આસન પાથરી, ભગવાનની સામે જય મહારાજની સામે બેસીએ, દિવો પ્રગટાવી, ફુલ પુષ્પ ચઢાવી, તિલક કરી, બીજું બધું પછી. રાહ જોવાય છે ત્યાં આમ આપણી જેટલી તૈયારી હશે એટલા જય મહારાજ જલ્દીમાં જલ્દી આવીને બેસી જશે. હવે વાર ન કરશો મુરારી, હું ડૂબી રહ્યો છું, આ મગરે મારો પગ પકડયો છે, તમે વાર ન કરશો, કેટલું સરસ ભજન છે ગજેન્દ્રામોક્ષમાં,

**''મારી વ્હારે આવો મુરારી''**

આવો સરસભાવ છે ગજેન્દ્રમોક્ષનો. ગજેન્દ્ર એટલે શું? હાથી નહિં, હાથી એ તો પ્રતિક છે, એનું નામ ગજેન્દ્ર પાડયું.

**''ગમયતિ ચ, જન્મયતિ ચ, તસ્ય ઇન્દ્રઃ ગજેન્દ્ર''**

જે જન્મે છે, આવે છે, અને જાય છે, એમાં જે શ્રેષ્ઠ છે તે આખી સૃષ્ટિમાં બધા જ જન્મે છે. અને મરે છે, એમાંથી સૌથી શ્રેષ્ઠ કોણ? માણસ, ગજેન્દ્ર એટલે માણસ, હૃદયપૂર્વકનો પોકાર છે ભગવાનને કે મોડું ન કરતા, નહિં તો તમારી લાજ જશે. અંતઃકરણ જેટલું શુધ્ધ, એટલા ભગવાન નજીક ગજેન્દ્રનો પોકાર સાંભળીને ઠાકોરજી દોડયા, એક પગમાં મોજડી પહેરી ને બીજા પગની મોજડી રહી ગઇ. બીજી મોજડી પહેરવા પણ રોકાયા નથી, અને એ ગજેન્દ્રરૂપી મનુષ્યની વહારે ગયા છે.

**''મારી વ્હારે આવો મુરારી''**

તો એ જ વાત છે, કે

**''કિંકરાણાંહૃદિસ્થં''**

દરેકના હૃદયમાં જય મહારાજ આવીને બિરાજયા છે, પણ એ માટે હૃદય કેવું હોવું જોઇએ?

**''વિગતમલયુતં''**

ઘર આપણું જો ચોખ્ખું હોય તો આપણને રહેવાનો આનંદ આવે, કપડાં ચોખ્ખાં સાફ કરેલાં હોય તો પહેરવાની ઇચ્છા થાય, જમવાનાં વાસણ ચોખ્ખાં હોય તો એમાં જમવાની ઇચ્છા થાય, એમ અંતઃકરણ જો ચોખ્ખું હોય, તો જય મહારાજને પધારવામાં સહેજપણ વાર ન લાગે.

**''વિગતમલયુતં''**

કોઇપણ જાતનો કચરો મેલ ન હોય, જમવા બેઠા હોઇએ, વાટકીમાં સહેજ કચરો દેખાય, થાળીમાં સહેજપણ પાવડર ચોંટેલો દેખાય ને તો, ઉભા થઇને, થાળી ધોઇને, કોરી કરીને ફરી બેસીએ છીએ, ત્યાં આપણે આટલી બધી તત્પરતા રાખીએ છીએ, તો જય મહારાજ તો હૃદયમાં આવીને બેસવાના છે, કોઇપણ વસ્તુ સહેજપણ જો અશુધ્ધ હોય, તો આપણને જરાપણ ન ગમે, તો હૃદય મેલું અને અપવિત્ર હોય, તો જય મહારાજને કેમનું ગમે?

**''વિગતમલયુતં કિંકરાણાંહૃદિસ્થમં''**

જેના હૃદયમાંથી બધા જ મેલ જતા રહ્યા છે, એવા સેવકના હૃદયમાં હું આવીને બેસું છું.

**''ઘટ ઘટ વ્યાપી છો ગુરુ મારા,**

**કાંઈ દાસ પાસ રાખી તાર્યા, આપી ઉપદેશ ને ઓધાર્યા''**

પાસે બેસાડીને બધાયનો ઉધ્ધાર કર્યો ઘરમાં મા શીખવાડે કે આમ પોતું થાય, આમ ઝાડું મરાય, આમ ધૂળ ખંખેરાય, આમ જાળાં પાડી નંખાય, એમ જય મહારાજ મા બનીને અંતઃકરણ ચોખ્ખું કરવાનું શીખવાડે. કે અંતઃકરણ કેમનું ચોખ્ખું રાખવું. તો એ જ (જ્ઞાનદંતં) જ્ઞાન આપે સેવકને, કે જૂઓ શુધ્ધ જીવન કેવી રીતે જીવાય, સાત્વિકતા કેવી રીતે આવે, મન શાંત કેવી રીતે થાય, આ બધું જ શીખવાડે. જેમ વાસણ સાફ કરતાં શીખવાડે, ઘર સાફ કરતાં શીખવાડે, એમ જય મહારાજ આપણને આ બધું શીખવાડે. જય મહારાજ સર્વ સેવક માત્રને આવેલ દરેક ભકતમાત્રને પ્રેમાળ થઇને શીખવાડે છે.

**''પૂરણ પ્રેમ દયાળની મૂર્તિ છો તમે''**

આપણને જે ન આવડતું હોય એ શીખવાડે અને એટલે જ આપણે કહી દઇએ છીએ કે,

**''અવગુણ મારા કોટી છે, પણ એકે ધરશો ના હૈયે''**

ન આવડતું હોય તો શીખવાડજો, ન આવડે તો એકવાર નહિં દશવાર શીખવાડજો, એક ગુરુજી હતા, એ એમના શિષ્યોને શીખવે. એ ગુરુદેવ એટલા બધા ચોકકસ હતા કે, શિષ્યને શીખવાડીને જ જંપે, આવડવું જ જોઇએ એને. એક વખત એક શિષ્યને વીસ વીસ વખત શીખવાડયું, એક માણસ આવીને કહે કે તમે બધાયનો ઉધ્ધાર કર્યો પાસે બેસાડીને જૂઓ ઘરમાં શીખવાડે કે અંતઃકરણ ચોખ્ખુ કેવી રીતે રાખશો? પેલા માણસે પૂછયું કે તમે શા માટે આ બધી માથાકૂટ કરો છો? વીસ વીસ વખત શીખવાડ્યું ગુરુજી બોલ્યા, કે ભલે એને ઓગણીસ વખત ન આવડયું, પણ

વીસમી વખતે તો પાકું થઇ ગયુંને, એને વીસમી વખત શીખવાડવું જરૂરી હતું, કેટલી બધી ધીરજ? વીસ વીસ વખત શીખવાડયા પછી પણ ગુરુજીને કંટાળો નથી આવતો.

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

જ્ઞાન આપી રહ્યા છે, અને એ જ્ઞાન આપીને

**''વિગતમલયુતં''**

મનના બધા જ મેલ સાફ કરી નાખ્યા. જેમ દિવાળી આવે, આપણે બધા જ વાસણ સાફ કરીએ, ઘર સાફ કરીએ, જય મહારાજ જયારે આપણા હૃદયમાં પધારવાના હોય એ દિવસે આપણી દિવાળી. બાપજીની સ્તુતિ કરતાં કરતાં પણ ભાવપૂર્વક કહ્યું કે બાપજી આપ કેવા ઉદાર છો, કેવા દયાળુ છો, કેટલા બધા પ્રેમાણ છો

**''પ્રેમ સ્નેહની વાતો અમને કહીએ**

**ઘણી દયા કરી આતમસુખ આપો તો મનમાં લઈએ.''**

**બસ, આગળની શરત આપણે નથી મૂકવી.**

કોઇપણ જાતની શરત નથી મૂકવાની, આપની જેવી મરજી જય મહારાજ, આપણી તો એક જ વિનવણી કે

**'ઘણી દયા કરીને અતમસુખ આપો'**

આપ આતમસુખ તો આપો, સાથે સાથે ભજનસુખ પણ આપજો.

**''ભજનસુખકરં સુપ્રસન્નં મનોમે''**

પણ કયારે?

**''યત્સંગાન્નષ્ટપાપં''**

જેમના સંગથી શું મળે?

**''વૈરાગ્યં ભકિતયુકતં ભજનસુખકરં સુપ્રસન્નં મનો મેં''**

જેમના સંગ માત્રથી મારું મન પ્રસન્ન છે. તો અહિં કહ્યું કે,

**''શિષ્યાણાં જ્ઞાનદં તં''**

સત્સંગ વડે જય મહારાજ સૌને જ્ઞાન આપે છે, અને એ જ્ઞાન વડે સૌને નિર્મળ બનાવે છે,

નિષ્પાપ બનાવે છે. સૌના હૃદયમાંથી વાસના વૃત્તિ, દુરાચાર બધું જ કાઢી નાખે છે. આપણે આપણું ઘર ચોખ્ખું, કરવાનું હોય તો કેવા મંડી પડીએ છીએ, અત્યારે તો ઘર ચોખ્ખું કરવાનું એટલે કાંઇ નહિં, ઝાડું પોતું, પણ પહેલાંના જમાનામાં લીંપવાનું, ત્યાર પછી ધોળવાનું તે બધું જ હાથોહાથ. માટી લઇ આવે, ચૂનો લઇ આવે, છાણ લઇ આવે, હાથથી જ લીંપે, જાતે જ રંગે, એમ

**''શિષ્યાણાં જ્ઞાનદં તં કિંકરાણાંહૃદિસ્થં''**

જેમ દિવાળી આવે ત્યારે ઘરનું આંગણું વાળી ઝૂડીને લીંપણ કરી નાખે, હવે સાથિયા પૂરે છે કે નહિં, ખબર નથી, પણ પહેલાં તો છાણ લાવીને રાતે લીંપીને સૂઇ જાય, સવારે ઉઠીને સાથિયા પૂરે. આમ ઘર આંગણાથી સરસ મઝાનું દિવાળીનું પર્વ શોભે, એમ આપણા જીવનમાં આંગણે હૃદયમાં જ્ઞાનના સાથિયા પૂરે છે જય મહારાજ.

**''વિગતમલયુતં કિંકરાણાંહૃદિસ્થં''**

જય મહારાજ જાતે કહે કે લો કેટલા પ્રેમાળ, કેટલા દયાળું. એક સેવકનું હૈયું જય મહારાજ જાતે સાફ કરવા આવે. જેમ બાળક

ગમે તેવું ગંદુ ગોબરું હોય. પણ મા તેને નવડાવી ધોવડાવીને ચોખ્ખું કરીને, સરસ કપડાં પહેરાવીને, માથું ઓળીને તૈયાર કરી, પાછું એક કાળું ટીલું કરીને બેસાડે. એમ જો સાચા દિલથી શરણે ગયા હોઇએ, અને હ્રદયપૂર્વક શરણાગતભાવ, જે પ્રણામ કરીએ છીએ દંડવત્ એનો અર્થ શું છે? કે મારું માથું આપને સોંપ્યું, માથું આપ્યું એટલે આખું જીવન આપી દીધું. સમર્પિત થઇ ગયા એમ કહેવાય. એટલે પ્રણામ કરવા, માથું ચરણમાં મૂકી દેવું, એટલે આ જીવન આપને આપી દીધું. 'શિરસાવંધ્ય' એનું નામ છે. આપણે આપણી જાત જ્ઞાન માટે, પવિત્રતા માટે સમર્પિત કરી દઇએ છીએ. જય મહારાજના ચરણોમાં તો જ એ 'વિગતમલયુતં' થઇ શકે છે. અને 'વિગતમલયુતં' થયેલું હોય તો જ એ થાય 'સચ્ચિદાનદરૂપં' સચ્ચિદાનંદ આત્માનું દર્શન થાય પણ જયારે આપણું પોતાનું મન, **આપણુ પોતાનું અંતઃકરણ જે રીતે જય મહારાજ સાફ કરવા માગે છે એ રીતે સાફ કરવા દેવું. જય મહારાજ જો બ્રહ્મમુહૂર્તમાં ઉઠાડતાં હોય તો આપણે તો ઉઠી જ જવું પડે. આજે તો અમાસ છે આઠ** વાગે ઉઠીશ એમ ન ચાલે. એ જયારે ઉઠાડે ત્યારે ઉઠી જ જવું પડે. આપણું અંતઃકરણ આપણું જીવન વંદનથી જય મહારાજને સોંપ્યું. પછી જેવી રીતે એમણે સાફ કરવું હોય, એવી રીતે એમને સાફ કરવાની છૂટ. જૂનો કાટ કાઢવો છે? તો એસીડ પણ નાખવો પડે, ખાટી છાસ અને આંબલી પણ નાખવી પડે. જૂનો કાટ છે, બહુંજ ઘસીએ પણ ન નીકળે તો-શું કરો? ખાટી છાસ અને આંબલી નાખીએ છીએને? પછી કૂચાથી સાફ કરવાનું. આમ જય મહારાજ પણ અંતઃકરણ સાફ કરવા આવ્યા હોયને બધું જ કરી દે.

**''વિગતમલયુતં''**

ચોખ્ખું કરી નાખે. હવે તારું અંતઃકરણ શુધ્ધ છે, પછી એમને એમ રહેવા દેશે? સેવકોને પણ પવિત્ર બનાવવા માગે છે જય મહારાજ. જય મહારાજ જેવા પવિત્ર છે એવા સૌને પવિત્ર બનાવવા માગે છે અને એટલે જ બોલાવી ને કહે કે આટલું જ્ઞાન લો.

**''કિંકરાણાં''**

આવકારીને કહે આવો

**''શિષ્યાણાંજ્ઞાનદંતં''**

અને જ્ઞાન આપે પછી?

**''વિગતમલયુતં''**

સાફ થઇ ગયું બધું. આમ, સાફ એટલે? ચોખ્ખા ચાંદી જેવા, અને ત્યારપછી અંતઃકરણની અંદર કોણ આવે?

**''કિંકરાણાંહૃદિસ્થં''**

ચાલો હવે અંદર જઇને બેસીએ, ઘર ચોખ્ખું થઇ જાય, પલંગ ખાટલા ઉપર ચાદર બીછાઇ જાય, પાણીના ગ્લાસ આવી જાય, હવે બેસો શાંતિથી. મહેમાન આવ્યા હોય અચાનક, તો? બહાર થોડીવાર બેસાડે, અંદર બધું જ સરખું કરીને પછી કહે કે, હવે અંદર આવો, થાય છે ને એવું? ઓચિંતા મહેમાન આવ્યા હોય, આવો આવો બેસો પછી અંદર બધું જ સરખું કરીને અંદર બોલાવીએ, હવે આવો અંદર. એમ જય મહારાજ આવતા હોય. કદાચ ઓચિંતા જ આવી જાય, તો એમને થોડાં રોકી રખાય, કે હમણાં બહાર બેસો. હું જેવો છું તેવો છુ, આપ આવો અંદર, અંદર બેસીને આપ હવે સુધારી આપો. જય મહારાજ પરમ ઉદાર છે સહુને માટે એટલા પ્રેમાળ, સ્નેહાળ, વાત્સલ્યપૂર્ણ છે કે દરેકના

હૃદયનાં આંગણાં જય મહારાજ પોતે જ સાફ રાખે છે. તો આપણે શું કરવાનું? જય મહારાજની સેવા કરવાની. જય મહારાજ જો આપણા હૃદયનું આંગણું પોતે સાફ રાખતા હોય, તો આપણે એમનું આંગણું સાફ રાખીએ, મંદિરનું એટલી સેવા તો થાય ને?

''**શિષ્યાણાં જ્ઞાનદંતં**''

શુધ્ધ પરિશુધ્ધ સત્તચિત્ત આનંદ સ્વરૂપ તારો આત્મા છે, એ રીતનું જ્ઞાન આપીને

''**વિગતમલયુતં**''

બિલકુલ સાફ કરીને પછીથી

''**કિંકરાણાં હદિસ્થં**''

સૌ સેવકોના હૃદયમાં આવીને જય મહારાજ બિરાજે છે.

।। જય મહારાજ ।।

## પ્રકરણ-૧૮

# જેનાં દર્શન કરતાં પાપ બળે

**યોગીન્દ્રં વિશ્વવન્દ્યં સકલગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્**
**કલેશાતીતં મમેશં હયચલસુખકરં સચ્ચિદાનંદરૂપમ્,**
**શિષ્યાણાં જ્ઞાનંદતં વિગતમલયુતં કિંકરાણાંહ્રદિસ્થં,**
**વંદેઽહં સિધ્ધિયુકતં પરમપદ વિદં શ્રી ગુરું સંતરામમ્.**

જય મહારાજ તો પરમબ્રહ્મ છે, પરમાત્મા છે, જેનું અસ્તિત્વ કલેશરહીત, પરિશુધ્ધ છે અને એટલે જ તો આપણે જય મહારાજના શરણે આવ્યા છીએ. બાપજી અમારું જીવન તો કલેશમય છે જ, એનું નિવારણ કરવા આપને શરણે આવ્યા છીએ. આ જગતમાં કલેશ વગરનો કયો જીવ હશે? શોધી શકીશું ખરા કે જેના જીવનમાં જેને કલેશ જ ન હોય. અનેક પ્રકારની ઉપાધિઓ વાળા બધાજ કલેશ માણસને ખાઇ જતા હોય છે, માણસને ભરખી જાય. એ એક એવું તત્ત્વ છે કે માણસ શાંતિથી સારી રીતે જીવી જ ન શકે. અતિશય કલેશ હોય તો માણસ માણસ તરીકે જીવી શકતો નથી. એ કલેશો એને ખાઇ જતા હોય છે, એની મતિને, એની બુદ્ધિને એની સાત્વિકતાને, એના સંયમને ખાઇ જાય છે કલેશ. કલેશને કારણે વ્યકિતનું જીવન એવું દીન હોય છે કે એને પોતાને જીવવું જ ન ગમે. એટલા માટે કલેશરહીત કેમ બનવું? જે

કોઇ કલેશરહીત છે, એના જીવનની કેટલી બધી ઊંચાઇ છે. એના જીવનની કેટલી બધી કિંમત છે, તો જય મહારાજ માટે સંબોધન કર્યુ છે કે

**"કલેશાતીતં"**

લગાર પણ કલેશ નહિં. જો મનમાં સહેજ અમથો પણ કલેશ પેસી જાય, તો પણ હેરાન થઇ જવાય છે. સંપૂર્ણ કલેશ રહીતનું મન જેનું હોય, એમનું જીવન કેવું ઊંચામાં ઊંચુ હોય. કલેશ કયારે આવે? કયાંક દ્વેષ હોય, કયાંક મારા તારાની વૃત્તિ હોય, કલેશ આવીને પેસી જાય, જોશભેર વાજાં વગાડતો પેસી જાય, આવ્યા જ છીએ. એ કલેશ વાજતે ગાજતે આવી ગયો હોય, ત્યારે એ માણસ દુઃખી દુઃખી થઇ જાય. અને કલેશ એને એવો સતાવ્યા કરતો હોય, કે બધાય જોઇ રહેતા હોય. બધાય જુએ ખરા પણ કલેશમાંથી એને કોઇપણ બહાર ન કાઢી શકે. તારી ન શકે. જે માણસ કિચડમાં ડૂબતો હોય, એ જેમ જેમ બહાર નીકળવા પ્રયત્ન કરે, એમ એમ એ વધારે ડૂબતો જાય. જેમ ઉપર આવવા પ્રયત્ન કરે એમ વધારે અંદર ડૂબતો જાય, આખો સંસાર એ કલેશનું ઋણ છે. બહાર કાઢે કોણ? બધા જ કલેશની અનુભૂતિ કરે, આ બધો કલેશ શું છે? જયારે સંસારના કિંચડમાં અંદર પડે ત્યારે ખબર પડે કે કલેશ શું છે? અને એમાં પડયા પછી બહાર નીકળવાનું બહુ જ મુશ્કેલ છે. જય મહારાજ માટે કહ્યું છે કે,

**"કલેશાતીતં"**

બધા જ કલેશોથી પર. જે કિનારે ઊભો હોય તે બહાર કાઢી શકે, અને બહાર કાઢીને

**"શિષ્યાણાં જ્ઞાનંદંતં"**

એને સમજાવે કે બહાર કેવી રીતે નીકળવું. બહાર નીકળવા માટે જય મહારાજ બહાર ઊભેલા છે, આવો, હું કોઇને પણ કાદવમાં ડૂબવા નહિં દઉં. બધાયને બહાર કાઢી લઇશ. એક એક દોરી નાખે જ્ઞાનની, પકડી લો આને, પકડી લો આને એટલે અંદર હોય એ બધાયને કાઢવાવાળો બહાર ઉભેલો હોવો જોઇએ. બધાય કલેશવાળા હોય તો કોણ કોને બહાર કાઢે કલેશમાંથી? જય મહારાજનું સ્વરૂપ તો કલેશાતીત છે, કલેશથી સંપૂર્ણ રહિત છે, તરત જ કહે કે આવી જાવ બહાર. હવે જય મહારાજ કલેશાતીતં છે, તો આપણે? આપણે એમના જ છીએ.

**''કલેશાતીતં મમેશં''**

ગુરુ મહારાજ મારા ઇષ્ટદેવ છે, કેમ કે કલેશના આ કિચડમાંથી જો કોઇ બહાર કાઢનાર હોય તો આ એક મારો બાપ છે, કે જે મને આટલા બધા વ્યવહારિક કલેશોમાંથી બહાર કાઢે, કલેશમાંથી કાઢે એટલે? એક કલેશ નહિં. પણ

**''કલેશપંચાદિહારમ્''**

પાંચે પાંચ કલેશોમાંથી બહાર કાઢી નાખે, કશુંપણ ન રહેવા દે. બધું જ સાફ. કિચડ હોય તો એમાં ડૂબાય, પણ કિચડ ને જ સાફ કરી નાખે. પછી ડૂબવાનું રહ્યું જ કયાં? હવે, **કલેશ કયારે આવે? કલેશ વ્યવહારમાં આવે. જયાં જીવન છે ત્યાં વ્યવહાર છે, જયાં વ્યવહાર છે ત્યાં રાગદ્વેષ છે, અને જયાં રાગદ્વેષ છે ત્યાં કલેશ છે અને જયાં કલેશ છે ત્યાં દુર્ગતિ છે.** એટલે સૌથી પહેલાં વ્યવહાર ને એવો સહજ બનાવીએ, કે આપણા જીવનમાં કયારેય કલેશ ઉપસ્થિત થવા ન દે. વ્યવહાર એટલે બોલવાનો વ્યવહાર. જો બોલવાના વ્યવહારમાં કયાંક આઘુંપાછું બોલ્યા તો સંબંધ કપાઇ જાય, રાગદ્વેષ ઉભા થાય એટલે સૌથી પહેલાં કલેશોનું નિવારણ કરવું

હોય તો વ્યવહારને શુધ્ધ કરતાં આવડવું જોઇએ કોઇપણ જોડે વહેરો આંતરો નહિં, કોઇની સાથે ભેદભાવ નહિં, કોઇની સાથે વેર નહિં, કોઇની સાથે કડવાવેણ કાઢવાનાં નહિં, કોઇની માટે સહેજપણ ખોટું વિચારવું નહિં, ગમે તે હોય, લૂલો હોય, લંગડો હોય, ઘરડો હોય. જો કોઇપણ વ્યકિત વિશે તમે ખરાબ વિચારશો તો સૌથી પહેલો કલેશ આપણને થશે. કલેશ શરૂ થયો એટલે શાંતિ ગઇ. અશાંતિ. એના એ જ વિચારો, એનો એજ અજંપો. કલેશને કારણે એનો એ જ કઢાપો, ત્રાસી જાય માણસ. આ બધીજ પરિસ્થિતિ સંસારની અંદર દરેકે દરેકની છે, આની દવા માટે જવું કયાં? કોણ આપશે દવા? એનો ડૉકટર કયાં? તો કલેશાતીતંની પાસે જઇએ. કલેશાતીતં કોણ? તો જય મહારાજ છે કલેશાતીતં. ત્યાં આગળ કલેશ સહેજપણ ન મળે.

**''જેનાં દર્શન કરતાં પાપ બળે**

**દુઃખ જનમ મરણ કેરાં ટળે''**

**''વળી બાળકદાસને અનામ મળે''**

આત્મા મળી જાય. આત્માને કોઇ નામ નથી. તો જય મહારાજ તો કલેશાતીત છે અને બાલકદાસજી તો અનુભવી છે.

દર્શન કરતાંની સાથે જ કલેશ, પાપ, તાપ બધું જ બળી જાય. મનમાંથી વિચારોમાંથી, દ્દષ્ટિમાંથી પણ નીકળી જાય, કેમ કે કલેશાતીતનાં દર્શન કરીએ તો કલેશ બધા જ નીકળી જાય. ખૂબ જ અંધારુ હોય, અને દૂરથી કોઇ દિવાનાં દર્શન થઇ જાય. પછી તે અજવાળા સુધી પહોંચી જઇએ, પછી એ અંધારું રહે ખરું? અંધારુ પછી સતાવે કે હેરાન કરે ખરું? તો કલેશાતીતંને શરણે પહોંચી ગયા, એમની નજીક પહોંચી ગયા, અજવાળું જ છે, પછી મારે

કલેશના અંધારામાં કયા રહેવું?

**"કલેશાતીતં મમેશં"**

જય મહારાજનાં દર્શન કરતાંની સાથે જ આટલો બધો આનંદનો પ્રકાશ નિર્મળતાનો પ્રકાશ, કલેશાતીતંતાનો, શાંતિનો પ્રકાશ, બધું જ છે, પણ ત્યાં પહોંચવું કેવી રીતે? સંસારના બંધનો પાછળથી તાણી રાખે છે, નથી જવું આજે, મહેમાન આવ્યા છે આજે, કામ છે આજે, આળશ આવી ગઇ છે આજે, તબીયત સારી નથી આજે, એમ એનક બહાના કાઢીને એ કલેશાતીતંના અજવાળા, જય મહારાજના અજવાળા સુધી પહોંચાય જ નહિં ને, અંધારું બહુ જ છે લાઇટો નથી, કાંઇક ને કાંઇક બહાનું કાઢે. કલેશ જો માણસના જીવનમાં ન હોય તો માણસને જંપ ન વળે. જો કોઇ કલેશાતીતં થઇને ઘરમાં બેઠો હોય તો માણસને જંપ ન વળે. કંટાળો આવે. આવ્યા ભાઇ, ભગવાને આટલી શાંતિ આપી છે, કયાં તો ટી.વી. ખોલીને બેસશે. કયાં તો પડોશીને ત્યાં જઇને બેસશે. જે કલેશોને માટે તું આટલો બધો દુઃખી થતો હતો, પીડાતો હતો, એમાંથી બહાર કાઢયો છે તને ભગવાને ઘરમાં કોઇ નથી, બિલકુલ શાંતિ છે, સમયનો સદુપયોગ કરી, લાવ ધ્યાનમાં બેસી જાઉં, કોઇ પુસ્તક વાંચી લઉં. કલેશાતીતંનો છાંયડો તો બહુ જ સરસ છે. જય મહારાજ તો કલેશાતીતનું વટવૃક્ષ છે, ગમે એટલો તાપ લાગે દોડતા વડ નીચે જઇને બેસીએ એટલે હાશ રૂમાલ કાઢીને પરસેવો લૂછી લઇએ, અને ઉપરણું હોય તો પાથરીને શાંતિથી સૂઇ પણ જઇએ, આવી શાંતિ બીજે કયાં મળવાની હતી. જય મહારાજ તો કલેશાતીતંનું મોટું વટવૃક્ષ છે. ઘેઘુર વડલા જેવા. એની નીચે જઇને બેસીએ એટલે ટાઢક, પછેગામમાં કેટલો સરસ વડલો છે. એની નીચે જઇને બેસો એટલે

શાંતિ, તો કલેશાતીતંના શરણે જઇએ પછી આપણા કલેશનું જે અંધારું છે એ તો કયાંય નીકળી જાય. કયાં જાય છે? તો કલેશાતીતં ને શરણે જાઉ છું, કલેશાતીતને અજવાળે જાઉ છું. તો કહે કે હું કલેશ તમારો, તમારી સાથે જ રહેનાર પણ હવે મારાથી તમારી જોડે ન અવાય. તમે તો કલેશાતીતંને શરણે જઇ રહ્યા છો, તો કલેશાતીતંને શરણે જઇએ એમની સમીપે જઇએ, તો કલેશોને આપણામાંથી નીકળીને બહાર જઉં પડે.

**''જેનાં દર્શન કરતાં પાપ બળે''**

આપણે દર્શન કરવા આવીએ, ચાલો દર્શન કરવા જઇએ, શાંતિ મળશે, સત્સંગમાં બેસીશું, કાન અને હૈયું પવિત્ર થશે.

**''કલેશાતીતં''**

પાપ બળે એટલે કલેશ દૂર થાય. જે પણ કાંઇ વિકૃત્તિઓ છે, જે પણ કાંઇ પાપવૃત્તિઓ છે, જે પણ કાંઇ દુરાચાર છે, એ બધું જ દરવાજાની બહાર રહે, આપણે એકલા જ અંદર આવીએ જે પણ કાંઇ વિકૃત્તિઓ છે, એ બધાં જ ભૂતડાં છે આપણને વળગેલાં જ છે. દરેકના શરીરમાં, દરેકના મનમાં પડેલાં જ છે, પણ જય મહારાજનાં દર્શન કરવા અંદર આવીએ, એટલે બધાં જ ભૂતડાં બહાર જ ઉભા રહે, બૂટચંપલના ઘોડે, અને જયાં બૂટચંપલ કાઢયા હોય એ બૂટચંપલ પકડી રાખે, અમે આ બૂટચંપલવાળાના છીએ, એ પહેરો એટલે તરત પાછા જોડે થઇ જાય, પણ દર્શનને માટે આવ્યા છીએ એટલો સમય તો જય મહારાજે અળગા રાખ્યા એમને. જો જય મહારાજ અળગા રાખતા હોય એમને, તો આપણે જય મહારાજથી અળગા ન થઇએ.

**''અળગા અફળાઇને મરશો રે''**

જો આઘા ગયા જય મહારાજથી તો અફડાઇ, કુટાઇને હેરાન થઇ જશો, અને એટલા માટે જ બસ

**"દુઃખજનમમરણકેરાંટળે"**

બધા જ કલેશ દૂર થઇ જાય. હવે જન્મ મરણના દુઃખ કેવી રીતે ટળતાં હશે. જન્મ તો થઇ ગયો, એ દુઃખ તો થઇ ગયું, પણ મૃત્યુનું દુઃખ, આવવાનું છે, દરેકને ખબર છે, મૃત્યુનો ભય દરેકને છે. પણ અહિંયાં તો કહે છે કે

કલેશાતીતં, મોતની પણ બીક ન લાગે. મોત પણ સામે હાથ જોડીને ઉભું રહે. બોલો શી આજ્ઞા છે, હાથ જોડીને ઉભું હોય, કે શું સેવા કરું આપની. મૃત્યુ પણ હાથ જોડીને ઉભું રહે, અને આજ્ઞા કરે તો જ નજીક આવી શકે, પણ જે સમાધિસ્થ થઇ જાય, પોતાના પ્રાણને બ્રહ્મરંધ્રમાં ચઢાવીને એના શરીરને મૃત્યુકાળ, પણ કાંઇ જ ન કરી શકે. મૃત્યુ એને મારી ન શકે, બાળી પણ ન શકે, કોયલીમાં જ્ઞાનીજી મહારાજ જય મહારાજના શિષ્ય હતા. અહિંયાંથી વિદાય લઇને, ચરામાં બિરાજેલા, પોતાની ધૂનમાં, નામ સંકિર્તનમા મગ્ન. કોઇપણ વાતચીત નહીં કરવાની. એક પશુ ચારવાવાળો ખેડૂતનો છોકરો રોજ આવે, જુએ કે બાપજી તો ભૂખ્યા બેઠા છે, ભાથું વધારે બાંધી લાવે, જ્ઞાનીજી મહારાજને જમાડે, અને પછી પોતે જમે. જય મહારાજ સમાધિમાં બેસી ગયા, ઘણા બધા દિવસો નીકળી ગયા.

પેલો ભિક્ષા લાવીને મૂકે. મહારાજશ્રી તો પોતાના અંતરાત્મામાં વિલીન થઇ ગયેલા હતા. દિવસોના દિવસો નીકળતા ગયા, અઠવાડિયાંનાં અઠવાડિયાં નીકળી ગયાં. જય મહારાજ તો હાલતા નથી ચાલતા નથી, કશું પણ ખાતા નથી.

પેલા છોકરાએ બીજા બધા ગામવાળાને બોલાવ્યા. ગામવાળા આવ્યા અને જોયું એમને લાગ્યું કે મહારાજ તો ગયા. જયાં બેઠા હતા ત્યાંજ લાકડાં ગોઠવીને ચિતા ગોઠવી દીધી. લાકડાં બધાં જ બળી ગયાં, શરીર એમનું એમ રહ્યું. જે સમાધિમય છે, અંતર્મુખ છે. એના શરીરને કાળ પણ કશું કરી શકતો નથી, બાળી શકતો નથી.

**''જેનાં દર્શન કરતાં પાપ બળે**

**દુઃખ જનમ મરણ કેરાં ટળે''**

મરણનું દુઃખ કેવી રીતે ટળી શકે? સદ્‌ગુરુની પાસેથી જ્ઞાનીજી મહારાજ જય મહારાજના શિષ્ય હતા, એવી વિદ્યા આપી હતી, એવી સદ્ધિ આપી હતી, એને કારણે એમની સમાધિસ્થ સ્થિતિની અંદર અગ્નિ શરીરને બાળી શકે નહિં.

તાત્પર્ય

**''કલેશાતીતં''**

મૃત્યુનો પણ ક્લેશ નહિં, માત્ર પોતાના નિજસ્વરૂપની અંદર જ. એમ થાય કે મૃત્યુનો ભય ન હોય, મૃત્યુ એમને કશું પણ ન કરી શકે. જય મહારાજ આજ સુધી કેમ નથી રહ્યા? જય મહારાજનાં દર્શન કેમ નથી થતાં? મોટો પ્રશ્ન છે, જીજ્ઞાસા પણ ખરી. મૃત્યુ કોને સ્પર્શે છે? શરીરને? આત્માને તો સ્પર્શતું નથી. પાંચ ભૌતિકતા તો પોતપોતાના સ્વરૂપમાં વિલીન થવા માટે જ સર્જાયેલી છે, અને પાંચ ભૌતિકતાના શરીરની અંદર આ જે પોતાનો આત્મા છે એ પરમાત્મામાં વિલીન થવા માટે જ એનું અસ્તિત્વ છે, એટલે જયારે પણ દેહ વિલય પામે ત્યારે આત્મા પરમાત્મામાં ભળી જાય છે. આત્મા તો મરવાનો નથી, આત્માએ

જવાનું પણ નથી. પાંચ ભૌતિકતાની અંદર પૃવી જળ, વાયુ, અગ્નિ અને આકાશ, એ ભેગાં થાય એટલે એના સંમિશ્રણથી એક આકાર એક શરીર બન્યું. વિજ્ઞાન એમ કહે છે કે કોઇપણ તત્ત્વ નાશ પામતું નથી, પણ પરિવર્તન આવતું હોય છે. એટલે શરીરના અંદરના પાંચ ભૌતિક જે છે, પાણી છે, માટી છે, એ બધુ જ, જયારે શરીર વિલય પામે છે ત્યારે પોતપોતાનામાં પાછાં જતાં રહે છે. મૃત્યુ કોને આવ્યું? આકારને, અસ્તિત્વને, પણ એ વિલય પામી ગયા પોતપોતાના સ્થાનની અંદર. અવસરમાં કોઇને બોલાવ્યા હોય, તો ત્યાં બધા જ ભેગા થાય, પછી પોતપોતાના ઘરે પાછા જાય, એને અવસર કહેવાય. બધા જ મળે, પછી છૂટા પડીને પોતપોતાના ઘરે પાછા જાય. એટલે કહેવાય કે અવસર પૂરો થયો. એમ આ જીવનના અવસરમાં પણ પાંચેય આવ્યા છે. અવસર ઉજવાઈ રહ્યો છે જીવનનો. પછી એ પાંચેય પોતપોતાના ઘરે પાછા જતા રહે, એટલે અવસર જીવનનો પૂરો થઇ જશે.

ત્યાં આવા જ્ઞાન વડે, આવા સત્સંગ વડે સમજાવવામાં આવે.

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

આ રીતે જ્ઞાન આપીને મૃત્યુનો ભય હંમેશને માટે ટાળી દે, પરિવર્તનશીલ છે, નાશવંત નથી. આ શરીરના બધા જ પદાર્થો, શ્વાસ લઇએ છીએ, ઉચ્છશ્વાસ નીકળે છે. કાઢીને પાછો ઓકિસજન લઇએ છીએ. આપણો ઉચ્છવાસ આપણે વનસ્પતિને આપીએ છીએ, અને વનસ્પતિનો ઉચ્છવાસ આપણે લઇએ છીએ. આદાન પ્રદાન થઇ ગયું. બસ એજ રીતે એનું સ્વરૂપ બદલાય છે. પણ ગુણધર્મ એના એ જ રહે છે, એમ અસ્તિત્વનો નાશ કયારેય થતો નથી, અને એટલા માટે કહ્યું કે,

**જન્મ મરણ કેરો ભય રહે જ નહિં ને**

**''ટટ્ટા ટેક જનમનો ટળે, અંતરજામી ઘટમાં મળે''**

મારા ઉપર મૃત્યુનો ભય તો રહેલો જ છે. ઘરમાં વંદો આવે ઉંદર આવે, ગરોળી આવે તો? ચીસ પાડી ઉઠે, મરી ગઇ. મૃત્યુનો ભય હરપળ સતાવતો હોય છે. સહેજ સહેજ વાતની અંદર આમ ચમકીને છળી ઉઠે, પણ હોય કશું નહિં. ઘરમાં ઉંદર, ગરોળી કે વંદો આવ્યો હોય તો પણ જાણે ઘરમાં વાઘ આવ્યો હોય એવું કરે, ચીસાચીસ દોડાદોડી, એ મૃત્યુનો ભય છે. એવા પણ માણસો હોય સ્વસ્થ, નિર્ભય કે ગમે તેવા વંદા ફરતા હોય, ડરે જ નહિં, રાજસ્થાનમાં એક નોખા ગામ છે, કરણી માતાનું મંદિર છે, એ મંદિરમાં આપણે તો ચાર પાંચ વાર ગયા છીએ ત્યાં એટલા બધા ઉંદરો છે કે, મંદિરમાં પ્રવેશ કરો પછી પગ ઉઠાવવાનો જ નહિં, પગ ઘસડીને જ ચાલવાનું. જો પગ ઉઠાવ્યો તો પગ નીચે ઉંદર આવી જાય. આજ સ્થિતિ છે ભયની, ઘરમાં તો ઉંદરની બીક લાગે પણ એ મંદિરમાં તો પગની ચારેય બાજુ હોય, પણ ડર ના લાગે એ નિર્ભયતા. જેના જીવનમાં નિર્ભયતા હોય એને કશાયની બીક ન લાગે.

**''ઠટ્ઠા ઠેકાણું છે ઠીક, જ્યાં ન મળે બીજાની બીક.**

**નિર્ભય નારાયણનો વાસ, પ્રેમ ધરીને રાખો પાસ.''**

મારી પાસે નિર્ભય નારાયણ છે, પછી મારે કોની બીક રાખવાની તો આમ, અહિં કહ્યું કે

**''કલેશાતીતં મમેશં''**

જેના શરણે ગયા હોઇએ, જેના થઇને રહ્યા હોઇએ, પછી આપણે કલેશ શાનો? કલેશાતીતના અજવાળે બેઠા છીએ.

**''મમેશં''**

મારા છે, હું કલેશાતીતંનો છું, કલેશ મને કયાં સતાવી શકવાનો છે. બસ આ ભાવ બન્યો રહે, જીવનની અંદર નિરાંત, આનંદ, શાંતિ બની રહે. એનું નામ છે.

**''હ્યચલસુખકરં''**

અચલ સુખ આપવાવાળા છે. એ અચલસુખ કેવું હોય? એ કોણ આપશે?

|| જય મહારાજ ||

## પ્રકરણ–૧૯

# મનના મેલ

**યોગીન્દ્રં વિશ્વવન્દ્યં સકલગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્**
**કલેશાતીતં મમેશં હયચલસુખકરં સચ્ચિદાનંદરૂપમ્,**
**શિષ્યાણાં જ્ઞાનંદતં વિગતમલયુતં કિંકરાણાહૃદિસ્થં,**
**વંદેઽહં સિધ્ધિયુકતં પરમપદ વિદં શ્રી ગુરું સંતરામમ્.**

મળ કેટલા હોય છે?

**''વિગતમલયુતં''**

શરીર ઉપર કેટલાય મળ હોય, મેલ હોય, નહાવા ધોવાથી એ મેલ છૂટે. એ બધા મેલ જે છે તે બાહય મેલ છે. જે સાફ કરેથી માણસ સ્વચ્છ અને સુઘડ લાગે. મળના બે પ્રકાર છે, આંતરની મલિનતા અને બાહય મલિનતા. અંતરના મેલ અને બહારના શરીરના દુનિયાના મેલ. એ શરીરના બહારના મેલ સાબુથી ધોઇ શકાય, પણ અંતરના મેલ કેવી રીતે ધોવાય? આ મેલ માટેનો સાબુ કયો? પરમાત્માનું નામ સત્સંગ એ જ અંતરમનને ધોવે છે. મન એવું ચંચળ છે બાળક જેવું કે ગમે તેવું નવડાવી ધોવડાવીને સાફ રાખ્યું હોય, તો પણ રમત રમતમાં પાછું એવું ગંદુ જ થઇ જાય. મન પણ આ દુન્યવી, સાંસારિક રમતોમાં

પડી જાય એટલે તે મેલું થઇને જ આવે. આ સંસારની દુન્યવી અનેક પ્રકારના મેલથી મલિન થઇને આવેલું મન ધોવાય જ નહિં, ધોવાય જ નહિં. હવે પહેરેલાં કપડાં એક અઠવાડિયાના વાસી હોય તો કેવાં લાગે? કેટલાં ગંદાં હોય? એને અડવાનું પણ મન થાય ખરું? જો, મેલાં કપડાંને અડવાનું મન ન થાય, તો આ મેલું મન કેટલું ગંદુ હોય? અને એ મેલા મનને ધોવા માટેની આપણી કેટલી તૈયારી? જનમ જનમના મેલના થરના થર મન ઉપર ચઢેલા હોય, પણ એ જન્મોજન્મનના મનના મેલની મલિનતા દેખાય જ નહિં, બધું જ સરસ લાગે છે, બધું જ શોભે છે. જન્મોજનમના મનના મેલ હોય મનનાં પાપ હોય, કપટ હોય, મનની વૃત્તિઓ હોય, મનના મેલના એટલા બધાં થપેડાં લાગ્યા હોય પણ એને ઉતારવાની ઇચ્છા કોઇને પણ ન થાય. શરીરનાં કપડાંના મેલ તો ધોઇએ છીએ, શરીર અને કપડાં તો સ્વચ્છ લાગે છે. પણ જયારે મનના મેલ ધોવાય ત્યારે પવિત્રતા આવે. **જો અંતઃકરણમાં પવિત્રતા હોય તો વ્યવહારમાં પવિત્રતા આવે અને એ મેલ ધોવાય ત્યારે જ માણસ એક સજજન એક રૂપાળો બને, એનામાં કોઈપણ છળકપટ ન હોય.**

**''વિગતમલયુતં''**

જય મહારાજ તો આ બધી જ જાતના ચલ, વિક્ષેપ અને આવરણ ત્રણેયથી પર છે. મનના મેલ, વ્યવહારના વિક્ષેપ અને પાપકર્મનાં આવરણ, આ ત્રણ આપણા આત્માને ઢાંકે છે. મન, વિક્ષેપ અને આવરણ એનું એવું આવરણ હોય, કે ઘરમાં દિવો સળગતો હોય, અને ઘરમાં જ અંધારું હોય, દિવો ચાલુ હોય અને ઘરમાં અંધારુ હોય. મળ, વિક્ષેપ અને આવરણ મનના મેલ જયાં સુધી ન ધોવાય ત્યાં સુધી ઘરમાં અજવાળું ન થાય. **આ મનના મેલ**

**ભલે માણસને પોતાને બહુ જ સારા લાગતા હોય, એવા મનના મેલા માણસની સાથે વ્યવહાર રાખવો પણ બહુ જ મુશ્કેલ છે, આ તો મનનો મેલો છે, એની સાથે સંબંધ રાખવા નહિં, વ્યવહાર રખાય નહિં, મનુષ્યના અંતઃકરણમાં આવા ઘણા** બધા મેલ પડેલા છે, અસંખ્ય, છળકપટના, વ્યવહારનાં, બોલાચાલીનાં એ આવરણનને કારણે એ મેલને કારણે માણસ પોતે જ મેલો દેખાતો હોય છે. જયારે પણ એની ઓળખાણ અપાય જવા દો ને, આ તો મનનો મેલો છે. આની સાથે સંબંધ રખાય નહિં, વ્યવહાર રખાય નહિં, તો આ મનના મેલને ધોવા કયાં? કયા પાણીથી? કયા ડીટરજન્ટથી? નથી ધોવાતા કશાથી. આપણે જય મહારાજના આશ્રિત છીએ, અને એ જય મહારાજ માટે તો કહ્યું છે કે

**''વિગતમલયુતં''**

બધા જ પ્રકારના પાપના મેલ એમને સ્પર્શે જ નહિં. જય મહારાજ સાક્ષાત પરબ્રહ્મ છે, અને એ નિર્લેપ હોય, એમનામાં સહેજ પણ મેલ કે કચરો હોય જ નહિં, અણિશુધ્ધ જેને કહેવાય, એનું નામ પરબ્રહ્મ. જેમ દિવાને અંધારું સ્પર્શ કરી શકે જ નહિં, દિવો જ્યાં ત્યાં પ્રકાશ જેમ જયાં અગ્નિ છે ત્યાં ધુમાડો હોય જ. એમ જ્યાં દિવો હોય ત્યાં પ્રકાશ હોય જ. અંધારું મળે જ નહિં. આમ જ્યાં જય મહરાજ હોય, અંતઃકરણમાં જય મહારાજને બેસાડયા હોય ત્યાં અંધારું રહે જ નહિં, આપણા પોતાના હૃદયમાં બેસાડેલા હોય, આપણે સ્તુતિ કરતાં તો કહીએ જ છીએ કે

**''પ્રભુ મારા હૃદય કમળ વચ્ચે રહો છો રે''**

**''મારી હૃદય ગુફામાં ઉતર્યા**

**મન-વાણી રૂપે વિસ્તર્યા''**

રહે છે તો ખરા, રહેવા આવે પણ ખરા પણ ઘરમાં

અજવાળુ છે ખરું? ના બાપજી, બે પાંચ દિવસ, બે પાંચ માસ કે બે પાંચ વર્ષનું નહિં, પણ જન્મોજનમનું અંધારું છે. કહ્યુ છે ને,

**''સમજણને અજવાળે ગળ્યા''**

જય મહારાજની સ્તુતિ કરતાં કહ્યું. કોણે? સુરતની બાજુમાં આમરોલી ગામ છે, ત્યાંના ભકતોએ કહ્યું, કે આપની પાસે આવ્યા, તો સમજણના પ્રકાશમાં વિલીન થઇ ગયા. પ્રકાશ અમારામાં આવી ગયો. મનની અંદર સત્સંગ હોય, સત્સંગની પવિત્રતા વડે મન ધોવાતું હોય, તો આપોઆપ અંતઃકરણની અંદર અજવાળાં થાય. જેના શરણે આપણે છીએ, એ જય મહારાજ કેવા છે.

**''વિગતમલયુતં કિકરાણાંહ્રદિસ્થમ્''**

જેનું હૃદય ચોખ્ખું છે, જેના હૃદયમાં અજવાળું છે, સહુ સેવકના હૃદયની અંદર જય મહારાજ આવીને બિરાજે છે.

**''કિકરાણાંહ્રદિસ્થં''**

જે સેવક છે, જે સમર્પિત છે, જે જય મહારાજનો છે, જેને કહેવાય કે ડીવોટીસ થઇને રહ્યો છે, એના અંતઃકરણમાં જય મહારાજ આવીને પધારે, અજવાળું રાખે, અને એ અજવાળું સહુને દેખાય, કે આ તો જય મહારાજના સેવક છે. એના પ્રત્યે સદ્‌ભાવ જાગે. **જેટલો સદ્‌ભાવ આપણી અંદર હશે, જય મહારાજ આપણી સાથે. જેવો દુર્ભાવ અંદર પેઠો કે જય મહારાજ બહાર. હૃદયની અંદર મલિનતા ન જોઇએ. હૃદયમાં કલેશ ન જોઇએ. કોઇ રાગદ્વેષ ન જોઇએ. ઈર્ષા પણ ન જોઇએ. એ બધો કચરો છે અંતઃકરણનો. એ જે કચરો છે અંતઃકરણનો એને વાળીઝૂડીને બહાર નાખી દઇએ. ઘર આખું સુઘડ રાખીએ તો કોઇ મહેમાનને પણ આવવાનું મન થાય. એમ**

**ભગવાન પણ વિચારે કે ચાલને જાઉં.** આપણું શરીર, આપણાં કપડાં મેલાં હોય તો કેટલો કંટાળો આવે? આપણી પોતાની જાતે વિચારો, આપણું ઘર અવ્યવસ્થિત હોય, કચરો ધૂળ પડયાં હોય, ચીજવસ્તુ અસ્તવ્યસ્ત હોય, ચાલતાં ચાલતાં ધૂળનાં પગલાં પડતાં હોય તો એમાં રહેવાની ઇચ્છા થાય ખરી? અને સાફસૂફ હોય, કચરા પોતા કરી દીધાં હોય, વ્યવસ્થિત હોય, હાશ લાવો આરામ કરીએ. બીજાને પણ બેસવા બોલાવીએ. આમ, ઘર, કપડાં, આપણું શરીર મેલું હોય તો જરાપણ ન ગમે, અંતઃકરણમાં આપણે પ્રાર્થના કરીએ કે જય મહારાજ વહેલા પધારજો, અલ્યાભાઇ બોલાવે છે તો ખરો, પણ સાફ તો રાખ,

**''શિષ્યાણાં જ્ઞાન દંતં''**

શિષ્યોને જ્ઞાન આપવાવાળા છે, પોતે તો બિલકુલ અકિંચન છે, બિલકુલ જેને કહેવાય કે મળરહિત, પરિશુધ્ધ પવિત્ર છે, અને એવી રીતે **જય મહારાજ પવિત્ર છે, પરિશુધ્ધ છે એ ભકતો અને સંતોના હૃદયમાં આવીને બેસે છે. જયારે પણ અંતઃકરણ શુધ્ધ થાય, ત્યારે આવિર્ભાવ સમજી જ લેવાનો, અને એવા સમયે જે વાણી નીકળે, જે વિચાર આવે, સમજી લેવાનું કે જય મહારાજ આપણા મુખે બોલાવી રહ્યા છે. સંયમવાળી વાણી, સદ્‌ભાવવાળી વાણી, પ્રેમની વાણી જયારે બોલાતી હોય ત્યારે સમજવાનું કે આપણા મુખ દ્વારા જય મહારાજ જ બોલી રહ્યા છે. આપણાં શાસ્ત્રગ્રંથો તો કહે છે કે** ભગવાન સ્વયં ભલે ન આવતા **હોય, જે ઉચ્ચકોટિના સંતો છે ને એમના મુખેથી ભગવાન સ્વયં બોલતા હોય છે. કેમ કે એમનું અંતઃકરણ શુધ્ધ છે, કોઈપણ વ્યકિતના પ્રત્યે દુર્ભાવ નથી. કપટ નથી, દ્વેષ નથી, એમના અંતઃકરણમાં સર્વને માટે સદ્‌ભાવ અને એ જ જય મહારાજ સ્વયં ભકતના મુખે, એ સજજન ને મુખે બોલે.** ભાગવતમાં ધ્રુવ

ભગવાનની સ્તુતિ કરે છે તે વખતે કહે છે ને ભગવાન આપ મારામાં પધારીને પછી બોલો

**''યો યોન્તઃ પ્રવિષ્ય મમ વાચમિમાં પ્રસુતામ્ઃ''**

આપ જ મારામાં પધારો, અને મારા વડે આપ સ્વયં જ બોલો. મુકુંદભગત પણ બોલી ગયા છે જય મહારાજ પાછળ, મુકુંદભગતે તો જય મહારાજને આત્મસાત કરી લીધા છે, અનુભવનો ઉદ્ગાર કાઢયો છે.

**''તમે રૂપ અરૂપે અનુસર્યા,**

**મારી હૃદયગુફામાં ઉતર્યા.''**

આપ જ મારા હૃદયમાં ઉતરી ચૂકયા છો, પછી શું બોલે છે ધ્રુવની માફક

**''મનવાણી રૂપે વિસ્તર્યા''**

મન દ્વારા જે વિચારાય છે એ વાણી વડે આપ જ બહાર આવી રહ્યા છો. હું બોલતો નથી.

**''યો યોન્તઃ પ્રવિષ્ય''**

અહિં કહ્યું કે

**''કિંકરાણાંહૃદિસ્થં''**

જય મહારાજ સંતો ભકતોના હૃદયમાં બિરાજતા હોય, તો આપણો વ્યવહાર કેવો હોવો જોઇએ એ આપણે સમજવું પડે, વાણી કેવી હોવી જોઇએ. એ આપણે સમજવું પડે. આપણે જય મહારાજના છીએ. જય મહારાજ મારા હૃદયમાં બિરાજેલા છે. મારો વ્યવહાર અને મારી વાણી કેવી હોવી જોઇએ? જય મહારાજ દર્શનીય છે. જય મહારાજ તપસ્વી છે, તેજસ્વી છે. જય મહારાજ

પવિત્ર છે, સાત્ત્વિક છે, આટલા મોટા વિશાળ ભવ્ય પરમાત્મા સ્વરૂપ છે આ રીતે આપણે જય મહારાજના સ્વરૂપમાં રહીએ.

**''વશીએ અશરણશરણ''**

આપણું મન સતત જય મહારાજમાં જ રહે અને જય મહારાજ આપણામાં આવે.

**''મેરે ઉર વશીએ અશરણશરણ''**

આત્મારામ આવીને વશે, જય મહારાજનું ચિંતન. સ્મરણ અંદર રહ્યા જ કરે એટલે આપણી મનોવૃત્તિ જય મહારાજમાં અને જય મહારાજમાં જે સદ્‌ગુણો છે, એમનું સ્વરૂપ આપણામાં રહે ઉપનિષદની ભાષામાં કહીએ તો

**''ઓતશ્ચ પ્રોતશ્ચ''**

ઓતપ્રોત થઇ ગયા, જેમ લક્ષ્મણદાસજી મહારાજ જય મહારાજ સાથે ઓતપ્રોત થઇ ગયા. જય મહારાજે પોતાનું સ્વરૂપ આપી દીધું કે લો, આપણે જય મહારાજને પ્રાર્થના કરીએ દર્શન કરતાં કરતાં.

**''થયા લક્ષ્મણ ઉપર રાજી રે**
**ગુરુ સંતરામ બોલ્યા રીઝી ધન્ય લક્ષ્મણદાસ''**

આપણે લક્ષ્મણદાસજી મહારાજને પ્રાર્થના ન કરી શકીએ? જો જય મહારાજે આપને એમનું સ્વરૂપ આપ્યું તો આપનું લક્ષ્મણદાસ સ્વરૂપ અમને આપોને? કેમ ન મળે? કેટલું બધું મળી જાય. જય મહારાજે બધું જ લક્ષ્મણદાસજી મહારાજને આપી દીધું છે, એ બધુ જ આપણને મળી જાય. પ્રાર્થના કરીએ લક્ષ્મણદાસજી મહારાજને કે આપને જય મહારાજે તેમના સ્વરૂપ બનાવ્યા, તો આપ અમને આપના સ્વરૂપ બનાવો. જય મહારાજે જે તમને

આપ્યું છે તે તમે અમને આપો. ભાવસ્થ થાય તો જય મહારાજ આપણું આંગણું બિલકુલ ચોખ્ખું રાખે. વિચારોથી સંયમથી, સદાચારથી કે શરણે આવ્યો છું ને ભાઇ.

**''તમારે શરણે જે કોઇ આવે છે,**

**તેને પ્રેમ પદારથ લાધે છે**

**તે નિશદિન તમને આરાધે છે.''**

રાતદિવસ તમારું સ્મરણ કર્યા જ કરે છે. જય મહારાજ એવા ઉદાર છે એટલા વિશાળ હૃદયના છે કે આવી રીતે શરણે આવેલાને બધું જ આપવા માટે તૈયાર છે. જો લક્ષ્મણદાસજી મહારાજને પોતાનું સ્વરૂપ આપ્યું, પોતાની શકિત આપી, પોતાનું બધું જ આપી દીધું, મહા સુદ પૂનમને દિવસે સમાધિ લેતી વખતે સૌને સંબોધતાં કહ્યું કે જુઓ હું કયાંય જતો નથી, આ લક્ષ્મણદાસજીમાં હું પોતે જ છું. મેં મારું સ્વરૂપ લક્ષ્મણદાસજીને આપ્યું છે. એ મારા જ સ્વરૂપ છે, આ વચનો કહીને જય મહારાજ સમાધિસ્થ થયા. લક્ષ્મણદાસજી મહારાજ કહેતા હોય

**''તમારો દાસ લક્ષ્મણ જાણી ને**

**આ જુગમાં ઓળખાવો એંધાણીને''**

આપણે પણ કહીએ લક્ષ્મણદાસજી મહારાજને કે મને તમારો દાસ જાણીને આપો,

**''આ જુગમાં ઓળખાવો એંધાણીને''**

કોઇક તો રસ્તો બતાવો?

**''આ સેવક ઉપર મહેર કરીને''**

કૃપા કરીને અમને પણ એવું સાધન બતાવો, અને કહ્યું પણ

ખરું હરિદાસજી મહારાજની માફક.

**''સાધન સદ્ગુરુ નું સાચુ''**

**''કર જોડીને હું જાચુ**

**મન ચરણે મૂકીને જાચું''**

આપ કાંઇક આપો, જેથી મારું કલ્યાણ થાય, અમને રસ્તો મળે.

**''કંઈ મન ઠરવાનું ઠામ નથી.''**

આ સંસારમાં તો કયાંય પણ મન ઠરતું નથી. ગમે તેવા વૈભવો મળે, ગમે એટલી સુવિધા મળે, ગમે એટલા ભોગો મળે, ગમે એટલી સંપત્તિ અને સત્તા મળે. મન માનતું નથી, હવે તો આપ સ્વયં જ એને ઠારો. ડોંગરેજી મહારાજ કહેતા કે પૈસો, સંપત્તિ અને યશ તો બહુ જ આપ્યો ઠાકોરજીએ, પણ હવે જાઇએ છે આપ આમ અંતઃકરણનાથી એક ભાવ ઉઠે, કે મારે બીજું કાંઇપણ નથી જોઇતું, આ સંસારનો કચરો નથી જોઇતો. જેટલો કચરો ભેગો કરીએ એટલો જ એ સાચવવો પડે. ઘરના પરિવાર પણ ભણાવવા પડે, ખવડાવવું પીવડાવવું. માંદા હોય તો ચાકરી, એ બધાની ઉપાધિ તો ખરી જ ને. તો અંતઃકરણની શુધ્ધિ કે હૃદયની અંદર જય મહારાજ પ્રેમથી વગર બોલાવે આવીને બેસવાની એમને પોતાને ઇચ્છા થાય કે ત્યાં જાઉં. કેટલો બધો આનંદ આવે, ઓહો! આજે ઉઠતાંની સાથે જ પહેલી સેકન્ડે જય મહારાજ પધાર્યા, વિચાર સ્વરૂપે દિવસ કેવો જાય? દોરાનો પહેલો છેડો સોંયમાં પરોવી દીધો હોય, પછી આખો દોરો સોય પાછળ જ જાય, એમ સવારમાં ઉઠીને પહેલાં જ આપણું મન સારા વિચારમાં પરોવાઈ જાય, કેવો આનંદ આવે! બસ આખો દિવસ એ

સત્સંગની પાછળને પાછળ જેમ સોયમાં પરોવેલો દોરો, સોયની પાછળ જ જાય, એમ સવારના પહોરમાં ઉઠીને તરત જ પ્રથમ સેકન્ડે જ સાચો વિચાર આવ્યો અને મન એમાં પરોવાઇ ગયું. આખો દિવસ સારો જશે. દોરો સોયમાં પરોવાય તો સાંધે. એક સાંધે, અને બીજું સાધે. કોને સાધે? ઠાકોરજીને જ સાધવાનાને, આમ સત્સંગ વડે મનને ધોવાનું છે. એને સાધવાનું છે. જય મહારાજ જો આપણા હ્રદયને ઘર કરવા માગતા હોય, કાયમને માટે નિવાસ કરવા ઇચ્છતા હોય, પણ આપણે રાખીએ તો ને? ઘડીમાં કહીએ કે બાપજી હવે મનથી આ બાજુ જાઉં છું, બાપજી કહે સારું, હું પણ ચાલ્યો, ઘરે મહેમાન આવ્યા હોય અને તમે કહોને કે હું આવું છું. સાંજ સુધીમાં તો મહેમાન શું કરશે? એ પણ કહેશે કે સારું લો હું પણ ચાલ્યો, કોઇ ઘરમાં બેસી રહે ખરા? જય મહારાજને સાચવવા હોય તો મનને પણ જય મહારાજ પાસે રાખવું પડે મન સોંપીને કહે કે બીજાં બધાં જ કામ પછી કરીશ, આપ અહિંયાં છો, પછી હું બહાર શા માટે જાઉ.

**''કિંકરાણાંહ્રદિસ્થં''**

આમ ભકતોના સંતોના હ્રદયની અંદર જય મહારાજ નિવાસ કરતા હોય છે, પણ એ નિવાસ આપણને સાચવતાં આવડવું જોઇએ. પ્રથમ તો એ નિવાસ તૈયાર કરવો પડે. ઘરમાં મહેમાન આવવાના હોય તો ઘર સજાવીએ છીએ, ગાલીચા પાથરીએ, નવી ચાદરો બિછાવીએ. જય મહારાજ આવવાના હોય તો થોડીક તૈયારી કરવી પડે કે મારા પ્રભુ મારા ભગવાન પધારવાના છે, એના માટે

ઘર ચોખ્ખું જોઇએ. મારા બાપજી આવ્યા છે. આમ અંતઃકરણની શુધ્ધિ જય મહારાજને આપણા હ્રદયમા રહેવાની

સારામાં સારી સ્થિતિ છે.

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

શિષ્યોને આ રીતે જ્ઞાન આપી રહ્યા છે, અને

**''વિગતમલયુતં''**

પોતે તો વિગતમલયુતં છે જ, શિષ્યો ને પણ નિર્મળ બનાવી રહ્યા છે. શિષ્યોના હૃદયની અંદર હંમેશને માટે નિવાસ કરવા માટે પધાર્યા છે.

।। જય મહારાજ ।।

## પ્રકરણ-૨૦

# ગુરુના વેણનો રાખો વિશ્વાસ

**યોગીન્દ્રં વિશ્વવન્દ્યં સકલગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્**
**કલેશાતીતં મમેશં હયચલસુખકરં સચ્ચિદાનંદરૂપમ્,**
**શિષ્યાણાં જ્ઞાનંદતં વિગતમલયુતં કિંકરાણાહ્લદિસ્થં,**
**વંદેડહં સિધ્ધિયુકતં પરમપદ વિદં શ્રી ગુરું સંતરામમ્.**

પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપ યોગીરાજ અવધૂત જે સૃષ્ટિનું પરમ તત્ત્વ છે એ પરમતત્ત્વ આજે આપણી સૌની વચ્ચે આવીને બિરાજે છે. પરમાત્મા સ્વયં સૌની વચ્ચે આવીને બેસે એને વેદો અને ઉપનિષદોની અંદર ઋષિઓ ટાંકે છે કે આવડો મોટો ભગવાન એ બધાની વચ્ચે બેસી રહે. બહુ જ મોટો માણસ સામાન્ય માણસોના ટોળાની વચ્ચે આવીને બેસી જાય, સહજ ભાવથી તો લોકો શું અનુભવે? ધન્યતા અનુભવે. ઓહો! આટલા મોટા માણસ અમારી વચ્ચે એમ વેદના ઋષિઓ ટાંકે કે

**''સ જગત્પિતા અવરાન્ આવિવેશ''**

સમગ્ર સૃષ્ટિનો બાપ

બધાયની વચ્ચે સાદાઇથી સામાન્ય માણસની જેમ બેસી જાય, બધાયને એમ થાય કે ઓહો આવડા મોટા ભગવાન અમારી

સાથે, અમે ભગવાનની સાથે.

એજ પરમાત્મા બ્રહ્મસ્વરૂપ વેદના ઋષિની કુટિરની માફક આપણા સૌની પાસે આવીને બિરાજયા છે. આપણું સદ્ભાગ્ય છે કે આવી પરમતત્ત્વની વિભૂતિ આપણા જીવનને પ્રાપ્ત થઇ છે, આપણું અહોભાગ્ય, આપણાં પૂર્વનાં પુણ્ય છે.

**''પુરવજન્મના પુણ્યે રે પૂરા સદ્ગુરુદેવ મળ્યા,**

**મારુ આપ ઓળખાવ્યું રે ત્રિવિધના તાપ ટળ્યા.''**

કેવા સમર્થ અને કેવી રીતે મળ્યા

પાછલા બધા જ જન્મોનાં પુણ્ય ભેગાં થયાં હશે ત્યારે જય મહારાજ આપણા જીવનને સાંપડયા છે એટલે? ખાલી બેસાડી રાખ્યા જ નથી.

''**શિષ્યાણાં જ્ઞાનદંતં**'' - શિષ્યોને જ્ઞાન આપ્યું

''**મારુ આપ ઓળખાવ્યુ રે**'' હું કોણ છું?

''**સોહંગ બ્રહ્મ કહ્યો**''

જો આ તારું સ્વરૂપ, તે મારા જેવું જ છે. મારો અંશ જ છે તું, એટેલે સુધી નજીકમાં નજીક લાવી દે પરમાત્મા સ્વયં આત્માને. એ સંપૂર્ણ ક્ષમતા છે, લાયકાત છે મારા નજીકમાં બેસવાની. ફકત નજીકમાં બેસવાની જ નહિં, પણ

''**સ્વાત્મનિષ્ઠમ્**''

સ્વરૂપની અંદર વિલીન થઇ જવાની જે સ્થિતિ જે શકિત મારી છે, એટલી જ તારી છે, સામે ચાલીને આવકારે કે તું આવ.

**''ભવદુઃખ કેરા ભય મટીને  નિર્ભય પદ તો થાશે રે**

**સંતરામજી સાચા સ્વામી  જે કોઈ શરણે જાશે.''**

જે કોઇ જાય તેને જય મહારાજ તો કહે છે કે

**"આવો અધિકારી અલખ પુરુષની હાટે હુંડી માગે;**

**જેનાં દર્શન થકી ત્રિવિધ તાપ પલકમાં પાછા ભાગે"**

કેવી મોટી વિભૂતિ છે?

ત્રિવિધ તાપ કયા?

**'દૈહિક દૈવિક ભૌતિક તાપા'**

એ રામરાજયમાં કોઇને દુઃખ ન હતું, સુખે રહેતાં હતાં બધાં, કોઇ દુઃખી ન હતું. એમ જય મહારાજને શરણે, જય મહારાજને આંગણે એ ત્રિવિધ તાપ શું કરી શકવાના હતા? આધિ, વ્યાધિ ને ઉપાધિ.

ભૌતિક જગતના તાપ ઓછા હોય? માણસને જીવવા ન દે, અને શરીરના તાપ એથી વિશેષ દુઃખી કરે, અને એમાં પણ મન ઉછાળા મૂકે.

**"મન ઠરે તો માણેકઠારી મન ઉછાળા મૂકે"**

એ આપણું માનસિક તોફાન, એને દૈહિક કહેવાય. એ આપણને મારે, જીવવા પણ ન દે મનનાં તોફાન. જય મહારાજ માટે તો કહેવાય છે કે

**"ત્રિવિધ તાપ પલકમાં પાછા ભાગે"**

પલક એટલે કેટલો સમય? આંખ મીચકારી અને ખૂલી જાય એ પલક. એટલી જ વારમાં આપણા જીવનના ત્રણેય તાપોને નસાડી મૂકે જય મહારાજ. આવું સામર્થ્ય જેની પાસે હોય, જેના સાનિધ્યમાં આપણે નિરાંતે રહીએ કે હાશ, આ છાંયડો કેટલો મજાનો છે? ઉનાળાના બળબળતા તાપમાં ચાલતા નીકળ્યા

હોઇએ, માથું તપી ગયું હોય, દૂર સુધી કયાંય છાંયડો ન દેખાતો હોય, સરસ મજાનું વડનું વૃક્ષ હોય, ઘટાદાર, ઓહ ચાલો, બહુ જ મજાનું વૃક્ષ છે. હાશ તપી ગયા હતા તાપથી, કેટલી ટાઢક છે અહિં! અને વધારામાં વડની છાયામાં કોઇ પાણીની પરબ ખોલીને બેઠું હોય, તો આ ઠંડુ પાણી પીવો, કેવી શાંતિ મળે? છાંયડો અને પાણી સંસારના તાપમાં તપેલો માણસ હોય, અને આવા વડલા જેવા ઘેઘૂર મહાપુરુષ આપણને બોલાવતા હોય કે આવોને મારા છાંયડે, જય મહારાજ જ બેઠેલા છે. લો, આ જરા ટાઢું પાણી પીવો, ટાઢું પાણી એટલે? આ બે શબ્દો સાંભળી લો સત્સંગના. બે શબ્દો એટલે ઠંડુ પાણી. હાશ બાપજી તમે તો બહુ જ ટાઢક કરી દીધી. જય મહારાજે કેટલી બધી ટાઢક કરી આપી? મન તો અકળાઇ ગયું હતું. ભૂખથી, તાપથી, તરસથી, જય મહારાજે.

**''જેમ તરસ્યાને પાણી આપે''**

પણ આ તો સત્સંગનું જળ આવ્યું

**''મેલુ રે, મન સત્સંગે ધોજો રે''**

સત્સંગનું જળ ટાઢું કરીને આપ્યું, પીવો, બોલાવીને પીવડાવે, આવા છે જય મહારાજ.

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

કેટલું મજાનું શિતળતાવાળું જળ આપે, મન શાંત થાય, શરીર પણ ઠંડુ થાય.

**''ઔરન કો શિતલ કરે આપ ભી શિતલ હોય''**

એવા શબ્દો બોલાય, કે સાંભળનાર ને ટાઢક થાય, કેટલા સરસ શબ્દો છે, જીવનમાં કામ લાગે એવા છે. ઘરમાંથી જેમ મજાનું લંચબોકસ ભરીને આપે, એમ માબાપ તરીકે જય મહારાજે

સરસ શબ્દોનું ભાથું ભરી આપ્યું છે લો લઇ જાવ, કામમાં લાગશે, તરસ લાગશે તો પણ કામ લાગશે, અને ભૂખ લાગશે તો પણ ચાલશે, આવી સરસ મજાની શિતળતા અને આવી ટાઢળકતા શરીરને ટાઢક આપે, મનને ટાઢક આપે, જય મહારાજનું આ સ્વરૂપ છે.

**''પરોપકારાય સદૈવ''**

આવી વિભૂતિઓ પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપ જય મહારાજ સ્વરૂપે સહુનું કલ્યાણ કરવા માટે જ આવેલા છે. જે પણ કોઇ આવ્યું એનું કલ્યાણ કરે, સત્‌માર્ગ આપે, સન્માર્ગ આપે, સદ્‌વિચાર આપે, અને છેલ્લે છેલ્લે સદ્‌ગતિ પણ આપે. આવા ઉદાર, એક માગો તો બધું જ ખોલી આપે. જરૂરિયાતવાળો જે જોઇતું હોય તે બધું જ લઇ જાય.

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

કેવા નિર્મળ મનથી, મનમાં કોઇપણ જાતની સહેજપણ વિચલિતતા નહિં. મનમાં કોઇપણ પ્રકારની આશા, ઉપેક્ષા, નિરાશા, અપેક્ષા કશું પણ નહિં. નિર્મળભાવથી ભગવાન કહે છે.

**''નિર્મલ મન જન સૌ મોહિ પાવા મોહિં કપટ છલ છિદ્ર ન ભાવા''**

આમ જય મહારાજ પણ જે કોઇ નિસ્વાર્થ છે, અકિંચન છે, નિષ્પાપ છે, બિલકુલ ભોળો, એને બોલાવે કે આવ, અને એને બોલાવીને આપે શું? જ્ઞાન. જ્ઞાન કયું આપશે? શાળામાં ભણાવનારું આ રોટલીય જ્ઞાન નહિં. ચાલો સારી ડીગ્રી મેળવીશું. બહું મોટો પગાર મળશે, હા જરૂર છે, મળે કે મેળવો, બરાબર છે, પણ જીવનનું લક્ષ્ય એકમાત્ર પૈસો જ નથી. તે બધી જ એકત્રિત

કરેલી સંપત્તિને કરશો શું? વાપરતાં જ નહિં આવડે? એ બધું જ હોવા છતાં પણ સુખેથી જીવતાં નહિં આવડે. એટલો બધો પૈસો હોય કે જીરવતાં નહિં આવડે, એમાંથી અહંકાર આવે, દુરાચાર આવે, વ્યસન આવે, આવી અનેક બદીઓ જીવનમાં આવી જાય, પછી જીવનને ખોખલું કરી નાખે, ખતમ કરી નાખે, એ બધી જ સંપત્તિને, વૈભવને સાચવવો હોય, તો એની સાથે સાચી સમજ જોઇશે, સાચું જ્ઞાન જોઇશે, અને એ જ્ઞાન આપી શકશે, સાચી સમજ આપી શકશે અને એ જે પણ કાંઇ આપશે, એ મેલું નહિં હોય, નિર્મળ હશે.

**''નિર્મલ મન જન સો મોહિ પાવા''**

**આપણા ઘરની અંદર જો આપણો પૈસો નિર્મળ ન હોય, તો મન ચોખ્ખુ ન રહેવા દે. મન ધનની આવવાની કઇ રીત છે એ પ્રમાણે થઇ જશે.** એક ભાઇ આવ્યા હતા, કહે છે કે મહારાજ હું પોલીસમાં નોકરી કરતો હતો, નિવૃત્ત થયો છું, પણ મેં જોયું છે કે આ બધા જે પોલીસ અધિકારીઓ નિવૃત્ત થાય તે જલ્દી મરી જતા હોય છે, એટલું બધુ ટેન્શન હોય કે જીવે જ નહિં, કેમ કે રોજ એમને સાહેબ કોણ કહે, સલામ કોણ ભરે, એમને રૂપિયા કોણ આપે, અડધા તો એમાં જ મરી જતા હોય છે. જીવવું બહું જ મુશ્કેલ હોય છે. એ જે નિવૃત્ત પોલીસ હતા. પીએસઆઇનો હોદ્દો હતો, એમણે વાત કરી હતી આ કહે કે મહારાજ આશીર્વાદ આપો કે સારાં કામ કરું અને સારું જીવું. **પ્રાપ્ત થયેલો જે પણ કાંઇ પૈસો કે સંપત્તિ છે, એને પચાવવો, જીરવવો બહુ જ અઘરો છે. એના માટે સાચી સમજણની આવશ્યકતા છે. સાચી સમજણ ન હોય તો બાપે કમાયેલો પૈસો છોકરાઓ વેડફી મારે, મારા બાપામાં તો અકકલ ન હતી, લાવને આટલા બધા પૈસા છે તો શેરબજારમાં રોકુ,** પછી ચોખ્ખો થઇને

આવે, બિલકુલ ચોખ્ખો થઇને આવે, કેમ? સૂજ ન હતી, સમજણ ન હતી, બાપાએ જે શીખ્યું હતું તેનું જ્ઞાન ના લીધું. એ જે જ્ઞાન છે, એ સમજણ છે, એ નિર્ણયશકિત છે, એ હોવી જોઇએ, ચોખ્ખી હોવી જોઇએ, કે આપણે પોતે આપણી જાતને સંભાળી શકીએ સમજણપૂર્વક. સમજણ વગરનું આવી પડયું હોય ને, પછી એને ઊંચું મૂકી દેતાં વાર ન લાગે. જ્ઞાનની આવશ્યકતા છે? તો જય મહારાજ જ્ઞાન આપે છે. અને જ્ઞાનની પાછળ

**''વિગતમલયુતં''**

ખોટી બુદ્ધિ કાઢી નાખે છે, ખોટા વિચારો, ખોટી બુદ્ધિ, ખોટો માર્ગ, દુરાચાર આ બધું જ કઢાવે, અને પછી જ્ઞાન આપે. લે લઇ જા. એ જ્ઞાન પચે. જેમ જ્ઞાન નથી પચતું એમ પૈસો પણ નથી પચતો. **વધારે પૈસો આવતાં માણસને છીછરો થઇ જતાં વાર નથી લાગતી. બહુ જ જલ્દી છીછરા થઇ જાય છે.** ખૂબ પાથરે એટલે દેખાય કે ઓહો બહુ જ છે, પણ જો ઉંડાણ હોય તો અંદર ઘણુંબધું હોય, પણ બહાર તો થોકુંક જ દેખાતું હોય. ખબર પણ ન પડવા દે. આમ, જેનામાં શાંતતા છે, ઉંડાણ છે, વિચારોનું, વ્યવહારોનું, સાચી સમજણનું એ જ સારી રીતે જીવી શકે છે. અને એ કયાંથી મળે? એ જય મહારાજ આપશે.

**''શિષ્યાણાં જ્ઞાનદંત''**

**જીવન જીવવાની સાચી શીખ, સાચો માર્ગ, સાચું દર્શને જય મહારાજ અંતઃકરણમાં બેસી ને આપશે.**

**''કિંકરાણાંહ્રદિસ્થં''**

જો જય મહારાજને શ્રદ્ધાપૂર્વક ભકિતપૂર્વક, આપણા હ્રદયમાં બેસાડયા હશે, તો જય મહારાજ આપણને સાચવી લેશે.

ખોટા માર્ગે પગ મૂકાય તો તરત જ ટોકશે, એલા પાછો આવ, એ માર્ગે નથી જવાનું, એ સાચુ નથી, આ સારું નથી એમ નહિં, આ સાચું નથી, એમ કહી ને પાછો વાળશે.

**''કિંકરાણાંહૃદિસ્થં''**

જે નિષ્ઠાપૂર્વક શ્રધ્ધાપૂર્વક જય મહારાજને સમર્પિત થયો, જય મહારાજને હૃદયમાં રાખ્યા, એને જય મહારાજ સાચવે, પણ પહેલાં તો શ્રધ્ધાપૂર્વક જય મહારાજને આપણામાં બેસાડવા પડે. મનથી સતત જય મહારાજનું સ્મરણ, જય મહારાજનું દર્શન, જય મહારાજની સેવા કરીએ તો મનથી સતત એમની પાસે રહીએ. એમના સ્વરૂપને એમના સદ્‌ગુણોને એમના સદાચારને આપણામાં બેસાડી દઇએ, બોલો ભગવાન અને ભકત એક થઇ ગયાને. એક થતાં આવડવું જોઇએ. મન બીજે કયાંય જાય જ નહિં ને, જય મહારાજમાં જ. જય મહારાજને આપણાંમાં બેસાડી દઇએ, અંતર કયાં રહ્યું?

**''નમોનેદિષ્ઠાય''**

મારા અંતરના રહેલાં મારા મહારાજને હું વંદન કરુ છું, નમુ છુ.

નેદિષ્ઠાય, નજીકમાં નજીક છો આપ. આપણા શરીરમાં નજીકમાં નજીક હોય તો કોણ? ભગવાન આપણો આત્મા એથી નજીક બીજું કોઇપણ નહિં હોય. આપણી રજેરજની વાત આપણામાં બેઠેલો ભગવાન છે એ જાણે છે. ભલે દુનિયાની બીજી કોઇપણ વ્યકિત જાણે કે ન જાણે, પણ આપણું આપણને કહી દે કે તું આ છું. સ્વીકાર કરી લે, તો હૃદય શુધ્ધ થાય અને જેમ ચોખ્ખા ઘરની અંદર રહેવાનું આપણને ગમે, એમ ચોખ્ખા હૃદયમાં

ભગવાનને રહેવું ગમે અને ભગવાન વગર બોલાવે આવી જાય, તો કોઇને પણ વાંધો હોય ખરો? જરા પણ નહિં, બસ આનંદ જ આજે મારા આંગણે ભગવાન પધાર્યા છે.

**''ગુરુના વેણનો રાખો વિશ્વાસ સદ્‌ગુરુજી પધારિયા રે''**

બસ, આપણામાં જય મહારાજ આવી ને બેસી જશે, પણ આપણી શ્રધ્ધા આપણી ભકિત, આપણી નિષ્ઠા એવી દઢ હોય, કે જય મહારાજ મારાથી જુદા છે જ નહિં, મારામાં જ બેઠેલા છે, અને મારું મન મે જય મહારાજને સોંપી દીધું છે, બધું જ મનથી. આપણે પોતે જય મહારાજના અને જય મહારાજ સ્વરૂપથી આપણા.

ઉપનિષદ કહે છે ભગવાન અને ભકત ઓતપ્રોત થઇ ગયા. ખીચડીમાં ઘી ઓતપ્રોત થઇ જાય, કઢી ભળી જાય પછી કેવો સ્વાદ આવે? એમ ભકત અને ભગવાન ઓતપ્રોત થઇ જાય, એક સ્વરૂપ, કશું પણ બાકી ન રહે. એ શકિત, એ પ્રભાવ જેટલો એ મૂર્તિમાં છે, એટલો જ આપણામાં આવી જાય, એટલે કહ્યું કે,

**''કિંકરાણાંહ્રદિસ્થં''**

જય મહારાજ આપ કેવા છો? આપનું સ્વરૂપ કયું છે? આ તો સ્તુતિ છે, સ્તુતિના શબ્દોમાં જય મહારાજ માટે સંબોધન છે. એ સ્તુતિના એક એક શબ્દ એ જય મહારાજનો ભગવાનનો એક એક સદ્‌ગુણ છે, અને ભગવાનનું નામ એક એક સદ્‌ગુણ છે, અહિં કહ્યું કે,

**''જ્ઞાનદંતમ્''**

આપ તો જ્ઞાન આપવાવાળા છો, એટલે કહ્યુ કે

**'કેવલમ્ જ્ઞાનમૂર્તિમ્'**

આપ અમારી પાસે જ છો, જયારે સાચી સમજણ આવે, સારો સંયમ આપણામાં કેળવાય, સદાચાર આવે ત્યારે સમજવાનું કે જય મહારાજ આપણામાં આવીને બિરાજયા છે. જય મહારાજનો આવિર્ભાવ આપણામાં થઇ રહ્યો છે. આપણને શાંતિ લાગે, આનંદ આવે કે હાશ ખૂબ જ આનંદ આવ્યો, કેમ? કહ્યુ છે ને કે,

જય મહારાજ દરેકના હૃદયમાં આવી ને બેસી જાય.

**''ચૈતન્યં શિષ્યમધ્યે''**

એ રીતે કહીને સ્વયં આપણને સહુને કહે છે કે આવો, જુઓ મારા સ્વરૂપને. હું સહુમાં છું, જાગ્રત કરવાનું કામ તમારું છે તમારામાં તો છું જ. પણ તમે એને ખૂલ્લું કરો, કાઢો બહાર પણ આપણામાં એવા કેટલા મળે? વિક્ષેપ અને આવરણ ઢાંકેલા હોય, અંદર પાપ, કેટલા પ્રકારના રાગદ્વેષ હોય, એના વડે પરમાત્મા, ભગવાન, જય મહારાજ ઢંકાઇ ગયા હોય આપણાથી જ દેખાતા નથી. એમાં વાંક કોનો? આસકિત હોય, વિકૃત્તિઓ હોય, દુરાચાર હોય, આ બધાંયના હૃદયમાં થરના થર બાઝયા હોય, સાચું સોનું, સાચી ચાંદી હોય તેને ઉપર થર ચઢી ગયા હોય તો ખબર પણ ન પડે કે આ સોનું કે ચાંદી છે. અહિંયાં આગળ લગભગ ૪૦-૪૫ વર્ષ ગયા, એક જૂની મજુસ વેચવા કાઢી, જેણે વેચાતી લીધી એને બે ચાર મહિના પછી સાફસૂફ કરવા કાઢી તો પથરા જેવા ઉપર ડામર ચોપડી દીધો હોય, એવા ચાર પાંચ પથરા નીકળ્યા ફેંકવા જતો હતો, વજન વધું હતું. વિચાર્યું કે લાવને સાફ કરું. કેરોસીનથી સાફ કર્યું. તો નિકળ્યુ સોનું. આ સાચી વાત છે, નડીયાદમાં છીપાવાડમાં. માણસ પોતે જ પોતાના હૃદય ઉપર આટલા બધા વિકૃત્તિઓના ડામરનાં પડ ચઢાવી દીધાં હોય, તો ભગવાનરૂપી

સોનું કયાંથી દેખાય? જય મહારાજ તો છે જ, આપણે આવરણો ખોલતા જઇશું, સાફસૂફ કરતા જઇશું, ખૂણેથી દેખાય તો પણ, પછી આખા હાથમાં આવી જાય. એક ખૂણેથી સહેજ ખબર પડે કે આ તો પથ્થર નથી, કાંઇક સારી વસ્તુ છે, પછી તો બધાં જ આવરણ કાઢીને સંપૂર્ણ દર્શન થઇ જાય, આસકિતઓનાં, વિકૃત્તિઓનાં, વાસનાનાં જય મહારાજ તો આપણામાં આવીને બેઠા જ છે, આપણે જ જોયા નહિ. ઓળખ્યા જ નહિ, દરકાર પણ ન કરી, અને આવાં સાવ હિન અધમ કામ કર્યાં, એમ કહીને હૈયુ ચોખ્ખું કરીએ, પછી જ જય મહારાજ આવીને આપણામાં નિરાંતે વસે.

**''કિંકરાણાંહૃદિસ્થં શિષ્યાણાં જ્ઞાનદંતં''**

આપ તો શિષ્યોને જ્ઞાન આપો છો, જય મહારાજ હૃદયમાં બિરાજે અને હૃદયનું આંગણું બિલકુલ ચોખ્ખું રાખે.

।। જય મહારાજ ।।

## પ્રકરણ-૨૧

# સંતરામ સુખદાઈ

**યોગીન્દ્રં વિશ્વવન્દ્યં સકલગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્**
**કલેશાતીતં મમેશં હયચલસુખકરં સચ્ચિદાનંદરૂપમ્,**
**શિષ્યાણાં જ્ઞાનંદતં વિગતમલયુતં કિંકરાણાહ્લદિસ્થં,**
**વંદેઽહં સિધ્ધિયુકતં પરમપદ વિદં શ્રી ગુરું સંતરામમ્.**

પરબ્રહ્મ પરમાત્મા અવધૂત આપણા આરાધ્ય છે, આપણા ઇષ્ટદેવ છે.

**''પરમતત્ત્વ કિં મ્ અહમ્ ન જાનામી''**

પરમતત્ત્વ શું છે એ હું જાણતો નથી, જય મહારાજ જે આ સૃષ્ટિનું પરમતત્ત્વ છે એ પરમસૃષ્ટિની પ્રાપ્તિ કરવા માટે જય મહારાજને શરણે આવ્યા છીએ. જય મહારાજ ઇષ્ટદેવ છે. જે આપણા ઇષ્ટદેવ હોય એમાં સર્વસ્વને જોતાં શીખીએ. સમસ્ત સૃષ્ટિનાં દર્શન આપણા ઇષ્ટદેવમાં જ થાય, અને એ જ સર્વવ્યાપક છે, સર્વત્ર છે અને સર્વમાં છે. એમનાથી અન્ય બીજું કોઇપણ છે જ નહિં, એવી દૃઢ ભકિત હોવી જોઇએ. **કોઈપણ મંદિરમાં કે તીર્થમાં જઈએ દર્શન કરતાં પોતાના ઇષ્ટદેવ જય મહારાજના સ્વરૂપનાં દર્શન થાય એ વિગ્રહની અંદર જય મહારાજ બિરાજેલાનાં** દર્શન થાય, દૃઢ

ભાવ હોય.

**''એક ભરોસો એક બલ એક આસ વિશ્વાસ''**

બસ એક જ ભરોસો. તુલસીદાસજીને ભગવાન રામની અંદર એટલી ભકિત હતી, એટલો દૃઢ વિશ્વાસ, એટલી નિષ્ઠા હતી, એકવાર તુલસીદાસજી તીર્થ કરતા કરતા શ્રીનાથજી ગયા. દર્શન કરવા માટે ઉભા રહ્યા, ઉભા રહ્યા અને ભગવાન રામની સ્તુતિ કરતા હતા. શ્રી નાથજીનાં દર્શન કરતાં કરતાં, પૂજારીએ એમને ધક્કો માર્યો. તુલસીજી હવે હઠે ચઢયા, કે પ્રભુ તમે તો અહિં હાથમાં બાસુંરી લીધી છે.

**''કયા કહુ છબી આપકી ભલે બિરાજો નાથ.''**

છબી કે શ્રૃંગાર બહુત હી સુંદર હૈ, દર્શન ભી હો રહે હૈ. પણ જયાં સુધી આપ ધનુષબાણ હાથમાં નહિં લો, ત્યાં સુધી હું આપને પગે નહિં લાગુ. તુલસીદાસજી ઠાકોરજીની સામે હઠે ચઢયા.

**''તુલસી મસ્તક તબ નમે**
**જબ ધનુષબાણ લીયો હાથ.''**

તમે મારા ઇષ્ટદેવ છો, આ વિગ્રહની અંદર પણ આપ જ છો. આખરે ઠાકોરજીને ધનુષબાણ હાથમાં લેવાં પડયાં. ત્યાર પછી જ તુલસીદાસજીએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. આ જોયા પછી તો ત્યાંના બધા જ પૂજારીઓ, આચાર્યો, મુખીયાઓ બધાં જ તુલસીજીને નમી પડયા, અને ત્યાંથી પ્રસાદિ માળા બધું જ આપ્યું.

**''દૃઢ ભરોસો ઈન ચરન કો''**

એ ચરણમાં દૃઢ ભરોસો હોવો જોઇએ બદ્રિનાથજીનાં

દર્શન કરતાં દંડવત્ પ્રણામ કરીએ, કે અહિં પણ મહારાજશ્રીનું જ સ્વરૂપ છે, પદમાસનની અંદર બેસીને તપ કરી રહ્યા છે, નરનારાયણ મહારાજ જય મહારાજ છે. **લક્ષ્મણદાસજી મહારાજમાં પણ સંતરામ મહારાજ જ બિરાજેલા છે. રામેશ્વરમાં જઇએ તો પણ જય મહારાજનાં જ દર્શન થાય. ઓહો! અહિં પણ આપ જ બિરાજો છો. આપ જ તપ કરી રહ્યા છો. આ ભાવ હોવો જોઇએ. જયાં પણ દર્શન કરીએ. ત્યાં આ ભાવ અખંડ બની રહેવો જોઇએ. પોતાના ઈષ્ટદેવને સર્વત્ર સર્વવ્યાપક સમજવા.**

**‘‘એકં નિત્યં વિમલમચલમ્ સર્વધિ સાક્ષીભૂતમ્’’**

એ જ હોય.

**‘‘પૂરણબ્રહ્મ ચરાચર વ્યાપક’’**

મારા જય મહારાજ બધે જ છે. જડચેતન બધામાં.

**‘‘ઘટ ઘટ વ્યાપી છો, ગુરુ મહારાજ’’**

બધામાં આપ જ બેઠેલા છો.

**‘‘સંતરામ પ્રકાશા સબઘટવાસા’’**

જય મહારાજ, દરેકમાં આપ જ છો. બીજા કોને જોવા જઉં? બીજા કોને શોધવા જઉં. બીજાને કયાં શોધવા? બીજું કોઇપણ દેખાય જ નહિ. હૃદયમાં દઢતા હોવી જોઇએ. તુલસીજી ભગવાન સાથે જો આટલી બધી હઠ કરી શકતા હોય, તો આપણને પણ કશો વાંધો નથી. **કોઈપણ મંદિરમાં દર્શન કરતા હોઇએ, સ્વરૂપ ગમે તે હોય, દર્શન તો જય મહારાજનાં જ થવાં જોઇએ,** આટલી દઢતા અને એના માટે સ્વાત્મનિષ્ઠા, પોતાની નિષ્ઠા દઢ હોવી જોઇએ. મહારાજશ્રી પ્રત્યે, મા’રાજ બીજા કોઇના પણ નહિં, દરેકને એમ થાય કે બસ મહારાજ તો મા’રાજ. આ

ભાવ દૃઢ બનતો રહેશે, કે આપણને આનંદ આવે, એનાથી જ આપણને સુખ મળ્યા કરે કે ઓહો બધે જ જય મહારાજનું જ સ્વરૂપ છે? ગીતામાં પણ ભગવાને કહ્યું છે કે

**"સર્વત્ર સમદર્શન"**

બધે જ એક સરખુ દર્શન કરો, વિષ્ણુસ્હસ્ત્રનો પાઠ કરીએ છીએ ને, એમાં પણ છે કે

**"સર્વદેવનમસ્કારઃ"**

એક પોતાના ઈષ્ટદેવ પ્રતિ,

**"કેશવં પ્રતિ ગચ્છતિ"**

દૃઢ ભકિત જ આપણને એકાગ્રતા અંતર્મુખતા નિષ્ઠા અને શાંતિ આપશે. સર્વત્ર વિગ્રહ તો છે જ, બધે જ નમન કરો, પણ દરેક વિગ્રહમાં જય મહારાજશ્રીનું જ સ્વરૂપ છે. જો સર્વવ્યાપક હોય, વિશ્વરૂપ વિગ્રહનાં દર્શન કરવા હોય તો, જય મહારાજમાં બધું જ છે. કહી દીધું ને કે

**"ચરાચર વ્યાપક છો ગુરુ મહારાજ"**

જે ચરાચર વ્યાપક છે એ જ આ વિગ્રહ ધરીને પધાર્યા છે.

**"સોહિ સુભગત તનુધારી"**

**"સંતરામ સુખદાઈ સમર મન સંતરામ સુખદાયી"**

હે મારા મન, તું આ રીતે જય મહારાજને અંતઃકરણમાં દૃઢ કર. જો, પછી કેવો નાતો છે?

**"કિંકરાણાંહૃદિસ્થં"**

બધી રીતે આવીને હૃદયમાં બેસી જશે. વ્યવહારની દૃષ્ટિ નહિં, વાણીથી. જય મહારાજની, જય મહારાજના વિગ્રહની જ

સેવા થયા કરશે, એમનું જ દર્શન થયા કરશે.

**''સંમોહમ્ સર્વ ભૂતેષુ''**

હું કયાંય જુદો નથી. જો આટલું બધું ભગવાન પોતાના શ્રીમુખેથી કહેતા હોય અને જેણે જેણે જય મહારાજને ગાયા અને પ્રાર્થના કરી. એ બધાયે જય મહારાજમાં આ દર્શન કર્યાં.

**''તમે વિશ્વમાં રહ્યા વ્યાપી**

**તમને ઓળખશે કોઇ બડભાગી''**

કોઇ ભાગ્યશાળી જ ઓળખી શકશે. બધાયના ભાગ્યમાં તો હોય નહિં. જય મહારાજને ઓળખવા માટેનાં ભાગ્ય બધાયની પાસે તો કયાંથી લાવવાં? કોઇક જ હોય,

સર્વત્ર આપ જ છો, બીજું કોઇ છે જ નહિં.

**''જયાં જયાં નજર મારી ઠરે''**

આમ ભકિત શ્રદ્ધા દૃઢ થાય. એના વડે આપણી શ્રદ્ધા અને ભકિતની શકિત વધે, એના માટેનો આ માર્ગ છે આપણા પોતામાં હંમેશાં દૃઢ વિશ્વાસ હોવો જોઇએ.

**''દૃઢ ભરોસો ઇન ચરન કો''**

આપના ચરણમાં મને દૃઢ ભરોસો છે, ચરણનો એટલે આપના માર્ગનો. આપ અમને જે માર્ગે લઇ જઇ રહ્યા છો અમને પરમ વિશ્વાસ છે કે આપ અમને સારે માર્ગે જ લઇ જઇ રહ્યા છો, અમારુ ભલું થશે, અમારું કલ્યાણ થશે, આવા સદ્‌ભાવથી જય મહારાજને સદાય આપણી સાથે રાખીએ, સતત સ્મરણથી આપ મારી સાથે જ છો, મારામાં જ છો, **અમે એજ પ્રાર્થના કરીએ કે જય મહારાજ સદાય મારી સાથે રહેજો. કયારેય પણ આપનાથી જુદો ન**

**પડું, ક્યારેય પણ સહેજપણ અલગાવ મારામાં ન આવે.**

**''તલભાર પણ ના થાશો અળગા રે''**

કેટલી બધી ઊંચી ભાવના થઇ ગઇ? તલભાર પણ આઘા ન રહેશો, અંદર ને અંદર જ લાગેલા ને લાગેલા જ રહેજો. જેમ માં પોતાના બાળકને રડતું હોય, દુઃખી હોય તો પોતાની છાતીએ વળગાડી રાખે એમ.

એવી ને એવી રીતે તમારા સંતાન તરીકે તમારી છાતીએ વળગાળેલા જ રાખજો. ક્યારેય પણ આપણી ચિત્તવૃત્તિઓ સહેજ પણ આળગી ન થાય, કોઇપણ પ્રવૃત્તિ કરતા હોઇએ. કોઇપણ કામ કરતા હોઇએ. દરેક વખતે આપણું સ્મરણ જય મહારાજમાં અને જય મહારાજનું સ્વરૂપ આપણામાં, પાણીમાં લીંબુ અને ખાંડ ભેગા કરી દો જોઇએ? ભેગાં થઇ ગયાં, એ ઠંડું થાય એટલે કેવું લાગે? આપણે જય મહારાજમાં અને જય મહારાજ આપણામાં, ઉનાળામાં સરસ મજાના સરબત, ઠંડુ પીએ ઓહ! કેટલું સરસ લાગે છે. કેટલી ટાઢક આપે છે, આમ **ઓતશ્ચપ્રોતશ્ચ.** ઉપનિષદ સુધી લઇ જાય છે. ઓતપ્રોત થાવ,આપણે જય મહારાજમાં ભળી જવાનું, સ્મરણથી, સેવાથી, અને જય મહરાજ સ્વરૂપથી આપણામાં ભળી જાય.

**''કિંકરણાંહૃદિસ્થં''**

બેઠો છું નિરાંતે. નિરાંત એટલે કોઇ ઉપાધિ નહિં, કોઇ કલેશ નહિં, કોઇ દુઃખ નહિં, જય મહારાજ બેઠા છે ને. ઘરનાં તાળાં ઉઘાડાં છો રહ્યાં, કોઇ શું કરી શકવાનું છે? એમ આપણા હૃદયમાં જય મહારાજ આવીને બેસી જાય, પછી? બધાંય દ્વારો ખુલ્લા હોય, તો પણ કોઇ ચોર ન પેસે.

**''કામ ક્રોધ લોભ લૂંટે જયારે ચોર''**

આ બધા ચોર છે ગમે ત્યારે અંદર જય મહારાજ હોય તો કોની દેન છે? જય મહારાજ તો જ્ઞાન સ્વરૂપનો પ્રકાશ છે. અજવાળું હોય, ચોર પેઠો હોય તો તરત હાથમાં આવી જાય, અજવાળું એને અંદર પેસવા જ ન દે, તો એ સતત જાગૃતી મનથી, વિચારથી, વ્યવહારથી આપણે રાખીએ, અને એ જાગૃતીથી જય મહારાજનું સ્મરણ આપણે રાખીએ તો કોઇપણ ન પેસી શકે, અંદર કોઇ પેસી જ ન શકે. ખબર છે કે અંદર જય મહારાજ છે. જવાય જ નહિં, ઉભા રહી જાવ, કેમ? અંદર તો જય મહારાજ બેઠેલા છે. હૃદયની અંદર અંતઃકરણમાં જયાં સુધી જય મહારાજ બેઠેલા હોય ત્યાં સુધી કોઇપણ પ્રકારનું પાપ અંદર પેસી જ ન શકે.

**''કિંકરાણાંહૃદિસ્થં''**

કેવો?

**''વિગતમલયુતં''**

બધું જ સાફ હોય, સહેજ પણ કચરો ન હોય.

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

જ્ઞાન અપાતું હોય અને જય મહારાજ તો કેવા છે? સાક્ષાત્

**''કેવલમ્ જ્ઞાનમૂર્તિમ''**

જય મહારાજ માત્ર જ્ઞાનનું જ સ્વરૂપ છે. જયારે પણ જય મહારાજની સમીપમાં જઇને. જય મહારાજના આશીર્વાદ લેવા જાવ તો ત્યાંથી જ્ઞાન જ મળે. ઘારી મોટી બનાવી હોય, જે બાજુથી ખાવ એ જ માવો, ઘી અને ગળપણ. એ સિવાય બીજું કશું પણ ન મળે. જય મહારાજ જ્ઞાન સ્વરૂપ છે. એમની પાસે જે

રીતે જાવ, સત્સંગથી જાવ, સેવાથી જાવ, દર્શનથી જાવ, નિત્યનિયમથી જાવ, ત્યાં જ્ઞાન જ મળશે. તો જય મહારાજ આવા જ્ઞાન સ્વરૂપ છે, જય મહારાજ કેવલ જ્ઞાનની મૂર્તિ છે. તો,

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

આપવા જ બેઠા છે, શિષ્યોને જ્ઞાન આપી રહ્યા છે, જ્ઞાન આપીને દરેકનું અંતઃકરણ નિર્મળ બનાવી રહ્યા છે.

**''વિગતમલયુતં''**

સહેજપણ કચરો જ ન રહેવા દે. ઘરે આપણે દૂધ લઇએ છીએ. એને ગાળીએ છીએ, દૂધ છે છતાં પણ એને ગાળવાનું. દરેક વસ્તુ ચોખ્ખી જોઇએ. એમ અંતઃકરણ પણ શુધ્ધ જ જોઇએ. જેમ દૂધ જેવી વસ્તુને પણ આપણે ગાળીએ છીએ, તેલ ગાળીએ, ઘી ગાળીએ, મધ ગાળીએ એમ અંતઃકરણને પણ જ્ઞાનથી ગાળી લેવાનું, કે અંદર ખોટા વિચારો અને દુર્વૃત્તિનો કચરો પેસી ન જાય. મધ ગાળીએ તો ઉપર કચરો આવે જ, ઘી ગાળીએ તો ઉપર બગરી તો રહે જ, એમ જ્ઞાનને પણ ગાળી લેવાનું. **જય મહારાજ તો અંતઃકરણને પવિત્ર કરનારા છે. અંતઃકરણમાં જ્ઞાન ભરવાનું છે. જ્ઞાન પવિત્ર છે, તો જ્ઞાન ભરવાનું પાત્ર પણ પવિત્ર હોવું જોઇએ. આ આપણે પહેરેલાં કપડાં સ્વચ્છ જ કહેવાય, પણ પવિત્ર ન કહેવાય.** કાલનાં વાસી કપડાં આજ પહેરો, તો એ સ્વચ્છ હશે, પણ પવિત્ર નહિં હોય, પવિત્ર કયારે કહેવાય? કોઇપણ વસ્ત્રને રોજ સાંજે પાણી પાર ઉતારી દઇ. નીચોવી સુકવી દો, સવારે નહાઇ ધોઇને હાથમાં લઇને પહેરો, ત્યારે એ પવિત્ર કહેવાય. સાબુથી કોઇ વસ્તુ પવિત્ર થાય છે એમ ન માનશો, સાબુથી શુધ્ધ થાય, પવિત્ર ન થાય. પવિત્ર કરવા માટે તો જળ જ જોઇએ. જ્ઞાન ને પણ જળ બનાવો.

**''મન જ્ઞાન જળે ધોજો''**

એટલે જળ, પવિત્ર છે, જળ કયારે પણ અશુધ્ધ ન થાય. ગંગાજીમાં ઘણા બધા નહાતા હોય છે, છતાંપણ બ્રાહ્મણ એમાં નહાઇ, તો એ પવિત્ર. જય મહારાજ જ્ઞાનનું સ્વરૂપ છે. અને જ્ઞાન હંમેશાં પવિત્ર જ ગણાય.

**''નહીં જ્ઞાનેન સદ્દશં પવિત્રં ઈહ વિદ્યતે''**

જ્ઞાન જેવું પવિત્ર આ સૃષ્ટિમાં બીજું કશું પણ નથી. જ્ઞાન માણસને, માણસના હૃદયને, અંતઃકરણને પવિત્ર બનાવે છે. જળ પવિત્ર તો છે જ, પણ મંત્રોચ્ચાર કરીને એને પવિત્ર બનાવવામાં આવે છે.

**''અપવિત્રાણાં પવિત્રં યો''**

એમ કરીને

**''જળે સન્નિધો''**

આ મંત્ર બોલીને પવિત્ર બનાવે છે. એટલે જ્ઞાન વડે બધું જ પવિત્ર થઇ શકે છે. બધી જ વસ્તુને તમે વિધી વડે પવિત્ર કરાવો, પણ મનને વિધી વડે પવિત્ર કરાવી જુઓ તો, નહિં થાય, **મનને તો સમજણપૂર્વક જ્ઞાન વડે જ પવિત્ર કરી શકાય. સાચો સત્સંગ, સાચો સંગ, સારુ વાંચન એ જ જ્ઞાન દ્વારા જ મનને પવિત્ર કરી શકાશે. ગમે તેટલાં તીર્થનાં દર્શન કરીને આવશો તો પણ મન પવિત્ર નહિં રહી શકે. તીર્થોમાં ગમે એટલું નહાઇ આવશો તો પણ મન પવિત્ર નહિં થાય. મન પવિત્ર કરવા માટે તો સત્સંગનું જ્ઞાન જ જરૂરી છે.**

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

જય મહારાજ શિષ્યોને જ્ઞાન આપે છે, પછી કેવા બનાવે

છે ?

**''વિગતમલયુતં''**

પાપ રહિત બનાવે, પાપબુદ્ધિ કાઢી નાખે, કોઇ દિવસ પાપ કરીશું નહિં. જય મહારાજ હૃદયમાં આવીને બેઠા હોય. પછી પાપ કરવાની ઇચ્છા થાય ખરી? સતત સ્મરણ રહે. સતત સાનિધ્ય રહે, પાપ થઇ જ ન શકે, પાપ આપણી નજીક આવી જ ન શકે. **પાપ બુદ્ધિ નજીક આવી જ ન શકે. એટલે જય મહારાજની નજીકમાં જ રહો.**

**જય મહારાજના સાનિધ્યમાં રહેવાનો મોટામાં મોટો ફાયદો એ અંદર બેઠેલા જય મહારાજ પાપ નહિં કરવા દે. ખોટું કામ નહિં કરવા દે, આપણને રોકશે આપણે તો જય મહારાજની સાથે બેસીએ છીએ. સત્સંગ કરીએ છીએ, આપણે તો જય મહારાજના છીએ, આપણાથી આવું ખોટું કામ થાય ખરું?** જય મહારાજ શું કહેશે, ઠપકો સાંભળવો પડશે. હૃદયની અંદરના સ્મરણને કારણે પાપબુદ્ધિથી બચાય, કુકર્મથી બચી જવાય, ખોટા વિચાર પણ નહિં થઇ શકે કે આપણામાં જય મહારાજ બેઠા છે કહ્યું છે ને કે

**''મન મૂક્યું મેં તમ ચરણે''**

આપણે મન આપી દીધું, પછી રહ્યું શું? તમારો કયો વિચાર તમારા મનને કરવા દેશો? જય મહારાજ કહેશે કે તે મન મને આપી દીધું છે, હવે વિચાર કરવા પણ તારે મન વાપરવાનું નહિં.

જો મનની અંદર સંપૂર્ણપણે જય મહારાજ બિરાજ્યા હોય, અને આપણને પોતાને સંતોષ થતો હોય કે હાશ, પણ કયારેક દુર્વૃત્તિ જાગે, પણ પછી તરત જ વિચારે કે આતો જય મહારાજ

બેઠા છે, એ જાય પછી જ જવાય, એ જયાં સુધી બેઠા છે ત્યાં સુધી કશું પણ થઇ શકે એમ નથી. વાત પણ સાચી છે. જય મહારાજને અંતઃકરણમાં બેસાડીએ પછી જય મહરાજ પાપ તો નહિં જ કરવા દે. કહીએ છીએ ને સદાય સાથે રહેજો, અને સાથે રાખજો. આવા જ ભાવથી નિત્ય પ્રાર્થના કરીશું તો જય મહારાજ જરૂરથી આપણને કુબુદ્ધિથી પાપથી બચાવશે, પણ એના માટે સતત આપણે જય મહારાજના સાનિધ્યમાં રહેવું પડે અને એ રીતે એ શરણું આપશે તો

મનમાં બધા જ મેલ કાઢી નાખશે, જય મહારાજનામાં એ શકિત છે કે મનના બધા જ મેલ કાઢી નાખે, ધોઇ નાખે, એકપણ કચરો અંદર ન પેસવો જોઇએ.

જય મહારાજ તો આવીને બેસી ગયા, આસન વાળી દીધું.

**''પ્રભુ મારા રુદિયા કમળ વચ્ચે રહો છો.''**

એટલો ભાવ હોય કે જય મહારાજ મારા અંતઃકરણમાં સતત બિરાજી રહ્યા છે, અને એ ભાવથી જ સ્તુતિ કરતાં કહ્યું કે

**''કિંકરાણાંહ્રદિસ્થં''**

ભકતના મનના બધા જ મેલ કાઢીને નિર્મળ બનાવે. જય મહારાજ તો સ્વયં જ્ઞાનસ્વરૂપ છે. નિર્મળ ભાવ છે. કયાંક વર્ષો જૂનું અંધારું હોય, રોજ રાતનું. રોજ રાતના કોઇક આવીને સરસ મજાનો, દિવો ગોઠવી દે, ગમે એટલા વર્ષોનું રાત્રીનું અંધારુ હોય, એ રહે ખરું? બસ એમ જ આપણા અંતઃકરણમાં પણ જય મહારાજ આવીને બિરાજી જાય, પછી પાપનો અંધકાર સહેજ પણ ન રહે.

**''પાપન્ધકારાર્ક પરંપરાભ્યામ્''**

પાપની પરંપરાને ધોઇ નાખનારો અર્ક, એટલે સૂર્યોદય, એ સૂર્ય આપ છો, સ્મરણમાં જય મહારાજનું સ્વરૂપ હાજર હોય ને, સ્મરણનો સૂર્ય પાપના અંધકારને આપણી નજીક આવવા જ ન દે.

**''શિષ્યાણાં જ્ઞાનદંતં''**

આવું જ્ઞાન આપવાવાળા છે જય મહારાજ. આપણા સહુના અંતઃકરણને સદાય નિર્મળ રાખે. જય મહારાજનું સ્મરણ કરીશું. એમની ઉપાસના કરીશું, એમની સેવા કરીશું, જય મહારાજ સદાય અંતઃકરણમાં રહીને પરમ કલ્યાણ કરી આપણા અંતઃકરણને નિત્ય સ્વચ્છ જ નહિં પણ પવિત્ર રાખશે, આપણા અંતઃકરણનું આંગણું જય મહારાજને પધારવા માટે ખુલ્લું મુકીએ. જય મહારાજ આવીને બિરાજે, એટલે એ પવિત્ર થઇ જાય, એ પવિત્રતામાં આપણે આપણા જીવનને ધન્ય બનાવીએ.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૨૨

# નમો નેદિષ્ઠાય

**યોગીન્દ્રં વિશ્વવન્દ્યં સકલગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્**
**કલેશાતીતં મમેશં હયચલસુખકરં સચ્ચિદાનંદરૂપમ્,**
**શિષ્યાણાં જ્ઞાનંદતં વિગતમલયુતં કિંકરાણાહ્રદિસ્થં,**
**વંદેઽહં સિધ્ધિયુકતં પરમપદ વિદં શ્રી ગુરું સંતરામમ્.**

પરબ્રહ્મ પરમાત્મા સ્વયં જય મહારાજને આ સ્તુતિમાં આપણી એક પરીક્ષા છે, એક પ્રશ્ન છે, કે જય મહારાજને આપણે ''કિંકરાણાંહ્રદિસ્થં''ની વાત કરીને 'વંદેહમ્' કહી દીધું. તો જય મહારાજને પ્રણામ કરવા કયાં જશો? જય મહારાજને પ્રણામ કયાં કરશો? કયાં શોધવા જશો? કેટલે દૂર બેઠા હશે?

**''કિંકરાણાંહ્રદિસ્થં વંદેહં''**

હ્રદયમાં જ બેઠેલા જય મહારાજને હું પ્રણામ કરું છું, કયા તીર્થમાં શોધવા ગયા? કઇ ગાડીમાં બેસવુ પડયું? કયે ગામ જવું પડયું? જવું પડયું જ નહિં.

હ્રદયમાં જ બેઠેલા જય મહારાજને હું પ્રણામ કરું છુ. આપ તો ભકતોના હ્રદયમાં બેઠેલા છો. પછી કહ્યું કે,

**''વંદેહં''**

ત્યાં જ પ્રણામ કરી લઉં, દૂર કયાં જાઉં?

**‘‘તીર્થયુકતં’’**

આવી મોટી શકિત છે, દરેકના હૃદયમાં બેસી જવાની જેની જોડે આવી મોટી ક્ષમતા છે એમને હું પ્રણામ કરું છું.

જો સૌના હૃદયમાં બેઠેલા હોય, તો આપણે પણ આપણા હૃદયમાં શોધીએ, કે લાવ હું પણ મારા પોતામાં શોધું જય મહારાજને

**‘‘ઘટ ઘટ વ્યાપી છો જય મહારાજ’’**

દરેકના અંતઃકરણમાં આપ બિરાજો છો, કહ્યું છે ને કે

**‘‘ચરાચર વ્યાપક’’**

**‘‘ચૈતન્યં શિષ્ય મધ્યે’’**

અને

**‘‘કિંકરાણાંહૃદિસ્થં’’**

સાથે સાથે,

**‘‘પ્રભુ મારા રુદિયા કમળ વચ્ચે રહો છો’’**

આટલી બધી વાતો કરી અને બધાયે એક જ સરનામું આપી દીધું. જે સંતોએ જય મહારાજના ગુણ ગાયા, જય મહારાજની સ્તુતિ કરી, એ સહુએ સરનામું તો એક જ આપ્યું, ફોન નંબર બધાયનો એક જ, આ જ. જુદા જુદા સંતોએ ઉદાહરણો આપ્યાં. પણ બધાયે એક જ અવાજે કહ્યું કે જય મહારાજ કયાં મળશે? જય મહારાજનાં દર્શન કયાં થશે? તો કહ્યું કે હૃદયમાં. બધાય તમે જાતને પૂછો કે હૃદયમાં જય મહારાજનાં દર્શન થયાં છે ખરાં? આપણા પોતામાં જ બેઠા છે, અને છતાય

નથી મળતા કેટલી મોટી ભૂલ કરીએ છીએ આપણે? ઘરમાં સર્વસ્વ હોય, સર્વોપરિ હોય, છતાંય એમના માટે અવગણના અને ઉપેક્ષા. આ છે અજ્ઞાન. આપણા પોતામાં જ જય મહારાજ બિરાજતા હોય અને એ માટે આપણે યાત્રાઓ કરવા નીકળીએ, શોધવા નીકળએ, એ અજ્ઞાન,

**''જોગ જનન જપ તપ વ્રત સર્વે, ગુરુના વચન માહીં''**

આ બધું જ

**''કોટિ તીરથ સદ્ગુરુજીને ચરણે ગુરુ સમાન નહિ કાંઈ''**

તીર્થ આપણું હૃદય, આપણા હૃદયમાં ભગવાન બેઠા હશે, તો તીર્થની અંદર ભગવાનનાં દર્શન થશે. આપણા હૃદયમાં જ જો ભગવાન નહિં બેઠા હોય તો તીર્થમાં જઇને પણ ભગવાન સામે માથું નમાવવાનું મન નહિં થાય. સૌથી પહેલાં તો આપણા હૃદયમાં, આપણા મનમાં ભગવાન બેસવા જોઇએ. હૃદયમાં હશે તો જ એ મૂર્તિમાં દેખાશે. **પહેલું દર્શન આપણા પોતાનામાં થાય તો** જ તીર્થની મૂર્તિમાં ભગવાનનાં દર્શન થાય. જયાં હૃદયમાં ને મનમાં શ્રધ્ધા જ ન હોય, આસ્થા જ ન હોય, પછી માથું કેવી રીતે નમવાનું હતું? બહુ જ ઉઘાડી વાત લઇને નીકળીએ ચાલો, દેવદેવીઓના મંદિરમાં જઇએ તો માથું નમે, પણ સત્ય કહીએ તો ખુલ્લા મનની વાત, કે મસ્જીદમાં ગયા હોઇએ તો માથું નમે ખરું? ના, કેમ ? મન નથી. આપણું મન જયાં છે ત્યાં પરમાત્મા છે એટલે સૌથી પહેલાં તો પરમાત્માને, ભગવાનને હૃદયમાં લાવવા પડે અને હૃદયનાં ભાવથી

**''તુલસીદળ પાંદળી અર્પી પ્રેમે હૃદયના ભાવથી રામ વંદે''**

હૃદયના ભાવ હોય તો જ એ વંદન પહોંચે છેક સુધી.

પુષ્પદંત પણ શિવસ્તુતિની અંદર કહે છે કે ભગવાન, શિવ તરીકે સૌની અંદર, નજીકમાં નજીક બેઠેલો તે હું છું. વંદન કરતાં શું કહ્યું?

**''નમો નેદિષ્ઠાય''**

નજીકમાં નજીક કોઇપણ હોય તે આપણે પોતે, આપણો આત્મા છે. તો સ્તુતિ કરનારે પણ હૃદયનો કેટલો ઊંચો ભાવ રજૂ કર્યો છે, કેટલી ઊંચી ભાવના આપી છે. જય મહારાજનાં દર્શન કયાં થશે, તો પહેલા તો કહ્યું કે,

**''વિગતમલયુતં કિંકરાણાહ્વદિસ્થં''**

જેનાં મળ, આવરણ, વિક્ષેપ ગયા છે એવા હૃદયની અંદર હું રહું છુ. સરનામું આપી દીધુ. પગે લાગવા કયાં જઇશું? દર્શન કરવા કયાં જઇશું?

**''વંદેહં કિંકરાણાંહ્વદિસ્થં''**

ગમે ત્યાં જાવ, પરસ્પર મળે અને જયારે જય મહારાજ બોલે, એટલે સામે મળેલ વ્યકિતના હૃદયમાં જય મહારાજ બેઠેલા છે.

**''કિંકરાણાંહ્વદિસ્થં વંદેહં''**

એમના હૃદયમાં બેઠેલા છે. એટલે જય મહારાજના કહેતાં હોય તો કહેજો. ઠાકોરજી કયાં બેઠેલા છે? હૃદયમાં બેઠેલા છે, એટલે સૌથી પહેલાં હૃદયપૂર્વક ભાવપૂર્વક, કોઇપણ વ્યકિત માટે કટુભાવ રાખ્યા સિવાય, એના હૃદયમાં બેઠેલા જય મહારાજને હું પ્રણામ કરું છું.

**''વિગતમલયુતં કિંકરાણાહ્વદિસ્થં વંદેહં''**

તરત જ સ્વીકાર કરશે. જયાં બેઠા હશો ત્યાંથી જય મહારાજ તરત જ સ્વીકાર કરી લેશે.

**''નમો નેદિષ્ઠાય''**

હું નજીકમાં નજીક બેઠેલો છું અને ત્યાં દર્શન થશે. હ્રદયમાં દર્શન થશે તો જ મૂર્તિમાં દર્શન થશે. આટલું સમજીએ તો આ સ્તુતિના ભાવમાં આટલે ઊંડે સુધી લઇ જાય છે, અને પછી કહ્યું કે,

**''સિદ્ધિયુકતં''**

જે આપણા હ્રદયમાં બેઠા છે એ બધા જ પ્રકારની આ સૃષ્ટિનું જે સર્જન છે એ બધું જ લઇને બેઠા છે. જય મહારાજની સાથે આપણે બેસીએ, અને આપણે જાગ્રત થઇએ તો જય મહારાજના એ ચિદ્સ્વરૂપના દર્શન પરિપૂર્ણ થાય.

**''વંદેહં સિદ્ધિયુકતં''**

ચરણોને વંદન કરવાનાં છે

**''પરમપદવિદં''**

જે પરમપદને જણાવવાળા છે, એવા જય મહારાજના ચરણોમાં હું વંદન કરું છું.

હવે પરમપદ તે કયું?

**''સ્વાત્મનિષ્ઠં''**

જે સ્વયં પોતે આત્મામાં સ્થિર છે. પરબ્રહ્મસ્વરૂપ છે પોતાનામાં જ વિલીન થઇ ગયેલા છે. અને એ સ્વરૂપનાં દર્શન કરીએ એમ થાય કે બસ આપણે આપણા પોતામાં બેઠા છીએ. આપણા પોતામાં જય મહારાજ પોતે બેઠા છે.

**''શ્રીગુરું સંતરામં''**

આપણા સહુનો સંપત્તિ સમાન વૈભવ, શ્રી એટલે લક્ષ્મી, સંપત્તિ, વૈભવ આપણા સૌનો જે વૈભવ, આપણા સૌની જે સંપત્તિ, એ આપણાં જય મહારાજ છે. એ આપણા હૃદયમાં જ બેઠેલા છે. ઊંચામાં ઊંચી અને સારામાં સારી વાત હોય તો હૃદયને ગમે કે ન ગમે? એને હૃદયમાં રાખીએ કે ન રાખીએ? બહુ જ આનંદ આવે છે, અરે વાત જ ન પૂછો, એવી વાતો આપણી પાસે આવે. જય મહારાજનાં દર્શન કરતાં કરતાં હૃદય કમળની જેમ ખીલે, આંખો પણ ખીલે, અને એ દર્શન કરતાં એમ થાય કે ઓહો આવા સ્વાત્મનિષ્ઠ છે જય મહારાજ.

**''ધૈર્યાદિસદ્દગુણયુક્તં શુભશાતંવૃત્તિમ્''**

કેટલો સરસ ભાવ છે એ. જે વૃત્તિઓને પોતાનામાં સમાવી અને શાંત કરી દીધેલી છે.

**''ઉદ્યત્પ્રતાપ''**

જેની ઓજસ્વિતા, દરેકને દર્શન થાય એનો અને આ ઓજસ્વિતાનો આનંદ કેવો હોય? બધાયનાં મન પુલકિત કરે જય મહારાજની ઉચ્ચ દશાનું દર્શન જયારે આપણે કરીએ, સમાધિસ્થાનનું દર્શન કરીએ ત્યારે તો આનંદ થાય જ, આહા... આપણે આપણા ઘરે આવી ગયા, આપણે જય મહારાજના ઘરે આવી ગયા. જય મહારાજનું ઘર એટલું મારું જ ઘર. કહીએ છીએ 'જે મારા જ' મારા જ, બીજા કોઇ ના પણ નહિં. આમ દરેકને એમ થાય કે મહારાજ તો મારા જ. બીજા કોઇના નહિં. જય મહારાજ કેટલું બધું વાત્સલ્ય પીરસતા હશે? દરેકને એમ થાય કે જય મહારાજ મારા જ. નાના નાના બાળકો હોય, દાદા વાર્તા કહેતા

હોય, ગમ્મત કરતા હોય, પછી દાદા પૂછે કે છોકરાઓ બોલો તો દાદા કોના? તો બધા જ છોકરાઓ કહેશે કે દાદા તો **'મારા જ'** લો, ઝઘડો કરી બેસે આ વાત ઉપર, પછી દાદાએ છૂટા પાડવા પડે, કે લડશો નહિં. હું બધાયનો છુ. છોકરાઓ કહેશે કે ના દાદાજી, તમે મારા જ, આમ જે વાત્સલ્ય, પ્રેમનું પીરસણ પીરસે, પ્રેમે જમાડે, એ જ આપણને એ પ્રેમ સામો મળે. દાદાજી મારા હાથનું જ પાણી પીશે એમ કરીને બાળકો જીદે ચઢે. બધાયનો પ્રેમ સમાન છે અહિં કહ્યુ કે

**''કિંકરાણાંહ્રદસ્થં''**

હ્રદયમાં કયારે આવીને બેસે છે? આપણો પ્રેમ હોય, આપણને જય મહારાજનું વાત્સલ્ય મળ્યું હોય, કે આવા જય મહારાજ આપણને કયાં મળવાના છે? આપણને જય મહારાજ તરફથી આટલું વાત્સલ્ય મળે છે, આટલા પ્રેમ મળે છે. દિવસમાં બે-ત્રણ ચાર વાર આવવાની ઇચ્છા થાય કે ચાલો ને જઇએ. નવરા જ બેઠા છીએ, સમય મળે ત્યારે આપણે મોટાભાગે કયાં જઇએ છીએ? જયાં આપણા સંબંધીઓ હોય, બે વાર શું ચાર વાર પણ જવાય. સમય છે, પહોંચી જઇએ સમય છે, કશું પણ કામ નથી, આમ જય મહારાજને ત્યાં પણ વારંવાર જવા માટે ઉમળકો ઉઠે, ઉમંગ આવે કે ચાલો તો આ જ છે.

મનમાં, તનમાં, હ્રદયમાં જય મહારાજ બિરાજલા હોય, પછી કયાં ટીવી આગળ કે બીજે કયાંય સમય બગાડવો? જોતાં જોતાં એક અડપલા જેવું દશ્ય મગજમાં પેસી ગયું તો? આવી જ બને, પતન કરાવી દે, ટીવીમાં તમે ભલે ને સારામાં સારું જોતાં હો પણ એક અટકચાળું દશ્ય આંખથી મનમાં પેસી ગયું. તો માણસનું પતન થઇ જાય. માટે સતત જય મહારાજના ચિંતનમાં જ રહેવું

અને ક્યારેય પણ ટીવી આગળ સમયને કચરો ન બનાવવો. ટીવી **આગળ બેસો એટલે સમય નો કચરો જ સમજી લેવાનો, કચરો કરી રહ્યા છીએ. સમયનો એકલાનો કચરો નહિં, પણ આપણે આપણી જાતનો કચરો કરી રહ્યા છીએ.** આપણા સંસ્કારનો કચરો કરી રહ્યા છીએ. આપણું મન, આપણા વિચાર બધાયનો કચરો કરી રહ્યા છીએ, આપણે જે દર્શન છે, જે સત્સંગ છે, જે નિયમ છે, જે જપ ઉપાસના, અનુષ્ઠાન નવરાત્રીનું એ બધું જ હોય તો જ ભગવાન જય મહારાજ હૃદયમાં આવીને બેસે અને તો જ હૃદય શુધ્ધ થાય, અને શુધ્ધ હૃદયમાં બેઠેલા ઠાકોરજી જય મહારાજ ક્યારેય પણ આપણને કુકર્મે જવા દેશે નહિં, ક્યારેય પણ ડાયવરઝનમાં ઉતરી પડીએ તો પણ પાછા રસ્તા ઉપર. આ રસ્તે જવાય જ નહિં આ માર્ગ ખોટો છે. આમ અહિં કહ્યું કે

**''કિંકરાણાંહૃદસ્થં''**

એટલે આપણે પણ આપણી જાતની અંદર આપણા પોતાના હૃદયની અંદર જય મહારાજને જોવાના, એમનાં દર્શન કરવાનાં, મંદિરમાં, આવીએ, સમાધિસ્થાનનાં દર્શન કરીએ, સંતોનાં દર્શન કરીએ પણ સાથે સાથે આપણા હૃદયમાં પણ દર્શન કરતાં શીખીએ. સવારે ઉઠતાં રાત્રે સૂતાં જે પણ બે પાંચ ક્ષણ મળે, વૃત્તિઓને સ્થિર કરો, એવો ભાવ કરો કે જય મહારાજ મારા હૃદયમાં જ બેઠા છે. એટલે મારું મન ખીલી ઊઠયું છે. હૃદયની એક એક પાંખડી ખીલી ઉઠે, અને જય મહારાજની ઉપસ્થિતિમાં એ શાંતિ, સંયમ અને સદાચાર બધું જ ખીલે, જય મહારાજ આવીને હૃદયમાં બેઠાં છે.

પણ કેવા?

**''વિગતમલયુતં''**

મનમાં કયારેય પણ રાગદ્વેષ ન હોય, ઈર્ષા ન હોય, કોઈપણ વ્યકિત પ્રત્યે ખરાબ વિચાર ન હોય, ત્યારે જ 'વિગતમલયુતં' હૃદય થાય, અને હૃદયમાં જય મહારાજ આવીને બિરાજે. જય મહારાજ જયાં બિરાજવાના હોય એ આંગણું તો ચોખ્ખું રાખવું જ પડે. આપણાં કપડાં કે આપણે પોતે મેલા હોઈએ, તો આખો દિવસ આપણને પોતાને ચેન નથી પડતું આપણું ઘર મેલું હોય તો ત્યાં રહેવાનું મન ન થાય, રહેવાતું હોય આ ગંદવાડામાં? હૃદય મેલું હોય તો ભગવાન કયાંથી આવીને બિરાજે?

**''નિર્મલ મન જન સો મોહિ પાવા''**

નિર્મલ મન હોય તો જ ભગવાનને આપણે પ્રાપ્ત કરી શકીએ, એટલે સ્તુતિમાં શબ્દોનો ઊંચામાં ઊંચો ભાવ છે.

**''કિંકરાણાંહ્રદસ્થં વિગતલયુતં વંદેહં''**

નિર્મલ મન અને હૃદયમાં બેઠેલા જય મહારાજને મારા વંદન. કોઈક દિવસ બેસીને અનુભવ કરી જો જો. જય મહારાજનો આવિર્ભાવ થાય તો બધી જ ઉપાધિઓ એકબાજુ નીકળી જાય. કેમ? દુઃખ હોય, કષ્ટ હોય, પણ આપણામાં જય મહારાજનો આવિર્ભાવ થાય, એટલે બધાં જ દુઃખ, બધી જ ઉપાધિઓ, બધાં જ કષ્ટ ઘરનાં એક ખૂણામાં જઈને ઉભાં રહે, એટલો સમય આપણને શાંતિ મળે, પુષ્પદંતજીએ પણ ગાયુ છે કે,

**''નમો નેદિષ્ઠાય નમઃ''**

મારામાં જે બેઠેલા છે એમને હું પ્રણામ કરી લઉં છું એ જ વાત અહિંયાં કહી છે.

**"વંદેહં"**

વંદન કરું છું, પ્રણામ કરું છું. વંદન પણ હૃદયના ભાવથી થાય. હૃદયનો ભાવ એ પહેલી જરૂરિયાત છે. હૃદય ખાલી ન હોવું જોઇએ. તીર્થમાં જયારે પણ જઇએ, હૃદયમાં જો ભગવાન હશે તો જ તીર્થમાં ભગવાનનાં દર્શન થશે. આવી ઊંચી ભકિત, ઊંચી શ્રધ્ધા જય મહારાજમાં પ્રગટે એટલા માટે તો મહાપુરુષોએ આ સ્તુતિની અંદર આટલો ઊંચામાં ઊંચો ભાવ આપ્યો છે, કોના માટે? આપણા સૌના માટે. જે જે મહાપુરુષોને જય મહારાજની અનુભૂતિ થઇ એ બધું જ આ સ્તોત્રના ભાવોમાં આપણે માટે સ્થાપ્યું છે. રોજ નિત્યનિયમ કરજો. સ્તોત્રના આ ભાવોને ઝીલજો, પછી એ પ્રકારે જય મહારાજનાં દર્શન કરજો. આ સ્તુતિના શબ્દોનો આદેશ છે. રોજ આપણે નિત્યનિયમ કરતા હોઇએ તો આ ભાવ આવવો જોઇએ, કે જય મહારાજ સદાય મારામા બન્યા રહે. **જય મહારાજ સદાય અમને સાથે રાખજો અને સાથે રહેજો,** આટલી પ્રાર્થના સાથે જો દિવસે ઉઠીશું અને રાત્રે સૂઇ જઇશું તો ગમે ત્યાં ગયા હોઇશું, જય મહારાજ આપણી સાથે જ રહેશે. આપણાથી સહેજપણ જુદા નહિં હોય. એકવાર અંબાજીમાં અકસ્માત થયો હતો, એક પથ્થર ગબડતો હતો. મોટો જબરજસ્ત. અહિંના જ એક ભાઇ હતા, પથ્થર કોઇથી હલાવી શકાય એમ ન હતો. કોઇપણ એને હટાવી ન શકે. જય મહારાજ જય મહારાજનું સ્મરણ એ ભાઇએ ચાલું જ રાખ્યું છેક સુધી એ પથ્થર કોઇ હટાવી ન શકયું.

કયારે? ભય હતો ત્યારે. ભય હતો ત્યારે બધું જ છૂટી ગયું અને ત્યારે

**''વિગતમલયુતં''**

એ ભાઇનું મન જય મહારાજને પોકરવામાં બિલકુલ શુધ્ધ થઇ ગયું. ગજેન્દ્ર પોકારે, દ્રૌપદી પોકારે, નરસિંહ મહેતા પોકારે, હૃદયના શુધ્ધ ભાવથી અને એમને અનુભૂતિ થાય. આપણે પણ આપણા હૃદયની અંદર જય મહારાજને પરમાત્મા સ્વરૂપે બિરાજમાન કરીએ, એમનું નિર્મળ હૃદયથી સ્મરણ કરીએ તો જય મહારાજ આપણું પરમ કલ્યાણ કરશે જ.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૨૩

# આત્મ દર્શન

**યોગીન્દ્રં વિશ્વવન્દ્યં સકલગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્**
**કલેશાતીતં મમેશં હયચલસુખકરં સચ્ચિદાનંદરૂપમ્,**
**શિષ્યાણાં જ્ઞાનંદતં વિગતમલયુતં કિંકરાણાહ્લદિસ્થં,**
**વંદેઽહં સિધ્ધિયુકતં પરમપદ વિદં શ્રી ગુરું સંતરામમ્.**

પરમ અવધૂત પરમાત્મા સ્વયં આપણા હૃદયની અંદર બિરાજતા હોય એવા સદ્ગુરુ આપણા સૌનું પરમ કલ્યાણ કરે. સન્માર્ગ આપે, સંમતિ આપે અને આપણુ જીવન નિર્મળ બનાવે. નિર્મળ એટલે કેવું?

**''વિગતમલયુતં''**

જયાં સુધી કલેશ હોય, મનમાં મેલ હોય, ત્યાં સુધી જીવનમાં કોઈપણ વ્યકિત કયારેય પણ સુખ કે શાંતિનો સાચો અનુભવ કરી શકતી નથી. મનનો કલેશ, મનના મેલ, મનનાં પાપ ધોવા માટે તો સત્સંગ છે. સત્સંગથી જ આપણે ઉજળા છીએ, બુદ્ધિ શુધ્ધ થાય, મેલું મન ધોવાય, આ બધું ફકત સત્સંગથી જ શકય છે. જો આપણું જીવન સત્સંગને આધિન હશે તો એ હંમેશાને માટે સ્વચ્છ રહી શકશે. સ્વચ્છ રહેનારો જ નિરોગી રહે છે. મન સ્વચ્છ હશે તો મન નિરોગી રહેશે. મનના રોગ જ માણસનું પતન

કરે છે, અને મનના રોગ એક જય મહારાજ સિવાય કોઇપણ મટાડી શકે નહિં. મનના રોગમાંથી બચવા માટે આપણે જય મહારાજને 'ભવરોગવૈદ્યં' કહીએ છીએ.

**''યોગીન્દ્રમિડયં ભવરોગવૈદ્યં, શ્રીમદ્‌ગુરુ નિત્યમહં નમામિ''**

અમારા ગુરુ અમારા ભગવાન તો વૈદ્ય છે, માત્ર શરીરના નહિં, પણ જનમ જનમના રોગો દૂર કરવાવાળા છે. જનમ જનમના મનમાં પડેલા સંસ્કાર, મનની પાપી દુરાચારી વૃત્તિઓને માત્ર જય મહારાજનું શરણું, જય મહારાજનો સત્સંગ જ દૂર કરી શકે છે. એમાં પણ જય મહારાજને કહ્યું હોય 'કલેશાતીતં' જે જીવનના કલેશોથી પર છે, અને પછી કહ્યું,

**''મમેશં''**

મારા ઇષ્ટદેવ મારા ભગવાન જેના ભગવાન જેના ઇષ્ટદેવ કલેશ રહિત હોય એમના ભકતને એમના સેવકને જય મહારાજ કલેશવાળા રહેવા દે ખરા? એ કલેશ ધીમે ધીમે હળવા થાય. જય મહારાજ, આપણે જેમ જેમ સત્સંગના વ્યસની બનતા જઇએ એમ એમ આપણા કલેશ, ભવના રોગો ધીરે ધીરે અવશ્ય મટાડી દેશે. જો હૃદયપૂર્વક આપણે સમર્પિત થઇએ તો જય મહારાજ આપણા ભવ ભવના રોગો અવશ્ય મટાડી દેશે.

**''તમારે શરણે જે કોઇ આવે છે**

**તેને સદાય શીર પર ગાજો છો.''**

**જે નિશદિન તમને આરાધે છે.**

'નિશદિન આરાધના એટલે જેટલું વધારે શકય થાય એટલું. આપણા જીવનમાં કામકાજના સમયમાં વ્યવહારના સમયે, સ્મરણ ચિંતન કરતા રહીએ, જય મહારાજને યાદ કરતા રહીએ,

પાઠ કરતા રહીએ. વિષ્ણુસહસ્ત્રનો, ગીતાનો શ્લોક આપ્યો. જે કોઇ પંકિત મળી. એનાથી મનને સાફ રાખીએ. ભગવાનના બધાં જ નામ પવિત્ર છે. કોઇપણ નામ અપવિત્ર નથી. ભગવાનનાં લાખો નામ છે. એ બધાં જ પવિત્ર છે, એમાંથી કોઇપણ એક નામ લઇ લઇશું તો પણ એ આપણને પવિત્ર કરશે. કોઇપણ એક નામ લેજો. ઘરની અંદર આપણને અજવાળું જોઇએ છે, આપણે બારણે બારણે સ્વીચો મૂકી છે, કેમ એક સ્વીચથી ન ચાલે? ચાલે. કેમ ન ચાલે? પણ ઘરમાં ગમે ત્યાંથી આવીએ, દરેક જગ્યાએ સ્વિચબોર્ડ મૂકેલાં જ છે. જયાંથી પણ પ્રવેશ કરીએ ત્યાંથી, જયારે પણ અજવાળાની જરૂરત પડે એટલે ત્યાં મૂકેલી સ્વીચ દબાવીએ એટલે અજવાળું. એમ ભગવાનના બધા જ નામમાં પ્રકાશ છે. કોઇ એક જ નામમાં છે એમ ન માનશો, દરેક નામ પવિત્ર છે ભગવાનના

**''સર્વદેવનમસ્કારઃ કેશવમ્ પ્રતિ ગચ્છતિ''**

બધામાં પરમાત્મા રહેલા છે. કોઇપણ એકનામ ભૂલથી પણ હાથમાં આવી જશે તો પણ જીવનમાં અજવાળું કરી આપશે. કોઇપણ એક નામ, ગોવિંદ કહો, કૃષ્ણ કહો, રાધે રાધે કહો, અજવાળું જ અજવાળું જીવનમાં આમ પરમાત્માના હજારો હજારો નામ છે. દરેક નામની અંદર પ્રકાશ છે. દરેક નામ કલ્યાણ કરનારું છે એટલે જય મહારાજના સાધનની અંદર આપણુ મન લાગેલું રહે મન નિર્મળ રહેશે. જય મહારાજનું સ્વરૂપ કલેશાતીત છે, કોઇપણ કલેશ, કોઇપણ આત્મનિવેષ, રાગદ્વેષ, કશું પણ સ્પર્શે નહીં એનું નામ પરમાત્મા. જય મહારાજ તો અવધૂત સ્વરૂપે એક ઉચ્ચ કોટીની વિભૂતિ છે. પરમાત્મા છે, ત્યાં કલેશ કયાં રહેવાનો હતો? જયાં દિવો પ્રગટતો હોય ત્યાં પછી અંધારું રહે ખરું? તો અહિં કહ્યું કે

**''ક્લેશાતીતં કિંકરાણાંહૃદિસ્થં મમેશં''**

મારા ઇષ્ટદેવ ક્લેશરહિત છે. મારા હૃદયમાં બિરાજેલા છે. તો મારા હૃદયમાં કલેશ આવે જ કેમ? કલેશ ને રહેવા ન દેશો. જીવનમાં કોઇપણ પ્રકારનો કલેશ આવે એને બહાર કાઢી નાખો. ઘરમાં કચરા પોતાં કર્યાં હોય પછી સહેજપણ કચરો દેખાય તો? તરત જ એનો નિકાલ કરી દઇશું, તો જ ઘર સ્વચ્છ રહેશે. એમ આપણા મનની અંદર કોઇપણ જાતનો કલેશ આવી જાય, કે અશાંતિ આવી જાય તો જેમ ચોખ્ખા ઘરમાં પડેલા કચરાને આપણે ઊઠાવીને નાખી દઇએ છીએ એમ મનમાં આવેલા કલેશને, ઇર્ષાને, એને કચરો માનીને બહાર ફેંકી દો, એને રહેવા જ ન દેશો. જેમ ઘર ચોખ્ખું રાખીએ છીએ એમ મન ચોખ્ખું રાખો.

**''ક્લેશાતીતં મમેશં''**

ઘર સ્વચ્છ રાખવા માટે આપણે ઘરમાં કોઇપણ કચરો ચલાવી લેતા નથી, એમ મનને સતત સ્વચ્છ રાખવા માટે કશું પણ ચલાવી લેવાનું નહિં. કચરો ઊઠાવી જ લેવાનો. પણ કચરો ભરવા માટે આપણે સામેથી જઇએ છીએ. ટી.વી. ખોલ્યું. અને બેસી ગયા સામે. બેઠા હતા તો સારું જોવા. પણ એક આવેલું દેખાઇ ગયું. આખું મન ખરાબ કરી નાખ્યું. ડોંગરેજી મહારાજ તો કહેતા હતા કે સારું જોવાની પણ ઇચ્છા નહિં કરવાની. ટીવી જોવાનું જ નહિં. આ બધાં મહાપુરુષ છે, એમની એક ટકોર જીવનની અંદર ખૂબ જ કિંમતી હોય છે. **સારું જોવા જઇએ તો થોડું ખોટું પણ જોવાઇ જાય. સારુ પણ ન જોવું, એટલે ખોટા જોવાનો વારો જ ન આવે.**

ભગવાન કલેશરહિત, અશાંતિરહિત, દ્વેષ રહિત છે, અને મારા હૃદય મનમાં બેસાડયા છે. હવે એમની જોડે કલેશને બેસાડવા

જઇએ. તો જય મહારાજ રહે ખરા? તું તારા કલેશને સંભાળ હું જાઉં છું. જય મહારાજ પ્રેમથી આપણા અંતઃકરણમાં આવીને બિરાજયા હોય અને આપણે જ જાણીબૂઝીને ઈર્ષા અને કલેશને લઇને બેસાડીએ, જય મહારાજ જાય તો બહું જ સારું. ઘરમાં કોઇ અણગમતું માણસ આવે, તમે બીજું કોઇ કામ કરો, એ તરત જ ઉભો થઇને જતો રહેશે. બજરંગદાસ બાપા હતા, ફકકડ સાધુ. કોઇની પણ પરવા ન કરે. એ બેઠા હોય નાના નાના બાળકોની વચ્ચે, કોઇ મોટો શેઠીયો આવ્યો હોય, બાપાને લાગે કે આને બહુ જ ઘમંડ છે એટલે બધાં જ છોકરાઓને બોલાવે. અલ્યા બધાં અહિં આવો પછી પીપરમીન્ટ અને ચોકલેટો ઉછાળે, બધાં છોકરાં એ લેવા માટે દોડાદોડી કરે, ધકકામુકકી કરે. એમાં ને એમાં પેલા શેઠીયાને બધાં જ છોકરાં ધકકે ચઢાવી દે. મહાપુરુષોની લીલા બહુ જ જુદી હોય છે. અહંકાર લઇને આવ્યો છે. ઊભો રહે. એ અહંકારને ચૂર ચૂર કરી નાખે. પેલા શેઠીયાને કામ હોય એટલે એ તો બેસે જ, પછી એ પણ છોકરાંને કાઢીને આપે. બાપા કહે કે હવે તું સમજયો. એને શાંતિથી બેસાડે, બહુ જ મોટો થઇને આવ્યો છું? તો થોડો નાનો થા સુધર હવે સુધર, એમ જ કહે. અહંકારનો ડગલો પહેરીને આવ્યો છું. તો ઉતાર એને. એમ કાઠીયાવાડી ભાષામાં કહી દે. મહાપુરુષો કયારે પણ કોઇના પણ મનમાં આવો અહંકાર, આવો રાગદ્વેષ, પાપ, કંઇપણ રહેવા જ ન દે. આપણે તો જય મહારાજને આપણા ઇષ્ટદેવ સ્થાપિત કયા છે. ઇષ્ટદેવ કેવા છે એ તો આપણે જાણીએ છીએ. જય મહારાજને સમજવા માટે તો સત્સંગ છે પણ જય મહારાજને ઓળખ્યા જ ન હોય તો શું મેળવવાના હતા? જય મહારાજ પાસેથી તો આપણે ઘણું બધું મેળવવાનું છે. જીવનની ઘણી બધી શકિતઓથી આપણે પોતે

અપરિચિત છીએ, જેને આપણે ઓળખતા પણ નથી. એ જીવનની અપરિચિત શકિતઓને ઓળખવા માટે પણ આપણને જય મહારાજની જરૂર છે, જય મહારાજને શરણે જઈશું, જય મહારાજનાં દર્શન કરીશું જય મહારાજ જરૂરથી આપણને આત્માનાં દર્શન કરાવશે. કયા તીર્થમાં લઇ જશે આત્માનાં દર્શન કરાવવા માટે?

**"સ્વાત્મનિષ્ઠં"**

હૃદય મંદિરમાં લઇ જશે, ચાલો ત્યાં આપણને આત્મનાં દર્શન થશે. અંદર બેઠેલા જય મહારાજનાં દર્શન કરવાં છે. જયાં પોતાના આત્માનું સ્થાન છે ત્યાં આપણને જય મહારાજ સ્થાપિત કરે, એનું નામ છે 'સ્વાત્મનિષ્ઠ'. જય મહારાજ પોતે તો સ્વાત્મનિષ્ઠ છે જ, પણ આપણને, સત્સંગીઓને પણ સ્વાત્મનિષ્ઠ બનાવે. બધાંએ આજે યાત્રા કરવા જવાનું છે. ભગવાનનાં દર્શન કરવા જવાનું છે. હૃદયમંદિરનાં દર્શન કરવાનાં છે. ત્યાં આપણા જ ભગવાન આપણા સ્વરૂપે બેઠા છે એમનાં દર્શન કરવાનાં છે. **આત્મદર્શન એ જ મોટામાં મોટો ધર્મ છે. બધા જ સંપ્રદાયો, બધી જ વિચારધારાઓ, બધી જ પૂજા પદ્ધતિઓ આખરે તો આત્મા સુધી લઇ જવા માટે જ છે. અને જે આત્મદર્શન કરાવે છે એ જ સાચા સદ્‌ગુરુ છે.** એ શિષ્યને પોતાના નિજસ્વરૂપ સુધી લઇ જાય છે. શાળામાં પ્રવેશ કરવો હોય તો શરૂઆતમાં એકડે એક અને કખગઘ ઘૂંટવા પડે, એમ પ્રવેશ માટે પણ મંદિર, મૂર્તિ, પૂજા, ભજન, નિત્યનિયમ એ બધાંની આવશ્યકતા છે. જેમ જેમ આનાથી આગળ વધતા જઇએ, આજે કેવા બેઠા છીએ, હવે તો માળાની પણ જરૂર ન પડે તીર્થયાત્રાની પણ જરૂર ન પડે, કેમ કે બધા જ સત્સંગ અહિં જ મળી જાય છે.

**''કોટિ તીરથ સદ્‌ગુરુ ને ચરણે ગુરુ સમાન નહિં કાંઈ,**

**જોગ જપન જપ તપ સર્વે ગુરુ વચનની માંહ્ય''**

એટલે જય મહારાજ આપણને પોતાના નિજસ્વરૂપમાં બેસાડીને ત્યાં આગળ જે પરમાત્માસ્વરૂપ આત્માનાં દર્શન કરાવે છે. આપણે આત્માને જીવભાવથી ભૂલી ગયા છીએ. આપણા મનની અંદર આશકિતઓ આવે, વાસનાઓ આવે, વિકૃત્તિઓ આવે, વ્યસન આવે ત્યારે આપણે પોતે જ આપણા આત્માનું સ્વરૂપ ભૂલી જીવભાવથી એ બધાં વળગણોથી આપણે દુઃખી થઇએ છીએ. જેમ કોઇને વળગળ વળગ્યું હોય એ પોતાની જાતને ભૂલી જાય, અને પેલું જે વળગ્યું હોય એ જ બોલ્યા કરે, અને એ જ વાતો કર્યા કરે. પોતાનું નામ પણ જે વળગણ હોય એનું જ બોલે, પેલા વળગણનું જ નામ બોલે, એમ હું આત્મા છું એ ભૂલી જઇને જે જે વળગણ આપણને વળગ્યા છે તે સ્વરૂપે પોતાની જાતને બતાવડાવે. હું મહારાજ છું, હું એન્જીનીયર છું, હું પ્રોફેસર છુ, હું ડૉકટર છું, આ બધાં જ વળગેલાં ભૂત જ છે. તો આમ આત્મનિવેષ જેને કહેવાય, કે પોતાની જાત ન હોવા છતાંય એ માનીને એનો પૂરેપૂરો સ્વીકાર કરી લેવાનો, એ કયાં સુધી? જીવતાં સુધી. એ ભ્રમમાં ને ભ્રમમાં આત્માના સ્વરૂપને ઓળખ્યા સિવાય પોતે જીવભાવે રઝળ્યા કરે, જન્મોજનમ સુધી રઝળ્યા કરે. જયારે, હું આ કાંઇ નથી. હું કોઈ સ્ત્રી કે પુરુષ નથી. હું કોઇ કાર્યકર નથી, હું કોઇ મોટો માણસ નથી, હું તો આત્મા છું, ત્યારે જીવભાવ જાય.

**''ત્યારે જીવેથી જઇએ રે''**

પોતાના સ્વરૂપને ઓળખીએ ત્યારે જીવથી જવાય. મહારાજે પદમાં બહુ સરસ ગાયું છે, આ પંકિતમાં જીવભાવ રહ્યો

નથી કે આત્માનું સ્વરૂપ તમને તરત જ મળી જાય. આપણને ખબર હોય કે ઘરમાં લાઇટની સ્વીચ આ જગ્યાએ છે. આખા ઘરમાં અંધારું હોય પણ જેવી સ્વીચ ઉપર હાથ મૂકયો. એટલે અજવાળું જ અજવાળું, કેમ ? એના અભ્યાસથી આપણે આપણા આખા ઘરની વાસ્તવિકતાને ઓળખીએ છીએ, એટલે ઘરમાં અંધારાનો ડર રાખ્યા વગર છેક સ્વીચ સુધી પહોંચી જઇને અજવાળું કરીએ છીએ. એમ ગમે એટલા આત્મનિવેષનો આપણે સ્વીકાર કરી લીધો હોય, કે હું આ છું હું ફલાણો છું, બહુ જ મોટો છું, હું આવું જાણવાવાળો છું, હું સિધ્ધ છું. અલ્યા તું કશું પણ નથી, આ પૂંછડાં તું ખાલી ખાલી પાછળ વળગાડે છે. તું કશું પણ નથી. તું માત્ર આત્મા જ છું. આ બધાં જ પૂંછડાં ખોટાં છે. ઉંદરની સાતે સાત પૂંછડીઓ કાપી નાખી છતાં પણ ઉંદર તો ઉંદર જ રહ્યો હતો. આત્માના સ્વરૂપને સમજવા માટે જે પણ કોઇ આપણી આત્માનિવેષની માન્યતાઓ છે, ને મનની અંદરના જે કલેશો છે, તે આપણા સ્વભાવની કુટેવો છે. જો એને એકબાજુએ મુકી દઇશું તો જીવભાવ આપોઆપ મટી જશે. લડવું ઝઘડવું, આ બધું જ જીવભાવ છે. જયાં સુધી જીવભાવ રહેશે ત્યાં સુધી ઉચાટ, કલેશ, અકળામણ, ગુસ્સો, અશાંતિ બધું જ મનની અંદર રહ્યા કરશે, પણ જયારે આત્મભાવ આવ્યો, એની સાથે બધુ જ શાંત.

**''ભિષણ આગ જલ છાંટ બૂજાયા''**

ભલભલાના જીવનમાં એટલી બધી આગ સળગતી હોય, કે બૂજાય જ નહિં. વર્ષોથી એ સળગતી હોય, જીવનની અંદર મનના કલેશથી લાગતી આગ, જય મહારાજના દર્શન થાય, પગે લાગીએ.

**''કલેશાતીતં''**

હાથમાં જળ લઇ, જળના છાંટા જ નાખે ને જન્મોજન્મની બળતી આગ શાંત કરી દે. જીવભાવ મટાડી દે. અરે હું તો આત્મા છું.

**''સ્વાત્મનિષ્ઠ કલેશાતીતં''**

આપણા આત્માનું સ્વરૂપ કલેશ વગરનું છે.

**''અનાત્મનિત્યકત નિજાભિમાનકં''**

જય મહારાજની સ્તુતિમાં ગાયું છે. અનાત્મ એવા જે અહંકાર, અને એ બધા દોષો છે, વિકૃત્તિઓ છે, એનો નાશ કર્યા સિવાય આત્માનું દર્શન થતું નથી.

જે અનાત્મ છે, જે મારું નથી, એનો ત્યાગ કરો પછી જ

**''આત્માવભાસેન''**

બસ આત્માનું દર્શન થઇ જશે. આમ આત્મદર્શન માટે કહ્યું કે

સૌથી પહેલાં અહંકારને છોડો. અહંકાર એ આપણા જીવનનો મોટામાં મોટો દુશ્મન છે. સહેજ સહેજ વાતમાં આમ ભડકી ઉઠે, અહમ ઝળકી ઉઠે, અહમ્ કૂદા કૂદ કરી મૂકે. અહંકાર અપમાન પણ કરાવે અને અપમાન સહન પણ કરાવે.

**''અનાત્મનિત્યકત નિજાભિમાનકં''**

''જે પણ કાંઇ આત્મનિવેષ છે તે બધાં જ અનાત્મક છે. આપણો ક્રોધ, આપણી ઇર્ષા, આપણો કલેશ, આપણી અશાંતિ, આપણો દુરાચાર બધાં જ અનાત્મ છે. આપણે જાતે ઊભાં કરેલાં છે, આપણા વ્યવહારથી આપણાં નથી, એને બહારથી લઇને પોતાનાં કરી લીધાં છે. આપણા ઘરમાં વસાવી લીધાં છે. આપણે

ઇર્ષાને, કલેશને, ઉપાધિઓને, અહંકારને ઘરમાં જ બેસાડયાં છે. તું અહિં જ રહેજે. આપણે બધુ જ સોંપી દીધું, પછી એ નીકળવાનું નામ જ ન લે. અહિંયાં તો ખાવાપીવાનું મળે છે, લડવા ઝઘડવાનું મળે છે, મજા પડે છે. આ બધુ જ અનાત્મ હોવા છતાંય આપણે એને જીવનભર સ્વિકારી લીધાં હોય, આપણા જીવનને એ રોળી નાખે, રગદોળી નાંખે કાદવની અંદર, એટલા માટે જ કહ્યું કે આ બધા અનાત્મ છે, એનો ત્યાગ કરો. અને ત્યારે જ.

**''આત્માવભાસેન''**

કેવી રીતે? પ્રસન્ન ચિત્ત હશે તો જ આત્માનું દર્શન થઇ શકશે. ઘરેથી મંદિરમાં દર્શન કરવા નીકળ્યા હોઇએ, મનમાં અનેક કલેશ, અશાંતિઓ, કોઇકની જોડે ઉશ્કેરાટ, ઘણુંબધું મનમાં ચાલતું હોય, ભગવાનની સામે હાથ જોડીને ઉભા રહીશું તો પણ શાંતિ નહિં મળે. સરખાં દર્શન કરી શકીશું ખરા? પણ ઘરેથી નિરાંતે આવ્યા હોય, બધું જ સમજીને, બધું જ છોડીને. પછી પગે લાગીને બેસીએ, કે મહારાજ શાંતિ આપજો.

**''શાંતંશ્રી સંતરામં પ્રણતજનમનોઽભીષ્ટદં નિત્યમીડે''**

આપ શાંત સ્વરૂપ છો. અમે આપને વંદન કરીએ છીએ, અભિષ્ટ શાંતિ અમને આપજો. **આપણા મનની અંદર પ્રસન્નતા હશે તો જ મંદિરની અંદર મૂર્તિમાં ભગવાનનાં દર્શન થશે.** પણ આપણું મન અશાંત હશે, આત્મનિવેષવાળું હશે, તો મંદિરમાં જઇને મૂર્તિની સામે ઉભા રહ્યા હોઇએ ને તો પણ મૂર્તિમાં ભગવાનનાં દર્શન નહિં થાય. સૌથી પહેલાં આપણું અંતઃકરણ આપણે શુદ્ધ કરીએ, તો જ એ શાંતિના સમયમાં, ભગવાનનાં સાચાં દર્શન થાય.

**''આત્માવભાસેન''**

મન પ્રસન્નચિત્ત હશે તો ભગવાનનું પરમાત્માનું દર્શન થઇ શકશે, એટલે

**''કલેશાતીતં મમેશં સ્વાત્મનિષ્ઠં કિંકરાણામ્''**

આટલાં બધાં નામ છે જય મહારાજનાં. આ બધાં જ નામ આપણા માટે જ ધારણ કર્યાં છે. જે નામ ધારણ કર્યાં છે સ્તુતિનાં એ બધાં જ આપણા માટે. હજારો નામ આપણે જ સ્વીકારી લીધાં છે. આપણે જ હજારો નામથી ભગવાનને ભજીએ છીએ, એની પાછળ જે નામની આપણને જરૂર પડી. તે નામ આપણે પકડી લીધું. આમ જય મહારાજને ભજીએ, અને અનાત્મ એવાં જ પણ કોઇ આપણા જીવનમાં ભાવ છે એનો ત્યાગ કરીશું, તો જીવભાવમાંથી ત્યાગ કરીને આત્મભાવ સુધી પહોંચી શકીશું, એ જય મહારાજની યાત્રા છે આપણને સૌને લઇ જવાની.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૨૪

# હું ને મારું મૂકી દઈને

**યોગીન્દ્રં વિશ્વવન્દ્યં સકલગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્**
**કલેશાતીતં મમેશં હયચલસુખકરં સચ્ચિદાનંદરૂપમ્,**
**શિષ્યાણાં જ્ઞાનંદતં વિગતમલયુતં કિંકરાણાહ્નદિસ્થં,**
**વંદેડહં સિધ્ધિયુકતં પરમપદ વિદં શ્રી ગુરું સંતરામમ્.**

પરમપદના જાણકાર એવા પરમાત્મા સ્વરૂપ, જે પોતે જ પરમપદ છે, પોતે જ પરમાત્મા છે. અવધૂતશ્રીનું સ્મરણ થતાં જ પરમાત્મા અને પરમાત્માનું પરમપદ આપણા સૌના અંતઃકરણમાં આવે. **પરમપદને ઓળખશો કેવી રીતે? જે પરમપદ પામેલા છે એને પામીએ એટલે પરમપદની પ્રસાદી આપણને પણ પ્રાપ્ત થાય. પરમપદ એ દરેક ચેતનની આખરી અને અંતિમ અવસ્થા છે. પરમપદ એ સર્વશ્રેષ્ઠ પદ છે. અને પરમપદથી આગળ, બીજું કશું પણ નથી.** એ પરબ્રહ્મ પરમાત્મા સ્વયં અવધૂત લીલા ધરી વિગ્રહ ધારણ કરીને આપણા સૌના કલ્યાણ માટે પધારેલા છે, જેને વંદન કરીએ.

**''વંદેડહં સિધ્ધિયુકતં પરમપદવિદં શ્રી ગુરુ સંતરામમ્''**

વંદન એટલે આપણે સંપૂર્ણ રીતે આધિન થઇ જવું, સમર્પિત થઇ જવું. વંદન એટલે આપણા સ્વતંત્ર અસ્તિત્વને

સમાપ્ત કરીને જેને વંદન કરતા હોઇએ એમાં ભળી જવું. મરજી એમની જ, મન આપણું જરાપણ નહિં. જે મન ચરણમાં સમર્પિત કરી દીધું માથું મૂકીને એ મન પાસે આપણે આપણી પોતાની કોઇપણ સેવા લેવાય જ નહિં. આપણી મરજી સહેજપણ ચાલે નહિં. જેમ ગુલામ હોય, એનો માલિક કહે એટલું કામ એણે કરે જ રાખવું પડે. એમ સેવામાં જયારે સમર્પિત થઇ ગયા હોઇએ. ત્યારે આપણી પોતાની જાતને ભૂલી જવાની કે આ જાત મારી છે. આ જાત મારી નથી જ, મન મારુ નથી હું પણ મારો પોતાનો નથી. અહંકાર ટળે ત્યારે હું પદ ગળે.

**''આપ ટળે અહંતા ટળે ટળે ત્રિવિના તાપ''**

તો અહિં કહ્યું કે

જય મહારાજના ચરણમાં વંદના કરી દીધી, પ્રણામ કર્યા અને માથું મૂકી દીધું. હાથ પણ જોડી દીધા, નીચે ચરણમાં બેસી જ ગયા, સંપૂર્ણ સમર્પિત. જે પણ કાંઇ છે તે બધું જ જય મહારાજનું છે, મારું પોતાનું કાંઇપણ નથી. જે પણ કાંઇ છે તેમાંથી કશું પણ મારું નથી. આ સમર્પણની વ્યાખ્યા છે. વંદન થાય એટલે એની સાથે સંપૂર્ણભાવ પરિપૂર્ણ થઇ જાય અને એ રીતે

**''વંદેહમ્ સિધ્ધિયુકતં પરમપદવિદં શ્રી ગુરું સંતરામમ્''**

સિધ્ધિયુકત છે. જે પરિપકવ થઇ જાય એને સિધ્ધ થયું કહેવાય. ભાત હોય, ખીચડી હોય, આપણી તળપદી ભાષામાં કહીએ કે સીજી ગયું, એટલે પરિપકવ થઇ ગયું. સિધ્ધ થઇ ગયું. ઉપયોગ કરવા લાયક થઇ ગયું. સહેજપણ કચાશ નથી, એટલે કહ્યું કે,

**''સિધ્ધિયુકતં''**

જય મહારાજ તો પરબ્રહ્મ તત્ત્વ છે જ એટલે કચાશ તો હોય જ કયાંથી? સ્તુતિ કરનારે કહ્યું કે આપ તો સિધ્ધિયુકતં છો, આપની પરિપકવતા સમસ્ત સૃષ્ટિને પોષણ આપવાવાળી છે, આપ જે પરિપકવ સિધ્ધિયુકત છો, સૌને માટે તૃપ્તિ આપનાર છો.

**''અનુભવ તૃપ્તિનો ઓડકાર''**

જેણે ઓડકાર ખાઇ લીધો, બસ તૃપ્ત થઇ ગયા. શેનાથી સિધ્ધિયુકત? એને જ સિધ્ધ કહેવાશે. 'સિધ્ધિયુકતં'નો બીજો ભાવ છે કે કોઇપણ જાતની અપેક્ષા નહિં, તૃષ્ણા નહિં, આશા નહિં. જે પણ કાંઇ સાહજીકતાથી પ્રાપ્ત થયું છે તે જ. કૃપા કરીને સહજભાવથી જે પણ કાંઇ આવ્યું તેને જાળવી રાખ, સિધ્ધિ, એનો દુરુપયોગ ન થાય. જે પણ કાંઇ શકિત મળી હોય સમાવી રાખવાની, એનુ પ્રદર્શન કરવાનું ન હોય. એનાથી માત્ર આપણને પોતાને સંતોષ જ થાય, કે હાશ. જેમ પરિપકવ રસોઇ જમીએ, ઓડકાર આવી જાય પછી? બસ, હવે કાંઇપણ નહિં, એમ કોઇપણ પ્રકારની ભૂખ જીવનમાં રહે જ નહિં, કશીપણ નહિં, તૃપ્તિ. કશાપણ માટે સહેજપણ ઇચ્છા મનમાં ન રહે, સંકલ્પ જ ન ઉઠે, ઇચ્છા પણ ન ઉઠે. બિલકુલ તૃપ્તિ. શાંતિ ત્યારે જ મળે. સહેજ અમથી પણ ઇચ્છા ઉભી થઇ, તો તમને બેસવા ન દે. ગમે ત્યાં બેઠેલા હો, તમને ત્યાંથી ઉભા કરી દે. બેસવા દે જ નહિં. પણ જયારે માણસને જમ્યા પછી ઓડકાર આવી જાય. પછી અરે ભાઇ આટલો લાડુ લઇ લો ને, ના ભાઇ, હવે તો હજાર રૂપિયા આપો તો પણ ન ખવાય એનું નામ પરિપૂર્ણતા. આમ 'સિધ્ધિયુકતં' ત્યારે જ કહેવાય કે જયારે કોઇપણ જાતની ઇચ્છા જ ન હોય, અને ઇચ્છા જ ન હોવી એ લૌકિક જીવનમાં બહુ જ નુકશાનીવાળું છે. પરવડે જ નહિં. પણ અધ્યાત્મ માર્ગ ઊંચામાં

ઊંચી અવસ્થા છે. સંકલ્પ માત્ર કરવો નહિં, કોઇપણ બાબતની ઇચ્છા જ કરવાની નહિં. આવું જોઇએ છે, અહિં જવું છે, આવું કરવું છે, કાંઇ નહિં. જે ઇચ્છાઓથી મુકત થઇ જાય પછી એ સ્થિર થઇ જાય. ઇચ્છાઓ શું છે? ઇચ્છાઓ તો બંધન છે

**''યયાબધ્ધા પ્રધાવંતિ મુકતા તિષ્ઠંતી પંગુવત્''**

**આશા નામસ્ય શ્રૃંખલા**

ઇચ્છા કહીએ, આશા કહીએ, આશા નામની બેડી જેના પગમાં પડી, દોડયા જ કરે, દોડયા જ કરે, ઊભો જ ન રહે. હવે બેડી પહેરેલો માણસ દોડી શકે ખરો? પણ ઇચ્છઓની બેડીમાં, આશાની બેડીમાં એવી શકિત છે કે એ દોડાવ્યા જ કરે, દોડાવ્યા જ કરે.

જેના પગમાંથી બેડીઓ છૂટી થઇ ગઇ.

**''મુકતા તિષ્ઠંતિ પંગુવત્''**

જાણે લંગડો થઇ ગયો હોય એમ ત્યાંથી ખસી જ ન શકે, સહેજ પણ ન ખસે. એને કોઇપણ આશા રહી જ નથી. પછી શેના માટે દોડવાનું. પરીક્ષા આપવી હોય તો દોડવું પડે, પાસ થવું હોય તો દોડવું પડે. કોલેજો, ટયુશનો, પરીક્ષાઓ, વાંચવાનું પાસ થવા માટે દોડવું પડે, પણ ભણી રહ્યા, હવે? બસ

**''ચાહ ગઇ ચિંતા ગઇ.''**

ભણવાનું પતી ગયું. સિધ્ધિયુકત જે છે જીવનની અંદર, એના પોતાનામાં સહેજપણ અપેક્ષા નથી, લાલચ નથી, તૃષ્ણા નથી, બિલકુલ સ્થિરતા. જય મહારાજનું એ બિલકુલ પરિપૂર્ણ સ્થિર સ્વરૂપ અને જે સ્થિર હોયને એમાં પરિવર્તન ન આવે. આત્મા સ્થિર છે, આત્મા શાશ્વત છે. જે શાશ્વત હોય, સ્થિર હોય

એમાં પરિવર્તન હોય ખરું? તો, અસ્થિર શું છે? જે સ્થૂળ છે. આત્મા ચૈતન્ય છે. શાશ્વત છે, એનામાં કોઇપણ પરિવર્તન ન આવે. આજના જાણીતા વૈજ્ઞાનિકો એમ કહે કે એવી જડતાને માનવા માટે અમે તૈયાર નથી. વિજ્ઞાન તો દરેકે દરેકને ચકાસીને, પરિણામ મેળવીને પછી જ એના સત્યનો સ્વીકાર કરે છે. અધ્યાત્મ, જે માન્યતા દૃઢ થઇ ગઇ, જે નિયમ બનાવી લીધો, એમાં કોઇપણ પરિવર્તન આવતું નથી અને એટલા માટે લોકો અધ્યાત્મને જલ્દીથી સ્વીકારતા નથી. અમે તો વિજ્ઞાનની રીતે જ સ્વીકારવા માટે તૈયાર છીએ, પણ એટલી ખબર નથી હોતી કે (સાઇન્સ) છે. એ (મટેરીયલ) છે, અને કોઇપણ વસ્તુ પરિવર્તનવાળી જ હોય છે. જયારે આધ્યાત્મ એ ચેતનાને જ, આત્માને જ સર્વસ્વ ગણે છે. સંશોધન કરે છે એ તો વાસ્તવિક છે, પણ આધ્યાત્મ છે એ તો શાશ્વતનો જ સ્વીકાર કરે છે. એ પરમતત્ત્વ છે, એમાં કોઇપણ પરિવર્તન નથી. બંનેના વિષયોમાં આભ જમીનનો તફાવત છે. માત્ર વસ્તુઓ જ સ્વીકાર કરી લઇ વિજ્ઞાન એમાં સંશોધન કરે છે. અધ્યાત્મ માત્ર આત્મા જે શાશ્વત છે અને જે છે એમાં કોઇપણ પરિવર્તન નથી. જે પરમ સત્ય છે, એથી ઉપરનું કોઇ સત્ય નથી, એની આગળ કોઇ સત્ય નથી. એની આગળ કોઇપણ સંશોધન નથી તો વિજ્ઞાન ભલે ગમે તે માનતું હોય, કે અમે શ્રેષ્ઠ છીએ, અમે શકિતમાન છીએ, આઇનસ્ટાઇને નિયમ સ્થાપ્યો પરમાણુનો એનો સ્વીકાર થયો, આપણા જ દેશનો મદ્રાસી નારલીકર, હવે એણે એ થીયરી જૂઠી પાડી દીધી. ગમે તેવું પણ તે સ્થૂળ છે. એમાં પરિવર્તન તો આવવાનું જ છે, એના નિયમો બદલાવાના છે. જયારે આત્મા શાશ્વત છે, એમાં કોઇપણ પરિવર્તન આવવાનું નથી, એમાં

કોઇપણ ફેરફાર થવાનો નથી. આત્મા જે છે તે શ્રેષ્ઠ છે, પરમતત્ત્વ છે. એમાં કશું પણ પરિવર્તનશીલ નથી. એમાં તમને મળશે જ નહિં ને શોધવાનું જે પરમ ચૈતન્ય છે પોતે જ એમાં તમે શું શોધી શકવાના હતા? તમે શું પ્રગટ કરવાના હતા? તમારી લેબમાં બધું જ ભેગું કરીને એક બનાવો છો અને એને આવિષ્કરણ માનો છો. આત્મા સ્વયં જ એક છે. બીજો શેમાંથી ભેગો કરીને એને બહાર કાઢશો.

**''વંદેહં સિધ્ધિયુકતં''**

અને એ પરમતત્ત્વને જેણે શાશ્વત રીતે જાણી લીધું છે, એમાં કોઇ ફેરફાર નથી. ફેરફાર જડ વસ્તુમાં થાય, આત્મા તો ચૈતન્ય છે, અને શરીર જડ છે. નાની ઉંમરથી છેક અંતિમ અવસ્થા સુધી શરીરમાં કેટલાય પરિવર્તનો આવે છે. વિજ્ઞાન તો ત્યાં સુધી કહે છે કે આપણા આ શરીરનું દર સાત વર્ષે આખું ને આખું ટ્રાન્સપ્લાન્ટ થઇ જાય છે, નથી કોઇ ઓપરેશન જે પણ કાંઇ ખાઇએ છીએ એની અંદરથી આખાય શરીરનું એક એક અંગ, એક એક કોષ, બધાં જ બદલાઇ જાય. તમે જેવા સાત વર્ષ પસાર કરો એટલે તમે બદલાઇ જાવ. કાન બદલાઇ જાય, નાક બદલાઇ જાય, આંખ બદલાઇ જાય, કિડની બદલાઇ જાય, હાર્ટ બદલાઇ જાય, ચાલુમાં ને ચાલુમાં. હાર્ટ ચાલુ, ફેફસાં ચાલુ જીવન પણ ચાલુ, અને આખું જીવન ટ્રાન્સપ્લાન્ટ. પરમ ચૈતન્ય અને પરમ ચૈતન્યના અસ્તિત્વથી આ બને છે, પણ શરીર દર સાત વર્ષે આખું જ પરિવર્તન થઇ જાય, દાંત, કાન, આંખ, આપણને એમ થાય કે મારા દાંત તો આના આ જ છે, પણ એ બદલાઇ જાય. આમ દરેકે દરેક કોષ, અસ્થી, બધું જ પરિવર્તિત થઇ જાય. શરીર પરિવર્તનશીલ છે, અને આત્મા એ શાશ્વત છે. વિજ્ઞાનનો વિષય

સ્થૂળ પરિવર્તનશીલ છે, અને અધ્યાત્મનો વિષય છે આત્મા, જે શાશ્વત છે.. તો કહ્યું કે,

**''વંદેહં સિધ્ધિયુકતં''**

જય મહારાજ સ્વયં પોતાના સ્વરૂપની અંદર નિજાનંદમાં ઊંડા ઉતરી ગયેલા છે.

**''નિજાનંદ સ્વામી સંતરામ સુખદાયક ગુર્જર ખંડમાં,**

**મમતા મારી શેનશીલવ્રતધારી સદાય આનંદમાં''**

પોતાના નિજસ્વરૂપમાં

એ જ નિજઆનંદ છે, એના માટે જ કહ્યું છે

**''સિધ્ધિયુકતં''**

નિજઆનંદ એ જ પરમસિધ્ધિ લૌકિક સિધ્ધિ નહિં, દુનિયાને બતાવવા માટેની સિધ્ધિ નહિં, પોતાના નિજસ્વરૂપમાં પરિપકવતા આવી જાય, પોતાના સ્વરૂપમાં જ સ્થિર થઇ જાય કામને માટે; એનું નામ છે 'સિધ્ધિયુકતં' તો પોતાના સ્વરૂપમાં, નિજસ્વરૂપમાં આપ વિલીન છો, એટલા માટે આપ સિધ્ધિયુકતં છો. પોતાના આત્મતત્ત્વને સિધ્ધ કરી લીધું, પ્રાપ્ત કરી લીધું. સમજી લીધું, એને મેળવી લીધું જેને કહેવાય કમાવા ગયા હોઇએ અને કમાઇને આવીએ, હાશ કામ થઇ ગયું આપણું. કૂવો ખોદતાં હોઇએ, ખોદતાં ખોદતાં ઊંડા જઇએ પાણી ન આવતું હોય, પછી પાણી આવે, એટલે કામ પરિપૂર્ણ થઇ ગયું. મળી ગયું પાણી એનું નામ છે સિધ્ધિયુકત. રસોઇ બનાવી, સીઝાઇ ગઇ, બસ રસોઇ સિધ્ધ થઇ ગઇ. એમ પોતાના નિજસ્વરૂપને પરિપૂર્ણ રીતે સમજી લીધા પછીથી કયાંય પણ બીજે હવાતીયાં ન મારવાં પડે. બીજે કયાંય નહિં જવાનું, કે આ તીર્થ કરવા જઉં, આ મંદિર જવુ, અહિ

સ્નાન કરવું, કશાયની પણ જરૂર નહિં, કેમ? કે 'સિધ્ધિયુકત' તો આપણા ઇષ્ટદેવ જય મહારાજ છે, આપણે જય મહારાજના એ સ્વરૂપને શરણે છીએ, જય મહારાજના એ સ્વરૂપને આપણે પરિપૂર્ણરીતે જીવનમાં સ્વીકારી લીધું છે અને એટલા માટે એ અમારા છે, અને એમને અમે વંદન કરીએ છીએ. જય મહારાજ પરિપૂર્ણ છે, પરિપૂર્ણના શરણે જઇએ તો જ એ આપણને પૂર્ણ કરે. સમુદ્રમાં પાણી છે, સમુદ્ર પરિપૂર્ણ છે. આપણે આપણું વાસણ લઇને જઇએ. એમાં સમુદ્રનું પાણી ભરીએ તો સમુદ્ર આપણા પાત્રને પરિપૂર્ણ કરવાનો છે. સીધી વસ્તુ છે, જે પરિપૂર્ણ છે એની પાસે જઇશું તો એ આપણને પરિપૂર્ણ કરી આપશે. સુખ સાગર છે જય મહારાજ; તો આપણે સુખના અધૂરા જ છીએ. પાત્ર લઇને જઇએ, ચાલો જય મહારાજ પાસે, સુખસાગરમાં

**''અમે સુખસાગરમાં જઇ ભળ્યા, પહોંચ્યા તે પાછા નવ વળ્યા.**

**સમજણને અજવાળે ગળ્યા.''**

અંદર જ ડૂબી ગયા. માટીનું વાસણ લઇને જઇએ, પાણી ભરવા માટે અંદર ઉતરીએ, કે જવા દો અંદર જવા દો અંદર, અંદર જ રહેવા દો પછી કાઢીશુ, પછી થોડા સમય પછી શું થાય? માટીનું વાસણ એમાં જ વિલીન થઇ જાય.

**''મન મેરા તો લગ ગયા હૈ – જૈસા સીંધુ લુણ''**

સમુદ્રમાં ગયા હતા પાણી ભરવા, પણ એમાં ને એમાં ઓગળી ગયા.

**''સમજયા તે પાછા નવ વળ્યા''**

પાછા ન વળ્યા, આવે કેવી રીતે? પોતાનું અસ્તિત્વ જ એમાં સમાપ્ત થઇ ગયું. જય મહારાજને પ્રાર્થના કરો કે જય

મહારાજ આપ તો શાંત સ્વરૂપ છો, આપના શાંતસ્વરૂપમાં અમને પણ સમાવી લેજો. આપ સુખ સાગર છો, અમે સુખની અપેક્ષાએ આવીએ છીએ. આપનામાં ડૂબકી મારીએ છીએ, મીઠાની ઢીંગલી બનાવી હોય, કે ખાંડનું રમકડું હોય, વિચારે કે ચાલો ને દરિયામાં ડૂબકી મારી આવીએ, પછી પાછું હાથમાં આવે ખરું? ઓગળી જાય. એમ આપણે પણ આપણી વૃત્તિઓને સંપૂર્ણ રીતે જય મહારાજમાં ઓગાળી દેવાની.

એની એવી અનુભૂતિ જેણે કરી પ્રિતમસ્વામી બહુ જ સરસ વાત કરે છે.

**''એવા સંતોને લળી લળી લાગું પાય''**

**બીજો નથી બોલતો.**

**મન તું અળગું રે કયાં અફળાય**

**બીજો નથી બોલતો**

તું બીજે જાય છે કયાં? એ પરમસિધ્ધની અંદર ભળી જવા માટે તો આવ્યા છીએ આપણે

**''સુખસાગરમાં જઇ ભળ્યા''**

**અહિં કહ્યું કે, ''વંદેહમ્ સિધ્ધિયુકતં''**

જે પરમસિધ્ધ છે, જેણે પોતાના જીવનનું અંતિમ લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું છે, એનું નામ જ સિધ્ધ. આ લૌકિક સિધ્ધિઓની વાત નથી, કોઇને જાદુ બતાવવાની સિધ્ધિ નહિં પણ જેણે પોતાના આત્મસ્વરૂપને પ્રાપ કરી લીધું.

એમના ચરણે મારું માથું મૂકયું છે, કોઇપણ પરમસિધ્ધના ચરણે વિલીન થઇએ, તો અમને પણ એમનું સ્વરૂપ મળે.

**"પરમપદવિદમ્"**

જે પરમપદ આત્માના પરમપદને જાણવાવાળા છે એવા જય મહારાજ.

**"શ્રી ગુરું સંતરામમ્"**

શ્રી એટલે અમારી લક્ષ્મી, અમારો વૈભવ, અમારી સંપત્તિ, એ **અમારા ગુરુ મહારાજ 'શ્રીગુરુ'નો અર્થ છે અમારી સંપત્તિ અને અમારો વૈભવ એ અમારા જય મહારાજ છે.**

જય મહારાજના ચરણોમાં અમે સમર્પિત છીએ. અમારું જીવન અમારું મન, અમારું તન, બધું જ મૂકી દીધું. કશુંપણ બાકી રહેતું નથી.

**"તારા મનનું કાંઇ ન ચાલે ગુરુ ને વચને ઠરજો રે"**

એમાં વિલીન થઇ જવાનું ઠરવાનું એટલે છેક નીચે તળીયામાં બેસી જવાનું, પાણી ઠરે બધું જ ઠરી ગયું નીચે, એમ આપણે પણ ઠરી જવું પડે. અને છેક નીચે ગયા પછી ઉપર કયાં બહાર જવું છે પછી તો આમ જય મહારાજના એ સ્વરૂપને પામવા માટે પણ સત્સંગ, સ્મરણ, સ્વરૂપ, આ ત્રણેય ને એક કરીએ ત્યારે જ.

**"વંદેહમ્ સિધ્ધિયુકતં પરમપદવિદં શ્રી ગુરુ સંતરામમ્"**

|| જય મહારાજ ||

## પ્રકરણ–૨૫

# તમે નામમાં તો બહુ ગળ્યા

**યોગીન્દ્રં વિશ્વવન્દ્યં સકલગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્**
**કલેશાતીતં મમેશં હયચલસુખકરં સચ્ચિદાનંદરૂપમ્,**
**શિષ્યાણાં જ્ઞાનંદતં વિગતમલયુતં કિંકરાણાહૃદિસ્થં,**
**વંદેઽહં સિધ્ધિયુકતં પરમપદ વિદં શ્રી ગુરું સંતરામમ્.**

પરમપદવિદં એવા પરમાત્મા યોગીરાજ અવધૂતમાં સ્તુતિની વંદન કરતાં શુભ ભાવાત્મક પ્રાર્થના કરી રહ્યા છે. હે પ્રભુ આપ પરમશ્રીથી ખુબ જ સંપન્ન છો. જગતનો વૈભવ નહિં, આ સંસારની શ્રી નહિં, પણ જે પરમશ્રી છે, જે શાશ્વતશ્રી છે, એ લક્ષ્મી, એ સંપત્તિ, જેની પાસે સંપત્તિ ખૂબ હોય એને શ્રીમાન કહેવામાં આવે છે, એ વ્યકિત શ્રીમાન તરીકે ઓળખાય. એટલે 'શ્રી' એટલે વૈભવ. પણ અહિંયાં તો અવધૂત છે, ત્યાગી છે, વનની અંદર જ નિવાસ કરવાવાળા છે. વૃક્ષોની નીચે એમની શ્રી કઇ? એમની સંપત્તિ કઇ? એવો એમનો કયો વૈભવ છે કે એમને શ્રી કહી દીધા? જય મહારાજ અવધૂત છે, ત્યાગી છે, ભિક્ષા કરપાત્રથી કરે છે. હાથમાં જલપાત્ર છે, બાકી કશું પણ નથી, તો એમને 'શ્રીગુરુ' કહી દીધા. ગુરુ શબ્દનો અર્થ છે જે શ્રેષ્ઠ છે તે. જે અંધકારનો નાશ કરીને જ્ઞાનનો પ્રકાશ કરે છે તે ગુરુ. આપણો

આત્મા છે, એને સમજવા પ્રયત્ન કરીએ. અજ્ઞાનનો અંધકાર દૂર થાય અને સ્વયં સદ્‌ગુરુ છે જ્ઞાનનો સૃષ્ટા છે. એ જ્ઞાનનું સર્જન કરે, અજ્ઞાનનો અંધકાર સહેજે દૂર થઇ જાય. સદ્‌ગુરુ સિવાય અંતઃકરણમાં હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ બીજો કોઇપણ આપી શકતું જ નથી. સંસારની આસક્તિ, આ દુનિયાનાં બંધનો માણસને જબરજસ્તીથી અંધકારમાં ખેંચી જાય, આસકિતને અંધકારમાં ખેંચી જાય. માણસ પોતાની જાતે કયારેય પણ એ અંધકાર દૂર કરી શકતો નથી. પોતાના અજ્ઞાનનો અંધકાર દૂર કરવા માટે તો કોઇક સદ્‌ગુરુ જ જોઇશે. દરેક વ્યકિત પોતાનામાં પડેલી અણસમજ, પોતાનામાં પડેલું અજ્ઞાન, એને જ જ્ઞાન સમજતો હોય છે, હું સાચું સમજું છું, મને બધું જ આવડે છે, એ અહંકાર, પણ એ કાંઇ વાસ્તવિકતા નથી હોતી. સદ્‌ગુરુ તો પાપના અંધકારને દૂર કરનાર સૂર્ય સમાન છે.

**''પાપાન્ધકારાર્ક પરંપરાભ્યાં''**

પાપની પરંપરાઓના અંધકારનો નાશ કરનાર છે.

**''તાપત્રયાહીન્દ્રખગેશ્વરાભ્યામ્''**

ત્રણ તાપ છે, દૈહિક, દૈવિક અને ભૌતિક. એ ત્રણેય તાપ દૂર કરવાવાળા છે.

ત્યાં પણ એમને સૂર્ય જ કહ્યા. ખગ એટલે આકાશમાં જનારા. અને એમના ઇશ્વર એટલે સૂર્ય. જે અંધકારને પણ દૂર કરે, અને પાપનો પણ નાશ કરે, એ સદ્‌ગુરુ છે. સદ્‌ગુરુની 'શ્રી' કઇ? સંપન્નતા કઇ? ત્યાગ, તપ, એમની સૌમ્યતા, એમનામાં રહેલો સદાચાર, એમનાંમાં રહેલા સદ્‌ગુણ, સાત્વિકતા આ વૈભવ આખી સૃષ્ટિમાં બીજે કયાંય નહિં મળે. સત્તા અને સંપન્નતાના વૈભવો તો ઘણા બધા પાસે હશે. પણ આ 'શ્રી' જેની પાસે છે. ત્યાગની,

સમર્પણની એમની ખુમારી બહુ જ ઊંચા પ્રકારની હોય છે. રાજા ગમે એટલો સત્તાધીશ કે સંપત્તિવાન હોય, સંતના પગમાં આવી ને બેસી જશે. આપણી સાંસ્કૃતિક પરંપરામાં ત્યાગને મહત્ત્વ છે, ત્યાગના પૂજન થતાં હોય છે. સત્તાનાં કે સંપન્નતાનાં પૂજન નથી થતાં હોતાં. ઋષિઓને આપણે આજે પણ યાદ કરીએ છીએ. ત્યાર પછી કેટલાય રાજાઓ થઇ ગયા. એ બધાયનાં નામ ભૂંસાઇ ગયાં. કોઇપણ યાદ કરે છે એમને? ત્યાગ અને સમર્પણ પૂજય છે, કોઇ સત્તા કે સંપત્તિ નથી પૂજાતી. કોઇ સંપત્તિવાળો કે સત્તાવાળો નથી પૂજાતો, સંત પૂજાય છે. અને એટલા માટે અહિં અવધૂતશ્રીને **'વંદેહમ્'** કહ્યું. ત્યાગી છે, ભિક્ષા માગીને ખાય છે, જે પણ કાંઇ મળ્યુ એનાથી ચલાવી લે છે. ફળફુલ ખાઇને ચલાવી લે, એવી ત્યાગી વિભૂતિ માટે કહ્યુ કે, 'વંદેહમ્' આપણે વ્યવહારમાં કોઇ સામાન્ય માણસ મળે, એની સામે પણ ન જોઇએ. ચાલતો આવતો હોય, સામેથી જોઇએ પણ નહિ, અને કોઇ શેઠીયો આવતો હોય એની મોંઘી કારમાં, ઓળખતો હોય, દૂરથી ખબર પડે એટલે હાથ ઉંચા કરે, બે હાથ જોડે. એ માણસની અંદર રહેલો અહંકાર પોષે છે. પણ આવો વ્યવહાર તો ભૌતિકતા પાછળ દોડનારા જ માણસો કરે છે. અહિંયા તો ત્યાગી છે, એક કોપીન સિવાય કશું પણ નથી, કશો પણ વૈભવ ન મળે, એમના માટે કહ્યું છે કે,

**''વંદેહમ્''**

એમનાં ચરણોમાં અમારા વંદન છે. કેમ? ત્યાં ઘણો મોટો ભંડાર ભરેલો છે. ખૂબ જ મોટો ભંડાર છે. દુનિયામાં કોઇની પાસે હોય જ નહિં. કોઇક દિવ્યચેતના આવા સંપન્ન વિભૂતિઓની પાસે જ આવી અઢળક સંપત્તિ હોય. જ્ઞાનની સંપત્તિ, તપની સંપત્તિ,

ઊંચામાં ઊંચા વિચારોની સંપત્તિ, માણસની પાસે હલકા વિચારો હોય, બરછટ વિચારો હોય, બિલકુલ દુરાચારી વિચારો હોય, એ માણસ ગરીબમાં ગરીબ, ભિખારીમાં ભિખારી કહેવાય. ગમે એટલો સત્તાવાન હશે, સંપત્તિવાન હશે, પણ એ વિચારનો ગરીબ જ છે. ભીખ માગતો, ભલેને મોટી ગાડીયોમાં ફરતો હોય, પણ દુરાચારી હોય, સારા વિચાર જ ન મેળવી શકે, એના જેવો ગરીબ કોણ? વિચારનો ગરીબ માણસ, મોંઘામાં મોંઘી ગાડીમાં બેસીને આવે ભગવાનની પાસે, પ્રભુ મારી ઉપર દયા કરજો, મારી ઉપર કૃપા કરજો, મારી લાજ રાખજો, મારી આટલી પ્રાર્થના સાંભળજો, આટલું બધું ગણે. હવે આમ તો મોટી ગાડીમાં બેસીને આવ્યો છે, અને ભગવાનની પાસે ભીખ માગી રહ્યો છે. આજીજી કરી રહ્યો છે. એ સંપન્નતા કેવી? આવી સંપન્નતા અહિંયાં નથી, કે બીજાના ઓશીયાળા થવું પડે. જય મહારાજ પરમ ત્યાગી છે, વિરકત છે, એમની પાસેની સંપત્તિ બહુ જ ઊંચા પ્રકારની છે, એટલે એમને કહ્યુ કે

**''વંદેહં શ્રી ગુરું સંતરામં''**

માથું ત્યાં જ નમે કે જયાં પવિત્રતા છે, જયાં ત્યાગ છે, જયાં સમર્પણ છે. કોઇક માણસ બિમાર હોય, અંતિમ ઘડી હોય, કિડનીની બિમારી. એને કોઇ કહે કે મારી એક કિડની તમને આપું છું. એની આગળ માથું ઝૂકી જાય કે ન ઝૂકી જાય? ભાઇ તું મારો જીવનદાતા છુ. ત્યાગની આગળ માથું ઝૂકે તપની આગળ માથું ઝૂકે. પવિત્રતાની આગળ માથું ઝૂકે. સત્તા કે સંપત્તિની આગળ કોઇપણ માથુ નહિં નમાવે. નમાવશે તો કોઇક બીક હશે કે કાંઇક સ્વાર્થ હશે, એટલે એને નમસ્કાર કરતો હશે.

**''વંદેહં સિધ્ધિયુકતં''**

એમના ચરણમાં પણ પરમપદ. પણ એ 'પરમપદવિદં' છે. જેને બ્રહ્મજ્ઞાન છે, જે પોતાના આત્માને સારી રીતે ઓળખી શકે છે. અને પોતાના આત્મામાં બેસી શકે છે.

**''પરમપદવિદં''**

વંદન એને હોય કે જેની પાસે આત્માનુભૂતિ હોય, જેની પાસે આત્મસાક્ષાત્કાર હોય, એમ થાય કે આના પગમાં માથું મુકીશું આપણને કાંઇક સાચું જ્ઞાન મળશે. કહ્યુ કે

જાણકાર છે. માંદા પડયા હોઇએ, અને જાણકાર ડૉકટર પાસે હાથ જોડીને કહીએ કે સાહેબ આપની પાસે આવ્યો છું, આપ જાણકાર છો, આપ ઇલાજ કરો. એ જાણકાર છે માટે જઇએ છીએ. એમ જે આત્માને જાણનારો છે એની પાસે પહોંચી જઇએ તો એ ઉપાય કરે.

સદ્‌ગુરુ મહારાજ અમારા શ્રી છે, અમારી સંપત્તિ છે, અમારો વૈભવ છે, એનાથી જ અમે ઉજળા છીએ. એટલા માટે કહ્યું કે

જય મહારાજનો શ્રી વિગ્રહ તો સંતરામના નામથી ઓળખાય છે, પણ એમનાં અનેક નામ છે. વિચરણમાં જ્યાં જ્યાં વિચર્યા છે ત્યાં ત્યાં જુદાં જુદાં નામથી લોકો ઓળખતા હતા. કોઇ પૂછે કે બહુત હી છોટે હો, બાલયોગી હો, આપકા નામ? તો કહે કે વોહી હમારા નામ. કયાંક મસ્તીથી કોઇક વૃક્ષની નીચે સૂતા હોય, બાબાજી આપકે પાસ કિતના સુખ હૈ? સુખસાગર હો, આપકા નામ, બસ વહીં સુખસાગર. કયારેય પણ પોતાના નામને વળગી રહ્યા નથી. નામને વળગે તો પણ અંદર અધ્યાસ, આસકિત આવી જાય. કોઇપણ વ્યકિતનું નામ પાડી દીધુ. એનાથી જ એ જીવનભર ઓળખાય. અધ્યાસ કોને કહેવાય, કે જે નામથી

બોલાવવામાં આવે, તે જ વ્યકિત ત્યાં જાય. કોઇક વ્યકિત આવીને ગાળો બોલવા માંડે, અપમાન કરવા માંડે, એક વ્યકિતનું નામ લઇને, તો દુઃખ કોને થાય? જેણે પોતાનાઃ નામ ઉપર આસકિત રાખી હોય, કે મારુ નામ તો આ જ છે, આ વ્યકિત મારુ જ અપમાન કરે છે. પણ જેને પોતાનું નામ જ ન હોય, જય મહારાજે અનેક નામોથી વિચરણ કર્યું છે. એક દશનામી સંન્યાસીઓનો મઠ છે લુણાવાડામાં, લુણાવાડા મહિસાગરથી થોડેક જ દૂર છે. મહારાજશ્રી વિચરણમાં મહિસાગરને કિનારે બિરાજેલા. અખાડામાં ભીક્ષા કરવા જાય. પછી નદીના પટની અંદર રેતી પડેલી હોય, સાધના માટે ત્યાં પહોંચી જાય. કોઇપણ નજીક આવીને ખલેલ ન પહોંચાડે. સાધન ભજનમાં એટલે હાથ, પગ, માથું ધડ બધું જ જુદું જુદું પડયું હોય, એ લુણાવાડાના અખાડાની અંદર નોંધ છે, ત્યાં એમને '**ટુંડા બાવા**' કહેતા. ત્યાં આગળ આજે પણ નોંધ છે. ત્યાં આગળ જય મહારાજનો પરિચય ટુંડાબાવા તરીકે છે. જિતામુનિ નારાયણને ત્યાં ગયા, રામનાથજીને ત્યાં પધાર્યા, તાપી નદીને કિનારે, તો બહુ જ નાનું સ્વરૂપ હતું, બાપજી આપ તો બાલયોગી જેવા લાગો છો? તો બાલયોગી કહેવાયા.

**''જેને નામરૂપ આકાર નથી''**

કોઇ નામ નથી, કોઇ રૂપ નથી. હવે એવી વિભૂતિ, છતાંય અહિંયા આપણે જય મહારાજના વિગ્રહને સંતરામના નામથી ઓળખીએ છીએ. કોઇએ પૂછયું કે આપ તો ખુબ રમતા રામ છો, અને સંત પણ છો, તો કહે કે હા, સંતરામ. અહિંયા બિરાજ્યા ત્યારથી સંતરામનાં નામથી ઓળખાયા. એમની જે પરિવ્રાજકતા હતી પરિભ્રમણની અંદર, એમને જે જે નામથી સંબોધ્યા, એ નામથી ત્યાં રહી ગયા. એક જગ્યાએ કહ્યું કે બાપજી

આપ તો નિજ આનંદમાં મસ્ત રહો છો, તો નિજાનંદ.

**''નિજાનંદ સ્વામી સંતરામ સુખદાયક ગુર્જરખંડ માં''**

કેવા છો?

**''મમતા મારી સેન શીલવ્રતધારી સદાય આનંદમાં''**

જેણે પણ જય મહારાજને ઉપાસ્યા છે, એને આ પદ ગાયું છે, એટલા ઊંચા ભાવો જય મહારાજ પાસે વ્યકત કર્યા છે.

**''મન પવન તણા જેણે તોલ કિયા''**

તોલ કરો, પવનને બાંધી શકાય? મનનું વજન કરી શકાય? શરીરનું વજન થઇ શકે, પણ મનનું વજન કરી જુઓ જોઇએ? જેણે ગાયું અનુભૂતિપૂર્વક

આ જે જય મહારાજનું સ્વરૂપ છે, નિજાનંદ સ્વામીનું

**''નિજ સહજ સ્વરૂપ કો શોધ લીયા''**

આત્મસ્વરૂપને પૂરેપૂરું શોધી લીધુ. ત્યારે તો કહ્યું કે

પોતાના આત્માની અંદર સતત હંમેશાં સ્થિર છો. આપણે બેઠા હોઇએ. હાથપગને સ્થિર રાખી જુઓ જોઇએ? આપણી આંખને સ્થિર રાખી જુઓ જોઇએ? મનને સ્થિર રાખી જુઓ જોઇએ? ઇન્દ્રિયોની ચંચળતા ને સ્થિર કરી જુઓ જોઇએ? નહિં થાય. પણ જે સ્વાત્મનિષ્ઠ થઇ ગયા. પોતાના સ્વરૂપની અંદર જ સ્થિતિ પ્રાપ્ત થઇ ગઇ, પછી કશાયની જરૂર જ ન પડે. આપણે આપણી આંખના પલકારાને સ્થિર રાખી શકતા નથી, મનને વિચાર વગર સ્થિર રાખી શકાતુ નથી, તો આ તો પરિપૂર્ણ રીતે આત્માની અંદર જ નિષ્ઠ થઇ જાય.

**''સ્વાત્મનિષ્ઠમ્''**

કેવું તપોબળ હશે? કેવી ધિરતા, કેવી ગંભીરતા હશે? કે આખું ને આખું પોતાનું સ્વરૂપ. દેહાસકિતને એક બાજુએ મૂકી દે. દેહાધ્યાસ તો કયાંય હોય જ નહિં. ફકત પોતાના આત્માની જ સ્થિતિ. શરીરનું જે થવાનું હોય તે થાય, કહ્યું ને ટુંડાબાવા, એમને એમ વેરવિખેર પડયું હોય શરીર, આ છે સ્વાત્મનિષ્ઠતા. જય મહારાજના સ્વરૂપને કે એમના નામને કયાંય પણ એકરૂપતા નથી આપી. આત્માના સ્વરૂપે તો છે જ, જે સતત પ્રગટ છે.

**''સતતમ્ સંન્તિ ઈતિ સંત, સર્વેષામ્ હૃદયે રમન્તિ ઈતિ રામ.''**

અને,

**''સવૈસાં રમતિ ઇતિ રામં''**

**જે સતત લોકોના હૃદયમાં બિરાજીને રમી રહ્યા છે તે સંતરામ,** બીજું તત્ત્વ નહિ. દરેકનાં શરીરમાં જે સતત આત્મારામ સ્વરૂપે રમી રહ્યા છે, અને એ આત્મારામરૂપે શરીરમાંથી ઉઠી જાય તો? આત્મારામ ઉઠી જાય એટલે એના રામ બોલો ભાઇ રામ. એ આત્મનિષ્ઠા છે એમની પાસે. આપણે આગળ જોયું છે, કે શરીરના ટેકા અંદર છે, એટલે શરીર ઉભું છે. બીજા બધાને બહારથી ટેકા મૂકીએ તો ઉભું રહે, જયારે શરીરને તો અંદરથી ટેકો છે અત્યારે જુઓ જોઇએ, શરીરને બહારથી કોઇ ટેકો દેખાય છે? આપણે બેઠા છીએ. હવે જે નથી દેખાતો એ ટેકો હટી જાય તો? પછી એને ઉભું રાખી જુઓ જોઇએ, આ અલૌકિકતા નથી? ઇશ્વરને કયાં દૂર શોધવા જશો? શોધો આપણા પોતામાં અંદરથી ટેકો છે એટલે તો આ શરીર આટલું કામ કરી શકે છે, આટલું બેસી શકે છે, અંદરથી ટેકો હટી ગયો તો? શરીર આખુ મરી જશે. શરીર છે એનો મોટામાં મોટો ટેકો છે અંદરથી, એ છે ટેકો આત્માનો, અને એ આત્માની અંદર જ પોતાની જાતને સ્થિર કરી દે. બાહય શરીર

માટે કોઇપણ દરકાર ન હોય. અહિંયાં પણ જયારે જય મહારાજ એકલા બિરાજતા, સત્યાવીસ વર્ષ અહિંયાં બિરાજયા છે. ધ્યાન, તપ કરવું હોય, ગામ નજીક હોય એટલે કોઇ આવીને એમના ધ્યાનભજનમાં કોઇ વિક્ષેપ ન કરે, એટલે જય મહારાજ સિંહનું સ્વરૂપ લઇને બેસી જતા. આજથી બસો વર્ષ પહેલાંની વાત છે. એટલે દૂરથી જ જોઇને ભાગી જાય. મહારાજશ્રી પોતાના સાધન ભજનમાં લીન રહે. પણ જયારે જય મહારાજને નવા નામથી બોલવવા, પણ એ તો સહુના થઇ ગયા, સહુને માટે અહિંયાં બિરાજી ગયા, એને તીર્થ બનાવી દીધું. અહિંયાં કાયમને માટે નામ થઇ ગયું? **જય મહારાજ સંતરામ. કેમ? કે બધાયમાં એ સતત રમી રહ્યા છે. અંદર દેખાય છે એટલે તો એકબીજાને જય મહારાજ કહીએ છીએ તારામાં સતત રામ, સંતરામ રમી રહ્યા છે એટલે... જય મહારાજ.** એમ ને એમ કોઇ નથી કહેતું. આત્માની અનુભૂતિ પોતાના વડે પોતે કરવાની છે. હું મારા પોતામાં છું. પાકિટમાંથી કોઇક વસ્તુ, મગજમાંથી યાદશકિતમાંથી નીકળી જાય, અને મન એને ખોવાયેલી સાબિત કરી બેસે. પાકીટમાં જ પડી રહેલી વસ્તુને ખોવાઇ ગયેલી જાહેર કરી દીધી. બધે જ શોધ્યું, આખું ઘર ફેંદી વળ્યા ન મળ્યું. પછી એક દિવસ અનાયાસે જ એ વસ્તુ પાકીટમાંથી મળી ગઇ. અરે આ તો આ પાકીટમાં જ હતી. પ્રાપ્ત તો હતું જ. પણ એની પ્રાપ્તિ થઇ ગઇ. આત્મા પણ આપણા પોતાની અંદર પડેલો છે જ, પણ કેટલીય આસકિત, કેટલીય મમતા, એની ઉપર એવી છવાઇ ગઇ છે કે આત્મા ઢંકાઇ ગયો છે, દેખાતો નથી. પુત્રની આસકિત હોય, સંપત્તિની આસકિત હોય, પરિવારની આસકિત હોય, પુરુષને પત્નીની આસકિત હોય, એ બધી જ આસકિતઓની નીચે દબાઇ ગયેલો આત્મા કોને

દેખાવાનો હતો? સદ્ગુરુ એ બધા જ કચરા સાફ કરે.

**''વિગતમલયુતં કિંકરાણાંહ્દિસ્થં''**

સદ્ગુરુ એ મળને સાફ કરે, અને ત્યારે જ એમાંથી સાચું દર્શન થાય. જય મહારાજ તો સ્વયં પરમતત્ત્વનું સ્વરૂપ છે. એ તો પોતાના પરમથી દૂર કયાં જવાના છે? એ તો હતા જ. કયાં દૂર છું અને રહેવાનો છું.

**''તત્ત્વમસિ''**

આ વેદવાકય છે. પણ જય મહારાજે તો ગાયું આ ત્રણ છે. 'તત્', 'ત્વમ્' અને 'અસિ' ત્રણ છે. ત્રણને શા માટે રાખે છે, એક ને જ રાખ.

**''તમ્ પદ તત્વં પદ ત્યાગીને''**

**એને છોડી દે**

**''અસિપદમાં ચિત્ત ધાર''**

હું છું જ. તમ્ પદ્ તત્ પદની કશી પણ જરૂર નથી, હું પોતે જ છું.

**''સ્વાત્મનિષ્ઠ''**

**અને એના માટે કહ્યું કે,**

**''વંદેહં સિધ્ધિયુકતં''**

અને આ સિધ્ધિ પોતાના આત્માની જેણે પ્રાપ્ત કરી છે

**''પરમપદવિદં''**

**''શ્રીગુરુ સંતરામ''**

એવા સદ્ગુરુ સંતરામને અમારા અગણિત અગણિત કોટિ કોટિ વંદન.

## પ્રકરણ–૨૬

# સમજણને અજવાળે ગળ્યા

**યોગીન્દ્રં વિશ્વવન્દ્યં સકલગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્**
**કલેશાતીતં મમેશં હયચલસુખકરં સચ્ચિદાનંદરૂપમ્,**
**શિષ્યાણાં જ્ઞાનંદતં વિગતમલયુતં કિંકરાણાહ્રદિસ્થં,**
**વંદેઽહં સિધ્ધિયુકતં પરમપદ વિદં શ્રી ગુરું સંતરામમ્.**

પરમેશ્વર પરબ્રહ્મ સ્વરૂપ સ્વયં યોગીરાજ અવધૂત આપણા સૌના જીવનને સ્પર્શી રહ્યા છે. હૃદયમાં એક ભાવ જાગે છે, સ્તુતિના શબ્દો હૃદયની અંદર, હૃદયના કંઠમાં પહેરાયેલા છે અને એ હૃદય ઉદ્દગાર પ્રભુચરણમાં, પરબ્રહ્મના ચરણમાં સંપૂર્ણ નિવેદન કરતાં પ્રણામ કરી પોતાનું સર્વસ્વ સમર્પિત કરી રહ્યા છે. સ્તુતિના શબ્દો, સ્તુતિનું હાર્દ, એ જ એટલો સુંદર ભાવ છે હૃદયનો. ભાવપૂર્વક વંદન થતાં હોય સ્તુતિમાં.

**''વંદેહમ્''**

બસ, એ જ સમર્પણનો ભાવ છે

**''સિધ્ધિયુકતં પરમપદવિદંશ્રી ગુરુ સંતરામં''**

ગુરુ એટલે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ તત્ત્વ, એને ગુરુ કહેવામાં આવે છે સદ્ગુરુ. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ, સાચું, એનુ નામ છે સદ્ગુરુ. શ્રેષ્ઠ સત્ય,

એનું નામ સદ્ગુરુ. જય મહારાજ આપણી સહુની ઉપાસનાના, આરાધનાનાં ઇષ્ટદેવ છે, અને એ જ આપણી સહુની માટેનું પરમશ્રેષ્ઠ સત્ય છે. જેનાં ચરણમાં આપણે આપણું માથું મૂકીને સર્વસ્વ આપણે સમર્પિત કરી બેઠા છીએ. વિશ્વાસ છે જીવનમાં કે અમારુ પરમ કલ્યાણ કરનાર કોઇપણ વિભૂતિ હોય, તે પ્રાપ્ત થયા છે અમને. એ જય મહારાજ આપણા જીવનને, આપણા હૃદયને સ્પર્શતા હોઈ આપણા અંતઃકરણની હૃદયની ઘંટડીઓને એવી રણકાવતા હોય કે એમાંથી મધુર નાદ આવે, અહમ્ બ્રહ્માસ્મિ, તત્ત્વમસિ, અંદર રણકારની સાથે આપણને જાગ્રત કરતા હોય, જો તારું તત્ત્વ કયું છે, તુ શું છે.

**''સ્વાત્મનિષ્ઠં''**

તારા પોતામાં તારી પોતાની નિષ્ઠાને, તારા પોતાના વિશ્વાસને દૃઢ કર. તુ જેને ઇચ્છું છું, જેને પામવા માટે સાધન ભજન કરી રહ્યો છું, એ પોતે તું જ છું. તત્ત્વમસિ, તે તું જ છુ, બીજે કયાં શોધવા જઇશ? જે તારું સ્વરૂપ છે એ જ તું પોતે છું. આમ આત્મનિષ્ઠા સાચો સાક્ષાત્કાર છે. આપણા હૃદયની અંદરની ભાવનાઓ જયાં સુધી સત્યસંકલ્પ ન બને, દૃઢ સંકલ્પ ન બને ત્યાં સુધી કોઇપણ લક્ષ્ય સુધી પહોંચી શકાતું નથી. જો પોતાનો દુરાચારનો લક્ષ્ય દૃઢ હશે, તો દુરાચાર સુધી પહોંચી શકાશે. જો માણસ દૃઢ હશે તો એ વિકૃત્તિઓ સુધી પહોંચાડશે. પણ જે સત્યસંકલ્પ છે, દૃઢ સંકલ્પ છે એ પણ આત્મનિષ્ઠાની આત્મદર્શનની સ્થિતિ સુધી પહોંચાડી શકે છે. જો લક્ષ્ય સારું હોય સંકલ્પ સારો કરવામાં આવ્યો હોય તો. ખોટો સંકલ્પ કર્યો હશે તો આપણે ખોટા રોડ ઉપર જ દોડવાનું છે. વ્યસન ઉપર દ્રઢ સંકલ્પ કરીશું, કે જોઇશે જ, નહિં ચાલે, તો એને એ જ રોડ ઉપર

દોડાવશે, દોડાવ તારા જીવનની ગાડી. સત્ય સંકલ્પ હશે, દ્રઢ સંકલ્પ હશે આત્મા માટેનો તો આપણે પોતે છે, એ દ્રઢ સંકલ્પ આત્માનો આપણા જીવનમાં સડસડાટ દોડશે. લક્ષ્ય છે, ગંતવ્ય છે, દ્રઢ સંકલ્પ છે, જવું જ છે, જવું જ છે, પણ જવાની ઇચ્છા જ ન હોય, એનાથી મુકત થવાની ઇચ્છા જ ન હોય તો ઢસેડાય જ ઢસેડાય જ. અને એ ગાડી ઢસેડાય તો ખરી જ, પણ જાય તો એ જ રસ્તે એનો નેશનલ હાઇવે એ છે. કારણ કે દુરાચારનો દ્રઢ સંકલ્પ કરી લીધો. જીવનની અંદર સન્માર્ગ માટે દ્રઢ સંકલ્પ કરવો પડે. જેટલો સાચો અને સારો સત્ય સંકલ્પ દ્રઢ કર્યો હશે એટલા જ આપણે એ ક્ષેત્રમાં એ માર્ગે એના સુધી ખૂબ જ સરસ રીતે પહોંચી શકીશું. પણ એ માટે સંકલ્પ સત્ય અને સારો હોવો જોઇએ. **સદ્‌ગુરુ શ્રેષ્ઠ સત્ય એ પોતાનું આત્મસ્વરૂપ છે. અને આત્મસ્વરૂપને પહોંચવા માટે દ્રઢ સંકલ્પ હોવો જોઇએ. હલકા સંકલ્પ દ્રઢ કરીને ત્યાં સુધી જો પહોંચી શકો છો, મનથી, શરીરથી વ્યવહારથી. એવા જો દ્રઢ સંકલ્પ સન્માર્ગે કરશો તો અવશ્ય ત્યાં સુધી પહોંચી જવાશે. મોટી ખોટ ત્યાં છે કે મનોબળ કાચું છે. મન નિર્બળ છે. અને એને કારણે સત્યસકલ્પને દ્રઢ કરવામાં આળશ આવતી હોય છે.** મન નબળું પડે છે શકિતહિન છે. તો મનની નિર્બળતા માણસને ઉત્થાનને માર્ગે નહિં આગળ વધવા દે એ માર્ગ પકડવા જ નહિં દે, કારણ કે ખોટો માર્ગ પકડી લીધો છે. સન્માર્ગ સદ્‌ગુરુ આપશે. સદ્‌ગુરુ સિવાય, આ સંસાર, કોઇપણ દુન્યવી વ્યકિત કે વસ્તુ, તમને સન્માર્ગ બતાવવા માટે તૈયાર થશે જ નહિં. એક સદ્‌ગુરુ જ એવા છે. સંસાર છે તમને ગૃહસ્થને માર્ગે જ લઇ જશે. મા બાપ કહેશે કે મારે મારા છોકરા પરણાવવા જ છે. મારે પરણાવવા જ છે, કેમ? અમે પરણેલાં છીએ માટે અમારે પરણાવવા છે. સદ્‌ગુરુની પાસે જઇશું

તો? શી જરૂર છે, આવી જાવ અમારી પાસે પરણવા માટે નહિં જવા દે, કારણ કે સદ્ગુરુ એને એ માર્ગેથી પાછો વાળશે. **સત્યને માર્ગે, સન્માર્ગે લઇ જાય એ સદ્ગુરુ છે.** સ્વાત્મનિષ્ઠાનો દ્રઢ સંકલ્પ કરવા માટે મનોબળ જોઇએ, નબળું મન ન ચાલે.

**''ઢીલા પોચે તો જોગ થાય નહિં લુખ્ખા નું નહિં કામ,**

**એવો પ્રેમજોગ કોઇ પ્રેમીજન કરે, લુખ્ખા નું નહિં કામ''**

હૃદયની અંદર પ્રેમ હોવો જોઇએ કે મારે સન્માર્ગે જ જવું છે. એ માર્ગને પસંદ કર્યા પછી એના પ્રત્યે સદ્ભાવ, પ્રેમ, લગન, વાત્સલ્ય કેમ? ખોટા માર્ગ તરફ લાગણીઓ દોડતી જ હોય છે અને એ તરફ એમ ને એમ ખેંચાઇ જતા હોય છે. તો જો સન્માર્ગ તરફ પ્રેમ કરીએ.

**''એવો પ્રેમજોગ કોઇ પ્રેમીજન કરે.''**

અને ત્યાં હૃદયની અંદર પ્રેમ ન હોય, હૃદયની અંદર સત્યસંકલ્પ ન હોય, મનોબળ ન હોય, તો હૃદય મન આત્મા પણ નબળો પડશે. સન્માર્ગે જવા માટે સંયમ કરવાનો છે. ત્યાં આગળ સદાચાર રાખવાનો છે, કોણ તૈયાર થશે? મા બાપ તો એમ જ કહેશે કે અમે પરણ્યા છીએ, તો અમારે તો છોકરાઓને પરણાવવા જ છે, અને સદ્ગુરુ પાસે જશે તો સદ્ગુરુ કહેશે આવ, જય મહારાજનું શરણ તો ખુલ્લું પડયું છે, આવી જા, મોજ કરજે. બહુ જ સરસ વસ્તુ છે, કેવી મોજ હોય એ. આ આખી જ એક ભાવના હૃદયની અંદર જાગ્રત થાય, સદ્ગુરુ મહારાજ સત્યસંકલ્પ વડે સન્માર્ગે લઇ જાય છે.

**''વંદેહમ્ શ્રી સંતરામ ગુરુમ્''**

આપણે વંદન કરીએ છીએ, પગે લાગીએ છીએ, કારણ કે

આપણું જીવન જય મહારાજ પાસે જોડાયેલું છે. એમાં જોડાયા પછી એમાં વિશ્વાસ છે, અને વિશ્વાસ દ્વારા દ્રઢતા છે, કે અમને પાર ઉતારશે જ. જય મહારાજ અમને સન્માર્ગે જ લઇ જશે, ખોટા માર્ગે જવા જ નહિં દે, આટલો વિશ્વાસ. અને દુનિયા છે, દુનિયાદારી છે, એ તમને નહિં જવા દે, અરે જવાતું હશે આપણાથી, એમ કરીને એને તોડી પાડે. સત્યનો માર્ગ છે, એ સદ્ગુરુ બતાવે છે. એમના પ્રત્યે સદ્ભાવ આપણને સમર્પિત થવાની વાત કરે છે.

**''વંદેહમ્ સિધ્ધિયુકતં''**

જેણે પોતાના જીવનની સફળતા અગાઉથી પ્રાપ્ત કરી લીધી છે. જીવનની સફળતા પ્રાપ્ત કરવી સહેલી છે ખરી? દરેક માણસનું અંતઃકરણ અંતસમયે બોલતું હોય, કે રાતે સૂતાં બોલતું હોય કે હું કેટલો સફળ થયો છું. અંદરથી અવાજ આવશે કે મારું જીવન નિષ્ફળ જઇ રહ્યું છે. હું કશામાં સફળ થઇ શકયો નથી. એનો અંતરાત્મા બોલશે, આટલું સ્પષ્ટ વર્તાતું હોય પોતાની જાત માટે, એનું અંતઃકરણ એકાંતમાં બેસીને વિચારતું હોય કે મારી આ દશા? એક વેપારમાં નિષ્ફળ ગયેલો માણસ આપઘાત કરવા તૈયાર થતો હોય. વેપારમાં કમાયેલું હશે પાંચ-દશ-પંદર-વીસ વર્ષનું અને એ ગુમાવે એટલે આત્મહત્યા કરવા તૈયાર થઇ જાય. અરે હું તો ખાલી થઇ ગયો, આત્મહત્યા. પણ આ તો આખા જીવનભરનું ગુમાવે છે છતાંય એને એમ નથી થતું કે હું આત્મહત્યા કરું. ના ના ના. આ તો જીવન ગુમાવી દીધું છે. પેલું તો વ્યાપારમાં વ્યવસાયમાં પાંચ-દશ-પંદર-વીસ વર્ષનું જો ગુમાવી બેસે તો હાય હાય કરીને આત્મહત્યા કરે, અને આ તો આખું જીવન ગુમાવો છો, એનું શું? એ તરફ અમારું લક્ષ્ય નથી.

આ જીવનનો વ્યાપાર આવડો મોટો નિષ્ફળ જઇ રહ્યો છે, એનું અંતઃકરણ કહેતું હોય કે અમે નુકશાન કરી રહ્યા છીએ, ખોટો ઉપયોગ કરી રહ્યા છીએ, બરબાદ થઇ રહ્યું છે જીવન, પણ વિચાર આવે તો ને? એકમાત્ર સદ્‌ગુરુ જ, દુરાચાર અને દુર્વ્યયમાં રગદોડાતું આ જીવન, એને બહાર કાઢે, મા કે પિતાની માફક એક શરણાર્થીને નવડાવી ધોવડાવી ચોખ્ખું કરે, એમ સંસારના કાદવથી સ્વચ્છ કરે, પવિત્ર કરે, આવ તું મારો જ અંશ છું. તું પ્રાણ છું, આત્મા છું, મારાથી તું જુદો નથી જ, એમ કહીને એને પરિપૂર્ણ રીતે સ્વીકારી લે. તેનો ઉદ્ધાર કરી દે. કેટલો સરસ ભાવ છે. જેની પાસે આખા જીવનની સફળતા મુઠ્ઠીમાં જ છે, અને આપણે સફળતા માટે ફાંફાં મારવા પડે છે.

જેણે પોતાના સમસ્ત જીવનને સફળ બનાવેલું છે. એમને શરણે જવાનું છે, એમને સમર્પિત થવાનું છે ચાલો.

**''સિધ્ધિયુકતં અહમ્ વંદેશ્રી ગુરું સંતરામં''**

એવા જય મહારાજના ચરણમાં અમે વંદન કરીએ છીએ. આ શ્લોકનાં આપણે લગભગ દોઢ મહિના સુધી દર્શન કર્યાં. એમાં જય મહારાજનું તત્ત્વદર્શન આપણને મળ્યું. જય મહારાજને તાત્વિક દર્શનથી આપણે પામી શકયા. જય મહારાજનાં દર્શન કરીએ છીએ, નિત્યનિયમ કરીએ છીએ, પણ આટલા ઊંડાણથી જય મહારાજને પામવા એ સત્સંગનો પ્રતાપ છે. આટલો બધો મહિમા જય મહારાજનો આપણને એક શ્લોકથી મળતો હોય, માત્ર મહિમા જ મળતો હોય, એ જય મહારાજના સ્વરૂપમાંથી શાશ્વતતા કેટલી બધી મળે? કેટલી મોટી શાશ્વતતા છે, અનંતતા, કયારેય પણ ખૂટે નહિ. આકાશની ઉપર નજર કરો જોઇએ! કેટલું ઊંડાણ છે. એક એક તારાનો પ્રકાશ ધરતી સુધી પહોંચતાં જે સમય

લાગે એને પ્રકાશવર્ષ કહેવાય. અને એ પ્રકાશવર્ષના માઈલો કેટલા? એટલાં ઊંડાણ સુધી આપણે આકાશમાં જોઇ શકીએ છીએ. એ તારાઓના પ્રકાશને આપણે એક પલકારામાં જોઇ શકીએ છીએ. એટલા બધા પ્રકાશવર્ષને આપણી આંખો વડે જોવાની શકિત એક સેકન્ડની. એ તારાના પ્રકાશને આવતાં કરોડો વર્ષો થાય, અને આપણી દૃષ્ટિ તરત જ પહોંચી જાય.

**''સિધ્ધિયુકતં''**

એ અનંત આકાશ કેવું હશે? કેટલું ઊંડું હશે? અમાપ, અગાધ, અનંત, સૂર્યનું કેટલું લાખો માઈલનું અંતર છે, એથી પણ આગળના તારાઓનું અંતર કેટલું બધું? આકાશ કેટલું બધું ઊંડુ? પણ જે આ પરમાત્મા સ્વરૂપ અવધૂતની ઊંચાઇ અનંત છે તારાઓથી પર છે. એટલી અનંત છે, એટલી અગાધ છે કે એનું માપ ન નીકળી શકે. એટલા માટે કહ્યુ કે

જેણે આટલી મોટી સિધ્ધિ, સિધ્ધિ એટલે લોકોને બતાવવાની નહિં, ચાંદી કાઢીને આપે, ભભૂતિ કાઢીને આપે, એ સિધ્ધિ નથી. એ તો જાદુગરનો જાદુ છે ખેલ છે. આમથી આમ કરીને રૂપિયો ગાયબ કરી નાખશે. એ સિધ્ધિ નથી. સિધ્ધિ એટલે પોતાના આત્મતત્ત્વની પરાકાષ્ટા, અને એની અનંતતા. કેટલી બધી અગાધતા, અનંતતા હશે, એમાં કોઇ કયાશ ન કાઢી શકે.

**''અખંડમંડલાકારં વ્યાતં યેન ચરાચરં''**

જડ ચેતન સર્વમાં જેની સત્તા વ્યાપી રહી છે અનંતની પાર.

**''અખંડમંડલાકારં''**

આ જે કોઇ ગોળાકાર દેખાય છે, એની અંદર જે પણ કાંઇ

છે એ બધુ જ. એ તત્ત્વને પામી ચુકેલા છે, ત્યાં સુધી પહોંચી ચૂકેલા છે.

**"વ્યાપ્ત યેન ચર અચરં"**

**"તત્પદં દર્શીતમ્"**

એ પદ એ સ્થિતિની અનુભૂતિ પૂરેપૂરી કરી દીધી છે. માટે કહ્યું છે કે,

એ સિધ્ધિની ઊંચાઇ કેટલી હશે? હોય એનું કોઇ માપ? પ્રકાશવર્ષનું તો માપ થઇ ગયું. પણ એ સિધ્ધિઓનું માપ અનંત છે, કયારેય પણ ન નીકળી શકે. એવા પરમઅવધૂત પરમતત્વ આટલી મોટી સિધ્ધિ છે, કોઇ કલ્પનામાં ન આવી શકે.

**"સિધ્ધિયુકતં વંદેહમ્"**

એવી ઊંચાઇને હું વંદન કરી રહ્યો છું. અને એ ઊંચાઇ જડ ચેતન સર્વમાં વ્યાપ્ત છે. એટલે આપણે બાકી રહ્યા ખરા? જય મહારાજને એટલી જ પ્રાર્થના કરીએ, આપ આવા શાંત સ્વરૂપ વ્યાપક છો. અમને પણ એમાં સમાવી લેજો. જેમ સમુદ્રમાં વરસાદનો છાંટો પડે, પછી એમાં વિલીન થઇ જાય, કશું પણ અલગ ન મળે. એમ આપણે આ આંશિક આત્મતત્ત્વને હંમેશાને માટે વિલીન કરી દઇએ, કે કયારેય પણ છૂટા પડવું હોય તો પણ ન પડી શકાય. પછી કોનાથી જુદા પડવાનુ? પોતે જ પોતાના સ્વરૂપની અંદર વિલીન થઇ ગયા. પાણીનો છાંટો, એ તો એક આકસ્મિક ઘટના છે, પણ એ છાંટો જયારે સમુદ્રની અંદર પડયો. પછી કશું પણ જૂદુન રહ્યું, એ વાસ્તવિકતા છે. આપણે અત્યારે જે માણસ તરીકે જનમ્યા છીએ, એ એક અકસ્માત છે. આપણું માણસ તરીકેનું અસ્તિત્વ એક અકસ્માત છે, જયારે વ્યાપક બ્રહ્મ

જેમાંથી આપણે આવ્યા છીએ, એમાં પાછા જઇને ભળી જઇશું, એ વાસ્તવિકતા છે.

**''એ બ્રહ્મમાં ભેળા ભળ્યા,**
**જે પહોચ્યા તે પાછા નવ વળ્યા,**
**સમજણને તે અજવાળે ગળ્યા''**

ઓગળી ગયા એની અંદર માણસના અસ્તિત્વને, જોઇએ છીએ ત્યાં સુધી સ્વીકારીએ છીએ. મૃત્યુ પછી એક દિવસ ગયો, મહિનો ગયો, એક વરસ ગયું, અને પછી વિલિન થઇ ગયા. આપણા માનસમાં પણ ન રહ્યું અલગપણું.

**''સિધ્ધિયુકતં''**

જય મહારાજની આ અવસ્થા પરબ્રહ્મની વ્યાપકતા, અનંતતાની એવા સદ્‌ગુરુની વંદના કરવા માટે આપણાં મસ્તક છે. એ અનંતતાને વંદવા માટે આપણાં મસ્તકને લાયક કરો. ચાલો આપણું માથું ત્યાં સમર્પિત કરી દઇએ, એમના ચરણે મૂકી દઇએ. એ આપણો સ્વીકાર કરી લે. સ્વીકાર ન કરે તો શું કરો? એટલે પ્રાર્થના કરીએ કે જય મહારાજ અમને આપના અંશરૂપે કાયમને માટે સ્વિકાર કરો, અને એ આપની પરમસિધ્ધિ, પરમતત્ત્વ 'અખંડ મંલાકારમ્' એમાં અમને હંમેશને માટે સમાવી દેજો, એમ કહેતાં અહિં કહ્યું કે

**''વંદેહમ્ સિધ્ધિયુકતં પરમપદવિદં''**

એ પરમસ્થિતિ એ પરમસીમાનું પદ છે એને પામેલા છો આપ. એની અનુભૂતિ આપની પાસે છે. પરમપદના સ્વરૂપ આપ સ્વયં જ છો, પામવાની વાત કયાં રહી? અને એવી વિભૂતિના ચરણમાં અમારું માથું મૂકીએ. આપણે લાયક બનીએ, જય

મહારાજ અમે અર્પણ કરીએ છીએ, આપ સ્વિકાર કરશો અમારો, એને પણ કેવી રીતે કહ્યું ?

આપ અમારી મૂડી છો, અમારી મિલ્કત છો

**''શ્રી ગુરું સંતરામં વંદેહમ્ સિધ્ધિયુકતં''**

આની અંદર જેટલા ઊંડા ઉતરીએ એટલું ઓછું છે. તળીયું તો આવવાનું જ નથી. આકાશનો છેડો તો આવવાનો નથી, તમે ઉડી ઉડીને કેટલું ઉડશો ?

**''પંખી ઉડે આસમાનમાં પંથ તણો નહિં પાર''**

આકાશમાં ઉડયા કરે તો પણ આકાશનો અંત આવે ખરો ? એનો છેડો આવે જ નહિં.

**''અનલ અવની આવે નહિં પંખી એ ન પહોંચાય''**

આવી સિધ્ધિ તો સામાન્ય જીવાત્મા સુધી તો પહોંચી જ ન શકે.

**''પંખી એ ન પહોંચાય''**

શું થશે ?

**''હરિગુરુ સંત કૃપા થકી પૂરણપદ પ્રિછાય''**

ત્યાં પહોંચવું હોય તો, પરમપદ સુધી કે પૂર્ણપદ સુધી.

એટલા માટે એ પૂરણપદને એ પરમ પદને પામવા માટે માત્ર આપણી પાસે શું છે ? બે હાથ ને માથું, અને હૃદય. હૃદયપૂર્વક બે હાથ જોડીને મસ્તક, સમર્પિત કરી દઇએ. 'વંદેહમ્' કહી દઇએ આપના ચરણમાં, આપના સ્વરૂપમાં અમને હંમેશને માટે સમાવી લેજો.

## પ્રકરણ-૨૭

# નવેતરિએ સત્તાવીસ

**યોગીન્દ્રં વિશ્વવંધ્યં સકલ ગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્**
**ક્લેશાતીતં મમેશં હ્યચલસુખકરં સચ્ચિદાનંદરૂપમ્**
**શિષ્યાણાં જ્ઞાનદં તં વિગતમલયુતં કિંકરાણાંહ્યદિસ્થં**
**વંદેહં સિધ્ધિયુક્તં પરમપદવિદં શ્રી ગુરું સંતરામમ્**

**શ્રી ગુરું સંતરામમ્** આદરનો ભાવ છે. પ્રેમનો ભાવ છે. પરમાત્મા સ્વયમ્ જય મહારાજ આપણા સહુના જીવનના એક આદર્શ, આપણા જીવનનું એક ભજન, આપણા જીવનનું સાધન છે. આપણું જે સર્વસ્વ છે એનું જતન, એનું સ્વમાન કેમ જાળવવું એ પણ એક સમજવા જેવું છે. અહીંયાં શ્રી ગુરું કહ્યું, એકલા ગુરુ કહ્યું હોત તો? અહીયાં ''**શ્રી**'' એ આદરવાચક છે. ક્યારેય પણ જય બોલીએ એટલે સંતરામ મહારાજની જય એમ નહિ, ''**શ્રી સંતરામ મહારાજ કી જય**'' એમ બોલવું. આપણા આરાધ્ય છે. આપણા સર્વસ્વ છે. માટે જ્યારે પણ જય બોલીએ એટલે આગળ સન્માનવાચક, આદરવાચક પૂજ્યવાચક એ પ્રમાણે શ્રીનું સંબોધન થાય. આપણે પહેલાં જોયું કે શ્રી એટલે કે કયું શ્રી? જય મહારાજની તપની, સદાચારની, સંયમની, સાત્વિકતાની. આ શ્રી, આ વૈભવ જેની પાસે છે દુનિયાની સંપત્તિ નહિ, આધ્યાત્મિક

સંપન્નતા ના શ્રી છે, અને એટલા માટે એવી અદભૂત સંપન્નત્તા છે કે જેના માટે આપણને સહુને આદરભાવ જાગે..કે મારા જય મહારાજ આવા છે ? મારા જય મહારાજમાં આટલું બધું છે? એ શક્તિઓનો જો કોઈ આપણને પરિચય કરાવે તો જય મહારાજને કેટલો બધો આનંદ થાય? ભલે પરિચય ના અપાવે તો પણ જાણીએ જ છીએ કે જય મહારાજ કેટલા શક્તિશાળી છે. એટલા માટે સ્તુતિ કરતાં કરતાં સંતોએ કહ્યું કે શ્રી ગુરું. અહીં સંતરામ પણ કહી શકાય, પણ આપણું સર્વસ્વ છે જય મહારાજ, આપણા સર્વશ્રેષ્ઠ છે એટલા માટે શ્રી ગુરુમ્ કહ્યું. જેની પાસે જય મહારાજ માટે ભક્તિ છે એ તો એમ જ કહશે કે

**''ગરીબ લોક જાણે ભગવંત છે જો,**
**લક્ષ્મણદાસ કહે અમારા તાત છે જો,**
**પુંજાભાઈ શામળદાસ એક ભક્ત છે જો,**
**વારી જાઉં રે સંતરામજીના નામને જો,''**

અમે ઓવારી જઈએ, સમર્પિત થઈ જઈએ. જય મહારાજ ને અમે પૂરેપૂરા સમર્પિત થઈ જઈએ.

**''વારી જાઉં રે સંતરામજીના નામને જો''**

મારું કંઈ જ નથી સમર્પણમાં હું પણ જય મહારાજનો. હું પોતે પોતાનો ના રહ્યો. આપણે કોના થવાનું ? પરિવારમાં પરિવારના થવાય પણ સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લીધી હોય અને જય મહારાજના જ આપણે હોઈએ પછી આપણું કોઈ નહિ. આપણું જે સર્વસ્વ છે તે જય મહારાજ. **આપણે જય મહારાજના અને જય મહારાજ આપણા.** આવો સીધો ભાવ ડાયરેક્ટ ડાયલિંગ, વચ્ચે કશું જ નહિ.

**''અમે તમારા ને તમે અમારા થઈ રે**
**તમે મોટા અને અમે મોટાના કહેવાય રે''**

પુનિત મહારાજે બહુ જ સરસ ભાવ લખ્યો છે. આપ મોટા અને અમે મોટાના. કેટલો સરસ ભાવ છે. તો આમ સદૈવ આપણને જય મહારાજ પ્રત્યેનો આદર ઊંચામાં ઊંચો રહેવો જોઈએ. ૧૦૮ એટલે? માળા ફેરવીએ છીએ ત્યારે ૧૦૮ વખત નામ સ્મરણ કરીએ. ૐ શ્રી સંતરામ સદગુરુ શરણમં, ''**ૐ શ્રી સંતરામ સદગુરુ શરણમં મમ**'' આમ ૧૦૮ વખત કેમ? અને એટલો આદર કેમ? એનું રહસ્ય છે. ૧૦૮ શા માટે? ૧૦૮ એટલા માટે કે આપણે જેને ઉપાસિએ છીએ, જેને ભજીએ છીએ તે પરમતત્ત્વ છે. ઊંચામાં ઊંચું તત્ત્વ છે, કંઈક આ. ધરતીની માટીનું તત્ત્વ નથી, પાંચ ભૌતિકતાવાળું તત્ત્વ છે. આ જે પણ કાંઈ જાપ નામસ્મરણ, માળા કરીએ છીએ તેમાં ૧૦૮ અને ૧૦૮ સ્થિતિઓ, ૧૦૮ અવસ્થા, મારા જય મહારાજની છે. એ તત્વ ધરતી ઉપરનું નથી, અવકાશી છે. અલૌકિક છે. ૨૭ નક્ષત્રો ચંદ્ર અને સૂર્ય, એનું સ્થાન ક્યાં છે? આકાશમાં, ઊંચામાં ઊંચું સ્થાન છે, અને એ ૨૭ નક્ષત્રમાં જ્યારે ચંદ્ર અને સૂર્ય એમાંથી ગતિ કરે ત્યારે એક નક્ષત્રમાં ચાર અવસ્થા હોય, ચંદ્રની પણ સૂર્યની પણ, અને એ નક્ષત્ર ચોમાસામાં આવતાં હોય, કહે કે કયું નક્ષત્ર? તો કહે કે મઘા નક્ષત્ર. અત્યારે મઘા નક્ષત્ર આકાશમાં છે આદ્રા નક્ષત્ર, પુષ્ય નક્ષત્ર, આ બધાં નક્ષત્રો વરસાદનાં નક્ષત્રો છે. નવ નક્ષત્ર વરસાદનાં, નવ ઠંડીનાં, અને નવ નક્ષત્ર ગરમીનાં, ''**નવે તરિયે સત્યાવીસ**'' નવ નવ નક્ષત્ર બધાને વહેચેલાં છે વરસાદનાં નવ નક્ષત્ર નકામાં જાય તો વરસાદ આવે નહિ, અને આખું વરસ નકામું જાય અને એ વરસાદનું નક્ષત્ર શરૂ ક્યારથી થાય? કૃતિકા નક્ષત્રથી

રોહિણી કહેવાય, **કહે છે ને ઋણ રેલી, નહિ તો ઋણ દાઝી,** ખેડૂતો એમ કહે. વરસાદના ચાર છાંટા પણ પડે તો સમજી લેવાનુ કે બસ ચોમાસું સારું છે. અને નક્ષત્રો છે તે દરેકની ચાર ગતિ, ચંદ્રની ચાર ગતિ, સૂર્યની ચાર અવસ્થા એટલે સત્યાવીસ ચોકુ એકસો ને આઠ. ૧૦૮ અવસ્થા અંતરિક્ષમાં, અને આપણે એક એક અવસ્થાને યાદ કરીએ છીએ. અમારા જય મહારાજ એટલા ઊંચા તત્ત્વમાં છે. ૧૦૮ માળાના મણકા કેમ? માળાના ૧૦૮ કેમ જપવાના? આપણે જેની આરાધના, જેની ઉપાસના કરીએ છીએ જે આપણા આરાધ્યદેવ ઈષ્ટદેવ ક્યાં છે, તેમની સ્થિતિ ક્યાં છે? અંતરીક્ષમાં એટલે બધે ઊંચે છે, સામાન્ય નથી અને એકસોને આઠ નામ સ્મરણ કરીએ ત્યારે આખા આકાશની એક પરિક્રમા પૂરી થાય. ૨૭ નક્ષત્રની ચાર ચાર લેખે ૧૦૮, હવે ખબર પડી કે આ ભગવાન છે. આપણે પણ આપણા હૃદયમાં જય મહારાજ પધારેલા હોઈ, આપણે જય મહારાજના થઈ ગયા, જય મહારાજ આપણા થઈ ગયા, પછી ક્યાં જાવ છો મારાથી? કેટલેક જશો અમને છોડીને?

**''મારા જીવનથી જુદા કેમ થશો રે''**

બસ આ ભાવ હોય. એટલે શ્રદ્ધાનો વિષય છે. ઉપાસનાની અંદર શ્રદ્ધા જ મહાન છે.

**''શ્રધ્ધામયોયં પુરુષો યોયચ્છદ્વ સ એવસ''**

ચાણક્ય પણ એમ કહે કે

**''ના દેવો વસતે લોસ્ટે કાષ્ટે ચ પાષાણે''**

**ભગવાન કોઈ મૂર્તિમાં નથી રહેતો, આપણા હૃદયની ભાવનામાં રહેતો હોય છે.** ભલે ને રેતીનો, માટીનો જ પિંડ બનાવ્યો હોય પણ ભાવના, શ્રધ્ધા હોય તો એની અંદર પણ

આવીને બેસવું પડે. એકલવ્યએ, માટીની મૂર્તિ બનાવી દ્રોણ આચાર્યની, તો આવી ને બેસવું પડયું. બધી વિદ્યા આપી. આવી અટલ અગાધ શ્રધ્ધા હોય તો એને પણ આવવું પડે. અને આવે એટલે, આપણે જ્યાં બેસાડીએ ત્યાં બેસવું પડે. ઈંટ ઉપર ના બેસાડ્યો? ઊભો રહે, અરે ભગવાન છે તો શું થયું. પુંડરિકે કહ્યું, મારા માં બાપ ની સેવા કરું છું, ઈંટ આપી, કહ્યું કે ત્યાં સુધી આની ઉપર ઊભા રહો. આદર કર્યો અનાદર નથી કર્યો. ભગવાને એની ઉપર ઊભા રહેવું પડ્યું. જ્યાં સુધી માતા પિતાની સેવામાંથી નિવૃત્ત ના થયો. એટલે ભક્તને આધીન ભગવાન છે. બોડાણો ગાડું લઈ ને નીકળ્યો, હાંકવા બેઠો,જોયું કે આ તો પહોંચશે નહિ, ભગવાને કહ્યું કે તું સૂઈ જા, અને મને હાંકવા દે. ભગવાનને જ્યાં બેસાડો ત્યાં બેસવા તૈયાર છે. હૃદયમાં પણ બેસવા તૈયાર છે, અર્જુનનો રથ હાંકવા માટે પણ તૈયાર છે, તો આપણા હૃદયની જેવી શ્રદ્ધા હશે

**''જેવો જેનો ભાવ હશે એવાં દર્શન આપે છે**

**ભાવભૂખ્યા ભક્તોને વહાલો હૈયા સાથે ચાંપે છે''**

તમે ક્યાં છો? ઈશ્વર તો છે જ પણ આપણે ક્યાં છીએ તે પહેલું તપાસવું પડે, નહિ તો

**''નેદિષ્ઠાય નમઃ''**

બીજે ક્યાંય આઘો નથી, નજીકમાં નજીક જ છે. નજીકમાં નજીક હોય આપણી સાથે તો એ આપણા ભગવાન છે. આવી શ્રધ્ધા, આવી નિષ્ઠા, જ આપણને પૂર્ણતા સુધી લઈ જશે, અને એ જ પ્રજ્ઞાનંદ બ્રહ્મ કહી ને જય મહારાજની સ્તુતિ કરતાં લક્ષ્મણદાસજી કહે કે ''તત્વમસિ'' તે તું પોતે જ છું બીજો કોઈ નથી.

## પ્રકરણ–૨૮

# ભસ્માંતં શરીરં

**યોગીન્દ્રં વિશ્વવંધ્યં સકલ ગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્**
**ક્લેશાતીતં મમેશં હ્રચલસુખકરં સચ્ચિદાનંદરુપમ્**
**શિષ્યાણાં જ્ઞાનદં તં વિગતમલયુતં કિંકરાણાંહ્રદિસ્થં**
**વંદેહં સિધ્ધિયુક્તં પરમપદવિદં શ્રી ગુરું સંતરામમ્**

**''સ્વાતમજ્ઞં હ્રત્સ્થિતં''**

પરબ્રહ્મ સ્વરુપ અવધૂત પોતાના સ્વરુપને જાણવાવાળા છે, એટલે સ્તુતિમાં સંબોધન થયું સ્વાત્મજ્ઞ. આપ આત્મતત્ત્વને જાણવાવાળા, આપે આત્મતત્વને જાણી લીધું છે. આમ, સ્વ એટલે પોતે, આત્મ એટલે પોતાનું ચૈતન્ય, અને જ્ઞ એટલે જાણવાવાળા, આપ આપના આત્માને જાણવાવાળા છો. આપ આપના આત્મસ્વરુપને જાણી ચૂક્યા છો, પ્રાપ્ત કરી ચૂક્યા છો. આમ સ્વાત્મજ્ઞં માટે તો આપણે આગળ ઘણી વાતો કરી ચૂક્યા છીએ. જે દેહભાવ ભૂલી માત્ર પોતાના નીજસ્વરૂપને જ સમજે છે, કે હું આત્મા છું, ચૈતન્ય છું, હું જડ નથી, હું શરીર નથી. શરીર છે એ ગૌણ છે, અને આત્મ ચૈતન્ય એ મુખ્ય છે. જ્યારે આપણા વ્યવહારમાં આપણે શરીરને મુખ્ય માનીએ છીએ, અને આત્મ ચૈતન્યને ગૌણ ગણી લીધું છે. પણ જ્યારે શરીર છૂટે, કોઈ

મૃતદેહ જુએ ત્યારે આત્માનું તત્ત્વ એને થોડો સમય માટે ભાસે. એ જ્યારે મૃત્યુના પ્રસંગને જુએ ત્યારે એ શરીરના મિથ્યાત્વને ક્ષણિક માટે અનુભવતો હોય છે. પણ થોડા સમય પછી, શરીર એ જ મારું સ્વરૂપ છે, અને આત્માની અવજ્ઞા થતી હોય છે. હું આત્મતત્વ ચૈતન્ય છું એવો કોઈને સ્વપ્ને પણ ખ્યાલ આવતો નથી હોતો. હું આત્મસ્વરૂપ છું, કદાચ પ્રશ્ન પૂછે કે હું આત્મસ્વરૂપ છું? શરીર તો છું જ, શરીરના બધા ભાવો, શરીરના બધા ધર્મો, બધા ગુણ, એનાથી પોતે પરિચિત હોય છે, મારે મારા શરીર માટે શું કરવાનું છે તેની બધી માહિતી હોય, બધું જ જ્ઞાન, બધી જ સમજણ હોય, પણ જે પોતે આત્મચૈતન્ય છે, એના માટે શુ? તો એના મતે માણસની પોતાના નિજસ્વરૂપની અવજ્ઞા છે. પોતે જ પોતાની જાતથી અનભિજ્ઞ. 'હું' ને એ ઓળખતો જ નથી, માત્ર આ જન્મેલું શરીર જે મૃતધર્મા છે એને જ ઓળખે છે. એ વ્યવહારિક દ્રષ્ટિએ બરોબર છે, શરીર વ્યવહાર માટે જ કામ લાગવાનું છે, પણ શાશ્વત સુખ માટે કે સામાન્ય સુખ માટે શરીર જરાય કામ નથી લાગતું. ડગલે પગલે શ્વાસે શ્વાસે શરીર દુઃખ આપતું જ હોય, દુઃખ આપતું જ હોય. સરસ મજાનાં કપડાં પહેરીને ઉનાળામાં બહાર નીકળ્યા હોઈએ, બધી જ રીતે સજ્જધજ્જ થઈ ને નીકળતા હોઈએ, પણ પરસેવો થાય, કંટાળો આવે. આખરે ઘેર પાછા જાય ત્યારે કહે કે હાશ. આટલા સજ્જધજ્જ થઈ ને નીકળ્યા, છતાં શરીરે આપણને આનંદ લેવા દીધો નહીં, પરસેવો લૂછતા જઈએ અને ગરમીની ઉપર અકળામણ કાઢતા જઈએ, બરોબર ને ! આમ શરીર ભાવ એટલો બધો હોય કે એને કારણે એનું અજ્ઞાન છતૂં થઈ જાય. માણસ અજ્ઞાની છે, અણસમજ છે, માત્ર શરીર ભાવને જ કેળવ્યા કરે છે,

સાચવ્યા કરે છે કે જે સાચું નથી, નાશવંત છે.

**''ભષ્માન્તકં શરીરં''**

**આ શરીરનો અંત ભષ્મ છે. આ શરીરની અંતિમ સ્થિતિ સ્મશાનમાં છે.** એ એની અનભિજ્ઞતા. જ્યારે માણસ અતિશય ભોગોમાં, અતિશય વિકૃતિઓ અને વાસનાઓ તરફ ઢળી પડ્યો હોય ત્યારે માત્ર શરીર સિવાય કશું પણ એને યાદ ના રહે. શરીરનું સુખ શરીરના ભોગ, શરીરનો આનંદ, શરીરનાં સુખ દુઃખ એને કારણે સ્વાત્મજ્ઞતાથી સંપૂર્ણ અજ્ઞાન. જય મહારાજ તો સ્વાત્મજ્ઞ છે, પોતાના સ્વરૂપને સંપૂર્ણ રીતે સમજીને બેઠા છે અને શરીરના જે કંઈ ગુણધર્મો છે એને ગૌણ સમજીને બેઠા છે. શરીરના ધર્મો છે. હવે, શરીર છે ત્યાં સુધી રહેશે, શરીર જ્યારે નાશ પામશે ત્યારે બધું જ નાશ પામશે, કશું પણ બાકી નહીં રહે. જીવશો ત્યાં સુધી દેવું ભાગ-બાકી રહેશે, મૃત્યુ પછી દેવું કોઈની પાસે લેવા જવાના હતા? **શરીર છે ત્યાં સુધી વ્યવહાર છે અને વ્યવહાર છે ત્યાં સુધી રાગદ્વેષ છે, સુખદુઃખ છે, બરાબર છે? શરીર છે ત્યાં સુધી સંબંધ રહેવાના.** સંબંધોમાં કડવાશ, ખટાશ, મીઠાશ, મોળાશ આવ્યા જ કરવાની. જય મહારાજનું તો 'સ્વાત્મજ્ઞ' સ્વરૂપ છે. પોતે પરમ ચૈતન્યના ઊંડાણની અંદર બિરાજેલા છે, ક્યારેક માત્ર ભક્તોની સાથે જ, ભક્તો ઉપર કરુણા કરવા માટે આ ભૌતિક શરીર દ્વારા એ બહાર આવતા હોય છે, બાકી તો જય મહારાજ તો 'સ્વાત્મનિષ્ઠ' પોતાની અંદર જ બેઠેલા છે. મારે બહાર કોની જરુર છે? મારે બહાર ક્યાં જવું છે? બહાર શું કરવું છે? બહારની ઈચ્છા થાય તો જ શરીરના વ્યવહાર ઉભા થાય. બહાર જવાની ઈચ્છા થઈ, બહાર ફરવાની ઈચ્છા થઈ છે, **બહારની કોઈપણ પ્રવૃત્તિની ઈચ્છા થઈ એટલે શરીરના વ્યવહાર શરુ થઈ જવાના.**

**'સ્વાત્મનિષ્ઠ' છે, 'સ્વાત્મજ્ઞ' છે જય મહારાજ.** એટલે પોતાના આત્મસ્વરૂપને સમજીને પોતાની અંદર એટલા બધા સ્થિર ઊંડાણમાં ઉતરી ગયેલા છે કે બહાર નીકળવાની જરૂર જ નથી. બહાર આવવાની ઈચ્છા જ ન થાય. કેટલો આનંદ આવતો હશે ? આ ગરમીમાં કોઈક વાતાનુકુલિત ઘરની અંદર બેસી ગયા, સમય થયો હોય તો પણ બહાર જવાની ઈચ્છા ન થાય. એ ઘરના માલિક કહે કે હવે જાવ તો સારું. ના ના હજુ બેસવા દો ને ઘરમાં, કેમ? એમાં એટલી સુવિધા છે કે બહારની ગરમી એનાથી સહન થતી નથી. સંસારના તાપ, દુઃખ સહન ન થાય છતાં એની અંદર માણસ પીડાયા કરતો હોય છે જે સમજીને બેઠો છે એ તો, આ સરસ ઘર મળ્યું છે. ઘરમાં બધી સુવિધાઓ છે, શા માટે મારે ભટકવા જવું? કેટલી સરસ ઠંડક છે, સહેજ પણ તાપ લાગતો નથી, આમ સ્વાત્મજ્ઞતા, સ્વાત્મનિષ્ઠતા એ આપણા પોતાની અંદર આપણી વૃત્તિઓની સંયમની ટાઢક, આપણી વૃત્તિઓ શાંત થઈ જાય એટલે આપોઆપ ટાઢક થઈ જાય. દુઃખની વૃત્તિ જાગૃત થઈ હોય તો સહેજે પણ ચેન ન પડે ખરું? કોઈ ઉપાધિ, કોઈ ચિંતા આવી પડે, તો મનને શાંતિ મળે ખરી? આ સંસારના તાપ છે, પણ આપણા જીવન સાથે જનમથી વણાયેલી વિકૃતિઓ છે. શાંતિ ક્યારે પણ જીવનમાં જોવા જ ન દે. કેમ? શરીર છે, શરીર એટલે માત્ર શરીર, એ હંમેશાં મૃત્યુ તરફ સરક્યા જ કરે, સરક્યા જ કરે છે, હરેક શ્વાસ, હરેક પળ, હરેક ડગલું આપણા જીવનનું, ભલે આપણે માનતા હોઈએ કે આટલા દિવસ, આટલા વરસથી આટલા જન્મદિવસ ગયા, પણ એ મૃત્યુ તરફની આપણી યાત્રા આગળ વધી રહી છે. જેટલા જેટલા જન્મદિવસ આપણે વટાવતા જઈએ એટલી આપણી યાત્રા પૂરી થઈ ગઈ. આગળ વધી છે. **જેમ**

**ગાડી ઉપડે સ્ટેશનથી એક પછી એક સ્ટેશન છોડતી જાય, આગળ વધતી જાય એમ ઉંમર પણ આગળ વધતી જાય, અને સમય ને વર્ષો પાછળ છૂટતાં જાય. એ સમયનો ક્રમ છે, એમ કરતાં આયુષ્ય આખું પાર નીકળી જાય.** ત્યારે એ શરીરના વ્યવહાર, એ શરીરની વૃત્તિઓ સતત આપણને પીડયા જ કરતી હોય. ક્યારેય પણ સાંત્વના, ક્યારેય પણ સુખ, ક્યારેય પણ શાંતિ આપણને મેળવવા જ ના દે. સુખ શું છે એ સમજવા ના દે, દુઃખને સમજ્યા કરો, એની અંદરથી નીકળવા જ ના દે. સમજ્યા કરો દુખને, કે આનું નામ દુઃખ કહેવાય, આનું નામ પિડા કહેવાય. જીવતે જીવતાં નરક જેવી દુર્ગતિ, માણસ રડી પણ ના શકે, બોલી પણ ના શકે, સહન પણ ના કરી શકે, એવી પળો, એવી પરિસ્થિતિ આવે ત્યારે એમ થાય કે ચાલોને જય મહારાજને શરણે જઈએ. આપણે તો દુનિયાના તાપથી બળીએ છીએ, દુઃખી થઈએ છીએ. જય મહારાજ તો અંતરમુખ છે, ત્યાં બિલકુલ નિરાંત છે, કેમ? જય મહારાજ સ્વાત્મજ્ઞ છે, એમણે શરીરથી પર થઈને આત્માના ઊંડાણ સુધી ઉતરી જઈને પોતાના સ્વરૂપને અનુભવ્યું છે. આત્માને સમજી ચૂક્યા છે. આત્માને જાણ્યો છે. આપણે તો શરીરને ઓળખીએ છીએ. આત્માને ઓળખતા નથી. ઈચ્છા થાય કે ચાલો, જય મહારાજ આટલા દયાળુ છે, આટલા શાંત છે, તેમની પાસે જઈએ, કાંઈક શાંતિ મળે.

**''શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોડ્ભીષ્ટદં નિત્યમીડે''**

આપ શાંતસ્વરુપ પરબ્રહ્મ છો. અમે વંદન કરનાર શિષ્યોને આપ શાંતિ થાય એવું આપવાવાળા છો. એનું કલ્યાણ થાય એવું ઈચ્છિત આપવાવાળા છો.

**"અભીષ્ટદં નિત્યમીડે"**

કલ્યાણ થાય એવું ઈચ્છિત આપે. સ્વાત્મજ્ઞતા એ તો પરબ્રહ્મનો જ અંશ છે. સ્વાત્મજ્ઞતા એ જ પરમ સ્થિતિ ને પરમ અવસ્થા છે, જેને સમજ્યા પછી માણસ દુઃખને ભૂલી જાય. દુખની સ્થિતિ ગમે તેવી હોય તો પણ તેને લક્ષમાં લે જ નહીં. જેમ દુઃખોની અવગણના કરી નાખીએ, છે છતાં ય એના તરફ લક્ષ નહીં.

**"સ્વાત્મનિષ્ઠમ્"**

ભલે ને શરીરનું જે થવાનું હોય તે થયા કરે. નરસિંહ મહેતા રાસનાં દર્શન કરવા ગયા હતા, હાથમાં મશાલ લઈને ગયા હતા, મશાલ બળતાં બળતાં હાથ બળવા લાગ્યો છતાંય દેહભાન નહીં માત્ર પ્રભુનાં દર્શન, હાથ બળે, હાથની અંદર કેટલી પીડા થાય, આપણે એક નાનો તણખો પણ અડી જાય તો પણ ચીસ પાડી ઉઠીએ, હાથ બળતો હોય મશાલની સાથે છતાં પણ કોઈ અસર નહીં. દર્શન કર્યા જ કરે, દર્શન કર્યા જ કરે, એ છે દેહભાન ભૂલીને માત્ર પરમાત્માનાં દર્શન. પ્રભુના દર્શનમાં એટલા બધા મગ્ન થઈ ગયા કે શરીરના દુઃખની પીડા સહેજ પણ ના અનુભવાય. સિદ્ધ મહાપુરુષો પણ, શરીરની અંદરની પીડા થતી હોય, ત્યારે હસતા હોય, એ બહુ કઠણ છે. એટલું બધું કંઈ સહેલું નથી. શરીરને અવગણવું એ બહુ કઠણ છે. ઘણો બધો ઊંડાણનો અભ્યાસ થાય ત્યારે શરીરને અવગણી શકાય. એ સ્વાત્મનિષ્ઠા જય મહારાજની એટલી બધી હોય કે સમાધિમાં બેસતી વખતે પ્રાણને બ્રહ્મરંધ્રમાં સ્થિર કરી દે, અને સમાધિમાં સ્થિર થઈ જાય, સમાધિ લઈ લે જીવિત, એ શું છે?

**''સ્વાત્મજ્ઞમ્''**

પોતાના આત્માની અંદર એવા લીન થઈ ગયા, શરીરને જમીનની અંદર બંધ કરી દીધું, ઉપર માટી નાખી દીધી, સહેજ પણ વલોપાત નહીં ઉધામા નહીં. આપણે કદાચ નાક ને મોઢું બંધ કરી દઈએ, અડધી મિનીટ પણ થાય તો પણ આકુળ વ્યાકુળ થઈ જાય, કેમ? શરીર સાથેનો સંબંધ છે, આત્માની પ્રતીતિ, આત્માની અનુભૂતિ નથી કરી શક્યા. સ્વાત્મજ્ઞની આવી ઊંચામાં ઊંચી અવસ્થા, તેનો અનુભવ થયો હોય તેને તો એમ જ લાગે કે હું પોતે સ્વયં જ પરબ્રહ્મની અંદર વિલીન થઈ ગયો છું. પણ એ ક્યારે? એનો માર્ગ પણ બતાવ્યો છે

**''શરત સમાવો ૐ અક્ષરમાં તેમાં રહેજો લાગી''**

પછી જય મહારાજ શ્રી મુખે કહે છે,

**''સુખસાગર જ્યારે સરત ઠરી ત્યારે ચોટ નિશાને વાગી''**

પછી જય મહારાજ શ્રી મુખે કહે છે,

**''અહોનીશ અખંડ કીજીયે સ્મરણ શ્વાસોશ્વાસ,''**

**''પંડ છતે પરબ્રહ્મ માં સૂરતી જઈને સમાય''**

આપણી વૃત્તિઓ બધી જ બ્રહ્માકાર બની ગઈ હોય, અને ત્યાં જ સ્થિર ને શાંત થઈ ગઈ હોય, શરીર ભલેને અહીં પડ્યું હોય. પરબ્રહ્મમાં અવસ્થા થઈ જાય, જે પરબ્રહ્મ એ જ આપણું સાચું ઠેકાણું.

**''જય મહારાજ એવા સમજાવે,''**

**''સમજણને અજવાળે ગળ્યા, પહોંચ્યા તે પાછા નવ વળ્યા''**

સમજણ આ મૃત્યુનો ભય આપોઆપ ટળી જાય. મૃત્યુ

કોને છે? શરીરને. મારે ક્યાં છે? આ જે સ્થિતિ આવી ગઈ, શરીરનું જે થવાનું હોય તે થાય, જવાનું હોય તો જાય.

**''મૃત્યુ સમાવિશતું યદિ ગચ્છતુ વા''**

એને આવવું હોય તો આવે અને જવું હોય તો જાય. આવી નિર્ભયતા. મૃત્યુનો સહેજ પણ ભય નહીં. નાશ થવાનો છે તો આ શરીરનો નાશ થવાનો છે મારે ક્યાં જવાનું છે? જ્ઞાન છે એનું નામ અમૃત છે, અને અજ્ઞાનનું નામ છે વિષ. ઝેર. ભાઈઓ ભાઈઓમાં, પરિવારમાં પણ પરસ્પર સ્વજનોની વચ્ચે ભયંકર વેર ઉભાં થઈ જાય, પછી વેરને શું કહેવાય? ઝેર તો વેરની વૃત્તિ છે. એક મોટામાં મોટું ઝેર છે. માણસને જીવવા જ ના દે, જીવતો છતાં મરેલા જેવો. વેરનું બીજું નામ છે ઝેર, અને સાચી સમજણ છે એનું બીજું નામ અમૃત. **સમજણનું નામ છે અમૃત એટલે જેણે જ્ઞાન પ્રાપ્ત કરી લીધું સત્સંગમા એણે અમૃત પાન કરી લીધું. અમૃત એટલે હું આત્મા અમર છું, મારે ક્યાં મરવાનું છે એ અમરતા મળી.** દેવોની પાસેથી સાચી સમજણ મળી, સાચું જ્ઞાન મળ્યું, તેને પી લીધું, ઉતારી લીધું, વેરનાં પણ ઝેર પી લીધાં. ના જીવાય કે ના બોલાય, છતાં પણ ભોગવ્યા જ કરવાનાં, સહન કરવાનાં. જેણે સાચી સમજણ કેળવી છે.

**''સમજણને અજવાળે ગળ્યા, અમે સુખસાગરમાં જઈ ભળ્યા''**

જય મહારાજમાં અમે તો મળી ગયા. કેટલો સરસ અનુભવ કહ્યો છે.

જય મહારાજમાં મારી વૃત્તિઓ ભળી ગઈ, પાછા ફરવાની ઈચ્છા થતી નથી. અને સમજણનાં એટલાં બધાં અજવાળાં મળી ગયાં, એટલાં બધાં અજવાળાં પ્રાપ્ત થયાં, કે ક્યાંય અથડાવાય

નહીં, ક્યાંય ડાફોરિયુંય મરાય નહીં, ઠોકર વાગે નહીં, શાંતિથી ચાલવાનું સમજણના અજવાળે. સમજણનું અજવાળું એવું છે કે માણસને ભૂલભૂલામણીમાં ના અટવાવા દે, જીવનની અંદર પણ ક્યાંય ભૂલા ના પડવા દે. તેને પોતાને એમ થાય કે ના, હું સાચા રસ્તે છું, મારો રસ્તો ખોટો નથી. જય મહારાજ મારી સાથે છે. આવા સ્વાત્મજ્ઞ એવા જય મહારાજ જો આપણા જીવનને રક્ષવા માટે, આપણા જીવનને આશરો આપવા માટે, આપણા જીવનનું શરણ, જેનું કોઈ નહીં એના બાપજી શરણ છે.

**''વશીએ અશરણ શરણ મેરે ઉર વશીએ અશરણ શરણ''**

**અમે આપના સાનિધ્યમાં વશીએ, અને આપ સ્મરણ દ્વારા, સાધન દ્વારા, સાચી સમજણ દ્વારા અમારામાં વશો. એ કોઈ બીજી રીતે આવવાના નથી, સાત્વિકતાથી, સાચી સમજણથી, સત્સંગથી જય મહારાજ આપણી બુધ્ધિમાં, આપણામાં અવતરે, એ જ સાક્ષાત્કાર એ જ અનુભૂતિ, અને એ વખતે એમ થાય કે, જય મહારાજ મારામાં આવીને બેસી ગયા છે.**

**''જ્ઞાન સ્વરૂપ''**

જય મહારાજ તો જ્ઞાનનું સ્વરુપ છે, એ જ્ઞાન જો આપણને સમજાય, આપણા જીવનમાં ઉતરે, એ જીવનની અંદર શાંતિ આવે, સંયમ આવે, સદાચાર આવતાં સમજવાનું કે જય મહારાજ ધીરે ધીરે મારા શરીરમાં પધારી રહ્યા છે. એ જ સાક્ષાત્કાર છે આત્માનો, બીજો કોઈ સાક્ષાત્કાર શોધવા જવાનું છે જ નહીં. સ્વરૂપને ઓળખીએ, જ્ઞાનમાં જય મહારાજનો આશરો લઈને ધીરે ધીરે આપણા પોતાના સ્વરૂપને સમજવા માટે પ્રયત્ન કરીએ. જય મહારાજ તો આત્મનિષ્ઠ છે, સ્વાત્મજ્ઞ છે, એમના આપણે છીએ,

આપણને જય મહારાજ જે પ્રસાદી આપે, આપણે પણ 'આત્મનિષ્ઠ' બનીએ, 'સ્વાત્મજ્ઞ' બનીએ, અને એકવાર એ પ્રસાદ દ્વારા આપણે પણ કૃતાર્થ થઈએ.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૨૯

# જેવો તેવો પણ ત્હારો

**યોગીન્દ્રં વિશ્વવંધ્યં સકલ ગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્**
**ક્લેશાતીતં મમેશં હૃચલસુખકરં સચ્ચિદાનંદરૂપમ્**
**શિષ્યાણાં જ્ઞાનદં તં વિગતમલયુતં કિંકરાણાંહૃદિસ્થં**
**વંદેહં સિધ્ધિયુક્તં પરમપદવિદં શ્રી ગુરું સંતરામમ**

**''સ્વાતમજ્ઞં હૃત્સ્થિતંમે''**

સ્વ આત્માને જાણનારા, અને મારા હૃદયમાં બિરાજમાન પરમતત્વ પરમાત્મા યોગીરાજ અવધૂત, અમને પાવન કરજો, અમારા જીવનને દિવ્ય બનાવજો. એ દિવ્યતાના આધારે અમે સંયમી બનીએ, સદાચારી બનીએ, સત્વગુણી બનીએ, અમારામાં સહનશીલતા આવે.

આપ સદાય મારા હૃદયમાં બિરાજેલા છો.

આપ આત્માની અનુભૂતિ કરેલા છો, આત્માની અનુભૂતિ કરેલા જય મહારાજ, આપનું ઠેકાણું કયું? તો,

મારું હૃદય, એ આપનું નિવાસ સ્થાન છે. જ્યારે પણ શોધવા હોય, જય મહારાજ ને તો ક્યાં શોધવાના ? હૃદયમાં. આ એમનું સાચું સરનામું છે. સ્તુતિ કરતાં કરતાં લક્ષ્મણદાસજી

મહારાજ પણ બોલ્યા છે,

**''ચૈતન્યં શિષ્યમધ્યે''**

આપ શિષ્યોના વક્ષસ્થળની મધ્યે, હૃદયમાં બિરાજો છો. જો આપણને મહાપુરુષો અનુભવ દ્વારા પરમાત્માનું, જય મહારાજનું સાચું સ્થાન બતાવવા હોય, પ્રીતદાસજી તો કહે કે

**''ઠ્ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક, જ્યાં ના મળે બીજાની બીક,**
**નિર્ભય નારાયણનો વાસ પ્રેમ ધરીને રાખો પાસ''**

સાથે જ રાખો આપણા મનના વિચારોને. આપણી વિસ્મૃતિ થાય તો જ જય મહારાજ આપણા મનથી અળગા લાગે. જય મહારાજ તો બેઠેલા જ છે જય મહારાજ આપણી સાથે જ આપણામાં જ છે. જ્યારે માર્ગ બદલાય, જ્યારે કૂપથના માર્ગે જાય, ત્યારે એ રસ્તો ભગવાન સિવાયનો હોય. જય મહારાજ સિવાયનો હોય. એ આપણા જીવનનો જ રસ્તો હોય, પણ જય મહારાજ સિવાયનો રસ્તો હોય.

**''કુપથં ત્વં વિજાનિયાદ્, ગોવિંદ રહિતાગમમ્''**

જે રસ્તો જય મહારાજને સાથે રાખ્યા સિવાયનો હોય, જે માર્ગે જય મહારાજને રાખ્યા સિવાય એકલા જ ભટકવાનું હોય અને

ભગવાનને સાથે રાખ્યા વગર ચાલવાનું, એ માર્ગ કેવો? કુમાર્ગ, ખોટો રસ્તો, ખોટા રસ્તે ક્યારેય જવાય જ નહીં.

**''કુપથં તં વિજાનિયાદ્''**

ખોટો રસ્તો છે, જય મહારાજ આપણા મનમાં, આપણા વિચારમાં, આપણા હૃદયમાં ના હોય. બીજા વિચાર આવી જાય,

ખોટા વિચાર આવી જાય, કુકર્મ આવી જાય ત્યારે એ રસ્તો કુમાર્ગ. તે સમયે જય મહારાજ આપણી જોડે નહીં. મનથી આપણે કાઢી મૂકયા, કે જય મહારાજ હમણાં તમે જતા રહો. આપણે આપણા ઘરમાં, કોઈ મહેમાન આવ્યા હોય, અને એમને કહીએ કે, જતા રહો, એ કેવું લાગે ?

**''હ્રત્સ્થિતં મે સ્વાતમજ્ઞં''**

આત્માની અનુભૂતિ કરનાર મારા પ્રભુ, જય મહારાજ આપ મારા હ્રદયમાં જ બિરાજો છો, એમને કાઢી મૂકાય ખરા? તે છતાંય કાઢી મૂકતાં ખચકાઈ છીએ ખરા? કુપથં તે માર્ગ જ અવળો છે. **સ્મરણ હંમેશાં હૃદયમાં, મનમાં અને ત્યાં પણ એટલો આનંદ, એટલી શાંતિ અનુભવીએ, કે જય મહારાજ બેઠા છે મારા હૃદયમાં બિલકુલ શાંતિ છે, દુઃખ છે જ નહીં, તો**

હંમેશાં મારા હૃદયમાં બિરાજજો

**''પ્રભુ મારા રુદિયા કમળ વચ્ચે રહો છો''**

આપણે જાણીએ છીએ કે હે ભગવાન, ગુરુ મહારાજ આપ મારા હૃદયની વચ્ચોવચ બિરાજો છો. આ વાત આપણે જાણીએ છીએ અનુભવીએ છીએ ખરા? અનુભવાતું નથી. છે એ સાચું સમજાતું નથી, વાસ્તવિકતાથી આપણે દૂર જઈએ છીએ. જે દિવસે આપણા હૃદયમાંથી જય મહારાજ ઉભા થઈ જાય, પછી આપણને કોણ સંઘરશે? સમય થઈ ગયો, કાઢો હવે, મોડું થાય છે. ઘરમાં કોઈ સંઘરશે? દુનિયાનો મોટામાં મોટો કચરો. જય મહારાજ ઉભા થઈ ગયા આ હૃદયમાંથી, પછી આખું જીવન, આખું શરીર કચરો. એને બે-ચાર દિવસ રાખી મૂકીએ તો? ઘરમાં ઉભા રહેવાય ખરુ? કાઢવો જ પડે અહીં કહ્યું કે,

**''હૃત્સ્થિતં મે''**

મારા હૃદયમાં બેઠેલા છો, છતાંય આપણે ગાંડા થઈએ છીએ., અજ્ઞાની થઈ જઈએ છીએ. જ્યા સુધી હરીએ ફરીએ છીએ, ચાલીએ છીએ, ત્યાં સુધી આપણામાં બિરાજેલા છે. મૃતદેહ ને જોઈએ ત્યારે અનુભવાય, કે **મારામાં તો છે, એનામાંથી જતા રહ્યા છે, આવો સતત અનુભવ બન્યો રહેવો જોઈએ. જય મહારાજ ક્યારેય ભૂલાવા જોઈએ નહીં, ક્યારેય ના ભૂલાય. સ્મરણ એવું ને એવું જ રહેવું જોઈએ. એના કારણે આપણે આપણા જીવનમાં ક્યારેય ખોટવાઈ ના જઈએ.** ખોટા માર્ગે ભૂલા ના પડીએ. સંસાર તો ભૂલભૂલામણી છે, સહેજ પણ પડીએ આપણે બેધ્યાન રહ્યા, અને એક ગલીની જગ્યાએ બીજી ગલીમાં જતા રહ્યા. ભૂલભૂલામણીના ચક્કરમાં અંદર ને અંદર અટવાય, બહાર જ ના આવી શકે. એટલે સ્વાત્મજ્ઞં તરીકે જય મહારાજ જ આપણને આપણા સ્વરૂપમાં સ્થિર કરાવે. આત્માનું દર્શન કરાવે. આપણને આપણામાં સ્થિર કરે. બાપજી આપ તો સ્વાત્મજ્ઞ છો, તો સ્વાત્મજ્ઞતાની પ્રસાદી અમને તો મળવી જોઈએ ને?

**''તમે અમારા ને અમે તમારા કહેવાઈયે રે''**

આપ અમારા હો, અને અમે આપના હોઈએ, આપની પાસે સ્વત્મજ્ઞતા હોય, તો અમને કેમ ના મળે? આવી કોઈ દિવસ માગણી કરી છે? આવી કોઈ દિવસ હઠ કરી છે ખરી? આપો જ, અમારે તો જોઈએ જ છે. બીજું બધું તો ઘણું માગી લઈએ છીએ. મહારાજ આજે માલપુડાનો પ્રસાદ આપો, જોઈએ જ છે, તીખી બુંદીને બહુ દિવસ થઈ ગયા, આમ જો પ્રસાદ માગવાનો આપણો હક્ક હોય, કે બાપજી આજે તો પ્રસાદ ખાવો છે, તો ક્યારેય એવી માગણી કરી કે આપ સ્વાત્મજ્ઞ છો. સ્વાત્મજ્ઞતા આપની પાસે છે,

તો અમને પણ આપો ને પ્રસાદ તરીકે થોડોક, તો અમે શાંતિ અનુભવીએ, અંતર્મુખતા અમને મળે અને અંતમુર્ખતા મળે એટલે દેહનાં, દુનિયાનાં બધાં જ દુઃખ ભૂલી જાય. જેમ દુનિયા છોડીને જઈએ, એમ દુનિયા જીવતે જીવતાં છૂટી જાય. જીવતે જીવતાં દેહ અને દુનિયા બન્ને છૂટી જાય. અનુભવ કરજો, આ શરીર પડ્યું છે, આપણું પોતાનું શરીર, બહાર નીકળીને આપણે જોઈ શકીએ, કે આ શરીર છે, હું બહાર નીકળ્યો છું. કેવું પડયું છે. એટલું જ નહીં, ઘરમાં જરુરિયાતની વસ્તુ પડી હોય, તો આપણે એને ઠેકાણે મૂકી દઈએ, બહુ વ્યવસ્થિત મૂકી દઈયે અને જરુર પડે ત્યારે વાપરીએ. એમ આ શરીરને પણ એક બાજુએ મૂકીને એક બાજૂએ નીકળી જાવ, પડા રહેને દો શરીરકો, જરુર પડેગી તબ લે લેંગે શરીરકો.

**''સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં મે''**

**''તમે દેહી છતાં વિદેહી થયા''**

આમ શરીરમાં હોવા છતાંય શરીરથી બહાર. જય મહારાજ બોલાવે છે. ચાલો ને એમાં ભળી જઈએ, જય મહારાજના સ્વરૂપ થઈ જઈએ.

**''સુખસાગરમાં જઈ ભળ્યા, પહોંચ્યા તે પાછા નવ વળ્યા''**

જય મહારાજમાં ભળી ગયા, પછી નિરાંત છે. પણ આપણે પાછા વળવું હોય તો વળી શકાય? એ શરીર ઘરમાં પડયું હોય, ઘરનું કામ, રસોઈ થઈ ગઈ, વાસણ વ્યવસ્થિત ગોઠવી દીધાં, આપણે આપણા બીજા કામે, એમ શરીરને પણ એક બાજૂએ મૂકી દો, કામ થઈ ગયું. નીકળી જા. અનુભવ કરજો હોં સ્વાત્મજ્ઞં

જે પોતાને જાણે છે શરીર એ તો મારે રહેવાનું ઘર છે, જેમ

પહેરવાનાં કપડાં હોય, સરસ રીતે ઈસ્ત્રી કરીને, પેટીમાં ગોઠવીને મૂકી દઈએ અને પહેરવાં હોય ત્યારે કાઢીએ, ચાલો આજે પહેરીએ, બસ એવી જ રીતે, શરીરને વસ્ત્ર માનીને, જરુર પડી ત્યારે પહેરીને નીકળી ગયા, નહીં તો એકલા, મસ્તરામ, અવધૂત, કેવી મસ્તી હોય એમાં પણ? એય પરબ્રહ્મની અંદર. વિષ્ણુદાસજી મહારાજે સરસ ગાયું છે,

**''અહોનીશ અખંડ કીજીયે સ્મરણ શ્વાસોશ્વાસ''**

બસ એ શ્વાસોશ્વાસ સ્મરણ થાય ને, એનાથી,

**''પડંછતે પરબ્રહ્મમાં સૂરતી જઈને સમાય''**

આપણી બધી જ વૃત્તિઓ પરમાત્મામાં સમાઈ જાય, શરીર એકલું પડયું રહે ઘરમાં, હમણાં શું જરુર છે, ઘરમાં મૂકી રાખીએ છીએ ને જરુર પડે ત્યારે પહેરી લઈશું શરીરે.

**''સ્વાત્મજ્ઞ''**

જ્યારે સમય મળે, હળવાશ હોય ત્યારે આવો અનુભવ કરવા માટે પ્રયત્ન કરજો, **કપડાં પહેરવાની તો આદત હોય છે બધાયની, પણ શરીરને પણ પહેરવાની આદત પાડવી જોઈએ. ભગવાને ગીતામાં કહ્યું છે કે, શરીર એ તો આત્માને પહેરવાનું વસ્ત્ર છે.** ભગવાને આત્માને પહેરવાની લખચોર્યાશી આપી છે, ચોર્યાશી લાખ કપડાં પહેરવાની છૂટ આપી છે. આત્માને પહેરાવ્યા જ કરો, બદલ્યા જ કરો. બદલ્યા જ કરો છો ને જાતજાતનાં? રંગીન પતંગિયુ બનીને ઉડવું હોય તો પણ ઉડાય, બંદર થઈને કુદાકુદ કરવી હોય તો પણ છૂટ, જેવી ઈચ્છા તમારી,

**''યં યં વાપિ સ્મરન્ભાવં ત્યજન્તંતે કલેવરમ્''**

અંત સમયે જેવા જેવા ભાવથી શરીર છૂટે

**''તં તમેવૈતિ કૌંતેય સદા તદ્ભાવભાવિતાઃ''**

એણે એ પ્રમાણે ત્યાં જનમવાનું હોય છે. નક્કી કરજો, પણ તે વખતે યાદ રહેશે કે કેમ? યાદ રહેવા જેવી સ્થિતિ હશે કે કેમ? મૃત્ય વખતે ઘોઘરો બોલતો હોય, બેહોશ થઈ ગયા હોય, શ્વાસ ધીરે ધીરે ચાલતો હોય, કશી પણ ખબર ના હોય, એના માટે તો દ્રઢતા પહેલેથી જ કરવી પડે. એનો સંકલ્પ રોજ દોહરાવવો પડે, કે બાપજી ફરીના જનમમાં મહારાજને ત્યાં સાધુ થઈને આવું. મહારાજની ખૂબ સેવા કરું, ખૂબ સેવા કરું, એવો સંકલ્પ રોજ કરવો પડે. આટલું આપજો, અંત સમયની મારી આ માગણી છે : ચોક્કસ, એ દ્રઢતા થઈ જાય, એમ મૃત્યુના સમયે બાપજી બોલાવી દેજો, જેણે પોતાના આત્માનો અનુભવ કરી લીધો છે, આત્માનુભૂતિ વડે જેણે પોતાની ગતિ નિશ્ચિત કરી દીધી છે, પોતાના શ્વાસોશ્વાસની ગતિને પણ નિશ્ચિત કરે દે, બંધ કરી દે, પોતાના આત્મતત્વનો પૂરેપૂરો અનુભવ, આત્મસાક્ષાત્કાર કરી, આત્મદર્શન કરી અને એને જ્યાં લઈ જવો હોય ત્યાં લઈ જાય. જય મહારાજ સમાધિ વખતે બોલ્યા છે, પોતાના શ્રીમુખે, લક્ષ્મણદાસજી મારું જ સ્વરૂપ છે, હું એમાં જ છું. હવે ગિરનાર પુનઃ પાછો ચાલ્યો જઈશ. સમાધિમાં શરીર અહિયાં, અને આત્મચૈતન્ય ગિરનારમાં.

**સ્વાત્મજ્ઞં પોતાના નિજસ્વરૂપને ખૂબ જ સરસ રીતે અનુભવી શકે, અને ફરી ક્યાં જવું છે એનો નિર્ણય પણ પોતે જ પોતાના સંકલ્પથી કરી શકે. મારે ફરી જય મહારાજને ત્યાં જ આવવું છે. એ છે સ્વાત્મજ્ઞં અને એવા પોતાના આત્માને જાણવાવાળા આપ મારા હૃદયમાં બેઠેલા છો,**

**''હૃત્સ્થિતં મે''**

મારા હૃદયમાં સ્થિર આપ છો. હૃદય સ્થિર ના હોય, અને ડગમગતું હોય તો શું થાય? મગજ ડગમગી જાય ત્યારે કેવું થાય છે, મગજ હાલી જાય, કેવી સ્થિતિ થાય છે? એમ હૃદય હાલી જાય તો, આત્મા હાલી જાય તો? શી દશા થાય? કશાયના ના રહીએ, આપણે જે જય મહારાજને ભજીએ છીએ, એ જય મહારાજ તો બહુ અગાધ છે, બહુ ઊંડાણથી સમજીએ તો એમના સાચા સ્વરૂપનાં દર્શન થાય. પણ એનાથી બહુ નિરાશ નહીં થઈ જવાનું, વળગ્યા રહેવાનું.

**''સરત સમાવો ૩ અક્ષરમાં એમાં રહેજો લાગી''**

બસ એમાં લાગ્યા રહેજો, લાગ્યા રહેજો, લાગ્યા રહેજો, જેમ આપણું ઘર હોય, વર્ષો સુધી, સવારથી સાંજ સુધી લાગ્યા જ રહીએ છીએ, ત્યારે એ ઘર આપણું કહેવાય. બહાર જઈએ પાછા આપણા ઘરમાં જ આવીને બેસી છીએ? ધરતીનો છેડો ઘર. ત્યાં જ જઈને બેસવાનું છે. આમ જે આપણું પોતાનું છે, આપણું જ છે, એની અનુભૂતી આપણા પોતામાં થાય, કે હું મારામાં જ છું. મારા પોતામાં જ છું. સ્વાત્મજ્ઞં જય મહારાજની સ્વાત્મજ્ઞતા તો એક અનુભૂતી છે. અને એ અનુભૂતિની પ્રસાદી આપણે મેળવવાની છે. જય મહારાજ એક ચપટી પ્રસાદ અમને પણ આપજો, અમે અમારું આત્મકલ્યાણ તો કરી લઈએ? આત્મદર્શન કરીએ, આત્મસાક્ષાત્કાર કરીએ. આવી ભક્તિ આપણી, એ ભક્તિ જેટલી આપણે નિષ્ઠાપૂર્વક પોષીશું એટલું જ અનુભવાશે. એને પોષણ આપવું પડે. રોજરોજ ખાઈએ, પીએ છીએ, કોઈ દિવસ બાકી રાખીએ છીએ ખરા? કોઈ દિવસ નથી ચાલતું અને ખાધા વગર રહી શકાતું પણ નથી, એમ આપણી ભક્તિને, આપણા અનુષ્ઠાનને, આપણા સત્સંગને રોજ પોષો, રોજ પોષો, જેમ રોજ

રોજ ખાઈએ તો શરીરને પોષણ મળે. એમ આત્માના પોષણ માટે રોજ ચિંતન, રોજ સત્સંગનો ખોરાક આપો. સત્સંગના ખોરાક વડે જ આત્માની પુષ્ઠિ થશે, અને આત્મા પ્રબળ બનશે, શક્તિશાળી બનશે, અને એ બળને પ્રભાવે સ્વાત્મજ્ઞં થવાશે, જય મહારાજ આપણને સ્વાત્મજ્ઞં બનાવશે. સંયમ અને સદાચાર, જો આપણા જીવનમાં હોય, તો જય મહારાજ પોતાની સંપત્તિ, પોતાનું સ્વરૂપ આપે, લે લઈ જા. જય મહારાજને આપણે સ્તવીએ છીએ કે, આપ તો

**''જ્ઞાનસ્વરુપં નિજબોધયુકતમ્''**

આપ તો જ્ઞાન સ્વરુપ છો. જો જય મહારાજનું સ્વરુપ જ્ઞાન હોય, અને એ સ્વરુપ સત્સંગ વડે આપણામાં આવતું હોય, તો જય મહારાજ ક્યાં ગયા?

**''જ્ઞાનસ્વરુપં''**

આપણામાં આવીને બેસી ગયા. ખબર પણ નથી. બારણાં ખુલ્લાં રાખ્યાં હતાં, અને જય મહારાજ આવીને પ્રવેશી ગયા, હાશ, પણ એ જ્ઞાન થાય ને, જય મહારાજ પધારે ત્યારે એમને, જવાશે હવે, શી ઉતાવળ છે, એમ કરીને ભક્તિભાવથી, સ્મરણથી, સદ્‌ભાવથી, સેવાથી, સંયમથી આપણી પાસે જ રહેવા દઈએ. ઘરમાં મહેમાન આવ્યા હોય, જવાની ઉતાવળ કરતા હોય, અરે બેસો ને જવાય છે. લો, આ ઠંડુ પાણી લો, ચા બનાવું, એમ કરીને ચા બનાવવા ગયા, પછી એમ કરો ને, બહુ દિવસે આવ્યા છો, જમીને જ જજો, એમ એમને રોકી રાખવાના. એમ આપણે પણ સદ્‌ભાવ બતાવીએ, સદાચાર બતાવીએ, સાત્વિકતા બતાવીએ, સંયમ બતાવીએ, એમ જય મહારાજને રોકી રાખીએ,

જવા દેવાય ખરા હાથમાં આવ્યા પછી? મહેમાન આગળ એક એક item મૂકતા જઈએ, ચા આપીએ, ઠંડુ આપીએ, ice cream આપીએ, નાસ્તો કરી લો, હવે આ તાપમાં થોડો આરામ કરી લો, કોઈ ને કોઈ બહાને પણ આપણે રોકી રાખીએ. એમ જય મહારાજને પણ ભક્તિથી, ભજનથી, નામસ્મરણથી, સેવાથી, બેસો ને હવે જવાય છે. કઠીયાવાડમા છેને, મહેમાન આવ્યા હોય, કહે કે ઉતાવળ છે, બેસોને હવે, શી ઉતાવળ છે, બેસી ને વાતો કરીશુ. લહેકો પણ આવો જ હોય, બેસો ને, નિરાંતે વાતો કરીએ, મહેમાનને જતાંઅટકાવી રાખીએ, એમ જય મહારાજને પણ

**''હ્રત્સ્થિતં મે''**

મારા હૃદયમાં તો આવી જ ગયા છો, રહો હવે, નિરાંતે રહેજો બાપજી. હવે, જે સેવા કહેશો તે કરીશું, પણ જવાની વાત કરશો નહીં.

મારા હૃદયમાં બિરાજ્યા છો આપ, હૃદયમાં બિરાજ્યા હોય અને મહેમાનગતી કરવાની હોય, આપણા ઘરે આવ્યા હોય અને મહેમાનગતી કરવાની હોય, શું ના કરીએ? બધું જ, તોરણ બંધાવીએ, સાથીયા પુરાવીએ, અગરબત્તી કરીએ, ફુલ લાવીએ, પૂજા કરીએ, આરતી કરીએ, ચરણ પ્રક્ષાલન કરીએ, મહારાજશ્રીને જળ આપીએ બધું જ અને એટલા સમય માટે આપણે જય મહારાજનું સતત સાનિધ્ય બન્યું રહે, જય મહારાજને રોકાઈ રહેવું પડે કે, આ પૂરુ કરે પછી હું જઉં. આપણે પૂરુ કરીએ તો બાપજી જાય ને આપણે પૂરુ કરીયે જ નહીં ને.

**''હ્રત્સ્થિતં મેસ્વાત્મજ્ઞં''**

આવા આત્માની અનુભૂતિવાળા અને મારા હૃદયમાં

બેઠેલા છો,

દૂર થઈને ગુરુજી આઘા ક્યાં જાશો, મારા જીવનથી જુદા કેમ થાશો.

આવો ભાવ સતત બન્યો રહેવો જોઈએ, જે પંક્તિઓ લખાઈ છે, અને ગવાય છે, એ કેટલા ઊંડા ભાવથી લખાયેલ હશે? જીવનથી હવે જુદા ક્યાં થવાનું રહ્યું, તમારે પનારે પડ્યા છીએ. જેને પલ્લે પડ્યા હોય એણે નિભાવે રાખવું પડે. ઘરના સંસારમાં પણ એવું. જેને પલ્લે પડ્યા એણે નિભાવે રાખવાનું. જય મહારાજને કહેવાનું કે, તમારે પલ્લે પડ્યા છીએ, નિભાવો અમને. આરતી કરીએ, પ્રાર્થના કરીએ, વિનંતિ કરીએ, જય મહારાજને સતત હૃદયની અંદર આપણી સન્મુખ આપણે બીરાજેલા જોયા જ કરીએ. હવે આપે જવાનું નથી, જે કહેશો, જેવી કહેશો તેવી સેવા કરીશું, પણ આપ મારા હૃદયમાંથી જશો નહીં.

|| જય મહારાજ ||

# પ્રકરણ-૩૦

# પ્રેમગલી અતિ સાંકરી

**યોગીન્દ્રં વિશ્વવંધ્યં સકલ ગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્**
**ક્લેશાતીતં મમેશં હૃચલસુખકરં સચ્ચિદાનંદરૂપમ્**
**શિષ્યાણાં જ્ઞાનદં તં વિગતમલયુતં કિંકરાણાંહૃદિસ્થં**
**વંદેહં સિધ્ધિયુક્તં પરમપદવિદં શ્રી ગુરું સંતરામમ**
**''સ્વાતમજ્ઞં હૃત્સ્થિતં મે''**

પરમાત્મા યોગીરાજ અવધૂત આપણા હૃદયમાં નિરંતર વાસ કરી રહ્યા છે.

મારા હૃદયમાં વસેલા જય મહારાજ કેવા હશે? હૃદયમાં રમતા જય મહારાજ કેવા હશે? જો હૃદયમાં આવીને બિરાજતા હોય તો, આપણા જીવનને કેટલો આનંદ થાય? એકલો આનંદ મળે એમ નહીં, શું ન મળે? જે સિધ્ધિઓ જય મહારાજ પાસે છે, એ બધી સિધ્ધિઓ લઈને આપણા હૃદયમાં આવીને બિરાજ્યા હોય, તો એ બધી સિધ્ધિઓ પણ આપણી થઈ. જય મહારાજનું એ સિધ્ધ સ્વરૂપ, સિધ્ધ સ્વરૂપ એટલે પૂરેપૂરું પરિપકવ, જેમ ખીચડી સીજે, એ માટે થોડીવાર ઢાંકીને ઉપર દેવતા મૂકીને રાખવી પડે, એમ જીવન પણ સિજવા દેવું પડે, સિજી જાય એટલે પૂરેપૂરી

પકવતાનો આસ્વાદ આવે. આપણું જીવન પણ જય મહારાજના સાનિધ્યથી, એ યોગથી આપણું જીવન પરિપકવ થાય છે, સિજે અને સિધ્ધ થયેલું ભોજન જ સ્વાદિષ્ટ હોય છે, સુપાચ્ય હોય. આપણા હૃદયની અંદર પણ જય મહારાજ સિધ્ધસ્વરૂપે બિરાજ્યા, આપણે એને અનુભવી શકતા નથી

**''છે છતી વસ્તુ દેખે નહીં, જીવનું જોને અજ્ઞાન**

**માયા પડદા મધ્યે પડ્યો ભૂલવણીનું એ ભાન''**

**''છે છતી વસ્તુ દેખે નહીં,**

**એવો આંધળો ભીંત''**

આંખો ખુલ્લી હોય, પ્રકાશમાન હોવા છતાં પણ દેખે નહીં, એવો આંધળો. ઘુવડ સો વર્ષ જીવે, પણ એને સૂર્યનું દર્શન થાય જ નહીં, કહો, સો વરસ જીવ્યું, પણ અંધારામાં જ ને? સૂર્ય એને દેખાય જ નહીં, એ સૂર્યને જોવે જ નહીં, સૂર્ય ઉગે એટલે આંખો બંધ થઈ જાય. રાત પડે, સૂર્યાસ્ત થાય પછી આંખો ખોલે. એ ઘુવડને. મહારાજે પણ ગાયું છે, કે ઘુવડ આનું નામ કહેવાય.

**''ઘુવડની પેઠે ઘૂઘવે''**

ઘુવડની માફક ઘૂઘવ્યા કરે, દેખાય નહીં એને, આત્મા પણ પોતાનામાં પ્રકાશી રહ્યો છે, ગમે એટલાં વર્ષ જીવીએ, છતાં પણ દેખાય જ નહીં. આત્માનો પ્રકાશ આખા શરીરમાં છે. જીવે છે છતાં દેખાતું નથી તેને શું કહેવાનું ?

એ જીવન ઘુવડનું થઈ ગયું. પરમાત્મા આપણી પાસે છે અને આપણને ના દેખાય, કેવો આંધળો હશે એ માણસ? છતી આંખે કંઈ પણ દેખાય નહીં, જોવા તૈયાર જ ના હોય. ધૃતરાષ્ટ્રની પત્ની, આંખો હતી છતાં પણ આંખે પાટા બાંધીને ફરી. **આંખો**

**ખુલ્લી રાખી હોત ગાંધારીએ તો દુર્યોધનને આવાં કુકર્મ કરવા ન દેત! ક્યારેક ક્યારેક માતાઓ પણ પોતાના સંતાન પ્રત્યે આંખે પાટા બાંધીને અપરાધી થઈને બેસે છે.** ગાંધારીએ જો પાટા ના રાખ્યા હોત, ભલે ધૃતરાષ્ટ્ર આંધળા હતા, જો કોઈકની દ્રષ્ટિ ચાલુ હોત તો, સો એ સો છોકરા આવા કુકર્મ ના કરત. પણ છતી આંખે જોવા તૈયાર ન હોય તો આપણાં જીવન પણ એવાં બની જાય, ગાંધારી જેવાં. એના પરિવાર જેવાં. આંખે પડળ આવી જાય. માયાનાં બંધન થઈ જાય. કશું જ ના દેખાય. પોતાનું સ્વરૂપ પોતે જ છે, સતત સાથે છે છતાંય એને ના અનુભવે, ત્યારે એને કહેવાય કે એનું જીવન અપરિપકવ કાચું. મૃત્યુ પછી એના અગ્નિસંસ્કાર થઈ જાય, શરીર બળ્યા પછીથી એના અસ્થિને વિસર્જીત કરવામાં આવે તીર્થમાં તો પણ કાચું ને કાચું. ભલે બળીને રાખ થઈ ગઈ, પણ કાચું એ કાચું. સિધ્ધ મહાપુરુષોના શરણમાં જીવનને પરિપકવ બનાવવાનું છે. આપણું જીવન અધૂરું ન રહી જાય એટલા માટે તો સત્સંગ છે. સત્સંગ વડે જ આવા સિધ્ધપુરુષોનું સાનિધ્ય થાય, તેમનો પરિચય થાય, નહીં તો અધૂરા, બળીને રાખ થઈ જાય, તો પણ કચાશ, એ જીવનની કચાશ.

**''સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં મે''**

આપણા સૌના હૃદયમાં બિરાજેલા જય મહારાજ છે, છતાંય આપણે આંધળા, ના દેખાય, પણ કહ્યું કે 'સ્વાત્મજ્ઞં' છે ક્યારેક તો જય મહારાજ આપણી દ્રષ્ટિ ખોલશે ખરા? જેમ પેલા કૂતરાનાં નાનાં નાનાં બચ્ચાં હોય, બે પાંચ દિવસ સુધી એની આંખો ખુલે નહીં, ત્યાં સુધી એને સાચવે. એમ આપણી આંખો ન ખૂલે ત્યાં સુધી માબાપ તરીકે જય મહારાજ આપણને નહીં સાચવે? અમારી આંખો ખૂલી નથી તમારાં બચ્ચાં જ છીએ.

આંખો ખૂલે અને દ્રષ્ટિ મળે. દ્રષ્ટિ આપવાનું કોણ છે? એ જ આપવાના છે. આપ 'સ્વાત્મજ્ઞં' છો, અને મારા હૃદયમાં બેઠેલા આપ જ છો, પછી અમારે શી ફીકર? તમે બેઠેલા જ છો, ઘર તમારે સંભાળવાનું છે એમ જ કહી દઈએ. જેવું છે એવું આ ઘર છે, અને એમાં આપે રહેવાનું, ભાગલું તૂટલું હોય તો પણ આપ જાણો, સરખું કરવાનું હોય તો આપ કરો. અમે જે છીએ તે આ છીએ. આપને સોંપેલું છે, અને અમારા ઘરમાં રહેવાવાળા પણ આપ છો 'સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં મે'

મારામાં પોતાના તરીકે આપ છો. સ્વ આત્મસ્થ, પોતાના આત્મામાં બેસવું. આમ

**''સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં મે''**

મારામાં આપ છો, બીજું કોઈ નથી. એ પ્રમાણે રાખવું પડે. આપણામાં બીજું કોઈ બેસી જવું જોઈએ નહીં, કોઈ ભાંજગડ, કોઈ પણ ક્લેશ, કોઈ પણ સંતાપ, રાગદ્વેષ પેસી ગયો પછી ભગવાન ના બેસી શકે. ભગવાનની સાથે પ્રેમ કરવાનો છે ને?

**''પ્રેમગલી અતિ સાંકરી તામે દો ના સમાય''**

ક્યાં તો ભગવાન સમાય, ક્યાં તો જગતની માયા સમાય, બે માં થી એક જ.

તો જય મહારાજ માટે આપણે પ્રાર્થના કરતાં કરતાં રોજ આ સ્તોત્ર ગાઈએ, કે આપ તો

**''સ્વાત્મજ્ઞં'' છો અને**

**''હૃત્સ્થિતં મે''**

મારા હૃદયમાં બેસવાવાળા, રહેવાવાળા પણ આપ જ છો. એમના સ્વસ્વરુપમાં, હૃદયમાં તો પોતે બેઠેલા છે, પોતાના

સ્વસ્વરુપની અંદર બેઠા પછી, એ અમારા હૃદયમાં પણ બેઠેલા છે. દૂધ હોય એમાં પાણી રેડીએ તો પાણી દૂધ જેવું થઈ જાય.

**''જલપય સરીસ બિકાય દેખેહું પ્રિત કી રિત ભલી''**

જો દૂધમાં પાણી રેડી દીધું હોય તેની કિંમત ૪૦ રૂપિયે લિટર જ થાય, પાણી દૂધની સાથે ભળ્યું, પાણીની કિંમત વધી ગઈ, નહીં તો ૧૨ રૂપિયા, ચાર ઘણી કિંમત વધી ગઈ, કેમ ?

**''ટાઢા ગરથ ભળ્યા તાતા ગરથમાં એકરસ થઈને રહ્યા''**

જેમ દૂધમાં પાણી ઉમેરીએ એટલે એકરસ થઈ જાય, ઘીને ટાઢા ઘીની અંદર રેડીએ એટલે એકરસ થઈ જાય

એમ જય મહારાજનું સ્વરૂપ ભક્તિભાવથી, સત્સંગથી, સેવાથી, સ્મરણથી આપણામાં ભળ્યું, આપણે જય મહારાજમાં ભળી ગયા, અને એ સેવા, સત્સંગથી, સ્મરણથી, આપણામાં ભળી ગયા.

**''જલ પય સરિસ બિકાય''**

જુઓ તો ખરા, પાણીની કિંમત દૂધે લઈ લીધી છૂટું ના પડવા દે એને, દૂધની અંદરના પાણીને બાળવા માટે ગરમ કરવા મૂકીએ, દૂધ પોતાના મિત્રને બચાવવા માટે પોતે ચુલામાં કૂદી પડે, ઓલવી નાખવા માટે. દૂધ પોતે ઉકળી ઉઠે, નહીં, મારો મિત્ર છે, પાણી એ મારું સ્વરુપ છે, એને હવે મારાથી જૂદું પડવા દઉં નહીં, અને દૂધ ઉભરાવા માંડે, પાણીની રક્ષા કરે.

**''સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં મે''**

આપ તો 'સ્વાત્મજ્ઞં' છો, દૂધ સ્વરુપ આપ છો જ, મારા પાણીના રુપમાં આપ પધાર્યા અને મને પાણીમાંથી દૂધ બનાવી દીધો. અને દૂધની કિંમતે મારી કિંમત મૂકાઈ. આપ તો સ્વાત્મજ્ઞ

છો, સાથે અમે પણ સ્વાત્મજ્ઞ થઈ ગયા. દૂધમાં પાણી ભળ્યું, પાણી એ પણ દૂધ થઈ ગયું. આ રીતે આપણા હૃદયમાં બિરાજેલા જય મહારાજ આપણને પોતાના સ્વરૂપ બનાવી દે. મારા હૃદયમાં બેસીને મારા જય મહારાજ એમનું સ્વરૂપ આપી દે. લક્ષ્મણદાસજી મહારાજને શું કહ્યું જય મહારાજે? લક્ષ્મણદાસજીના હૃદયમાં જય મહારાજ પૂર્ણ રીતે બિરાજેલા હતા, અને **અંત સમયે સમાધિ વખતે કહી દીધું, 'આ લક્ષ્મણદાસ એ મારું સ્વરૂપ છે, એમાં મારાં દર્શન કરજો.' આટલા વર્ષોથી આપણે શું કરીએ છીએ? લક્ષ્મણદાસજી મહારાજમાં જ જય મહારાજનાં દર્શન કરીએ છીએ ને?** આ જ સંતરામ મહારાજ, આ જ સંતરામ મહારાજનો ફોટો કેમ? 'સ્વાત્મજ્ઞં' છો અને લક્ષ્મણદાસજી મહારાજના હૃદયમાં બેસી ગયા છો, અને એને કારણે

**''થયા લક્ષ્મણ ઉપર રાજી રે, ત્યારે મોજ ચરણરજ માગી રે, પોતાને મન મહેર કરી''**

જય મહારાજ સ્વયં કૃપા કરે , અને જય મહારાજ મહેર કરે પછી પતી ગયું. એણે કશું શોધવા જવું ના પડે, કશું માગવા જવું ના પડે. **જય મહારાજની કૃપા એટલે જીવનની સફળતા. જીવનનું સાફલ્ય એટલે જય મહારાજની કૃપા.** પણ એ કૃપા અનુભવવાવી જોઈએ. મારી ઉપર જય મહારાજની બહુ કૃપા છે, બહુ નિરાંત છે. મારા ઘરની અંદર બધી રીતે સુખશાંતિ છે. આમ આપણને પોતાને અનુભવ થાય. ઉદ્‌ગાર નીકળે કે અમારા ઉપર તો જય મહારાજની બહુ કૃપા છે. જે જય મહારાજનું સ્વરૂપ આપણામાં આવી ગયું, બિરાજી ગયું. પછીથી આપણા જીવનને કોઈ આંચ આવવાની જ નથી. કાઠિયાવાડમાં એક દરબાર હતા, નદી કિનારે એનું ખેતર હતું, ખેતર પૂરૂં થાય એટલે નદી. નદીમાં જે કોઈ પાણી

પીવા આવે એ બધા ખેતરમાંથી ઉભા ઉભા દેખાય, એના ખેતરમાં હળ જોડાયેલું હતું, અને બળદ એકદમ ઉભા રહી ગયા, કશીક ગંધ આવી. પેલો નોકર મારે, ના ચાલે એટલે. દરબાર કહે ઉભો રહે, મારીશ નહીં. નદીના કાંઠા તરફ ડોકિયું કર્યું, તો સિંહ સિંહણ પાણી પીતાં હતાં. કોઈ પણ પશુને ગાયને, ભેંસને, બકરીને બધાને એની ગંધ આવે એટલે ખબર પડી જાય કે ભાગો. જમીન માલિકે કહ્યું કે આ બળદોને છોડીને લઈ જા, એને બાંધી દે. પછી ખેતરનો માલિક ઝાડ નીચે ખાટલો ઢાળી ને સૂતો. થોડીક વાર પછી સિંહે ત્રાડ પાડી, પણ થયેલું શું? પાણી પીતાં-પીતાં મગર સિંહણનો પગ ઝાલીને અંદર ખેંચી ગયો.સિંહ તો બરોબર આકુળ વ્યાકુળ થઈ ગયો, પણ ત્યાથી ખસ્યો નહીં. સંધ્યાકાળ થયેલી, આછું આછું અજવાળું હતું. પેલો દરબાર ઉપર બેઠો બેઠો જોયા કરે. મગર જેવો ડોકાયો બહાર, એની સાથે સિંહે ત્રાડ પાડી, પંજો મારીને આખો ને આખો મગરને દાબી દીધો  એને ગુસ્સો એટલો બધો આવ્યો હતો, કે એની આંખો બહાર નીકળી ગઈ હતી. મગર છૂટી ગયો. બહાર ઉભા ઉભા એણે ભાંભરવા માંડ્યું. એટલે દરબારે ડોકિયું કર્યું આને કંઈ મુશ્કેલી લાગે છે. ધીરે ધીરે પાસે ગયો, દેખાવાનું બંધ થઈ ગયું હતું, એટલે એના કાન અને કેશવાળી પકડી ખેતરમાં ઉપર લઈ ગયો, બેસાડ્યો, પાંદડાલાવી, મસળી એની આંખમાં નીચોવી અને આંખોના ડોળા પાછા નાખી, એની પાસે જે સાફી હતી એનાથી એને પાટો બાંધી દીધો. એટલે દરબાર રોજ ઘેરથી ખાવાનું મંગાવીને, એની પાટાપીંડી કરે. થોડાં અઠવાડિયાં પછી સિંહ સારો થઈ ગયો, પછી તો એટલી બધી મિત્રતા થઈ ગઈ, કે જમીન માલિક જમવા ઘેર જાય તો એ આહાર કરવા જાય. આમ ને આમ મહિનો વીતી ગયો. ચામાસું આવ્યું, એટલે ખેતરમાં તો ના રહેવાય, સિંહ પણ જોડે આવે, પહેલાં તો

લાગ્યું કે આ બધાને હેરાન કરશે, જમીન માલિકના ઘરે આગળ મોટો વાડો હતો, વાડામાં વચોવચ ખાટલો નાખીને દરબાર સૂવે, અને પેલો સિંહ ખાટલાની નીચે સૂઈ જાય, દરબારને ગામમાં થોડું વેર હતું. ચાર પાંચ જણ ભેગા થઈને, દરબાર ખૂલ્લામાં સૂઈ જાય છે, એને પૂરો કરી નાખીએ ઊંઘમાં. પેલા લોકોને ખબર નહીં, દરબાર ઊંઘતા હતા, પેલા લોકો ઉતર્યા, સિંહને અણસાર આવી ગયો. પેલો તલવાર લઈને નજીક આવે તે પહેલાં જ તેણે ત્રાડ પાડી, પંજો મારી છાતીએથી પૂરો કરી નાખ્યો. બીજા જે હતા એ ભાગી ગયા. રાત હતી એટલે, આ બધાને ઊંઘવા નથી દેતો, ચાલ આપણે સીમ, એમ કરીને સિંહને લઈને સીમમાં ગયા. સવારે આવ્યા પાછા, પેલો મરેલો પડ્યો હતો, અને સિંહ ત્યાં જ હતો, સિંહ કોઈને અડવા ના દે મડદાને. એને પાછો લઇ જઇ બધું પતાવી દીધું. કહેવાનું કે સિંહ જેવો પશુ પણ, જેનાં હૃદય મળી ગયાં એ દરબારને પોતાના હૃદયમાં વસાવી લીધો. એ છે **'હૃત્સ્થિતં મે'** એણે એટલી રીતે એનું જતન કર્યું કે જેને મને આટલો બધો ભોગ આપ્યો એના માટે એણે પણ બદલો આપી દીધો. સમય જતાં દરબારનું મૃત્યું થયું, ત્યારે સ્મશાનયાત્રા નીકળી. નનામીની વચ્ચે ચાર જણની સાથે સિંહ જાય, અગ્નિની ચિતાએ જ્યારે ચેતાવી ને ત્યારે, એક ખૂણામાં જઈને બેસી ગયો, બેઠો બેઠો જોયા જ કરે, આંખમાંથી આંસુ, ચિતા પૂરી થઈ ગઈ. ટાઢી પાડી દીધી, પછી પૂછડું પછાડી, ગોળ ફરીને હંમેશને માટે વનમાં જતો રહ્યો. જેને સાચવે છે જેના હૃદયમાં બેઠો છે, તો એટલી બધી ઓતપ્રોતતા થઈ ગઈ, જેમ જય મહારાજની સાથે આપણી, જય મહારાજ આપણને સાચવે. આપણે ગમે તેવા હોઈએ, તેમના શરણે ગયેલા છીએ. આમ, આપ તો સ્વાત્મજ્ઞ છો, શક્તિશાળી છો અને આપ અમારામાં. અમારે નિશ્ચિતતા જ છે, કોઈ કશું પણ

ના કરી શકે. જય મહારાજને આપણે સદાય એમને શરણે રહીએ, એમને ભજતા હોઈએ, તો કોક દિવસ તો આપણો આ રીતનો નાતો સંભાળી લેશે ને? તો એવા જય મહારાજને કહીએ,

**''સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં મે વિમલગુરુત્તરં''**

**''ગુરુતરં''**

સૌથી ઊંચામાં ઊંચું, શક્તિશાળી આપ છો વિમલ, નિર્મલ છો આપ. અને શ્રેષ્ઠ એવા ગુરુ કહેવાય, શ્રેષ્ઠમાં પણ શ્રેષ્ઠ જે સદ્‌ગુરુ એ આપણા જય મહારાજ છે.

**''વિમલગુરુતરમ્''**

હવે જે હૃદયની અંદર આવા શ્રેષ્ઠ સદગુરુ બેઠેલા હોય, હૃદયમાં ગમે એટલો અજ્ઞાનનો અંધકાર હોય, દુરાચારનો અંધકાર હોય પણ જય મહારાજેને ત્યાં પધરાવી દઈએ, એ અંધકાર ઉભો રહી શકે ખરો? નિર્મળ 'વિગતમલઃ' **જેનામાંથી બધા જ મલ, વિક્ષેપ અને આવરણ દૂર થઈ ગયાં હોય, એવા શ્રેષ્ઠ પ્રભુ પરમાત્મા સ્વયં અવધૂત મારા હૃદયમાં બેઠેલા છે. ખબર છે?** જેવા તેવા નથી, અને હું જેવા તેવાને શરણે ગયો નથી. **મારા જય મહારાજ મારી સાથે મારા હૃદયમાં બેઠેલા છે. આવો પૂર્ણ ભાવ હોય પૂર્ણ શરણાગતિ હોય, કે અર્પણ કર્યું છે મારું જીવન, મારું સર્વસ્વ, તો જય મહારાજ નિર્મળ ભાવથી હૃદયમાં આવી ને બેસે અને આપણને સદાયને માટે નિર્મળ કરે.**

।। જય મહારાજ ।।

## પ્રકરણ-૩૧

# ઘટ ઘટ સોહંગ રામ

સીતાજીના સ્વયંવરમાં વિશ્વામિત્ર રામને લઈને ગયેલા, જ્યારે સ્વયંવરના મંચ ઉપર ભગવાન બેઠા, ત્યારે રાક્ષસોને કાળ સમાન લાગ્યા, જે સાત્વિક રાજા હતા એમને રાજકુમાર જેવા લાગ્યા, જે ક્રૂર રાજાઓ હતા તેમને કાળ જેવા દેખાયા, અને જનક રાજાના સંબંધીઓ જે હતા સુનયનાજી અને એ બધાને તો, અમારા કોઈ સ્વજનના હોય એવા લાગ્યા. એટલે **જ્યારે કોઈપણ વ્યક્તિને માટે કોઈપણ ભાવ આપણા હૃદયમાં હોય એવો માણસ દેખાય.** એ પ્રકારના વિચારનાં સ્પંદનો અથડાઈને એક શબ્દમાંથી બીજા શબ્દો ફૂટ્યા કરે, એવા જ પ્રકારના ફૂટ્યા કરે. એક શબ્દ સંઘર્ષનો નીકળી જાય પછી બધા સંઘર્ષના જ ફટાકડા ફૂટતા જાય. પહેલો શબ્દ સદ્ભાવનાનો નીકળ્યો તો પછી સદ્ભાવનાના જ શબ્દો નીકાળતા જાય. પછી ત્યાં પૂર્વગ્રહ કામ કરે બધા, આ આવો છે ને પેલો આવો છે. પૂર્વગ્રહ જે છે એ બધાએ પાસે બેસીને શંકાના સમાધાન ન થાય ત્યાં સુધી મનના વિચારો તોફાને ચડેલા હોય, બહુ મુશ્કેલ છે. ક્યારેક સમજણફેરનાં નાટક થતાં હોય છે, સમજ સમજની અંદર કંઈક એવી રીતે થઈ ગયું હોય એટલે મોટાં નાટક સર્જાય, પછી ખબર પડી કે આ તો આટલી નાની

સમજણફેર હતી એનું આ નાટક થઈ ગયું? પછી પાછા સમાધાન ઉપર આવી જાય. સમજણ ફેરનાં નાટક બહુ સાચવવાં પડે. નાની નાની બાબતમાં ગેરસમજ ઉભી થઈ જાય. તો સંઘર્ષે ચડી જવાય. કંઈ ના હોય, કાંઈ લેવાદેવા ના હોય, અને પેસી ગયા હોય અંદર. પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપ જેના આપણે સહુ આત્મા તરીકે અંશો છીએ, એવા યોગીરાજ અવધૂત જય મહારાજ આપણા સૌની ઉપર સદાય પ્રસન્ન રહે, આપણા સૌની ઉપર એમની કૃપા સદાય બની રહે. જય મહારાજ અત્યંત દયાળુ છે. જય મહારાજ કરુણા રૂપે પ્રાપ્ત છે. જે કોઈ ઇચ્છે કે જય મહારાજ મારી ઉપર દયા કરજો, જય મહારાજ કરુણાના સાગર છે, જે હૃદયપૂર્વક જય મહારાજનું શરણું સ્વીકારે છે, જય મહારાજને સ્મરે છે, એને સદાય મહારાજ શરણું આપે, એને પોતાનો કરી ને રાખે.

**''પોતાનો કરીને સ્થાપો રે**
**અજ્ઞાન બંધ હોય તે કાપો રે**
**ગુરુજી મને જોગ ચઢાવી આપો રે''**

ઈચ્છા કરો, શરણે જાવ, જરૂર જય મહારાજ આપશે, બાકી નહીં રાખે, કેમ કે જે પણ કંઈ ઈચ્છીએ છીએ, એ સારૂં ઈચ્છીએ છીએ, સારું માંગ્યુ છે, આપણે ખોટું તો માગ્યું નથી જેથી આપણું અકલ્યાણ થાય. જય મહારાજ એવા સતર્ક છે, સજાગ છે, કે કદાચ આપણે માગીને આપણું અકલ્યાણ થાય એવું હોય તો જય મહારાજ આપે જ નહીં, જાણી જોઈને દુઃખી થશે. જય મહારાજ અતિ શુધ્ધ છે, સૌને માટે અતિ દયાળુ છે.

**''વિમલગુરુતરં''**

કોઈ પણ જાતનો સહેજ પણ ડાઘ ના હોય, એને વિમલ

કહેવાય છે. મલ એટલે મેલ, અને 'વિગત મલ' એનામાંથી મળ વિક્ષેપ અને આવરણ હંમેશને માટે ચાલ્યાં ગયાં હોય, દૂર થઈ ગયા છે. છે જ નહીં. 'વિમલ' હંમેશા એ નિર્મળ છે, જેમ વિમલ અને નિર્મળ. નિર્મળ એટલે શુધ્ધ. તો જે વિમલતા છે, નિર્મળતા છે જય મહારાજની, એને કારણે જય મહારાજનું સ્વરુપ જય મહારાજનું તત્વ અત્યંત શ્રેષ્ઠ છે.

**''વિમલગુરુતરં''**

કંઈપણ ગંદુ હોય મેલૂં હોય, તો સ્વાભાવિક છે, કે કોઈને ન ગમે. ભૂંડને ગમે, કિચડ ગંદકી. બાકી સામાન્ય પશુ પણ ઈચ્છે કે ચોખ્ખામાં બેસીએ, સાફસૂફીમાં બેસીએ, ચોમાસામાં કૂતરાં ઘરમાં આવીને નથી બેસી જતાં? પણ જેની વૃતિ ભૂંડ જેવી હોય, એને ગંદકી જ ગમે, ગંદકીમાં જ ઊંઘ આવે, ગંદકીની અંદર રહે તો જ એને સંતોષ ને આનંદ થાય. આવા મેલા માણસો, મેલી વૃતિવાળા માણસો, એમનું જીવન દુર્ગંધવાળું જ હોય, એનામાં કોઈ પ્રકારની એવી માનવતા ન હોય, માણસાઈ ના હોય, કે જે પોતે પોતાની જાતને નિર્મળ તરીકે જોઈ શકે. મનનો મેલો હોય, વિકૃતિઓનો મેલો હોય, શરીરથી ગંદો હોય, બધી જ રીતે ગંદો માણસ હોય, તેની નજીક કોણ જશે? એની સાથે સંબંધ કોણ રાખશે? કોઈ નહીં રાખે. એવાથી દૂર રહેલાને જય મહારાજ પોતાની નજીક બોલાવે છે. ગંદાની નજીક જઈએ તો આપણે પણ ગંદાની જોડે ગંદા થઈએ. તેના કીચડના, ગંદકીના ડાઘ આપણા શરીર પર પડે, એટલે એનાથી દૂર જ સારા. જય મહારાજ વિમલ સ્વરૂપ છે, જય મહારાજનું સ્વરૂપ બિલકુલ નિર્મળ, પવિત્ર, એમાં બીજું કંઈ જોવા મળે જ નહીં, જેને સો ટચનું સોનું કહીએ, એમ જય મહારાજ પરિપૂર્ણ અમૃતસ્વરૂપ છે. વિષ્ણુસહસ્ત્રમાં પણ કહ્યું છે કે

**''સુવર્ણ વર્ણો હેમાંગો''**

હેમ એટલે પણ સોનું. જેમનું શરીર, જેમનો વિગ્રહ સુવર્ણની માફક પરિશુદ્ર છે.

જેમનો વર્ણ પણ સોના જેવો ચમકતો છે,તેજસ્વી છે, એમ 'વિમલગુરુતરં' શુધ્ધ, પવિત્ર. જય મહારાજના આ સ્વરૂપને જ્યારે આપણે વિચારીએ અને મારા હૃદયમાં બેઠેલા જય મહારાજ કેવા છે? વિમલ, નિર્મળ

**''હૃત્સ્થિતં મે વિમલગુરુત્તરમ્''**

બિલકૂલ અણિશુધ્ધ, એટલે આપણા હૃદયમાં પાપ ના રહેવા દે. આપણા મનની આપણા હૃદયની વિકૃતિઓ, વાસનાઓને પણ દૂર કરીને સાફ કરી નાખે, સ્વચ્છ કરી નાખે. જય મહારાજ હૃદયમાં પધાર્યા હોય, અને ભગવાન પરમાત્મા સ્વરૂપે બિરાજ્યા હોય, અને અંદર જ સત્સંગ થયા કરે. સત્સંગ થયા કરે તો હૃદય પણ ધોઈ નાખે અને મન પણ ધોઈ નાખે, કારણ સંતોનો સંગ છે. સત્યનો સંગ છે માટે એનું નામ છે સત્સંગ.

**''નિર્મલ મન જન સો મોહિ પાવા, મોહિ કપટ છલ છિદ્ર ના ભાવા''**

ભગવાન પોતાના શ્રીમુખેથી કહે છે મને છલ કપટવાળો માણસ જરાય ગમતો નથી, જેનું મન મેલું હોય, જેનું હૃદય ગંદુ હોય, એ મને જરાય ગમે નહીં. **જય મહારાજ એવા પરમાત્મા સ્વયમ્ નિર્મળ છે, એટલે જ કોઈ નિર્મળ હોય એનો તરત જ મહારાજ ઉધ્ધાર કરે છે.** હૃદયમાં બિરાજ્યા છે, પછી કશી કચાશ રાખશે ખરા? હૃદય એટલે આખા શરીરનો પ્રાણ. આખા શરીરને પુષ્ટી આપતું નિયંત્રણ અંગ છે અને ત્યાં આગળ જય મહારાજ

બિરાજ્યા છે. ત્યાંથી થતો એક એક રક્તનો કણ, સદ્‌ભાવનાપૂર્વક હૃદયમાં જય મહારાજ બિરાજ્યા હોય, અને રક્તનો એક એક કણ જય મહારાજના સાનિધ્યના સ્પર્શનો હોય, એ રક્ત, એ લોહી આખા શરીરની અંદર વિચર્યા કરે. આખા શરીરમાં સાત્વિકતા પ્રગટે, ભજન સાધન સાત્વિકતાની સાથે જ રોમ રોમ ઊંચાં થઈ જાય. એમાં નિરંતર સાત્ત્વિકતા, આનંદ, પ્રેમ જેવી સ્થિતિ આવી જાય ને બધાં જ રુવાડાં ઊંચાં થઈ જાય.

**''રોમ રોમમાં રમી રહ્યો, ઘટ ઘટ સોહંગરામ**

**અણુ માત્ર ખાલી નહીં, હરી વીણ ઠાલો ઠામ''**

આપણા શરીરના એક એક કણની અંદર જય મહારાજ છે, એની અંદર ચેતના છે, કોઈ એવી જગ્યા નથી કે મારા પ્રભુ, મારા ભગવાન પરમાત્મા ત્યાં હોય નહીં, બધે જ

**''ઘટઘટ પર તે ગરજી રહ્યો''**

દરેકના ઘટ એટલે શરીર ઉપર, માથા ઉપર ગરજી રહ્યો છે એ જ, બીજા કોઈ નથી

**''શિર સદગુરુસંત પ્રતાપ વરતી ઠરતી''**

મહારાજની આણ, ગુરુ મહારાજનો પ્રતાપ માથા ઉપર હોય ને, બધી જ વૃત્તિઓ આપોઆપ શાંત થઈ જાય. કોઈપણ વૃતિ ઉઠે જ નહીં, ક્લેશવૃતિ નહીં, ઈર્ષ્યા વૃતિ નહીં, રાગદ્વેષની વૃતિ નહીં, લોભની વૃતિ નહીં, કામવાસનાની વૃતિ નહીં, નિર્મળતા, બિલકુલ શાંત. ત્યારે એમ લાગે કે હાશ, જય મહારાજના સાનિધ્યમાં કેટલું સરસ જીવન છે, કેવો આનંદ આવે છે જીવવાનો. અને સંયમમાં હોઈએ ત્યારે જીવવાનો આનંદ જો. નિરાંત છે સંયમની. એમ થાય કે હે પ્રભુ, આવી ને આવી વૃતિઓ

સદાય બની રહેજો, આમાંથી હવે બહાર ના નીકળાય, એવા ભાવથી જય મહારાજને સેવ્યા હોય ને, ત્યારે,

**''વિમલગુરુત્તરં હૃત્સ્થિતં''**

એવા નિર્મળ, એવા પવિત્ર જય મહારાજ મારા હૃદયમાં બિરાજ્યા છે, અને પધરાવ્યા પછીનો આનંદ, સાચે જ જ્યારે વૃત્તિઓ એ પ્રમાણે થઈ જાય ને ત્યારે એમ લાગે કે મારું જીવન જે આનંદ, સાચે જ જ્યારે વૃત્તિઓ એ પ્રમાણે થઈ જાય ને ત્યારે એમ લાગે કે મારું જીવન કેટલું સુંદર છે, જીવનનો કેટલો બધો આનંદ આવે છે, પણ ક્યારે? આપણું હૃદય નિર્મળ થાય ત્યારે વૃતિઓ જ જ્યાં મેલી હોય, ભટકતી હોય, અથડાતી કૂટાતી હોય, અશાંત હોય, ત્યાં ક્યાં જય મહારાજ વૃતિની અંદર આવવાના હતા? વૃતિને શાંત કરીએ, વૃતિને સ્વચ્છ કરીએ, પછી જય મહારાજ પધારે, બધું સંભાળી લે. પણ થોડું ઘણું આપણે સાફ રાખ્યું હોય તો ભગવાન પધારેને? નિર્મળતા સૌને માટે. સર્વ જગતને નિર્મળ પવિત્ર કરવાવાળા એવા જય મહારાજ, સ્તુતિ કરનારને પણ એમ થાય કે, ઓહોહો જય મહારાજ કેટલા સુંદર લાગે છે, માત્ર સુંદર નહીં, કેટલા સરસ, અરે સરસ જ નહીં, કેટલા પવિત્ર છે. સુંદર, સ્વચ્છ, સાફ, સરસ, આ બધા હળવા શબ્દો છે, પવિત્રતાની નીચે છે બધાય. **પવિત્રતા એ સંપૂર્ણ સાત્ત્વિકતા, પરમ અવસ્થા જેને કહેવાય એનું નામ છે પવિત્રતા. 'પવિત્રતાની શક્તિથી આખું જગત બીવે છે'** એ પવિત્રતા કેવી હોય?

**''વિમલગુરુત્તરં''**

પવિત્રતા માણસને પણ એટલો બધો પ્રફુલ્લિત બનાવે, આનંદિત બનાવે, ઓહો આજે કેટલો બધો આનંદ આવે છે,

કેટલી હળવાશ છે, કેમ? કે હૃદયમાં પવિત્રતાના ભાવો સર્જાયા છે, અને જય મહારાજ પધાર્યા છે. **જ્યારે જ્યારે પણ પવિત્રતાની અનુભૂતિ થાય ત્યારે જય મહારાજ તો પવિત્રતાની મૂર્તિ છે, એ જ આપણામાં આવીને પધાર્યા છે એમ માનવાનું, એ જ સાક્ષાત્કાર આપણા પોતામાં, અને તે વખતે અનુભવ થાય કે, ઓહો આટલો સરસ સાક્ષાત્કાર કરાવે છે જય મહારાજ આપણને.** બધા જ સદ્ભાવો, બધા જ સદ્ગુણો ધીરે ધીરે અભિવ્યક્ત થતા જાય પોતાનામાં, આનંદ આવતો જાય, શાંતિ મળતી જાય, જીવનની અંદર હળવાશ લાગ્યા કરે, નિરંતર પ્રસન્નતા ને આનંદ. ત્યારે એ બધી જ વૃત્તિઓ આપણામાં આવી શાંત થઈ, સ્થિર થઈને બેઠી હોય, જય મહારાજ પણ સાથે પધાર્યા હોય આ બધાની સાથે, તો એક અવસર થઈ જાય, એક પ્રસંગ થઈ જાય કે,

**''આજ મારે દશરા દિવાળી રે, આવો ને હરિ હેત કરી ને ચાલી રે,**
**ગોપી રે જો હોય તમને વહાલી રે, આજ મારે દશરા દિવાળી''**

કેટલો આનંદ થાય, ગાતાં, ગાતાં ગાતાં મન ભરાય, હૈયું છલકાય, આંખો વહેવા માંડે,

આવા ભાવપૂર્વક. આપણું હૈયું નિર્મળ હોય, જય મહારાજને બોલાવીએ કે પધારોને જમવા માટે. હૃદયપૂર્વક જો બોલાવીએ તો આવીને જમે, ચોક્કસ જમે. આપણો સંકલ્પ, આપણી ભાવના, આપણી ભક્તિ હોય, કે જય મહારાજ ભગવાન ઠાકોરજીના સ્વરૂપે આપણામાં આવીને બેસે, અને કેટલાક કોળિયા આપણા મોઢામાં મૂકાવીને, જમે અને એમને જમાડ્યા પછી તમે હાથ ધોઈ ને ઉઠો, તો તમને લાગે કે હું તો ભૂખ્યો છું, તો આ બધું કોણ જમી ગયું? પરમાત્મા સ્વરૂપે આવીને જમી ગયા. આપણી

ભૂખ એવી ને એવી રહી. આપણા વડે આપણા હાથ વડે એ કોળીયો સ્વીકારે.

**''જમતાં લાગશે પ્યારો રે''**

કેટલો સરસ ભાવ છે.

**''બેસીને હરિ સ્નાન કરજો, પીતામ્બર આપું તે પહેરજો રે, પછી હરિ ચાખડી એ ચઢજો રે''**

આંખ બંધ કરીને જમાડતા હોઈએ, અને એ જમતા હોય ને આનંદનાં આંસુ વહેતાં હોય, આજ મેં બાપજી ને જમાડ્યા.

**''વિમલગુરુત્તરં''**

આમ જો એટલા ભાવથી આપણે જમાડીએ ને, પ્રીતમદાસજી શું કહે છે ખબર છે?

**''ગુરુને પ્રેમે સંતોષ પમાડ્યા, જાણે તેણે ચૌદ લોક જમાડ્યા''**

ક્યાં લઈ ગયા? એક વરો કરવો હોય તો કેટલા મણ જોઈએ? તો ચૌદ લોક ને જમાડવા માટે કેટલું બધું જોઈએ? પણ આ રીતે સંતોષ આપો, જય મહારાજ રીઝી જશે, અને એનાથી કેવું ફળ મળશે?

**''જાણે તેણે ચૌદ લોક જમાડ્યા''**

પણ હૃદયની અંદર બિરાજેલા જય મહારાજ આપણું હૃદય પવિત્ર કરે, અને આવી ઊંચી શ્રધ્ધા ભાવના સાથે એટલે ઊંચે લઈ જાય, ચૌદ લોક સુધી લઈ જાય, જાવ બધાને જમાડી આવો, શું કરશો?

**''ગુરુને પરિક્રમા કરી લાગે પાય, તેને સહુ સાધન સહેજે થાય''**

બધું જ થઈ જાય. ક્યાંય ના જવું પડે, જય મહારાજમાં જ બધું આવી જાય. એટલા માટે સ્તુતિ કરનારે કહ્યું કે મારા બાપજી કેવા છે?

**''સ્વાત્મજ્ઞં''**

''પોતાના આત્માને જાણવાવાળા છે''

**''હૃત્સ્થિતં મે''**

મારા હૃદયમાં બેસવાવાળા છે, પણ કેવા છે?

**''વિમલગુરુત્તરં''**

વિમલ, અને ઊંચામાં ઊંચું તત્વ. 'ગુ' નામ અંધકાર, અને 'રુ' નામ પ્રકાશ. પોતાના પ્રકાશથી અંધકારને ભગાડી મૂકનાર. અને એવા પરમ શક્તિશાળી 'ગુરુતરં' અજ્ઞાનના અંધકારને, જીવનની જે અણસમજો છે, એ બધીને બધાને હાંકી કાઢે, ચાલો નીકળો અહિંથી. કેટલીવાર લાગે હાંકી કાઢતાં? દીવો પ્રગટ્યો, એટલે એક સેકંડ પણ વાર ના લાગે. એમ 'ગુરુતરં'. જ્યાં આપણા અંતઃકરણમાં સમજણનો દીવો પ્રગટાવ્યો એની સાથે

**''સમજણને અજવાળે ગળ્યા''**

એવું અજવાળું કરો સમજણ વડે, કે અંધારાનો નાશ થઈ જાય અંતઃકરણમાંથી અંધારું જતું રહે. મનમાંથી અંધારું જતું રહે. **મનનું અંધારું બહુ જબરું હોય છે માણસ મનના અંધકારથી ભાંગી પડે.** એક યોદ્ધો હતો, તે રણમેદાનમાંથી હારીને પાછો આવ્યો, અને પોતાની પત્ની આગળ એવો નિરાશ થઈને ઉભો, એણે પાણી આપ્યું, પીધું પછી, કેમ આમ શું છે? આજે હું બહુ મોટું ગુમાવીને આવ્યો છું, હારીને આવ્યો છું, ઘણો બધો પ્રદેશ ગુમાવીને આવ્યો છું, હું ભાંગી પડ્યો છું. એટલે એની પત્નીએ જોયું કે આ, ભલે

હારીને આવ્યો, પછી એણે એક વાત ઉપાડી કે તમને આટલું દુઃખ છે, પણ મને તો એનાથી પણ ખોટા સમાચાર મળ્યા છે, તમે જે સમાચાર આપ્યા એના કરતાં પણ ગંભીર સમાચાર મળ્યા છે મને, એટલે પેલો રડવા મંડયો, કે શું છે એવું? પત્ની બોલી કે, તમે આટલા મોટા શક્તિશાળી છો, યુવાન છો, આટલું બધું યુદ્ધની વિદ્યા જાણો છો, તમે મનથી ભાગી પડી હારીને આવ્યો છો, એ વાત મને બહુ સતાવી રહી છે, મારાથી સહન થતું નથી, તમે તો યોધ્ધા છો, સક્ષમ છો, એટલે પેલાનું ભાગી પડેલું મન પાછું ઉભું થયું તૈયાર થયો, જે કંઈ તેના સૈનિકો હતા એ બધાને લઈને ફરી પાછો વળગી પડયો, જીતીને આવ્યો. પત્નીએ કહ્યું કે તમે મનથી ભાગી પડયા હતા એટલે હાર્યા હતા. **મનથી ભાગી પડેલા હતા મનથી ભાગી ના પડવું, મનની દુર્બળતા બધી જ રીતે માણસને ખતમ કરી નાખે, એટલે મન શુધ્ધ હોય, જય મહારાજને મનમાં બેસાડયા હોય, પછી ભલે આપણે આપણી હિંમતથી ભાગી પડયા હોય, પણ જય મહારાજ આપણને આપણા મનમાં બેસીને, આત્માની તાકાત પૂરી આપે.** ચાલો.

**''વિમલગુરુત્તરં''**

બસ આવા નિર્મળ, આવા પવિત્ર સદ્‌ગુરૂ મહારાજ અમારા જીવનમાં બીજે ક્યાંથી મળવાના હતા? અમને મળી ચૂક્યા છે, અમારે બીજે ક્યાંય. કોઈને શોધવા ફરવાની જરૂર નથી, મને મારા જય મહારાજ મળ્યા, કેવા?

**''હૃત્સ્થિતં મે''**

મારા હૃદયમાં જ આવીને બેસી ગયા છે, હું તીર્થો કરવા ક્યાં જઉં, બીજે ક્યા શોધવા જઉં? વિમલ, નિર્મળ, પવિત્ર એવા સદ્‌ગુરૂ મહારાજ મારા હૃદયમાં જ આવ્યા છે મને મળી ગયા છે.

એટલી ઊંચાઈ છે એમની. એમની ઊંચાઈ આત્મનિષ્ઠાની છે, એમનું સ્વરૂપ તીર્થ છે. તીર્થમાં કેટલી શક્તિ હોય? યુગો સુધી તીર્થ હોય અને એની અંદર કરોડો માણસ સ્નાન કરવા આવતા હોય, અને એ ધીરજપૂર્વક બધાંના પાપ ધોતું હોય, તે ધીરજ રાખે, એટલે આટલા મોટા જય મહારાજનું સ્વરુપ, આટલું ઊંચું, અને તે મારા હૃદયમાં? આનંદ થાય.

**''પ્રભુતા તજી કિન્ન સનેહુ, ભયઉ પુનિત આજ મમ ગેહુ''**

ભગવાન રામ બોલ્યા, વશિષ્ઠજી ઘેર આવ્યા છે, પ્રભુ, મને બોલાવવો હતો ને, હું આવી જાત. આજ્ઞા કરવી હતી ને. આજે આપ મારે ઘેર પધાર્યા, મારું ઘર પાવન થયું. સદ્‌ગુરુને માટે ભગવાન આ શબ્દો ઉચ્ચારતા હોય, અને આવું સ્વાગત કરતા હોય. આપે સદ્‌ગુરુ તરીકેની આપની મોટાઈ છોડી દઈને આ સેવકને ઘેર,

**''સેવક સદન સ્વામી આગમનુ મંગલમૂલ''**

બધું જ મંગળ થાય, અને બધાં જ અમંગલ આપોઆપ દૂર થઈ જાય.

**''વિમલગુરુત્તરં''**

આવા શ્રેષ્ઠ જય મહારાજ છે. જેણે સ્તુતિ કરી, જેણે સંબોધન કર્યું, એના હૃદયમાં કેટલો ઊંચો ભાવ હશે? 'વિમલગુરુતં' શ્રેષ્ઠ ગુરુ, નિર્મળ ભાવ, હૃદય નિર્મળ, **એમની વૃતિઓની અંદર પણ નિર્મળતા, તેમની દ્રષ્ટિની નિર્મળતા તો તરત ખબર પડી જાય કે માણસની આંખ કેવી છે, એની નજર કેવી છે. એની નિર્મળતા, એની અંદર રહેલું જે પાપ છે એની દ્રષ્ટિમાં, દરેક માણસ ઓળખી જાય, કે આની આંખમાં પાપ છે.** એમ નિર્મળતા પણ તરત

ખબર પડી જાય, કે આની દ્રષ્ટિમાં કેટલી નિર્મળતા છે, કેટલી સાત્વિકતા, કેટલો સંયમ છે. અહીં જેણે સ્તુતિ કરી હશે, જેને દર્શન થયાં હશે જય મહારાજનાં, એણે આ સંબોધન કર્યું, તો એ દર્શન આપણને થયું. સ્તુતિ કરનારને તો દર્શન થયાં હશે, પણ એ એમનો અનુભવ મૂકતા ગયા આ સ્તુતિની અંદર, પ્રાર્થનામાં, અને પ્રાર્થના વડે આપણને પણ એની પ્રસાદી મળી, કે જય મહારાજ કેવા છે?

**''સ્વાત્મજ્ઞં'' ''હૃત્સ્થિતં મે'' ''વિમલગુરુત્તરં''**

પોતાના આત્માને જાણવાવાળા છે.સૌના હૃદયમાં બેસવાવાળા છે, મારા હૃદયમાં પણ બેઠેલા જ છે.

નિર્મળ ભાવ છે, બિલકુલ પવિત્રતા, એવા સદ્‌ગુરુ એવા જય મહારાજ મારી વૃતિઓને પોષી રહ્યા છે.

|| જય મહારાજ ||

## પ્રકરણ–૩૨

# ગુરું ગુરુત્તરં ગુરુ જય મહારાજ

**યોગીન્દ્રં વિશ્વવંદ્યં સકલ ગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્**
**ક્લેશાતીતં મમેશં હૃચલસુખકરં સચ્ચિદાનંદરૂપમ્**
**શિષ્યાણાં જ્ઞાનદં તં વિગતમલયુતં કિંકરાણાંહૃદિસ્થં**
**વંદેહં સિધ્ધિયુક્તં પરમપદવિદં શ્રી ગુરું સંતરામમ્**

**સ્વાતમજ્ઞં હૃત્સ્થિતં મે વિમલગુરુતરં**

મારી હૃદયગુફામાં બિરાજેલા પરમાત્મા છો, જે પરબ્રહ્મસ્વરુપ, આપ સ્વયં,

**''હૃત્સ્થિતં મે''**

મારા હૃદયમાં બેઠેલા, અને 'સ્વાત્મજ્ઞ' છો. સ્તુતિ કરતાં એટલો સરસ ભાવ આવ્યો,

**''ગુરુદેવ હર હરિ''**

કોઈ સંકુચિત સાંપ્રદાયિક વાડો નહીં, ગુરુદેવ હર અને હરિ બંને, શૈવ કે વૈષ્ણવનો કોઈપણ ભેદ ગુરુદેવ ઉપાસનામાં નથી હોતો.

**''ગુરુર્બ્રહ્મા, ગુરુવિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વર, ગુરૂ સાક્ષાત્ પરબ્રહ્મ''**

જે પરબ્રહ્મને જેણે સ્વાત્મનિષ્ટ કરી દીધા હોય, એને પછી જુદા માની કેવી રીતે શકાય? જે બ્રહ્મલીન થયેલા સ્વરૂપો છે એ બધા જ એક પરબ્રહ્મની અંદર લીન થયા, તો ગુરુ મહારાજ સ્વયં એ બધાના, બધા સ્વરૂપો ગુરુમહારાજમાં સમાયેલા છે. બ્રહ્મલીન થયા એ બધા જ નારાયણદાસજી મહારાજ હોય કે જાનકીદાસજી મહારાજ, એ બધા જ પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપ છે સર્વત્ર છે. પરબ્રહ્મની અંદર જે લીન થાય એને બ્રહ્મલીન કહેવાય. આવું બ્રહ્મ તત્વ સૌને સમાવી લે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એટલા માટે તો જગત્ગુરુ તરીકે, પરબ્રહ્મ તરીકે, ભગવાન દત્તાત્રેય, આખી એક સમરસતાની ઉપાસના તે સમયે શૈવ, શાક્ત અને વૈષ્ણવની ખેંચતાણ ખૂબ હતી, ભગવાન દત્તાત્રેયના પ્રાગટ્ય પહેલાં, એનું શમન થાય, એટલા માટે પરબ્રહ્મ સ્વયં, અને કોને નિર્ધારિત કર્યા, કોને નિમિત્ત બનાવ્યા? અત્રિ જેવા તપસ્વીને, કોઈ સાંપ્રદાયિક નહીં, આચાર્યો એવા ઘણા હતા. માત્ર વિષ્ણુ અવતાર છે, કે શિવનો અવતાર છે એમ નહીં, ત્રણેયનું સમન્વય કર્યું, અને ત્રણેય સાથે આવીને, અને અત્રિને આપ્યા, દત્તાત્રેય, ત્રણેય અત્રિને આપેલા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ.શા માટે છે? જે કઇ મતભેદ છે એને એક સંગઠિત કરવા માટે, એક કરવા માટેનો આ અવતાર છે. હવે તે પોતે જ પરબ્રહ્મ સ્વરૂપ જ હોય, અને સહુ, ત્રણેના કાર્યોને પોતાનામાં સમાવી લીધા. બ્રહ્માની સૃષ્ઠિ ઉત્પતિ, વિષ્ણુનું પાલન, શિવનું વિસર્જન, આ ત્રણેય.

**''યતો જાયતે પાલ્યતે યે ન વિશ્વં, જનેભ્યઃ પરં લીયતે યત્ર વિશ્વમ્''**

પરબ્રહ્મનું સ્વરૂપ છે યોગીરાજ અવધૂત સ્વયં જય મહારાજ, અને એ જ્યારે આપણા પોતાના હૃદયમાં બિરાજેલા છે જ, સ્તુતિ કરનારે પણ કેટલું અનુભવેલું છે.

**''હૃત્સ્થિતં મે''**

મારા હૃદયમાં આપ બેઠેલા છો, આપ તો સ્વાત્મજ્ઞ છો જ, આપ પરબ્રહ્મ છો, એટલું જ નહીં સ્વાત્મનિષ્ઠ છો. આટલા બધા સંબોધન જય મહારાજને માટે સ્તુતિકારે કર્યાં. આપ સ્વયં તો પોતાના નિજસ્વરૂપમાં છો જ અને એ અમારા હૃદયમાં આપ બિરાજેલા છો,

**''ચૈતન્યં શિષ્યમધ્યે નિગમગતિગિરા કથ્યતે યદ બ્રુવંતં''**

ઉપનિષદો અને વેદો પણ આ પ્રમાણે કહેતા હોય કે ચૈતન્ય સ્વરૂપ એ આપણા સર્વેમાં બેઠેલા છે. પોતે સ્વાત્મજ્ઞ છે, સ્વાત્મનિષ્ઠ છે, એવા જય મહારાજ મારા હૃદયમાં બિરાજ્યા છે.

**''હૃત્સ્થિતં મે''**

મારા હૃદયમાં આપનું સ્થાન છે. ભગવાનનું સ્થાન આપણા હૃદયમાં ક્યારે હોઈ શકે? આપણા હૃદયમાં બીજી બધી અન્ય વાતો પણ હોય છે. આપણે જઈને એને બોલાવીને, આમંત્રિત કરીને આપણા પોતાના હૃદયમાં એ બધી વાતો અને બધી વિકૃતિઓ આપણે સ્થાપિત કરતા હોઈએ છીએ. જો વિકૃતિઓ હૃદયમાં આવીને સ્થાપિત થઈ શકતી હોય એ પ્રકારનો વ્યવહાર, એ પ્રકારનું વર્તન જો આ શરીરથી થયા કરતું હોય, ''**હૃત્સ્થિતં મે**'' તો મારા હૃદયની અંદર બેઠેલા આપ છો એવી દ્રઢતા કેમ ન થાય? અને જો એ પ્રકારની દ્રઢતા થાય તો જય મહારાજ તો સ્વાત્મજ્ઞ છે, આપણા હૃદયમાં બિરાજીને આપણને પણ સ્વાત્મજ્ઞ બનાવી શકે છે. પણ એટલી ધારણા ધ્યાન પછીનું જે પગથિયું છે સાતમું એ દ્રઢ થાય, સંકલ્પિત બને તો આપણા પોતાના હૃદયની અંદર બિરાજેલા જય મહારાજ દ્વારા આપણું

આખું જીવન, જીવનનો આખો વ્યવહાર, એમાં ઘણું મોટું પરિવર્તન આવી જાય. કેમ? સ્વાત્મનિષ્ઠ છે, અને એ બિરાજેલા છે, સ્વાત્મજ્ઞમ્ છે, અને એ મારા હૃદયમાં છે, તો પછી મારી વૃત્તિઓ સદાને માટે ત્યાં સ્થિર કેમ ના હોય? આપણામાં જે ઉપાસના સ્વરૂપે, કે સાધન સ્વરૂપે હોવું જોઈએ, એ સૂરત અને નૂરત. સારામાં સારી રીતે આપણે આપણી જાતને સંભાળી લઈએ એનું નામ સૂરત. આપણે જ આપણી જાતથી બહાર નીકળીને ભટક્યા કરીએ તો વિકૃતિઓનો ઉકરડો-એનું નામ જિંદગી. જ્યારે વૃત્તિઓ બહાર રખડતી હોય ત્યારે સમજી લેવાનું, આપણું જીવન એટલે ઉકરડો. બધી જ ગંદકી, બધો જ કચરો, બધી જ દુર્ગન્ધ આપણા જીવનમાં હોય, કેમ? વૃત્તિઓને આપણે સ્વતંત્ર ભટકતી રખડતી મૂકી દીધી, એટલે જેમ પેલું હરાયું ઢોર રખડતું હોય ગમે ત્યાં મોંઢું મારી આવે, અરે તું ગાય છું, પવિત્ર છું, પણ છૂટી મૂકી એટલે ગમે ત્યાં મોંઢું મારી આવશે, મરેલું પશુ પડ્યું હશે ત્યાં પણ મોંઢું મારી આવશે, અમે તને પવિત્ર ગણીએ છીએ. તું ગાય છું અને આ બધું, કેમ? છૂટી મૂકી દીધી છે. **વૃત્તિઓ છૂટી મૂકાઈ જાય ત્યારે એનામાં પવિત્રતા રહેતી નથી.** એ વૃત્તિઓ હૃદયમાં જ બિરાજેલી હોય પછી મારી વૃત્તિઓ ક્યાં કિચડમાં આળોટવા જવાની છે? વૃત્તિઓ શાંત રહે, અંતરમુખ રહે, સાત્વિક બને. ત્યારે જ

**''હૃત્સ્થિતં મે''**

પણ તે પહેલાં આપણે દ્રઢ સંકલ્પ કરવો પડે, કે મારે ત્યાં, મારા જીવનને આંગણે, મારા હૃદયમાં જય મહારાજ બિરાજેલા છે, હું નિરાંતમાં છું.

**''મહારાજને ખોળે માથું મૂક્યું, સોહંગની સોડ તાણી''**

પછી ક્યાં ફીકર ?

**''નીંદરની તો લહેર લાગી, ભ્રમણા સહુ ગઈ ભાગી''**

એટલે જો મનોબળ દ્રઢ હોય, ચાર દિવસ પહેલાંની આપણી જ વાત કરીએ, રોજ તો તરત ઊંઘ આવી જાય પણ દિવસે બે કલાક, બાર વાગ્યા, શું છે આજે? ખાલી એક વિચારનું એક નાનું સરખું સાપોલિયું ઘુસી ગયેલું, એ ઊંઘવા જ ના દે. સાપોલિયું ઘરમાંથી બહાર ના નીકળે ચેન ના પડે. ભલે ને ત્યાં સુધી પલંગ ઉપર સૂઈ ગયા હોઈએ એમ વિચારનો એક નાનો કણો મગજમાં પેસી જાય, પછીથી બાર વાગે કહ્યું, કે મહારાજ હવે પધારો.

**''મહારાજને ખોળે માથું મૂક્યું, સોહંગની સોડ તાણી''**

ત્યાર પછી પાંચ મિનિટ થઈ હશે. આ છે હ્રદયની સ્થિતિ. આપ સ્વાત્મજ્ઞ થઈને મારા હ્રદયમાં બિરાજેલા છો. એ ભાવની દ્રઢતા આપણામાં આવે એટલે પેલું વિચારનું નાનું સરખું સાપોલિયું જતું રહ્યું પાંચ મિનિટમાં જ. માત્ર ત્રણ કલાકમાં જ, બારથી ત્રણ. નુકશાન તો થયું. કેમ? કે જય મહારાજને દૂર મોકલી દીધા હતા હ્રદયથી. તો આમ આપણા પોતાના હ્રદયની અંદર જય મહારાજ બિરાજેલા હોય ત્યારે આપણી વૃત્તિઓ એ પ્રકારે બિલકુલ અંતરમુખ, શાંત, જય મહારાજ સ્વરૂપ, ક્યારેય નિમ્નતા તરફ ડોકિયું કરવાની, કે નજર કરવાની ઈચ્છા જ ના થાય, ત્યારે આપણામાં જય મહારાજ આવીને બેસે.

**''સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં મે''**

પણ કેવા છે જય મહારાજ? વિમલ, નિર્મળ, એમાં કોઈ

પણ મલ, વિક્ષેપ કે આવરણ કશું જ ના હોય ત્યારે વિમલ થવાય. મારા હૃદયમાં બિરાજેલા જય મહારાજ વિમલ છે, મારામાં આ મળ, આ વિકૃતિઓ, આ વિક્ષેપ, આ વાસનાઓ, આ તામસ વૃતિઓ આવી ક્યાથી? આવવી જ ના જોઈએ. ઘર જ્યારે દિવાળી ઉપર સાફ કરવા બેઠા હોઇએ, ત્યારે અઠવાડિયું તો થાય ને, બધી સાફસૂફી, વાસણ છે જે આ બધું સાફ કરતાં કરતાં, ઘરના ગોખલા છે, કબાટ છે, આ બધું જ સાફ કરવા માંડીયે, ખંખેરી ખંખેરી ને સાફસૂફ કરીને મૂકીએ, પછી હાશ થાય કે, હવે મારે ત્યાં દિવાળી આવી, બધું જ સાફસૂફ. એમ હૃદયની અંદર પણ સાફસૂફી એવી કરવા માંડીએ, એવી કરવા માંડીએ, કે જય મહારાજ આવી ને બેઠા હોય, દિવાળી ઉજવાતી હોય, પછી આ કચરો આવે જ કેવી રીતે? દિવાળીના દિવસોમાં જય મહારાજ પધાર્યા છે અને આ કચરો?

**''હૃત્સ્થિતં મે વિમલ''**

**મારા હૃદયમાં આવીને બેઠા છે એટલે મારું હૈયું, મારું ઘર પણ પાવન થઈ ગયું. એટલું યાદ રાખજો, કે જેટલી સારી સેવા કરશો, એટલું જય મહારાજ આપણું હૈયું સાફ રાખશે. હૈયાનું આંગણું રોજ રોજ સાફ રાખજો. જો આપણી સેવા હોય, જય મહારાજને આંગણે, તો જય મહારાજની સેવા હોય આપણા હૈયે.**

**''હૃત્સ્થિતં મે વિમલ''**

મારા હૃદયમાં બેઠેલા આપ નિર્મળ છો, પવિત્ર છો અને પવિત્રતાથી ઉપર કશું નથી. શુધ્ધિ, સફાઈ એ બધું નીચે, અપટુડેટપણું, બધું જ નીચે આવે. પણ પવિત્રતા એ સર્વોપરી છે. પવિત્રતાની આગળ બધી શક્તિઓ શાંત થઈ જાય છે. હારી જાય

છે. પવિત્રતાની આગળ બધી જ શક્તિઓ હાર સ્વીકારી લે છે. જય મહારાજ તો વિમલ છે, વિમલ સ્વરૂપ જેનું છે, વિગ્રહ જેનું વિમલ છે, યોગી છે તપસ્વી જે છે, અવધૂત છે, એક કોપીન સિવાય શરીર ઉપર ભસ્મ જ છે, બીજું કશું નથી સૌમ્ય સ્વરૂપે, આપણા હૃદયની અંદર આવે. અવધૂત તો પૂર્ણ ત્યાગી હોય, એમની પવિત્રતા, સાધુતા, નિર્મળતા વિશે અવધૂતનામાં તો કાઈ પૂછવાનું ના હોય. એ વિમલ છે, એટલે તો સ્તુતિકારે સ્તવન કરતાં કરતાં કહ્યું કે

**''વિમલગુરુત્તરમ્''**

નિર્મળ, પણ ગુરુઓની અંદર પણ, ગુરુનાય પણ ગુરુ, શ્રેષ્ઠતા, આપી દીધી, Superlative degree આપણા જય મહારાજ આટલી ઊંચાઈ ધરાવે છે. એ આ ધરતી ઉપરના નથી. વિગ્રહ છે જય મહારાજનું. એ વિગ્રહને કયું નામ આપ્યુ?

**''કેવલં જ્ઞાનમૂર્તિ''**

કેવલ જ્ઞાનનું જ સ્વરૂપ છો, ઘીની મૂર્તિ બનાવી હોય શ્રાવણ મહિનામાં, કેવલ ઘીજ હોય. એમાં આડાં ઉભાં લાકડાં મૂકીને, પથ્થર મૂકીને ઉપર ઘી હોય, એ ઘીની મૂર્તિ ના કહેવાય. પણ શુધ્ધ, જેમ લાકડાની મૂર્તિ બનાવીએ, પત્થરની મૂર્તિ બનાવીએ, સોનાની પણ હોઈ શકે, પણ એની અંદર સોનું જ હોય, એમ જય મહારાજનું સ્વરૂપ કેવુ છે?

**''કેવલં જ્ઞાનમૂર્તિ''**

કેવલ શબ્દ

**''વિમલગુરુત્તરં''**

અને અહીં પણ કહ્યું છે,

**''તીર્થરુપં''**

જય મહારાજ તો તીર્થસ્વરુપ છે.

**''તીર્થરુપંપ્રપૂજ્યં''**

**''વિમલગુરુત્તરં''** **''તીર્થરુપં પ્રપૂજ્યં,''** જય મહારાજ તો એક મનુષ્યદેહ છે, એમને તીર્થ કેવી રીતે કહ્યા? કોઈ મંદિર હોય, કોઈ સરોવર હોય, કોઈ નદી હોય, એને તીર્થ કહેવાય, પણ જય મહારાજને તીર્થ કહી દીધા, કારણ? તીર્થે જનાર યાત્રી પોતાના મનથી એવી દ્રઢ શ્રધ્ધા સાથે જાય છે, કે તીર્થ પવિત્ર છે ને મહાપુરુષોના તપથી તીર્થ મને પવિત્ર કરશે. તીર્થ તો પવિત્ર હોય હંમેશાં, નદીમાં સ્નાન કરીશું ને પવિત્ર થઈશું. ગંગાજીમાં સ્નાન કરીને, બે કપડાં પલાળીને લઈને આવીશું, કપડાં નિચોવ્યા વગર સૂકવીને આવવું પડે, અને છેલ્લે પહેરાવવાનું કહી દેવું પડે, કે આ કપડાં મને છેલ્લે પહેરાવજો.

**''તીર્થરુપં''**

તો આવી પવિત્રતાની દ્રઢતા હૃદયમાં બેઠેલી હોય તીર્થ માટે, બસ એવી જ પવિત્રતાની દ્રઢતા જય મહારાજ માટે હોય. અને એટલા માટે આપનું પૂજન, **''પ્ર''** ઉપસર્ગ છે.

**''પ્રપૂજ્યં''**

પૂજ્ય તો છો જ, પણ પ્રથમ પૂજનના અધિકારી છો. જેમ યુધિષ્ઠિરને ત્યાં રાજસૂય યજ્ઞમાં પ્રથમ પૂજા કોની કરવી? ઘણો બધો વાદવિવાદ ચાલ્યો. ભિષ્મદાદા એ કૂળના વડીલ છે, દ્રોણ, તો કુળગુરુ છે, ઘણા બધાં નામ સૂચવાયાં. કૃષ્ણનું નામ આવ્યું એટલે શિશુપાલ ઊભો થયો, આને? ક્યારેય પણ આની અગ્રપૂજા ના હોય. કેટલીય ગાળો ભાંડી. કેટલી બધી ગાળો ભાંડી જ્યારે

તીર્થ થવું હોય ત્યારે આ બધું જ ગંભીર ભાવે, વૃત્તિઓને સ્થિર, શાંત કરીને પચાવવું પડે. કૃષ્ણ હસતા રહ્યા, નવ્વાણું ગાળો બોલ્યો શિશુપાલ ત્યાં સુધી હસતા રહ્યા, પછી શિશુપાલને સાવધાન કર્યો, શિશુપાલ સાવધાન. તારી માને વચન આપેલું છે, તારી માએ વચન લીધેલું છે, એ પૂરું થાય છે, છેલ્લું એક જ બાકી છે, તારે સાવધાન થવું હોય તો થઈ જા.

**''કેવલંજ્ઞાનમૂર્તિ''**

એની અંદર કેટલી ગહેરાઈ, કેટલું ઉંડાણ હશે, કે જે નવ્વાણું ગાળો આટલા મોટા સમાજની વચ્ચે અને કૃષ્ણ અગ્રપૂજાને પાત્ર હતા બધી જ રીતે, બૌધ્ધિકતાથી, પોતાની કાર્યકૂષળતાથી, બળથી, બધી જ રીતે. એટલે પાંડવોએ તો નક્કી કર્યું કે અમારે તો અગ્ર પૂજા કૃષ્ણની જ કરવી છે. તો અહીં કહ્યું કે

**''પ્રપૂજ્યં''**

અગ્રપૂજા. જય મહારાજ આ સૌની અંદર અગ્રપૂજાને પાત્ર છે, કેમ? કેવલં જ્ઞાનમૂર્તિ તો ખરા જ, એમનું સ્વરૂપ છે પણ તેની સાથે સાથે,

**''ગુરુરેવપરબ્રહ્મ''**

માત્ર બ્રહ્મ નહીં પણ પરબ્રહ્મ છે. એ પરમબ્રહ્મથી તો આ સૃષ્ટિ છે, ''પરમં બ્રહ્મં પરમધામં પરમ્ મંગલમ્ પરમ'' આટલે સુધી કહી દીધું છે. પરબ્રહ્મ એ જ પવિત્ર છે, એ પરમ ધામ છે અને એ જ સર્વસ્વ છે. સૃષ્ટિના જે પણ કોઇ અવતારો છે, એ બધા જ પરબ્રહ્મના અવતારો છે. જે પણ કોઇ, એ બધામાં પરમબ્રહ્મ હોય એ સર્વોપરી છે. જય મહારાજનું સ્વરૂપ તો પરબ્રહ્મનું છે. અને એટલે જ

**''તીર્થરુપમ્ પ્રપૂજ્યમ્''**

તીર્થસ્વરૂપ છો આપ, તીર્થ જેવા ઉદાર છો આપ. તીર્થ કોઈ પણ પાપી, મહાપાપી, કે અતિ પાપી હોય, 'અપિચેત્સુદુરાચારો' હોય, તો પણ તીર્થ એને રોકે નહીં. જય મહારાજનું શરણું લેવા માટે કોઈ પણ પાપીમાં પાપી આવે, તો પણ જય મહારાજ એને રોકે નહીં, આવ. આપણે કદાચ કહીએ કે, જય મહારાજ અને શા માટે અહીં રોક્યો છે, એને અહીં શા માટે રાખ્યો છે, આ તો નકામો છે, આ તો લુચ્ચો છે, આ તો પાપી છે, ગમે એટલી એના માટે ફરિયાદો કરીએ, તો આપણા બધાના મનમાં લુચ્ચો અને પાપી આવે પણ જય મહારાજ એને કાઢી મૂકે તો જય મહારાજ તીર્થ શાના? સ્તુતિકર્તાએ જય મહારાજને કહ્યું કે, તીર્થ

**''તીર્થસ્વરુપં નિજબોધયુક્તં''**

નિજસ્વરુપને આપે પરિપૂર્ણ રીતે સાર્થક કરેલું છે. આપ તો તીર્થ છો, તો તીર્થને આંગણે કોઈ પણ આવે, ગરીબ, ભિખારી, ગંદો, ઘેલો, મેલો, એને પણ સ્નાન કરવાનો અધિકાર છે. પાપીમાં પાપી આવે તો પણ ત્યાં પવિત્ર થઈને જાય.

**''પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે''**

એ તીર્થ છે આ. એમના જ્ઞાનની અંદર ડૂબકી મારે, લે, જ્ઞાનસરોવરની અંદર ડૂબકી મારો. જય મહારાજને તીર્થસ્વરુપ કહ્યા, તો એમાં જળ છે? ના, એમાં જ્ઞાનનાં જળ ભરેલાં છે.

**''મન જ્ઞાનજળે ધોજો રે, અહંકાર અભિમાનને ખોજો રે, ખોટા હું પદને ત્યજો રે''**

કેટલો સરસ ભાવ છે. તીર્થ કયું? જય મહારાજ સ્વયં.

તીર્થમાં શું? જળ તો હોય જ. સ્નાન વગર તો જવાય જ કેમ? બીજા તીર્થમાં તો પાણી મળે, સરોવરમાં, નદીમાં, પણ જય મહારાજના તીર્થમાં તો જ્ઞાનજળ છે.

**"મન જ્ઞાનજળે ધોજો રે"**

બસ નિર્મળ થાવ. તીર્થમાં શરીર ધોવાય, હાડકાં જબોળાય, પણ મન એવું ને એવું રહે. જ્યાં સુધી મન ના જબોળાય ત્યાં સુધી પવિત્રતા ના આવે, એટલે તીર્થ બીજા ખરા શરીરને પાવન કરવા માટે પણ જય મહારાજનું તીર્થ એટલે જ્ઞાનનું તીર્થ, જ્ઞાનસરોવરની અંદર, જ્ઞાન પ્રવાહની અંદર નાહ્યા એટલે, પેલા તીર્થ કરતાં આ તીર્થમાં વધારે પાવન થવાશે. એટલે કેટલા બધા મેલ મનના ધોવાવાળા, કેટલાં બધાં પાપ ધોવાવાળા એવા આપ પ્રપૂજ્ય છો, અગ્રપૂજાના આપ અધિકારી છો. કેટલી ઉંડી ભાવના હૃદયમાં હોય ત્યારે શ્રધ્ધાપૂર્વક સ્તુતિ માટેના આવા શબ્દો નાભીમાંથી નીકળે. જય મહારાજના સાચા સ્વરૂપનું દર્શન કરાવે, ઓહ જય મહારાજ આ છે? આપણે તો દર્શન કરીને જઈએ-જ્યોતનાં, પાદુકાજીનાં, સેવાપૂજાનાં, શ્રુંગારનાં, પણ વિચારતા જઈએ કે બાપજી આપ તો તીર્થ સ્વરૂપે બેઠેલા છો. આટલાં વર્ષોમાં કેટલાયના વિક્ષેપ ધોયા હશે, પાપ ધોયાં હશે, અપરાધ ધોયા હશે, કેટલાયનાં મેલાં મન ધોયાં હશે, ત્યારે આજે હજારોની લાખોની સંખ્યામાં દર્શન માટે આવે છે. ચાલો નડીયાદ યાત્રાએ જઈએ. દર્શન કરવા જઈએ. દૂર દૂરથી, કેમ? જય મહારાજ તીર્થસ્વરૂપ છે. એ જય મહારાજનું તીર્થસ્વરૂપ આપણને પણ પાવન કરનારું છે. જય મહારાજને તો તીર્થસ્વરૂપ કહ્યા, સતત આપણા હૃદયની અંદર સ્વાત્મજ્ઞ એવા, અને જે પોતાનામાં સ્વાત્મનિષ્ઠમ, પોતાની અંદર સ્થિર છે હંમેશને માટે ડગતું મન

નહીં, સામાન્ય માણસની વૃત્તિઓ, એનું મન ડગતું હોય, હાલતી હોય પણ, સ્વાત્મનિષ્ઠા, પોતાની અંદર પૂરેપૂરી દ્રઢતા, ક્યાંય બહાર નજર કે ડોકીયું કરવાની આવશ્યકતા જ નહીં, મારા પોતાના આત્મસુખની અંદર, હંમેશાં એમાં જ રમમાણ, હંમેશાં એની અંદર જ સ્થિતિ.

**''સ્વાત્મજ્ઞં હૃત્સ્થિતં મે''**

સ્વાત્મજ્ઞ એવા આપ મારા હૃદયમાં બિરાજેલા છો, અને આપ સ્વાત્મજ્ઞ છો એટલે મારૂં હૃદય પણ વિમલ, નિર્મળ બને, પવિત્ર બને, અને આપ છો, 'ગુરુતરં' ગુરુનું શ્રેષ્ઠ તત્વ આપની પાસે પડેલું છે, અને એ તીર્થનું સ્વરુપ બનેલું છે, તીર્થની શક્તિ બનેલી છે. તીર્થમાં નિર્મળતા હોય, ગમે એટલા પાપીઓ ગમે એટલાં પાપ મૂકી જાય, છતાં પણ તીર્થ હંમેશાં પવિત્ર અને પવિત્ર. વ્યક્તિ થોડાં પાપ, થોડા અપરાધ કરીને બેસે, એટલે એ પાપનું પાત્ર થઈ જાય, એ દુર્ગતિને પાત્ર બની જાય. તીર્થમાં આટલા બધા યાત્રીઓ આવીને સ્નાન કરે, પાપ ધોવે છતાં તીર્થ પવિત્ર, કેમ? જય મહારાજ જેવા જંગમ તીર્થ, વિચરતા તીર્થો, ભાગવતની અંદર પણ વાત કરી છે,

**''તીર્થાસ્પદમ્ તીર્થીકૃતાનિ''**

જે આવા મહાપુરુષો, આવી વિભૂતિઓ જે સ્વાત્મજ્ઞ છે, પરબ્રહ્મનું સ્વરૂપ છે, વિચરણ કરતાં જાય, તો રાહ જોતા હોય તીર્થો, કે જંગમ તીર્થ ક્યારે મારી પાસે આવે, અને આટલા બધા લોકે જે પાપ ધોઈ ગયા છે, તો મારી પાસે ભેગા થયેલા પાપ કોણ ધોશે? તો આ

**''તીર્થસ્વરુપં''**

એ તીર્થસ્વરુપં આપણા હ્રદયમાં બિરાજે, અને આપણને તો નિત્ય દર્શન પ્રાપ્ત રહ્યા છે, એનો આનંદ અને તેનો લાભ આપણા જીવનને હંમેશને માટે બની રહેલો છે. એવા તીર્થસ્વરુપ, પ્રપૂજ્ય, સ્વાત્મજ્ઞ આપણા સૌના જીવનની અંદર સદાય માટે આપણું જીવન પાવન કરે છે

|| જય મહારાજ ||

## પ્રકરણ-૩૩

# પૂર્વજન્મનાં પૂણ્યે રે પૂરા ગુરુદેવ મળ્યા

પ્રભુ જય મહારાજ અવધૂત સ્વરુપ આપણા સહુનું કલ્યાણ કરવા માટે જય મહારાજ નો વિગ્રહ ધારણ કરી આ ધરાતળ ઉપર પધાર્યા છે. ધરાતળ ઉપર તો પધાર્યા છે, પણ દરેકના અંતઃકરણમાં, દરેકના રુદીયામાં પધાર્યા છે. એ જ્ઞાન સ્વરુપે, આત્મનિષ્ઠા સ્વરુપે, સત્સંગ સ્વરુપે જય મહારાજ સંયમ અને સદાચાર સ્વરુપે પણ હૃદયમાં આવીને બિરાજ્યા છે. આપણું પરમ સદ્‌ભાગ્ય છે, જય મહારાજનું સાનિધ્ય આપણને મળ્યું છે. અને સાનિધ્યની અંદર આપણે સત્સંગ મેળવીએ છીએ. સત્સંગનું અમૃત આપણને રોજ સજીવન રાખે છે. સત્સંગનુ્ઢ અમૃત રોજ આપણને જીવાડે છે. સત્સંગનું અમૃત ના હોય તો વિકૃતિઓને વાસનાઓથી માણસ માર ખાઈને મરી જાય. જય મહારાજ પૂર્ણ કૃપાળુ છે, દયાળુ છે, સત્સંગનું અમૃત પાઈને પીરસીને આપણને સૌને અમર બનાવી રહ્યા છે.

**''સ્વાત્મજ્ઞં''**

આપ તો પોતાના સ્વરૂપને જાણવાવાળા છો. કેટલું સરસ સંબોધન છે. સ્તુતિની અંદર સંબોધન છે. પ્રભુ, બાપજી આપ ''સ્વાત્મજ્ઞં''

છો, જેવા તેવા નથી. જેની પાસે પોતાનો પરિચય પૂરેપૂરો હોય એને જ સ્વાત્મજ્ઞ કહેવાય. તત્વજ્ઞ હોય, મર્મજ્ઞ હોય, તત્વજ્ઞ અને મર્મજ્ઞ કરતાં જે સ્વાત્મજ્ઞ છે, કોઈપણ વિષયનો નિષ્ણાત હોય એને મર્મજ્ઞ કહેવાય, પણ સ્વ આત્માનો જેને ખૂબ સારી પેઠે પરિચય છે, આ જગતમાં દરેક જીવનો એવો સ્વભાવ છે પોતાનો જ પરિચય પોતાને નથી હોતો. હું કોણ છું; તે માત્ર સ્થૂળ ભાવ, શરીર ભાવ, વ્યવહારિક ભાવ પૂરતો જ મર્યાદિત રાખતો હોય છે. જે ક્ષણભંગૂર છે, જે નાશવંત છે, એ દેહને જ હું અને મારું માની બેઠેલો છે, પરિણામ સુખની અંદર જ એનાં દુઃખ જનમતાં હોય છે. એ દુઃખમાંથી સુખ શોધી રહ્યો છે. આ સંસાર, આ સંસાર દુનિયાનો વ્યવહાર દેખાય છે. સુખમય, પણ અંદર છે દુઃખ, સંસાર આખો દુઃખમય હોવા છતાં દુનિયાના લોકોને સુખમય લાગી રહ્યો છે. ભ્રમણા છે, ભ્રાંતિ છે,

**''માયામોહૌ તથા મો સપદિ વિગલિતૌ નષ્ટસંદેહવૃત્તિઃ''**

ભ્રમણા જેને કહેવાય, સંદેહ છે

**''યત્સંગાન્નષ્ટપાપઃ''**

બાપજી આપના સત્સંગથી આપના શરણથી, જે માયા મોહ છે એ બધા જ ભ્રમણા છે એવું મારા મનમાં સ્થિર થઈ ગયું છે.

**''માયામોહૌ તથા મે સપદિ વિગલિતૌ નષ્ટસંદેવૃત્તિઃ''**

**''યત્સંગાન્નષ્ટપાપઃ''**

આપનુ શરણ મળ્યું ને ત્યારથી આ બધાનો મર્મ સમજાવો. આ બધામાં શું છે એ સાચી વસ્તુ, સાચી પરિસ્થિતિની સમજ આવી ગઈ. **ભોગો માત્ર દુઃખનું કારણ છે, છતાં સમસ્ત સંસારને એમાં જ સુખ દેખાય છે.**

**''નષ્ટસંદેહવ્રુતિ માયામોહો''**

માયા મોહ એ ભ્રાંતિ છે તેની પ્રતીતિ મને પોતાને થઈ ગઈ.

**''યત્સંગાન્નષ્ટ''**

જેમના આશ્રયથી, જેમના શ્રવણ, જેમની નિશ્રામાં મને આટલું મળ્યું છે, તો આમ જય મહારાજનું સ્વરૂપ આપણા સૌને માટે કલ્યાણકારી છે, જય મહારાજનું અવતરણ એ આપણા સૌનું સદ્ગતિનું એક ધામ છે. જ્યાંથી આપણને સંયમ મળવાનો છે, સદ્વિચાર મળવાનો છે, એનાથી આપણને સદ્ગતિ પ્રાપ્ત થવાની છે.

**''સ્વાત્મજ્ઞં હ્રત્સ્થિતં મે''**

આપ સ્વાત્મજ્ઞ છો, અને અમારા હૃદયમાં બેઠેલા છો. જય મહારાજની જ્યારે આપણા ઘરમાં પધરામણી કરવાની હોય તો કેટલો આનંદ આવે ? કેટલી તૈયારીઓ કરીએ, કે મારે ત્યાં જય મહારાજ આવવાના છે. કેટલી બધી તૈયારીઓ હોય, ઉત્સાહ અનેરો આનંદ હોય. એ ઘરમાં પધારવાના છે સાચી વાત, આનંદ, પણ જ્યારે હૈયામાં આવીને બિરાજવાના હોય તો કેવો આનંદ થાય? આપણી નજીકમાં નજીક જો કોઈ પણ હોય તો આપણા હૃદયનું તત્વ ચેતના, તેથી બિલકુલ નજીક આપણી સાથે કોઈ ન હોઈ શકે. આપણી આત્મચેતના એ આપણા નજીકમાં નજીક છે. શરીરની સાથે કોઈપણ જો નજીક હોય, તો જય મહારાજ હૃદયમાં આવીને બેસે , એ શું થયું? ''સ્વાત્મજ્ઞં હ્રત્સ્થિતં મે''

મારા હૃદયમાં આપ બિરાજી ગયા છો. ઘરમાં નહીં, એથી પણ વિશેષ આગળ, કેવો સ્પર્શ અનુભવાય હૃદય દ્વારા? રુવાડાં,

અને જાણે આનંદની હેલી. જય મહારાજ મારા હૃદયના આંગણે પધાર્યા છે.

**''ગુરુજી પધાર્યા મારે આંગણે''**

આંગણું એટલે માત્ર ઘરનું આંગણું નહીં, અંતઃકરણમાં, હૃદયમાં આવી ગયા. હૃદયમાં આવી જાય એટલે શું બાકી રહે? ઘરને આંગણે આવે તો ઘણું બધું કરવાનું રહે, પૂજા કરવાની રહે, પ્રણામ કરવાના રહે, આરતી કરવાની રહે, એમનું સ્વાગત કરવાનું રહે, પણ અંદર જ બેસી ગયા, ભક્તિના દ્વાર બધાં જ ખૂલ્લાં હતાં, શ્રધ્ધાની બારી ઉઘાડી હતી, કે જય મહારાજ સીધા અંદર બેસી ગયા.

**''હ્રિત્સ્થતં મે''**

પણ આ બધું ખુલ્લું હોયતો બને હોં. ઘરમાં મહેમાનોને બોલાવવાના હોય તો માંડવાને બારણાં રાખીએ છીએ ને ખુલ્લાં. આવો, બધાને આવકાર. અહીં તો જય મહારાજ પધાર્યા, એટલે, એ તો પૂર્ણ ચરાચર વ્યાપક છે, આખી સૃષ્ટિના જડચેતનમાં બિરાજેલા છે, કેટલું વ્યાપક હશે?

**''પૂરણ બ્રહ્મ ચરાચર વ્યાપક''**

દરેકમાં જય મહારાજનું સ્વરૂપ છે. એટલું મોટું અનંતવ્યાપી. હૃદયમાં કેવી રીતે સમાંતું હશે? સમાય ભક્તિથી, પ્રેમથી, શ્રધ્ધાથી, સેવાથી. આ બધાં જ છે ભગવાનને બંધનમાં નાખનારાં બંધન. સેવા, પ્રેમ, ભક્તિ ભગવાનને બાંધી લે. તેમને છૂટવું હોય તો પણ ના છૂટાય. કૃષ્ણ છૂટી શક્યા? ભરતજી? ના. હનુમાનજી? ના. પ્રેમમાથી ભગવાન છૂટી શક્યા? **જ્યાં ભક્તિ છે, જ્યાં સેવા છે, જ્યાં પ્રેમ છે ત્યાં ભગવાન બધાં જ બંધનો**

**સ્વીકારવા માટે તૈયાર છે.**

**''પ્રેમની દોરે બંધાય મારો પાલ મોરે,**

**છૂટવા ચાહે પણ અટવાય જાય**

આ બંધન જ્યાં હૃદયમાં બેસાડી દીધાં, કે બાપજી હવે નહીં જવા દઉં ઘરની બહાર. મારા રુદિયામાં આવ્યા છો, હવે ક્યાં જવાના છો?

**''હાથ છૂડા કે જાત હૈ''**

હૃદયમાંથી નીકળીને જાય તો માનું કે તું સાચ્ચો કનૈયો છું. સૂરદાસના પ્રેમના બંધનથી ભગવાન ક્યારેય છૂટી શકે ખરા? આ પ્રેમના બંધન છે. તો, ક્યારેય

**''હ્રિત્સ્થતં મે''**

મારા હૃદયમાં આપ આવીને બિરાજેલા છો જય મહારાજ,

**''રુદિયામાં આવ્યા છો, દૂર ક્યાં થાઓ''**

દૂર ક્યાં જશો? તરત જ જવાબ મળી જાય કે, વિવશ છું તારી ભક્તિથી. હૃદયનું આંગણું પાવન છે, પવિત્ર છે, શુધ્ધ છે એટલે ભગવાનને શ્રી હરિ સ્વરૂપે જય મહારાજને આવવાની ઇચ્છા થાય, થાય ને થાય જ. પણ હૃદયનું આંગણું પવિત્ર રાખીએ તો શરત પહેલી આ. ત્યાં છળ-કપટ, રાગદ્વેષ ઈર્ષા કશું જ ના હોવું જોઈએ. એ બધો કચરો કહેવાય. હૃદયના આંગણમાં રાગદ્વેષના કચરા પડ્યા હોય, તો આપણને પોતાને ના ગમે. બેચેની રહે, માનસિક તણાવ રહે, તો ભગવાનને આવવાનું કેમનું ગમે? હૃદયમાં આટલો બધો કચરો પડ્યો છે, આપણને જ આપણું ઘર સાફ ના હોય તો ઘરમાં રહેવાની ઉભા રહેવાની ઈચ્છા થાય

નહીં. મહિને-બે મહિને ઘર ખોલ્યું હોય, પરગામથી આવીને, પરદેશથી આવીને, ભાઈ આ તો રહેવા જેવું નથી. બીજા કોઈકને ત્યા ઉતરીયે. પછી ઘર આખું સાફ કરાવીએ ત્યારે, હાશ ચાલો હવે રહેવા જઈએ. જય મહારાજને પણ હૃદયમાં લાવવા છે, બિરાજવા છે. હૃદયમાં પધરાવવા છે તો પહેલું અંતઃકરણનું આગંણું સાફ રાખો, બિલ્કુલ સાફ. ના થાય એવું નથી. ઉમરની, સમયની પરિપકવતા હોય તો જીવનની પરિપકવતા, સમજણની પરિપકવતા એક દિવસ ચોક્કસ આપણું હૃદયનું આંગણુ બિલકુલ સ્વચ્છ થશે અને જય મહારાજ આવીને વસશે. તે છતાં પણ જ્યારે શરીરમાં પીડા થાય, દુઃખ થાય, કોઇ આકસ્મિક આપત્તિ શરીર પર આવી પડે, ત્યારે હૃદય આખું ચોખ્ખું થઈ જાય. જય મહારાજ દયા કરો જલ્દી મટી જાય. તે વખતે કેટલુ બધું ચોખ્ખું થઈ ગયું હોય, ના વાસના હોય, ના આવેગ હોય, ના ઈર્ષા હોય, ના રાગદ્વેષ હોય. હરિ હવે તો ઉધ્ધાર કરો. નારાયણ અખિલગુરુ, આમ જ્યાં એ પોકાર કરે એની સાથે જ

''**ગરુડ ચઢી આવ્યા ગીરિધારી**''

સામા ચાલીને આવે, કેમ? હૃદય ચોખ્ખું છે. કંઈ પણ અંદર રાગદ્વેષ નથી, ભય છે. અને એકલો ભય ભગવાનને પોકાર કરતો હોય કે, પ્રભુ તું આવ આવ.

ગજરાજ,

''**सोन्तरस्य रुबलेन गृहित अग्नो**''

જોયું કે ગજેંદ્રએ કમળ ઉપાડ્યું છે મને અર્પણ કરવા માટે

''**ગરુડ ચઢી આવ્યા ગીરિધારી**''

જ્યાં દ્રૌપદીએ ચીસ પાડી કે **હે કૃષ્ણ દ્વારકાવાસી પાહિમામ્**

તરત હાજર, કારણ શું? અંતઃકરણ શુધ્ધ છે માટે, અને જેટલા અંતઃકરણની શુધ્ધિથી એક અવાજ કરીશું, તો બીજી બૂમ નહિ પાડવા દે, પણ જ્યાં અંતઃકરણ મેલું હશે, અંદર કેટકેટલી લાલસાઓ ભરી હશે, કેટલાય અંદર અનેક પ્રકારના દ્વંદ્વ ચાલતા હશે, ત્યાં ભગવાન ક્યાં આવે? મોક્ષ એક બૂમમાં અડધો અક્ષર બોલેને, ત્યાં ગરુડે ચડીને આવ્યા, આમ ક્યાં ઉતાવળા ચાલ્યા? રૂક્ષ્મણીએ પૂછ્યું, એક મોજડી મહેલમાં રહી ગઈ અને એક મોજડી પગમાં રહી ગઈ. આટલી બધી ઉતાવળ પ્રભુ? હા, મારો ભક્ત મને પોકારી રહ્યો છે, આર્તનાદ.

**''તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્,**

**ભવામિ નચિરાત્પાર્થ મય્યાવેશિતચેતસામ્''**

જેની મતિ મારામય બની ગઇ છે, એનો ઉધ્ધાર કરવા માટે હું તરત પહોંચી જાઉં છું. તો જય મહારાજ આવ્યા છે આપણા હૃદયમાં. એકવાર યાદ કરો, પણ શરત એટલી કે અંતઃકરણનું આંગણું ચોખ્ખું રાખજો. આપણાં ગંદા કપડાં હોય, તો બીજે દિવસે પહેરવાની ઈચ્છા ન થાય. આપણાં પોતાનાં, આપણાં પહેરેલાં હોય તોય, તો હૈયું ચોખ્ખું ના હોય તો ભગવાનને આવવાની ઈચ્છા કેમની થાય? કપડાં તો બહારનાં છે, અને પહેરવાં હોય તો પહેરી પણ શકાય, પણ વાસી છે, પરસેવાવાળાં છે, ગંદાં છે, જો આટલો બધો રાખતા હોઇએ આગ્રહ, તો ભગવાન આગ્રહ ના રાખે? જય મહારાજ કહે કે, તું તારા હૃદયનું આંગણુ ચોખ્ખું રાખજે. હું આવીશ જરૂરથી આવીશ, આવે પણ ખરા જોવા માટે, પણ સહેજ વાર આવીને ઉભા રહી ને જતા રહે, કેમ? હજું કંઈક મહીં પડેલો છે કચરો.

**''સ્વાત્મજ્ઞં લિત્સ્થતં મે''**

આપ તો અમને જાણવાવાળા છો. જય મહારાજ તો કેવા છે?

**''સદ્ગુરુસ્વામી અંતર્યામી''**

આપ તો અંતરયામી છો. અમને જાણો છો. સ્વાત્મજ્ઞં, અમારા હૃદયમાં આવીને, અમારા આત્માના સ્વરૂપે ઓળખાવાવાળા છો. જે ઓળખતો હોય એ જ ઓળખાવી શકે. જે ભોમિયો હોય એ જ બધું બતાવી શકે. જય મહારાજ સ્વાત્મજ્ઞં છે, આત્માના ભોમિયા છે, સર્વજ્ઞ છે, આપણા હૃદયમાં બિરાજીને પણ આપણા આત્માનું સ્વરૂપ આત્મજ્ઞાન કરાવે. આપ સ્વાત્મજ્ઞં છો, મારા હૃદયમાં પણ આપ બિરાજેલા, પધારેલા છો, એટલે આપણે જય મહારાજને ઓળખવાના. જય મહારાજે એમના આત્મતત્વને ઓળખ્યું, જય મહારાજ થકી સ્વાત્મજ્ઞ આપણે પણ થઈ ગયા, અમે પણ જય મહારાજને જાણીએ છીએ. મારા હૃદયમાં જય મહારાજ બેઠેલા છે, એટલે સ્વાત્મજ્ઞંનો સ્પર્શ. વીજળીનો પ્રવાહ આપણા ઘરમાં પણ આવે છે, જ્યાંથી એ ઉત્પન્ન થાય છે ત્યાંથી એટલે અમારા ઘરમાં પણ છે જ જય મહારાજ પ્રકાશસ્વરૂપે, વિદ્યુતસ્વરૂપે અમારા હૃદયમાં બિરાજેલા છે. આમ સ્વાત્મજ્ઞં, લિત્સ્થતં અને એને કારણે અમારું હૃદય, અમારું જીવન

**''વિમલગુરુતરં''**

સાફ થઈ ગયું અને શ્રેષ્ઠ રીતે સાફ થઈ ગયું એના કારણે આપ એવા નિષ્પાપ છો, એવા પવિત્ર છો, કે પાપનું નામોનિશાન તો ત્યાં રહી જ ના શકે. પાપી કદાચ આપના આંગણે પાપનો

અંધકાર લઈને આવે તો આપણને ત્યાં આવતાની સાથે એનો અંધકાર ધોવાઈ જાય. આપ તો તીર્થસ્વરૂપ છો.

**''પાપાંધકારાર્કપરમ્પરાભ્યાં''**

પાપને ધોવાવાળા, પાપનો નાશ કરવાવાળા આપ અર્ક, અર્ક એટલે સૂર્ય સમાન છો. પાપને ધોવાવાળા મારા બાપ આપ તો અર્ક, સૂર્ય સમાન છો. તીર્થસ્વરૂપ, પાપને ધોવાવાળા છો, અને સહુનાં પાપ ધોઈ તીર્થને પણ પવિત્ર કરે છે, પોતે તો પવિત્ર છે જ, અને તીર્થસ્નાન કરનારને પણ પવિત્ર કરનારા આપ છો. તીર્થનાં બારણાં સદાય સહુને માટે ઉઘાડાં છે, અને તીર્થ જો હૃદયપૂર્વક કરેલું હોય ને તો પાપ ધોનારું છે. પણ તીર્થની અંદર તીર્થબુદ્ધિ જલ્દી થતી નથી. તીર્થમાં સ્નાન કર્યું, પણ પછી પાછા પ્રવાસી તરીકે યાત્રાળુ તરીકે, તીર્થની અંદર તીર્થસ્વરૂપ થવું પડે. તીર્થમાં જે પવિત્રતા છે, એ પવિત્રતા આપણા વિચારોમાં આવે, આપણું મન શુધ્ધ થાય, આપણું હૃદય શુધ્ધ થાય, અને એટલા માટે જ પોતે તીર્થસ્વરૂપ છે, તીર્થોને પણ પાવન કરનાર છે, અને સૌને તીર્થ બનાવનાર પણ છે. જંગમ તીર્થ છે.

**''મુદમંગલમય સંત સમાજુ, જો જગ જંગમ તીરથરાજુ''**

ફરતા તીર્થ. એ વિચરણ કરતા જ રહે, અને એ જ્યાં બિરાજે ત્યાં તીર્થની પવિત્રતા આવે. એ સ્થળ, એ સ્થાન ને તીર્થ બનાવી દે. એ જ્યાં બેસે, જ્યાં તપ કરે એ જગ્યા તીર્થ બની જાય. આ જેટલાં જેટલાં તીર્થો છે, મોટાં મોટાં, એ શું છે? કોઈ ઉપાસકો, સાધકોએ ખૂબ તપસ્યા કરી ભગવાનને પ્રત્યક્ષ કર્યા હશે, અને કાયમને માટે તીર્થ સ્થાપીને એ તો જતા રહ્યા, આપણા સૌના માટે એ તીર્થ બની ગયાં. તો જય મહારાજ પણ સ્વયં તીર્થ

છે, જ્યાં જ્યાં બિરાજ્યા, જ્યાં જ્યાં પધાર્યા ત્યાં ત્યાં બધે તીર્થો બનાવ્યાં, અને તીર્થો પણ કૃતકૃત થયા, તાપીમાં પણ બાલયોગીના સાનિધ્યમાં કૃતાર્થ થયાં, નર્મદાજી પણ બાલયોગી અવધૂતના સાનિધ્યમાં કૃતાર્થ થયાં. મહીમાં પણ, જય મહારાજને વસાવ્યા, કે અહીં રહો ને વાંકાનેર, ઘણાં બધાં તીર્થો છે, કે જ્યાં જય મહારાજ બિરાજ્યા છે. ભાદરવા સ્ટેટ, પછી આ બાજુ વાંકાનેરથી આગળ ખાનપર, એટલે તીર્થને પણ તીર્થ બનાવનારા છે. ગળતેશ્વર આ બધા એ, બધા નદીના કિનારે મહારાજશ્રીએ જપ કર્યા છે, વિચરણ કર્યાં છે, નિવાસ કર્યો છે, એટલે જો સર્વત્ર બિરાજે ત્યાં તીર્થ બનતાં હોય, તો જય મહારાજ આપણા હૃદયમાં બિરાજે તો આપણું હૃદય પણ તીર્થ બને. આપણા હૃદયને પણ જય મહારાજ બિરાજીને તીર્થ બનાવે છે. જો મહારાજ તીર્થસ્વરૂપ છે, અને તીર્થોને જેમ આપણે વંદીએ છીએ, એનું પૂજન કરીએ છીએ, એમ જય મહારાજ પણ વંદનીય છે, પૂજનીય છે, પરિક્રમા કરવા દર્શનીય છે, સેવનીય છે, સેવવા યોગ્ય છે, કેમ કે તીર્થ છે.

**"તીર્થસેવનં સાધવઃ"**

સાધુઓ, જે સજ્જન છે એ તીર્થસેવન કરનારા છે, તો જય મહારાજનું સેવન કરીશું તો પણ તીર્થ થઈ જશે, ત્યાં નિવાસ કરીએ, એનું સેવન કરીએ, જેમ ઔષધિનું સેવન કરીએ નિરોગી થવાય, એમ તીર્થનું સેવન કરીએ તો પાવન થવાય, એમાં પણ જય મહારાજનું સેવન કરીએ તો સ્વાભાવિક છે પાવન મન, ઈંદ્રિઓ, વિચાર, આ બધું જ પાવન થાય, જીવન પાવન થવા માટે જ તીર્થે જવાનું હોય, અને સંત મહાપુરૂષો તીર્થ સ્વરૂપે આપણે આંગણે સામે ચાલીને આવે, એ તો આપણું પરમ ભાગ્ય છે, પરમ પુણ્ય છે પૂર્વજન્મનું. સંતો સામે ચાલીને, તીર્થ બનીને આપણા ઘરને,

આપણા આંગણાને, આપણા જીવનને આપણા હૃદયને તીર્થ બનાવવા માટે યોગ્ય છે. તીર્થસ્વરૂપ બનીને જય મહારાજ પધાર્યા, ક્યાં?

**''હ્રિત્સ્થતં મે''**

મારા હૃદયમાં, અને મારું હૃદય પણ તીર્થ બન્યું.

।। જય મહારાજ ।।